કણકી, *n.* ચોખાના ભંગાર. Broken grains of rice.
કણપીઠ, *n.* દાણાપીઠ. Grain depot.
કણબી, *n.* ખેડુત. Farmer. A cultivator.
કણસલું, *n.* ડૂંડું. Ear of corn.
કણસાવું,*vt.*દુ:ખને લીધે ઉંહકાર કરવો.To suffer agony.
કણસાઇ, *n.* એક જાતની મિઠાઇ. Sweetmeat.
કણિયો,*n.*ફડીઓ.Grain-dealer.A corn merchant.
કણી, *n.* કણ. Particle.
કણો, *n.* તરતનો જન્મેલો સાપ. Small snake.
કતરઝોટ, *a.* જીદ્દી. Obstinate. *n.* A man void of [reason
કતરણી, *n.* A pair of scissors.
કતરાતું,-યું, *a.* આડું. Cross. ૨. વાંકું. Slanting.
કતરાવું. *vt.* ખીજાવું, To look wryly.
કતલ. *n.* કાપાકાપી. Massacre. A slaughtar.
કતલખાનું, *n.* કસાઈખાનું. Slaughter-house.
કતલેઆમ, *n.* ભારે કાપાકાપી. General massacre.
કતાર, *a.* હાર. Row. A line.
કથન, *n.* વર્ણન. Narration. Description.
કથની, *n.* વૃતાંત. Story.
કથનીય, *a.* કહેવા જેવું. Worth telling.
કથવું, *vt.* વર્ણવવું. To narrate. To relate.
કથરોટ, *n.* મોટો થાળ. Big dish.
કથળવું, *vt.*બગડવું.To be spoiled.To be damaged,

કથા, *n.* વાર્તા; કહાણી. Tale. A story. ૨. Religious
કથાકાર, *n.* વાર્તા કહેનાર. Story-teller. [legend.
કથાનક, *n.* ઉપકથા. Sub-story. An incident.
કથાનાયક, *n.* વાર્તાનો નાયક. Hero.
કથિત, *a.* કહેલું. Told. Mentioned.
કથિતપાઠ, *n.* બોધપાઠ. Object-lesson.
કથીર, *n.* જસત. Zinc. Pewter. *a.* નકામું. Useless.
કથ્ય, *a.* કહેવા યોગ્ય. Worth relating.
કદ, *n.* પ્રમાણ. Size. Bulk. Form.
કદમ, *n.* પગલું. Step. A space.
કદમનિબાજ, *a.* મહેરબાન. Most gracious.
કદમબોસ, *n.* નોકર. Servant.
કદર, *n.* બૂજ. Appreciation.
કદરજ, *a.* કંજુસ. Stingy. Parsimonious.
કદરદાન, *a.* ગુણજ્ઞ. Appreciating.
કદરૂપું, *a.* બેડોળ. Ugly.
કદલી,-ળી, *n.* કેળનું ઝાડ. Plaintain-tree.
કદળીફળ, *n.* કેળું. Plaintain.
કદા, *ad.* ક્યારે. When. ૨. ક્યારેક. Sometimes.
કદાચ,-ચિત્,-પિ, *ad.* દૈવયોગે. Perhaps.
કદાવર, *a.* મજબુત. Stout. Strong; huge.
કદી,-ક, *ad.* ક્યારેક. Sometimes.
કદીમ,-મી, *a.* પ્રાચીન. Ancient.
કદ્રુપ, *a.* કદરૂપું. Ugly. Repulsive.
કધોણ,-વણ, *a.* & *n.* ખુબ મેલું. Dirty.
કનક, *n.* સોનું. Gold.
કનકવર્ણું, *a.* સોનેરી. Golden.
કનકવો, *n.* પતંગ. Kite.
કનડવું, *vt.* પજવવું. To harass. To torment.
કનડગત, *n.* પજવણી. Harassment. Torment.
કનિષ્ઠ, *a.* સાવ હલકું. Worst. ૨. સૌથી નાનું. Youn-
કનિષ્ઠિકા. *n.* ટચલી આંગળી. Little finger. [gest.
કનીનિકા, *n.* આંખની કીકી. Iris.
કને, *ad.* પાસે. Near.
કન્યા, *n.* કુંવારી છોકરી. Maiden ૨. પુત્રી. Daughter.
કન્યાકુમારી, *n.* હિંદના દક્ષિણ છેડાની ભૂશિર. Cape Comorin. [Virgo.
કન્યારાશિ, *a.* બાયલું. Womanish. *n.* એક રાશિ. Sign
કન્યાવિક્રય, *n.* કન્યા દેવા બદલ પૈસા લેવા તે. Selling a
કન્યાશાળા, *n.* છોકરીઓની નિશાળ. Girls school. [girl.
કપ, *n.* પ્યાલો. Cup. Bowl.
કપચી, *n.* પથ્થરનો ભૂકો. Thin crust.
કપટ, *n.* પ્રપંચ. Fraud. Deceit; trick.
કપટી, *a.* પ્રપંચી. Deceitful; wily.
કપડાંલત્તાં, *n.* લુગડાંલત્તાં. Clothes.
કપડું, *n.* કાપડ; લૂગડું. Cloth. Fabric.
કપરૂં, *a.* મુશ્કેલ. Difficult; hard.
કપાતર *a.* નાલાયક. Unworthy. Mean.
કપાળ,-લ, *n.* લલાટ. Forehead. The skull.
કપાવવું, *vt.* કાપે તેમ કરવું. To cause to cut.

કપાસ, *n.* બી સાથેનું રૂ. Cotton.
કપાસિયો, *n.* રૂનું બી. Cotton-seed.
કપાસી, *n.* આંટણ. Corn.
કપિલ,-લા, *a.* ઘેરા બદામી રંગનું. Tawny.
કપૂત, *n.* નાલાયક પુત્ર. Unworthy son.
કપૂર, *n.* એક સુગંધી પદાર્થ. Camphor.
કપોટી, *n.* પોપડી. Upper film.
કપોત, *n.* કબુતર. Dove.
કપોલકલ્પિત, *n.* બનાવટી. Fictitious; invented.
કફ, *n.* શ્લેષ્મ; ઉધરસ; ગળફો. Cough. Phlegm.
કફન, *n.* શબ મુકવાની પેટી; શબને ઓઢાડવાનું કપડું.
કફની, *n.* ડુંકી બાંયનું લાંબુ પહેરણ. Cloak. [Coffin.
કફા, *a.* નારાજ. Angry; dis-pleased.
કફોડું, *a.* વિષમ. Unsuited. Troublesome.
કબજ, *a.* કબજામાં હોય એવું. Not free.
કબજાગીરો, *n.* કબજા સાથે ગીરો મુકવું તે. Mortgage with possession.
કબજીયત, *n.* બંધકોશ. Constipation. Constiveness.
કબજેદાર. *n.* કબજો ધરાવનાર. Possessor. [Waistcoat.
કબજો, *n.* તાબો; હવાલો. Possession. ૨. ચોળી; બંડી;
કબર, *n.* સમાધિ; ઘોર. Grave. A tomb. [rial place.
કબરસ્તાન, *n.* મડદાં દાટવાની જગા. Cemetry. A bu-
કબાટ, *n.* વસ્તુ મુકવાની ખાનાવાળી બનાવટ. Cupboard.
કબાડ, *a.* કદરૂપું. Ugly. [A book-case
કબાબ, *n.* માંસનું મુઠિયું. Roasted-meat.
કબાલો, *n.* સાટું. Contract. Agreement.
કબીલો, *n.* કુટુંબ. Family.
કબુતર, *n.* કપોત પક્ષી. Pigeon.
કબૂલ, *a.* મંજુર; માન્ય. Accepted. Agreed.
કબૂલત,-ણી,-લાત, *n.* મંજુરી. Acceptance. Admission. Covenant.
કબૂલવું, *vt.* મંજુર રાખવું. To accept.
કબૂલાવવું, *vt.* મંજુર કરાવવું. To cause to accept.
કભારજા, *n.* વઢકણી સ્ત્રી. Quarrelsome woman.
કભાવ,-વો, *n.* કંટાળો; અપ્રીતિ. Disgust.
કમ, *a.* ઓછું. Less. ૨. હલકું. Mean.
કમઅક્કલ, *a.* મૂર્ખ. Stupid.
કમઆવડત, *n.* ઓછી આવડત. Inefficiency.
કમકમવું, *vt.* ધ્રુજારી ખાવી. To tremble. To quiver.
કમકમાટ,-ટી, *n.* ધ્રુજારી. Shudder. Disgust.
કમકમી, *n.* કંપારી. Tremor. Trembling.
કમકૌવત,-જોર,-તાકાત, *a.* નબળું. Feeble. Weak.
કમકૌવતી,-જોરી,-તાકાતી, *n.* અશક્તિ. Weakness.
કમખો, *n.* કાંચળી. Bodice.
કમજાત, *a.* નાલાયક. Unworthy.
કમનસીબ, *a.* દુર્ભાગી. Unlucky. Misfortune.
કમનસીબી, *n.* દુર્ભાગ્ય. Ill-luck. Misfortune.
કમબખ્ત, *a.* દુર્ભાગી. Unlucky. *n.* બદમાશ. Rascal.
કમજરે, *ad.* એળે; નકામું. Uselessly.
કમન, *n.* અભાવ. Unwillingness.

કમનીય, *a.* સુંદર. Charming. Pleasing.
કમર, કમ્મર, *n.* કેડ. Waist. The loins.
કમરપટી,-પટો, *n.* કમરે બાંધવાનો પટો.Belt. A girdle.
કમરબંધ, *n.* કમરનો પટો. Girdle. Belt. *a.* સાવધ.
કમલજા, *n.* લક્ષ્મી. Laxmi. [Alert.
કમલિની, *n.* કમળની વેલ. Lotus plant.
કમળ,-લ, *n.* એક ફૂલ. Lotus. ૨.ગર્ભસ્થાન.Womb.
કમળી,-ળો, *n.* એક રોગ. Jaundice.Yellow-fever.
કમાઈ,-ણી, *n.* રળતર. Earning. Gains. Income.
કમાઉ, *a.* રળતુ. Earning. Gaining.
કમાડ, *n.* બારણું. Door. Shutters.
કમાન, *n.* ધનુષ. Bow. ૨. મહેરાબ. Arch. ૩.સ્થિતિ-
સ્થાપક ગુણવાળું ગુંચળું. Spring.
કમાનદાર, *a.* અર્ધગોળાકાર. Arched.
કમાલ, *a.* સુંદર. Excellent. Perfect.
કમાલિયો, *n.* હિજડો. Eunuch.
કમાવવું, *vt.* સાફ અને સુંવાળું કરવું. To tan.
કમાવું, *vt.* પેદા કરવું.To earn. To gain;to acquire.
કમી, કમીન, *a.* ઓછું. Less.
કમીના, *n.* ઓછપ. Want.
કમુરત, *n.* અયોગ્ય સમય. Inauspicious time.
કમોત, *n.* અસ્વાભાવિક મોત.Unnatural or premat-
કમોદ, *n.* એક જાતની ડાંગર. Kind of rice. [ure death.
કયું, *a.* & *pro.* કોણ ? Which. ૨. શું ? What.
કર, *n.* જકાત; મહેસુલ. Tax. ૨.હાથ. Hand.૩.કિરણ.
કરકટી, *n.* ઠાઠડી. Wooden bier. [Ray.
કરકરૂં, *a.* કકરૂં. Rough. Sharp.
કરકશા, *n.* ખરાબ સ્ત્રી. A vixen.
કરકસર, *n.*જરૂરી ખર્ચ કરવું તે.Frugality.Economy.
કરગરવું, *vt.* કાલાવાલા કરવા. To beseech. To im-
કરચ, *n.* નાની કકડી. Fragment. A scrap.[plore.
કરચલી,-ચોળી, *n.* સંકોચાવાથી કે વાળવાથી પડતી રેખા.
કરચલું,-લો, *n.* એક જળચર.Crab.[Wrinkle.A fold.
કરજ, *n.* દેવું. Debt. Liability.
કરજદાર, *n.* દેવાદાર. Debtor.
કરડકણું, *a.* કરડવાની ટેવવાળું. Addicted to biting.
કરડવું, *vt.* બચકું ભરવું. To bite. To gnaw.
કરડાકી,-ગી, *n.* કટાક્ષ. Taunt.
કરડું, *a.* આકરૂં; સખત. Severe. Hard.
કરણી; *n.* આચરણ. Deed. An act; action.
કરતલ,-લી,-ળિયું, *n.* હથેળી. Palm.
કરતાં, *conj.* થી; થકી. Than.
કરતાલ,-ળ, *n.*ઝાંઝ;કાંસીજોડાં.Musical instrument.
કરતૂક, *n.* કર્તવ્ય. Bad action.
કરપ,-બ, *n.* દાબ; અંકુશ. Dread. Awe.
કરપવું, *vt.* થોડું થોડું કરડવું. To shear off.
કરપી, *n.* રાંપડી. Weeding tool.
કરપીણ, *a.* નિર્દય. Cruel. ૨. કૃપણ. Miserly.
કરભાગ, *n.* સલામી; ખંડણી. Tribute.
કરમ, *n.* કર્મ; કર્તવ્ય.Deed.Action.૨.કૃમિ; Worm.
૩. નસીબ. Destiny. [misfortunes.
કરમકથા,-કહાણી, *n.* વિતક કથા. History of one's
કરમાવું, *vt.* ચિમળાવું. To wither. To fade.
કરમી, *a.* નસીબવંતું. Lucky. Fortunate.
કરમોડ, *n.* લચક. Sprain.
કરમોડવું, *vt.* મરડવું. To twist.
કરવડી, *n.* ઝારી. Small pot with tube.
કરવત,-તી, *n.* લાકડાં વહેરવાનું ઓજાર. A saw.
કરવાલ, *n.* તલવાર. Sword.
કરવું,*vt.*આચરવું;યોજવું.To do. ૨.બનાવવું. To make.
કરંજો, *n.* ફુવારો. Fountain.
કરંડિયા, *n.* કંડિયો. Basket.
કરંદું, *a.* ચપળ; ઉદ્યોગી. Active. Quick.
કરા, *n.* આકાશમાંથી પડતા કુદરતી બરફના ટુકડા.Hail-
કરાડ, *n.* ભેખડ; ખડક. Precipice.A rock.[stones.
કરાજી, *n.* નાખુશી. Unwillingness.
કરાબીન, *n.* બંદૂક. Gun.
કરામત, *n.* ચાતુરી; ખૂબી. Skill. Cleverness. Art.
કરામતી, *a.* ખૂબીવાળું. Skillful; artful; clever.
કરાર, *n.* ઠરાવ; કબુલાત. Agreement. Promise.
કરારદાદ, *n.* કબુલાતનો કાગળ.Deed of compromise.
કરારનામું, *n.* દસ્તાવેજ. Bond.
કરાલ,-ળ, *a.* બિહામણું. Dreadful. ૨. ઉંચ. High.
કરાવવું, *vt.* કરે એમ કરવું. To get done.
કરિયાણું, *n.* ગાંધીઆણું. Grocery.
કરિયાતું, *n.* એક ઔષધ. Chiretta.
કરિયાવર, *n.* પહેરામણી-તેની રીત. Dowry.
કરિ, *n.* હાથી. Elephant. ૨. પરહેજી. Diet.
કરીને, કરી, *prep.*-ની લીધે;-ને કારણે. By means of.
કરુણ, *a.* દયાજનક. Pitiable.
કરુણા, *n.* દયા. Pity. Mercy. Kindness.
કરુણાપાત્ર, *a.* દયાને યોગ્ય. Fit for pity.
કરુણાર્દ્ર, *a.* દયાથી ગદ્ગદ્. Tender-hearted.
કરુણાંત, *a.* કરુણ અંતવાળું. Tragic. *n.* કરુણાંત નાટક
કે અન્ય કોઈ વસ્તુ. Tragedy.
કરૂપ,-પું, *a.* બદસુરત. Ugly. Deformed.
કરુણાળુ, *a.* દયા કરનારું, Merciful; kind.
કરો, *n.* ઘરની બાજુની દિવાલ. Side wall.
કરોઠી, *n.* બાધા; વ્રત. Vow.
કરોઠું, *n.* રિવાજ; ચાલ. Usage. Custom.
કરોડ, *n.* સો લાખ. Ten millions. ૨. બરડો. Back-
કરોડપતિ, *n.* સો લાખનો ધણી. Millionaire. [bone.
કરોળિયો, *n.* એક જીવડું. Spider. A cob-web. ૨.
ચામડીનો એક રોગ. Psoriasis.
કર્ક,-કર્કટ, *n.* કરચલો. Crab. ૨. કર્કરાશિ. The sign
કર્કટી, *n.* ઠાઠડી. Bier. [of cancer.
કર્કશ, *a.* કઠોર. Hard. *a.* ઘાતકી. Merciless.
કર્કશા, *n.* કંકાસિયણ. A vixen; a virago. Quarr-
elsome woman.

કર્ણ, *n.* કાન. Ear. ૨.સુકાન. Helm. ૩.કાટખૂણ ત્રિકો-
કોણમાં કાટખૂણાની સામેની બાજુ. Hypotenuse of
કર્ણગોચર. *a.* સંભળાય એવું. Audible. [૨ triangle.
કર્ણધાર; *n.* સુકાની. Pilot.
કર્ણફુલ, *n.* કાનનું ઘરેણું. Ear-ornament.
કર્ણસ્ત્રાવ, *n.* કાનમાંથી પરૂ ઝરવું તે. Otorrhæa.
કર્ણિકા, *n.* કળી. Bud. ૨. લેખણ. Pen.
કર્ણેંદ્રિય, *n.* કાન. Ear. The organ of hearing.
કર્તરિ-પ્રયોગ, *n.* જેમાં કર્તા પ્રમાણે જાતિ અને વચન લેતું
હોય તેવો ક્રિયાપદનો પ્રયોગ. Active voice.
કર્તવ્ય, *n.* કાર્ય. Action. Deed. ૨. ફરજ. Duty.
કર્તવ્યનિષ્ઠ,-પરાયણ, *a.* પોતાના કાર્યમાં મંડયું રહેનાર.
Dutiful. [master. The sunject of the verb.
કર્તા, *n.* બનાવનાર; રચયિતા. Maker. A doer. A
કર્તાહર્તા, *n.* ઈશ્વર. God. ૨. સર્વોપરી સત્તા ધરાવનાર
કર્તાર, *n.* સૃષ્ટા. Creator. [માનવી. Sole manager.
કર્તૃ, *n.* કરનાર. Doer.
કર્દમ, *n.* કાદવ. Mud. Dirt.
કર્પાસ, *n.* કપાસ. Cotton.
કર્મ, *n.* ક્રિયા; કામ. Action. ૨. આચરણ. Conduct.
૨. નસીબ. Destiny. ૪. જેના પર ક્રિયા થતી હોય તે.
કર્મકર, *n.* મજુર. Labourer. [Object.
કર્મગતિ, *n.* નસીબ. Fate. Destiny.
કર્મનિષ્ઠ, *a.* કર્તવ્યપરાયણ. Dutiful. Devoted to
કર્મરેખા, *n.* નસીબ. Destiny. Fate. [duty.
કર્મવાદ, *n.* પ્રારબ્ધવાદ. Fatalism.
કર્મવાદી, *n.* પ્રારબ્ધવાદી. Fatalist.
કર્મવીર, *a.* & *n.* બહાદુર. Heroic.
કર્મસિદ્ધિ, *n.* સફળતા. Success.
કર્મહીણ,-ણું, *a.* અભાગિયું. Unlucky.
કર્માધીન, *n.* કર્મને આધીન, Dependant on fate.
કર્માંતર, *n.* વિધિ. Rites and ceremonies.
કર્મણિપ્રયોગ, *n.* જેમાં કર્મ પ્રમાણે ક્રિયાપદ જાતિ અને
વચન લેતું હોય તેવો પ્રયોગ. Passive voice.
કર્મિષ્ઠ, *a.* કાર્યકુશળ. Skilled. Exact.
કર્મી. *a.* નસીબદાર, Fortunate. Lucky.
કલકલ, *n.* ગુંજારવ. Chatter. Buzz; Hubbub.
કલકલાટ, *n.* ઘોંઘાટ. Uproar. Loud noise.
કલગી, *n.* ફૂલનો ગોટો; મંજરી. Nosegay. Crest.
કલજુગ, *n.* કલિકાળ. The iron-age.
કલણ,-ળણ, *n.* પોચી જગા. Swamp. A morass. a
કલત્ર, *n.* વહુ. Wife. [marsh.
કલદાર, *a.* અંગ્રેજી ચલણનું. Of British currency.
કલપ,-ફ, *n.* વાળ રંગવાની બનાવટ. Hair-dye. Ha-
કલપવું, *vt.* ઝુરવું. To grieve. [ir-paste.
કલ્પના કરવી. To imagine.
કલબલ, *n.* શોરબકોર. Uproar. Noise; Confusion.
કલમ, *n.* લેખણ. Pen. [Agreement.
કલમબંદી, *n.* જપ્તિ. Attachment. ૨. કોલકરાર.
કલમબાજ, *n.* કુશળ લેખક. Expert in using pen.
કલમવાર, *ad.* દરેક ફકરા પ્રમાણે. Clause by clause.
કલમી, *a.* કલમ કરી ઉગાડેલું. Grafted.
કલમેશરીફ, *n.* કુરાન. Quran.
કલરવ,-શોર, *n.* મધુર ધ્વનિ. Sweet sound.
કલવો, *n.* કોળિયો. Morsel.
કલશ, *n.* કળશ;લોટો. Water-pot. A jar. ૨.દહેરાંપર
મુકાતું ઘડાના આકારનું શિખર. Dome. A spire.
કલહ, *n.* કજિયો. Quarrel. Brawl.
કલંક *n.* ડાઘ; લાંછન. Blot. A blemish.
કલંદર, *a.* હલકું. Low-breed. Mischievous.
કલા,-ળા, *n.* ભાગ. Part. ૨. મીનીટ. Minute. ૩.
યુક્તિ;હિકમત. Device. ૪.સૌંદર્યયુક્ત રચના; કસબ.
કલાઈ, *n.* એક ધાતુ. Tin. [Art.
કલાક, *n.* ૬૦ મીનીટ જેટલો સમય. Hour.
કલાકૌશલ્ય, *n.* આવડત. Ability.
કલાધર, *n.* કલાકાર. Artist. ૨. મોર. Peacook ૩.
કલાનાથ, *n.* ચંદ્ર. Moon. [ચંદ્ર. Moon.
કલાભવન, *n.* હુન્નર ઉદ્યોગની શાળા. Technical
કલાભંડાર, *n.* સંગ્રહસ્થાન. Musuem. [school.
કલાપ, *n.* સમૂહ. Group. ૨. મોરનાં પીંછાંના સમૂહ.
Feathers of a peacock. ૩, ચંદ્ર. Moon.
કલાપી, *n.* મોર. Peacock.
કલાલ, *n.* દારૂનો દુકાનદાર. Liquor vender.
કલાલખાનું, *n.* દારૂનું પીઠું. Liquor-shop.
કલાવંતી, *n.* નૃત્યાદિ જાણનારી સ્ત્રી. Dancing girl.
કલાવવું *vt.* કળથીસમજાવવું. To induce. To persuade.
કલાંઠ, *a.* લુચ્ચું. Cunning. Rogue.
કલિ, કળિ, *n.* કલિયુગ. Iron age. ૨, વણખિલ્યું ફુલ.
કલિકા, *n.* વણખિલ્યું ફુલ. Bud. [Bud.
કલિંગડું, *n.* તડબુચ. Water-melon.
કલુષ, *n.* મેલ. Dirt. ૨. પાપ. Crime; sin.
કલુષિત, *a.* પાપી. Wicked. ૨. ગંદુ; મલિન. Dirty.
કલેજું, *n.* કાળજું; હૃદય. Lever. The heart.
કલેડી,-ડું, *n.* રોટલા શેકવાનું ઠીકરૂં. Earthen-pan.
કલેવર, *n.* શરીર. Body. ૨. મડદું. A dead body.
કલોલ, *n.* આનંદથી ઉભરાવું તે. Merriment. Joy.
કલ્કિ, *n.* વિષ્ણુનો છેલ્લો અને દશમો અવતાર. The
tenth and last incarnation of Vishnu.
કલ્પ, *n.* બ્રહ્માનો એક દિવસ. One day of Brahma.
કલ્પક, *n.* શોધક. Inventor.
કલ્પના, *n.* ધારણા. Imagination. Idea ૨. યોજના.
Device. A scheme. [ginable.
કલ્પનીય, *a.* કલ્પી શકાય એવું. Conceivable. Ima-
કલ્પવું, *vt.* કલ્પનાકરવી. To imagine. To conjecture.
કલ્પાંત, *n.* રડારોળ. Bewailment. Sorrow.
કલ્પિત, *a.* જોડી કાઢેલું; ખોટું. Fictitious. Imagi-
કલ્મષ, *n.* ડાઘ; મેલ. Stain. Dirt. [nary.
કલ્મેશરીફ, *n.* પવિત્ર કુરાન The Quran.
કલ્યાણ, *n.* શ્રેય; કુશળતા. Welfare. Happiness.
કલ્યાણકર્તા, *n.* કલ્યાણ કરનાર પુરૂષ. Benefactor.

કલ્યાણકારી, *a.* કલ્યાણ કરનારૂં. Propitious. Beneficial.
કલ્લી, કલ્લું, *n.* હાથનું ઘરેણું. Amlet.
કલ્લોલ, *n.* આનંદથી ઉભરાવું તે. Merriment. Joy.
કવખત, *n.* અશુભ સમય. Wrong time.
કવખતું, *ad.* કથોલું; સમય વગરનું. Untimely.
કવચ, *n.* બખ્તર. Armour. A mail.
કવણ, *pro.* કોણ; કયું. Who; which.
કવન, *n.* કવિતા. Poem.
કવયિત્રિ, *n.* સ્ત્રી કવિ. Poetess.
કવરાવવું, *vt.* હેરાન કરવું. To harass. To vex.
કવર્ણ, *a.* હલકા વર્ણનું. Low caste.
કવલ,-ળ, *n.* કોળિઓ. Morsel.
કવશ. *a.* પરાધીન. Dependant.
કવા, કવાયુ, *n.* પ્રતિકૂળ પવન. Unfavourable wind.
કવાગુ, *n.* ખોડ. Defect.
કવાબ *n.* કબાબ. Roasted meat.
કવાયત. *n.* લશ્કરી તાલીમ. Parade. Military discipline.
કવાયતી, *a.* તાલીમ પામેલું. Disciplined.
કવાલ, કવ્વાલ, *n.* ગવૈયો. Songster.
કવાલી, *n.* ગઝલ. Tune.
કવિ, *n.* કવિતા કરનાર. Poet.
કવિજન, *n.* કવિઓ. Poets.
કવિત, *n.* A ballad; a verse.
કવિતા, *n.* કાવ્ય; પદબંધ. Poem. Poetry.
કવિત્વ,-શક્તિ, *n.* કાવ્ય રચવાની શક્તિ. Poetical genius.
કવિયણ, *n.* સ્ત્રી કવિ. Poetess.
કવિદ્યા, *n.* ખોટી વિદ્યા. Bad learning. ૨. લુચ્ચાઈ. Roguery.
કવેળા, *n.* કવખત. Ill-time. Improper time.
કશ, કસ, *n.* દોર. Rope. ૨. દોરી. String.
કશાણું, કસાણું, *n.* ડુંડું. Ear of corn.
કશલી, *n.* ટોયલી. Small water pot.
કશું, *n.* કોઈ; કંઇ. Any.
કશ્યપ, *n.* કાચબો Tortoise.
કષાયિત, *a.* રંગેલું. Dyed.
કષ્ટ, *n.* દુઃખ. Pain. suffering.
કષ્ટકારક,-દાયક,-પ્રદ, *a.* કષ્ટ કરે એવું. Trublesome.
કષ્ટાવું, *vt.* પીડાવું. To suffer. To travail; to labour.
કષ્ટિત, *a.* દુઃખી. Afflicted. Distressed.
કસ, *n.* સાર; સત્વ. Essence. ૨. બળ. Strength. ૩. કસોટીથી નક્કી કરેલો સોના રૂપાના આંક. Test.
કસકસતું, *a.* ખુબ ખેંચીને. Tightly.
કસટિયો, *n.* માલ ઘરાણે લઈ પૈસા ધીરનાર માનવી. Pawn-broker.
કસણવું, *vi.* ગૂંદવું. To mix by rubbing.
કસતું, *a.* પરાણે થતું. Tight. ૨. ઓછું. Less.
કસદાર,-વાળું, *a.* સત્વવાળું; રસાળ. Nutritive. Substantial.
કસબ, *n.* ધંધો. Occupation. ૨. રેશમ સાથે વણાતો સોના રૂપાનો તાર. Gold or silver thread used in embroidery. ૩. હુન્નર. Device. ૪. કુશળતા. Proficiency.
કસબણ, *n.* વેશ્યા. A prostitute.
કસબાતી, *n.* કસબામાં રહેનાર. Townsman.
કસબી, *a.* Made of brocade.
કસબવાન, *n.* હુન્નરબાજ. Artist.
કસબો, *n.* મોટું ગામ. Town.
કસમ, *n.* સોગંદ. Oath. Swearing.
કસમનામું, *n.* સોગંદનામું. Affidavit.
કસમોડાવું, *vt.* ઉકાંટા આવવા. To feel uneasiness.
કસર, *n.* ખોટ; ઉણપ. Deficiency. ૨. કરકસર. Thriftiness.
કસરત, *n.* વ્યાયામ. Excercise. ૨. મહાવરો. Practice.
કસરતી, *a.* કસરત કરનારૂં. Athletic.
કસરતશાળા, *n.* વ્યાયામશાળા. Gymnesium.
કસવું, *vt.* કસોટી કરવી. To test. ૨. પીડવું. To harass. ૩. સખ્ત બાંધવું. To bind tightly.
કસાઈ, *n.* ખાટકી. Butcher.
કસાઈખાનું, વાડો, *n.* ખાટકીકર્મ કરવાનું સ્થાન. Slaughter house.
કસાકસી, *n.* ચડસાચડસી. Competition. Rivalry.
કસાણું, *a.* બેસ્વાદ. Tastless. Rusty.
કસાયેલું, *a.* અનુભવી. Experienced.
કસુવાવડ, *n.* ગર્ભપાત. Miscarriage.
કસુંબી, *a.* રાતું. Red.
કસુંબો, *n.* કેસરિયો રંગ. Saffron colour.
કસૂર. *n.* ભૂલ. Mistake. Error. ૨. દોષ. Fault.
કસોજ,-જું, *a.* બગડી ગયેલું. Impure. Dirty; dusty.
કસોટી, *n.* પરીક્ષા. Test. A criterion. ૨. સોનાના કસ જોવાની પથરી. Touchstone.
કસ્તર, *n.* તણખલું; રજ. Rubbish; dust.
કસ્તી, *n.* પારસીઓની જનોઈ. Sacred thread of Parsis.
કસ્તુરી,-રિકા, *n.* મૃગમદ. Musk.
કસ્તુરીમૃગ, *n.* જેની ડુંટીમાંથી કસ્તુરી નીકળે છે તેવું હરણ. Musk deer.
કહાણી, *n.* દંતકથા. Anecdote. ૨. કહેવત. Proverb.
કહાવવું, *vt.* સંદેશો મોકલવો. To inform.
કહીં, *ad.* ક્યાં. Where.
કહીંકહીં, *ad.* ક્યાંક ક્યાંક. At some places.
કહેણ, *n.* સંદેશો Message. ૨. નોતરું. Invitation.
કહેણી,-ની, *n.* કહેવત. Maxim. ૨. લોકાપવાદ. Public scandal.
કહેવત, *n.* લોકોક્તિ. Proverb.
કહેવું, *vt.* જણાવવું. To tell; to say.
કહ્યાગરૂં, *a.* આજ્ઞાંકિત. Obedient.
કળ, *n.* મૂર્છા; તમ્મર. Swoon. ૨. હિકમત. Device. ૩. કાદવ. Mud. ૪. જ્ઞાન; સમજ. Knowledge ૫. નિરાંત. Ease.
કળકળવું, *vt.* વિલાપ કરવો. To moan. To grumble.
કળકળાટ, *n.* વિલાપ. Moaning. Grumbling.
કળણ, *n.* કાદવવાળી જમિન. Swamp. A morass.
કળતર. *n.* શરીરની વેદના. Muscular pain.
કળપી, *n.* રાંપડી. Harrow.
કળવકળ,-વિકળ, *n.* યુક્તાયુક્ત વિચાર. Tact.

કળવળ, *n.* યુક્તિ; દાવપેચ. Artifice.
કળવું *vt.* સમજવું. To understand. ૨. કળતર થવી. To have pain.
કળશ, *n.* લોટો. Water-pot. ૨. ઘુમટની ટોચ. Capola.
કળશિયો, કળશો. *n.* લોટો Water-pot.
કળશી, *n.* સોળ મણનું માપ. Measure of 16 maunds.
કળા, *n.* કલા. An art; skill.
કળાકૌશલ્ય, *n.* Genius, art & skill.
કળાવાન, *a.* Skillful.
કળી, *n.* અણુખિલ્યું ફુલ. Bud.
કળીચૂનો, *n.* વિશુદ્ધ કરેલો ચૂનો. Quicklime.
કળેકળે,-વળે, *ad.* યુક્તિપ્રયુક્તિથી. Skilfully.
કંઇ, *ad.* કયાં. Where. *a.* અચુક. Certain. *a.* અનેક. Many.
કંઇક, *ad.* કયાંક. Somewhere. *pro.* કશુંક. Something. *a.* થોડુંક. Little.
કંકણ, *n.* કારીગરીવાળી ચુડી. Bracelet.
કંકણાકાર, *a.* કંકણના આકારનું. Annular.
કંકર, *n.* કાંકરો. Pebble.
કંકાવટી, *n.* કંકુ રાખવાની પ્યાલી. Red-turmeric-holder.
કંકાસ, *n.* કજિયો. Domestic quarrel.
કંકાસિયું, *a.* કજિયાખોર. Quarrelsome.
કંકુ, *n.* કુંકુમ Red turmeric powder.
કંકોતરી,-ત્રી, *n.* લગ્નાદિશુભપ્રસંગની આમંત્રણપત્રિકા. An invitation on an auspicious occasion.
કંગણ,-ન, *n.* કંકણ. Bracelet.
કંગની, *n.* કાંસકી Comb.
કંગાલ,-ળ, *a.* દીન; ગરીબ. Poor. Pauper.
કંગાલિયત, *n.* દીનતા. Povery. Wretchedness.
કંચન, *n.* સોનું. Gold.
કંચની, *n.* ગણિકા. Courtezan. *a.* સોનાનું. Golden.
કંચવો, કંચુકી, *n.* કાંચળી. Bodice.
કંચુક, *n.* ચોબદાર. Door-keeper.
કંજૂસ, *a.* & *n.* કૃપણ. Miser; stingy.
કંજૂસાઈ, *n.* કંજૂસપણું. Stinginess.
કંટક. *n.* કાંટો. Thorn. ૨. વિઘ્ન. Obstacle. A pest
કંટલ, કંટાળું,-ળી, *a.* કાંટાવાળું. Thorny.
કંટાળવું, *a.* કંટાળો આવવો. To be disgusted.
કંટાળો, *n.* અણગમો. Dislike.
કંટું, *a,* ઉગ્ર; કટક. Irritable. Hot-tempered.
કંટેસરી, *n.* ગળાનું ઘરેણું. Necklace.
કંઠ, *n.* ડોક. Neck. ૨. ગળું. Throat. ૩. અવાજ; સૂર. Voice. ૪. કિનારો. Bank.
કંઠગ્રંથિ, *n.* કંઠમાં આવેલી એક ગ્રંથિ. Thyroid gland.
કંઠનાળ, *n.* ગળાની નળી. Wind-pipe.
કંઠદ્વાર, *n.* કંઠનું બારણું. Glottis.
કંઠપાશ, *n.* ફાંસો. Noose.
કંઠમાળ, *n.* ગળાનો રોગ. Scrofula.
કંઠસ્થ, કંઠ્ય, *a.* કંઠસ્થાની. Gluttural. ૨. મોઢેનું. Oral.
કંઠાગ્ર, *ad.* મોઢે. By heart.
કંઠાવરોધી, *a,* કંઠ રૂંધે એવું. Suffocating.
કંઠિયું, *a.* લૂખું. Bitter.
કંઠી, *n.* હાર. Necklace.
કંડિકા, *n.* ફકરો. Paragraph.
કંડિયો. *n.* કરંડિયો. Basket.
કંડિલ, *n.* દિવો. Lamp. ૨. હાંડી. Chandelier.
કંડૂ, *n.* ખસ; ખજવાળ. The itches.
કંતાઈ, કંતામણ,-ણી, *n.* કાંતવાનું મહેનતાણું. Wages for spinning.
કંતાન, *n.* શણનું કપડું; ગૂણપાટ, Flaxen cloth.
કંથ. *n.* વર; પતિ. Husband. The lover.
કંથા, *n.* ચિંથરા જેવું વસ્ત્ર. Patched garment.
કંથાધારી *n.* સાધુ; વેરાગી. Ascetic.
કંદ, *n.* જેમાં ખાવાનો ગર હોય તેવું મૂળ. Tuberous root.
કંદરા, *n.* ગુફા; બખોલ. Cave.
કંદર્પ, *n.* કામદેવ. God of love; Cupid.
કંદુક, *n.* દડો, Ball.
કંદોઈ, *n.* સુખડીઓ. Confectioner.
કંદોરો, *n.* કમરે પહેરવાનું ઘરેણું. Waist-band. Belt.
કંધ, કંધોલું, *n,* ખભો. Shoulder.
કંપ, કંપારી, *n.* ધ્રુજારી. Shivering. Tremors.
કંપવું, *vt.* ધ્રુજવું. To tremble. To shake.
કંપાણ, *n.* વજન તોળવાનો કાંટો. Balance.
કંપાસ, *n.* વર્તુળ દોરવાનું યંત્ર. હોકાયંત્ર. Compass.
કંબલ, *n.* કામળો. Blanket.
કંબુ, કંબોજ, *n.* શંખ. Shell.
કંસારી, *n.* એક જીવડું. Crocket.
કંસારો, *n.* ધાતુનાં વાસણ ઘડનારો માણસ. Copper-smith.
કાઈ, *n.* પાતળું પડ. Thin layer. ૨. શરીર. Body.
કાક, *n.* કાગડો. Crow.
કાકડી, *n.* આરિયું, Cucumber. [ચિરિયા. Tonsil.
કાકડો, *n.* ચિંથરાની મોટી કાકડી, Thick torch. ૨.
કાકતાલિય, *a.* &*n.* અણચિંતવ્યું, Sudden. Accidental.
કાકદ્રષ્ટિ, *n.* છિદ્રાન્વેષી દ્રષ્ટિ. Fault-finding.
કાકલૂદી, *n.* કાલાવાલા. Beseeching.
કાકા, *n.* બાપના ભાઈ. Uncle.
કાકાજી, *n.* કાકોસસરો. Uncle-in-law.
કાકાકૌઆ, *n.* એક પ્રકારનો પોપટ. Cockatoo.
કાકાપુરી, *a.* નકામું; તકલાદી. Worthless. *n.* A bastard; a slave.
કાકી, *n.* બાપના ભાઈની પત્ની. Aunt.
કાકીડો, *n.* કાચંડો. Chameleon.
કાખ, કાખલી, *n.* બગલ. Arm-pit.
કાખબલાઈ, કાખબિલાડી, *n.* બામલી. Abcess in armpit.
કાગ, કાગડો, *n.* કાગડો. Crow. A jackdaw; a rook.
કાગજ, *n.* કાગળ. Paper. ૨. પત્ર, Letter.
કાગદી, *n,* કાગળ બનાવનારો કારીગર. Paper manufacturer. *a.* તકલાદી. Flimsy.
કાગળ, *n.* લખવાના કામ માટેની એક બનાવટ. Paper.
કાગારોળ, *n.* રોકકળ. Bewailment.

કાચ, *n.* રેતી અને ખારવાળી માટી આગાળીને બનાવાતો એક પદાર્થ. Glass.
કાચબી, *n.* કાચબાની માદા. Female tortoise.
કાચબો, *n.* એક જળચર પ્રાણી. Tortoise. A crab.
કાચમણિ, *n.* હલકા પ્રકારનો મણિ.Quartz.
કાચલી, લું,*n.* નાળિએરનું ભાંગેલું કોટલું.Cocoanut-shell.
કાચંડો, કાચિંડો, Same as. કાકીડો.
કાચું, *a.* અપરિપકવ, અધુરૂં. Unripe. Raw. ૨. Incomplete. ૩. બીન અનુભવી. Inexperienced.
કાછડો, *n.* સાલ્લો ઉંચો લઇ બે પગ વચ્ચેથી ખોસવો તે.
કાછડીછુટો, *a.* વ્યભિચારી. Lewd. [Tuck of saree,
કાછીઓ, *n.* શાકભાજી વેચવાનો ધંધો કરનાર માણસ.
કાજ, *n.* કામ. Work. [Vegetable seller.
કાજળ, ળી. *n.* મેશ. Lamp-black.
કાજી, કાઝી. *n.* ઇસ્લામી ન્યાયાધીશ. Mohemadden
કાજુ, *n.* એક સુકો મેવો. Cashew-nut. [judge.
કાજે, *prep,* માટે; વાસ્તે. *ad.* ના કામે. For, On
કાઝગી, *n.* લગામ. Rein. [business.
કાટ, *n.* ધાતુ પર લાગતો મેલ.Rust.૨.બાંધકામનો માલ.
કાટકો, *n.* મોટી ગર્જના; કડાકે..Thunder. [Timber.
કાટખુણ, ખુણો. *n.* નેવું અંશનો ખુણો. Right angle.
કાટખુણ ત્રિકોણ. *n.* કાટખુણાવાળો ત્રિકોણ Right-angled triangle.
કાટમાળ, *n.* બાંધકામના સામાન. Timber.
કાટપીટિયો, *n.*ઇમારતી લાકડાનો વેપારી.Timber mer-
કાટલું, *n.* વજન તોળવાનું સાધન. Weight. [chant.
કાઠ, *a.* ધૂર્ત. Cunning. *n.* કાષ્ટ. Timber.
કાઠડી, *n.* Wooden saddle.
કાઠિન્ય, *n.* કઠિનતા. Hardness. Solidity.
કાઠી, *n.* બાળવાનું લાકડું. Fire-wood.
કાઠું, *a.* કઠણ.Hard. Severe. *n.* કલેવર. Frame.
કાઢવું, *vt.* બહાર ખેંચવું. To take out.
કાઢો, *n.* ઉકાળો. Decoction. [Hole.
કાણું, *a.n.*છેદવાળું; છિદ્ર; બાડું. Porous; one-eyed.
કાતર, *a.* નામર્દ; બીકણ. Coward. *n.* કાતરવ નું ઓજાર.
કાતરવું. *vt.* કાતરથી કાપવું. To shear. [Scissors.
કાતરિયું, *n.* છાપરાને લગતો ઉપરનો ભાગ. A garret.
કાતળી, *n.* ચપટી પાતળી કકડી. Thin slice. [An attic.
કાતિલ, *a,* ઘાતક. Deadly. Destructive.
કાત્યાયન, *n.* સર્વનાશ. Destruction.
કાથાકબલા, *n.* નકામી તકરાર. Petty quarrels.
કાથાદોરી, *n.* કાથાની દોરી. Coir yarn.
કાથી, *n.* નાળિએરના છોડાં-તેની દોરી. Cocoa-nut
કાથો, *n.* ખેરની છાલનું સત્વ. Catachu. [fibre rope.
કાદવ, *n.* ગારો, Mud. Mire; dirt.
કાદંબરી. *n.* નવલકથા. Novel.
કાન, *n,* સાંભળવાની ઇંદ્રિય. Ear.
કાનખજુરો, *n.* ઘણા પગવાળો એક જીવડો. Centipede.
કાનટોપી, *n,* કાન ઢંકાય એવી ટોપી. Monkey-cap.
કાનન, *n.* વન. Jungle. Forest.

કાનસ, *n.* એક ઓજાર. File. A saw.
કાનુન, *n.* કાયદો, Rule. Law. ૨. રિવાજ. Custo
કાપ, *n.* કાપો; વાઢ. Cut; a wound. [Usa
કાપકુપ,*n.*કરકસર;ઘટાડો. Retrenchment. Ded
કાપટ્ય, *n.* કપટ. Deceit. Fraud. [ti
કાપડ, *n.* કોરૂં કાપડ. Piece-goods. Cloth.
કાપડિયો, *n.* કાપડનો ધંધો કરનાર. Cloth-mercha
કાપડું, *n.* કાંચળી. Bodice.
કાપણી, *n.* લણણી. Reaping. Harvest.
કાપલી, *n.* નાની કકડી. Strip. Clipping.
કાપવું, *vt,* વાઢવું, Cut. ૨. ઘટાડવું. Reduce.
કાપાકુપ, કાપાકાપી. *n,* કતલ; ખુનરેજી. Massacre
કાપુરૂષ, *n.* બાયલો. Coward person. [Slaught
કાપો. *n.* કાપ. Cut. ૨. આંકો. A mark. Line.
કાફર, *n.* અધર્મી. Infidel. ૨. હરામખોર. A Rog
કાફલો, *n.* સંઘ.Caravan ૨. લઢાયક વહાણોના સ
કાફી, *a.* પુરતું. Sufficient. Useful. [Fle
કાબર, *n.* એક પંખી. Bird.
કાબરચીતરૂં, *a.* ચિત્રવિચિત્ર, Variegated. Spott
કાબા, *n.* ઇસ્લામી યાત્રાનું એક સ્થાન. Place of Is
કાબુલી, *n.* & *a.* અફઘાન,Afghan. [mic pilgrima
કાબુ, *n.*અંકુશ;સત્તા.Control. A Power. Aut
કાબેલ, *a.*હોંશિયાર; પ્રવીણ.Adept. Clever. [ri
કાબેલિયત, *n.*હોંશિયારી. Proficiency. Adeptne
કાબો, *n.* ચાંચિયો. Pirate.
કામ, *n.* કાજ; કર્તવ્ય. Act. ૨. ધંધો. Occupati ૩. વાસના. Passion. ૪. રતિપતિ. Cupid.
કામકાજ, *n.* વ્યવસાય. Transactions. Work.
કામગરી,-ગીરી, *n.* ચાકરી. Service.
કામગરૂ, *a.* ઉદ્યોગી. Diligent.
કામચલાઉ, *a.* હંગામી, Acting. Temporary.
કામજ્વર, *n.* તીવ્ર વિષયવાસના. Love-fever.
કામઠિયો, *n.* તિરંદાજ. Bow-man.
કામઠી,-ઠું. *n.* ધનુષ્ય. Bow.
કામણ, *n.* વશીકરણ. Fascination. Witchery.
કામણગારૂં, *a.* મોહક. Fascinating. Enchantin
કામણટુમણ, *n.* જંતરમંતર. Sorcery. Magic.
કામદાર, *n.* રાજકર્મચારી. Minister. ૨. શ્રમજી
કામદુધા,-દુગ્ધા, *n.* કામધેનું. Name of [Labour a cow belonging to Indra that gra everything requested to her.
કામદેવ, *n.* મદન. Cupid. The God of Love.
કામધંધો, *n.* વ્યવસાય. Business. Occupation.
કામના, *n.* ઇચ્છા; વાસના. Desire. Wish.
કામની, કામિની. *n.* સુંદરી. Beautiful woman.
કામબાણ, *n.* કામનું બાણ; નેત્રકટાક્ષ. Arrow of lo
કામરૂપ, *a.* મોહક. Charming. Lovely.
કામવતી,-વશ, *a.* કામી. Sensuous.
કામવાસના, *n.* વિષયવાસના, Sensual desire.
કામવિકાર, *n.* મનોવિકાર. Passion; lust.

કામસર, *ad.* કામને અંગે. On business.
કામસાધુ, *a.* સ્વાર્થી. Selfish.
કામહીણુ, *a.* નપુંસક. Impotent. Effeminate.
કામળ,-ળા, *n.* ઉનની ધાબળી. Blanket.
કામા, કામુકા, *n.* વિષયી આંખોવાળી સુંદર સ્ત્રી. Lovely woman having lustful eyes.
કામાક્ષી, *n.* એક દેવી. Goddess.
કામાતુર,-ર્ત, સક્ત,-માંધ, *a.* કામવાસનાથી આતુર. Love-sick; lustful. [Lustful.
કામી, કામેચ્છુ, *a.* વિષયની ઈચ્છાવાળું. Amourous.
કામુક. *a.* વિષયી. Lustful. *n.* યાર. Paramour.
કામેશ્વર, *n.* શિવ. The God shiva
કામ્ય, *a.* સુંદર. Charming. Beautiful.
કાય, કાયા, *n.* શરીર. Body.
કાયદાસર,-દેસર, *a.* કાયદા પ્રમાણે. Legal. Lawful.
કાયદો. *n.* સરકારી ધારો. Law. A Regulation.
કાયમ, *a.* હંમેશ માટેનું. Permanent. Fixed.
કાયર, *n.* નાહિંમત. Timid. Disgusted. Lazy.
કાયરી, *a.* આજારી. Sick. Ill. Indisposed.
કાયાપલટો, *n.* ફેરબદલી. Transformation.
કાયિક, *a.* શારીરિક. Corporeal. Bodily.
કારકીર્દિ, *n.* વહીવટ; કારભાર. Career. Reign.
કારકુન, *n.* ગુમાસ્તો. Clerk. A writer.
કારખાનું. *n.* હુન્નર ઉદ્યોગનું કામ થતું હોય તે સ્થાન. A Factory.
કારગત, *n.* શક્તિ. Power.
કારજ, *n.* મૃત્યુ સંબંધી વરો. Funeral ceremony.
કારણ, *n.* સબબ; હેતુ. Cause. Motive.
કારણકે, *conj.* કેમકે; સબબકે. Because.
કારણભૂત,-રૂપ. *a.* સાધનરૂપ બનેલું. Instrumental.
કારણસર, *a.* તે લીધે; તે કારણથી. On account.
કારતુસ. *n.* બંદુકમાંથી ફોડવાની ટોટી. Cartridge.
કારભાર.-રૂ, *n.* વહિવટ; કારોબાર. Administration.
કારભારી, *n.* પ્રધાન; વ્યવસ્થાપક. Administrator. Manager. Minister.
કારમું, *a.* ભયંકર; અદ્ભુત. Horrible. Strange.
કારવ્યવહાર, *n.* સામાજીક વહિવટ અને વ્યવહાર Social course.
કારસ્તાન, *n.* પ્રપંચ. A fraud; a trick. Plot.
કારંજ, *n.* ફુવારો, Fountain.
કારાગાર,-ગૃહ,-વાસ, *n.* જેલખાનું. Prison. Jail.
કારી. *a.* કારમું; ઊંડું. Horrible. Deep.
કારીગર, *n.* યંત્રાદિ ચલાવી જાણનાર. Artisan. A mechanic.
કારીગરી,-ગીરી, *n.* કળાકૌશલ્ય. Workmanship. Skill.
કારુણિક, *a.* કરૂણાજનક. Merciful. Pitiable.
કારુણ્ય, *n.* કરૂણા. Mercy. Grace; Pity.
કારોબાર, *n.* કારભાર. Management.
કારોબારી, *a.* કારોબારને લગતું. Executive.
કાર્તાંતિક, *n.* જ્યોતિષિ. Astrologer.
કાર્પણ્ય, *n.* કૃપણતા. Miserliness. Stinginess.
કાર્ય, *n.* કરવાનું હોય તે. That with is to be done. ૨. કામ. Work. ૩. હેતુ. Motive.

કાર્યકર્તા, *n.* વ્યવસ્થાપક; સંચાલક. Manager.
કાર્યક્રમ, *n.* કામની યાદિ. A programme of work.
કાર્યકુશળ.-નિપુણ,-દક્ષ,-પ્રવીણ. *a.* પાવરધું. Efficient. Able.
કાર્યશક્તિ, *n.* કાર્ય કરવાની શક્તિ. Energy.
કાર્યવાહક, *a.* કારોબારી. Executive. *n.* કારભારી. Administrator.
કાર્યવાહી, *n.* કાર્યક્રમ. Procedure; programme.
કાર્યસૂચિ, કાર્યાવલિ, *n.* કામની સૂચિ. Programme.
કાર્યસ્થાન, કાર્યાલય, *n.* કામ કરવાની જગા. Office. Working place.
કાલ, *n.* સમય. Time. ૨. મૃત્યુ. Death. ૩. આવતો દિવસ. To-morrow. ૪, ગયો દિવસ. Yesterday. ૫. મોસમ. Season.
કાલકૂટ, *n.* હલાહલ ઝેર. Deadly poison.
કાલક્ષેપ, *n.* વખત ગુમાવવો તે. Delay.
કાલચક્ર, *n.* કાળનું ચક્ર. Wheel of time. ૨. મોટી આફત. Great calamity.
કાલજ્ઞ *n.* જોશી. Astrologer.
કાલબૂત, *n.* જોડાની અંદર ઠોકવાનું લાકડાનું પગનું બીબું. Shoe-last.
કાલવવું, *vt.* મિશ્ર કરવું. To mix up.
કાલાવાલા, *n.* આજીજી. Entreaties. Prayers.
કાલિક, *n.* રૂતુમાં મળતું. Seasonal.
કાલિમા, *n.* કાળપ; કાળાશ. Blackness.
કાલિંગડું, *n.* તડબુચ. Water-melon.
કાલિંગડો, મલ્હારો, *n* એક રાગ. Tune.
કાલી, *n.* એક દેવી. Goddess.
કાલુ, *n.* કાલુ માછલી. Oyster.
કાલું. *a.* બાલિશ; તોતડું. Childish; Lisping. *n.* કપાસનું જીંડવું. Cotton pod.
કાલ્પનિક, *a.* કલ્પિત. Imaginary. Unreal
કાવટ,-ડી, *n.* ખાંધે બોજો ઉપાડવાની તુલા. Water-litter.
કાવડિયું, *n.* પૈસો. Pice.
કાવતરાંખોર,-બાજ. *a.* કાવતરૂં કરનારૂં. Crafty.
કાવતરૂં, *n.* કપટ. Fraud. Trick; knavery.
કાવલું, *a.* તકલાદી. Delicate; brittle.
કાવાદાની, *n.* કીટલી. Kettle.
કાવાદાવા, *n.* છળકપટ. Intrigue. Treachery.
કાવો, *n.* ઉકાળો. Coffee. ૨. બુંદદાણાનો ઉકાળો. છળ. Fraud
કાવ્ય, *n.* પદ્ય; કવિતા. Poetry. Poem.
કાવ્યકાર, *n.* કવિ. Poet.
કાવ્યચોરી, *n.* કાવ્યની ચોરી. Plagiarism.
કાવ્યશક્તિ, *n.* કાવ્ય કરવાની શક્તિ. Poetic genius.
કાવ્યશાસ્ત્ર, *n.* કવિતા શાસ્ત્ર. The scienc and art of poetry.
કાશી, *n.* વારાણસી. Benares.
કાષાય, *a.* રાતું; ભગવું વસ્ત્ર. Red.
કાષ્ઠ, *n.* લાકડું. Wood. Timber.
કાષ્ઠમય,-વત્, *a.* લાકડાનું; લાકડા જેવું. Wooden.
કાસદ, *n.* એલચી. Messenger. A courier.
કાસળ, *n.* આડખીલી. Hindrance.
કાસાર, *n.* તળાવ. Pond. Lake.

કાહિલી, *a.* આળસુ. Idle. ૨. આજારી. Sick.
કાહ્યું, *a.* ચિડાયલું. Vexed. Tired; Teased.
કાળ, *n.* સમય. Time. ૨. ઋતુ. Season. ૩. દુકાળ. Famine. ૪. ક્રોધ. Anger.
કાળકા, *n.* કાલી, The Goddess Kali.
કાળચોઘડિયું, *n.* નુકશાનકારક ચોઘડિયું. Unlucky time.
કાળજ,-જું, *n.* હૃદય. Heart. ૨. યકૃત. Liver.
કાળજી, *n.* ચિંતા; ચિવટ. Concern. Care.
કાળજૂનું, *a.* પુરાણું. Ancient. old.
કાળપ, કાળાટ, કાળાશ, *n.* કાળાપણું. Blackness.
કાળમીંઢ, *a.* કઠોર. Hard-hearted.
કાળાંધોળાં, *n.* કારસ્તાન. Frauds. Tricks; deception.
કાળિઆર, *n.* હરણનાં ટોળાનો મુખી—કાળો નર. Black buck.
કાળિયું, *a.* શ્યામ. Black. *n.* અફીણ. Opium.
કાળિટીલી, *n.* કલંક. Stigma. Disgrace; stain.
કાળું, *a.* શ્યામ. Black. ૨. અધમ. Mean.
કાળોતરી, *n.* મરણના સમાચારની ચિઠ્ઠી. Death-news.
કાળોતરો. *n.* કાળો નાગ. Poisonous cobra.
કાંકરી, *n.* રેતી. Sand.
કાંકરો, *n.* ઝીણો પથ્થર. Pebble.
કાંક્ષા, *n.* ઇચ્છા; આકાંક્ષા. Desire. Longing. Wish.
કાંગરી, *n.* ધાર; કોર. Border. Edge.
કાંગું, કાંગલું, *a.* નિર્માલ્ય. Weak. Feeble; frail.
કાંચન, *n.* સોનું. Gold.
કાંચળી,-લડી, *n.* કાપડું; કમખો. Bodice. ૨. સાપે ઉતારી નાખેલી કાંચળી. Slough.
કાંચિ, કાંચી, *n.* કંદોરો. Girdle. Belt; band.
કાંજી, *n.* રાબ; લાહી. Gruel. ૨. ખેળ. Starch.
કાંટાળું, *a.* કાંટાવાળું. Thorny. Prickly.
કાંટો, *n.* શૂળ. Thorn. ૨. ત્રાજવું. Balance; ૩. ઘડિયાળના હાથ. Hand of a clock. ૪. ડંખ. Sting. ૫. એક ઘરેણું. Ornament.
કાંઠલો, *n.* વણકરનું ઓજાર. Shuttle. ૨. પોપટને કંઠે કાળું વર્તુળ હોય છે તે. Black circle round the throat of a parrot.
કાંઠો, *n.* કિનારો; તટ. Bank. Shore. ૨. હદ. Limit.
કાંડી, *n.* દિવાસળી. Match.
કાંડું, *n.* હાથના પંજા સાથે જોડાયલો ભાગ. Wrist.
કાંત, *n.* પતિ. Husband. ૨. પ્રિયતમ. Lover.
કાંતવું, *vt.* વળ દઇને તાર કાઢવો. To spin. ૨. ઘટાડવું. To curtail.
કાંતા, *n.* પત્નિ. Wife. ૨. પ્રિયતમા. Ladylove.
કાંતિ, *n.* શોભા. Beauty. Lustre.
કાંતિમાન, *a.* સુંદર. Beautiful. Graceful.
કાંતો. *conj.* અથવા; અગર તો. Either.
કાંદો, *n.* ડુંગળી. Onion. ૨. કંદ. Root. ૩. લાભ. Gain.
કાંધ, *n.* ખભો. Shoulder.
કાંધિયો, *n.* સાગરીત. Follower.
કાંધું, કાંધો, *n.* હપતો. Instalment.
કાંપ, *n.* ધ્રુજારી. Shivering. Tremor. ૨. કાળો કાદવ. Black clay.
કાંપવું, *vt.* ધ્રૂજવું To tremble, Shiver.
કાંબળ,-ળી,-ળો, *n.* કામળી. Blanket.
કાંબી, *n.* પગનું રૂપાનું ઘરેણું. Silver anklet.
કાંસ, *n.* નાની નહેર. Irrigation canal.
કાંસકી, કાંસકો, *n.* વાળ ઓળવાનું એક સાધન. Comb.
કાંસું, *n.* એક મિશ્ર ધાતુ. Bell-metal.
કિકિયારી,-રો. *n.* તીણી ચીસ. Shriek. A shrill cry.
કિચુડો, *n.* ચિચુડો. See-saw.
કિતાબ, *n.* પુસ્તક. Book. Volume.
કિતાબખાનું *n.* પુસ્તકાલય. Library.
કિત્તો, *n.* બરૂની લેખણ. Reed-pen. *prep.* એજન. Ditto.
કિનખાબ, *n.* કસબ; જરીબુટ્ટાનું કાપડ. Brocade.
કિનાર-રી,-રો, *n.* ધાર; કાંઠો. Border. Shore; bank.
કિફાયત, *n.* નફો. Gain. Profit. *a.* સસ્તું. Cheap.
કિમિયાગર, *n.* રસાયણી. An Alchemist.
કિમ્મત, *n.* મૂલ્ય; દામ. Price. Valuable. Cost.
કિમતી, *a.* મોંઘું; મૂલ્યવાન. Dear. Valuable. costly.
કિમિયો, *n.* રસસિદ્ધિ. Alchemy.
કિયું, *a.* કયું? Which.
કિરકોલ,-ળ, *a.* પરચુરણ, Miscellaneous. *ad.* છૂટક. By retail.
કિરણ, *n.* તેજની રેખા; રશ્મિ. Ray.
કિરણમય, *a.* પ્રકાશમાન. Radiant.
કિરતાર, *n.* સ્રષ્ટા; કર્તાર. Creator.
કિરમજી, *a.* ઘેરૂં; લાલ. Crimson. Scarlet.
કિરીટ, *n.* તાજ. A Crown. A diadem.
કિલકાર,-રી, *n.* કલબલાટ. Noise.
કિલકારવું, *vt.* કલબલાટ કરવો. To chirp.
કિલકિલ,-લાટ,-કાર, *n.* હર્ષધ્વનિ. Noise.
કિલ્લેબંધી, *n.* કોટબંધી. Fortification.
કિલ્લો, *n.* દુર્ગ; ગઢ. Fort. A castle; a fortress.
કિલ્લેદાર. *n.* કિલ્લાનો ઉપરી અમલદાર. One in charge of a fort.
કિશોર, *a.* સગીર. Youth. A minor; a lad.
કિશોરી, *n.* સગીર બાળા. A maiden.
કિસમ, *n.* જાત; પ્રકાર. Grade. Kind; Sort.
કિસમિસ, *n.* સુકી દ્રાક્ષ. Dried grapes.
કિસાન, *n.* ખેડુત. Cultivator.
કિસ્ત, *n.* જમિન મહેસુલ. Land tax. ૨. ખંડણી. Tribute.
કિસ્મત, *n.* નશીબ. Fate. Fortune; luck.
કિસ્સો, *n.* કહાણી. Story. A fable; A romance.
કિંકર, *n.* નોકર. A servant. A slave.
કિંકરી, *n.* ચાકરડી. Maid-servant.
કિંચિત, *a.* થોડુંક. *ad.* સહેજ. Little. Somewhat.
કિંમત, *n.* મૂલ્ય. Price. ૨. કદર. Value. Estimate.
કિંવદંતી, *n.* અફવા. Rumour.
કિંવા, *ad.* અથવા. Or.
કીકી, *n.* આંખની પુતળી. Pupil of the eye. ૨. નાની બાળકી. Small girl.
કીચડ, *n.* કાદવ. Mud. Mire. Dirt.
કીટ,-ક, *n.* કીડો. An insect; Worm.
કીટભોજી, *a*, કિડાઓ ખાતું. Insectivorous.

કીટલી, *n.* ચાદાની. Tea-pot.
કીટી, *n.* કસ્તર. Particles of dust found in cotton.
કીડ, *n.* જીવડું. Moth.
કીડિયારૂ, *n.* કીડીઓનું દર. Ant-hole.
કીટ્ટ, *n.* કચરો; મેલ. The dregs; Dirt.
કીડિયાસેર, *n.* કીડિયાંની કંઠી. Necklace of glass-beads.
કીડી, *n.* એક ઝીણું જંતુ. Ant.
કીડો, *n.* જીવડો. Worm. An insect.
કીધું, *vt.* કર્યું. 'કરવું'નું ભૂતકાળ. Said. Did; done.
કીનો, *n.* વેર. Enmity. Rancour; spite.
કીનાખોર, *a.* ડંશીલું. Malicious. Spiteful.
કીમતી, *a.* ભારે કિંમતનું. Costly. Valuable.
કીમિયો, *n.* રસવિદ્યા. Alchemy.
કીમિયાગર, *n.* કીમિયો કરી જાણનાર પુરુષ. Alchemist.
કીર, *n.* પોપટ. Parrot.
કીર્ત્તિ, *n.* ખ્યાતિ. Fame. Renown.
કીર્ત્તિમાન,-વંત, *a.* પ્રસિદ્ધ. Famous. Renowned.
કીર્તિસ્થંભ, *n.* યશધ્વજ. A monument.
કીલી, *n.* કુંચી. Key.
કીલીદાર, *n.* ત્રીજોરીનો ઉપરી. Treasurer.
કુ, *n.* ઉપસર્ગ. Prefix showing badness.
કુકર્મ, *n.* ખરાબ કામ. Evil deed. A crime.
કુકડો, *n.* મરઘો. Cock.
કુક્ષ, કુખ, *n.* કુખ. Womb. The abdomen.
કુચ, *n.* સ્ત્રીના સ્તન. Breast.
કુચાલ,-ચેષ્ટા, *n.* ખરાબ વર્તણુંક. Misbehaviour.
કુછંદ, *n.* લંપટપણું. Vicious way of life.
કુછંદી, *a.* લંપટ. Vicious.
કુજો, *n.* ભોટવો. A jug; an earthen pot.
કુજોગ, *n.* ખરાબ યોગ. Evil conjunction.
કુટિ,-ર, *n.* ઝુંપડી. Hut.
કુટિલ, *a.* વાંકું; કપટી. Crooked. Cunning.
કુટિલતા,-પણું, *n.* વાંકાઈ; કપટ. Crookedness.
કુટુંબ, *n.* એક પિતાનો પરિવાર. Family.
કુટુંબકલહ, *n.* કુટુંબમાં કંકાસ. Family feud.
કુટુંબી, *n.* સગું. Relative.
કુટેવ, *n.* ખરાબ આદત. Bad habit.
કુટ્ટણી, *n.* દલાલણ. A procuress.
કુડતું, *n.* પહેરણ. Shirt.
કુણ, *pro.* કોણ. Who.
કુતર્ક, *n.* ખરાબ વિચાર. Bad thought.
કુતુહલ, *n.* જીજ્ઞાસા. Curiosity. Wonder.
કુત્તો,-કુતરો, *n.* કુતરો. Dog.
કુત્સિત, *a.* નિંદિત; નીચ. Vile. Mean. Dirty.
કુદકારો, *n.* કુદકો. A leap.
કુદરત, *n.* નિસર્ગ. Nature.
કુદરતી, *a.* સ્વાભાવિક. Natural.
કુદ્રષ્ટિ, *n.* ખરાબ ખ્યાલથી જોવું તે. Evil look.
કુધારો,-રીતિ, *n.* ખરાબ ચાલ. Bad usage.
કુનેહ, *n.* ચતુરાઇ. Cleverness.
કુપથ, *n.* અનીતિનો માર્ગ. Immoral way.
કુપથગામી, *a.* લંપટ. Lewd.
કુપાત્ર, *a.* નાલાયક. Unworthy. Unfit.
કુપિત, *a.* કોપાયમાન. Angry.
કુપ્પી, કુપ્પો, *n.* કુલ્લું. Oil-can.
કુબજા, *n.* ખરાબ કુબડી સ્ત્રી. An ugly woman.
કુબુદ્ધિ, *n.* લુચ્ચાઇ. Evil-mindedness.
કુબેર, *n.* ધનપતિ. The God of Wealth.
કુબ્જ, *a.* ખૂંધું. Hump-backed.
કુભારજા, *n.* નઠારી સ્ત્રી. A scold. A vixen.
કુભાંડ; *n.* જૂઠું તહોમત. False accusation. A plot.
કુભાંડી, *n.* દંભી. Hypocrite.
કુમક, *n.* સહાય; મદદ. Help. Aid; Succour.
કુમકુમ, *n.* કંકુ; કુંકુમ. Red turmeric powder.
કુમતિ, *n.* નઠારી મતિ. Evil-mindedness.
કુમળું, *a.* નાજુક. Delicate. Tender. Young.
કુમાર, *n.* જુવાન; કિશોર. A boy.
કુમારિકા, *n.* જુવાન; કુંવારી કન્યા. Young unmarried girl.
કુમાર્ગ, *n.* ખરાબ માર્ગ. Bad way.
કુમાશ, *n.* નરમાશ. Fineness. Texture.
કુમુદ, *n.* સફેદ કમળ. White lotus.
કુમુદિની, *n.* પોયણી. Water-lily.
કુમેરૂ, *n.* દક્ષિણ ધ્રુવ. South pole.
કુરકુરિયું, *n.* કુતરાનું નાનું બચ્ચું. Puppy.
કુરનિસ,-નસ, કુરનિંશ, *n.* ઝુકીને સલામ કરવી તે. Salute.
કુરબાની, *n.* બલિદાન. Sacrifice.
કુરંગ, *n.* હરણ. Antelope.
કુરંગી, કુરંગણી, *n.* હરણી. Female deer.
કુરાન, *n.* મુસલમાનોનો મુખ્ય ધર્મગ્રંથ. Quran.
કુરૂપ,-પી, *a.* કદરૂપું. Ugly.
કુલ, *a.* અંદર. Total. ૨. તમામ. Whole. *n.* કુટુંબ; વંશ. Family. ૨. ખાનદાની. Noble lineage. ૩. ટોળું. Herd. ૪. વકીલનો અસીલ. Client.
કુલકુલા, *a.* કુલ સત્તા ભોગવતું. *a.* Plenipotentiary.
કુલગુરૂ, કુલગોર, *n.* કૌટુંબિક આચાર્ય. Family priest.
કુલટા, *n.* ખરાબ ચાલની સ્ત્રી. Whore.
કુલક્ષણ, *n.* અપલક્ષણ. Misconduct.
કુલફી, *n.* બરફથી ઠારેલું દુધ. Congealed milk.
કુલપતિ, *n.* વિદ્યાપીઠનો સૌથીવડોઅધિકારી. Chancellor.
કુલનાયક, *n.* કુલપતિથી ઉતરતો અધિકારી. Vice-chancellor.
કુલાલ, *n.* કુંભાર. Potter.
કુલાંગાર, *n.* કુળમાં અંગારા જેવો નિવડેલો આદમી. Bane in the family.
કુલીન, *a.* ખાનદાન. Noble.
કુલીનતા, *n.* ખાનદાની. Nobility.
કુલે,-લ્લે, *ad.* જુમલે; સરવાળે. On the whole.
કુલ્લું, કુલ્લી, *n.* ઘી તેલ ભરવાનું વાસણ. Receptacle for oils etc.
કુવચન, કુવેણ, *n.* ગાળ. Abuse. Bad words.
કુવાસના, *n.* નઠારી ઇચ્છા. Immoral desire. A bad wish.
કુવેતર, *n.* કુવાવાળી જમિન. Irrigated land.

કુવ્વત, n. કૌવત. Strength. Power.
કુશ, n. દર્ભ. Sacred grass.
કુશકા, n. ડાંગરનાં છોડાં. Chaff of rice.
કુશલ,-ળ, a. શુભ.Happy.Well.૨.પ્રવીણ. Expert.
કુશળતા, n. આરોગ્ય; હોશીયારી. Well-being. Cleverness.
કુશળક્ષેમ, a. સુખી અને આરોગ્ય.Happy and well.
કુશાગ્રબુદ્ધિ, a. તીવ્ર બુદ્ધિવાળું. Shrewd.
કુષ્ઠ, n. કોઢ. Leprosy.
કુસંગ,-ત.n.ખરાબ સોબત.Bad or evil company.
કુસંપ, n. અણબનાવ. Dissension. Disagreement.
કુસુમ, n. પુષ્પ. Flower.
કુસુમાકર, n. વસંતઋતુ. Spring.
કુસ્તી, n. બથ્થંબથ્થા. Wrestling.
કુસ્તીબાજ, n. કસરતી; ખેલાડી. Athlete.
કુહાડી,-ડો, n. લાકડાં ફાડવાનું ઓજાર. Axe.
કુહુ,-કુહુ,-કાર. કોયલનો ટહુકાર. Cry of cuckoo.
કુળ, n. જાત. Race.
કુળકર્ણી, n. તલાટી. Village accountant.
કુંકુમ, n. કંકુ. Kind of red powder.
કુંજ, n. લતામંડપ. Arbour.
કુંજર, n. હાથી. Elephant.
કુંજો, n. લોટવો;ચંબુ. Jug.
કુંઠિત, a. રૂંધાયલું; બુઠ્ઠું. Mutilated. Hampered.
કુંડ, n. વેદિ. Alter. ૨. પાણીનો ખાડો. Basin.
કુંડળ,-લ, n. કાને પહેરવાનું ઘરેણું. Ear-ring.
કુંડળી,-લી, n. નાનું કુંડાળું. Small circle. ૨ ગ્રહ વગેરેની ગણતરીનું ખાનાવાળું ચોકઠું. An astrological chart.
કુંદન, n. શુદ્ધ સોનું. Pure gold.
કુંદી,n.ધોયેલાં કપડાંને સફાઈદાર કરવાની ક્રિયા. Calendering.
કુંદીપાક, n.મારવું તે.Beating.Punishing.
કુંદો, n. ડંડો; ધોકો. Cudgel.
કુંભ, n. ઘડો. Pitcher. ૨ ગંડસ્થળ. The frontal lobe on the forehead of an elephant.
કુંભાર, n. માટીનાં વાસણ ઘડનાર. Potter.
કુંભી,n. થાંભલા નીચેની બેસણી. Base of pillar.
કુંવર, n. રાજપુત્ર; છોકરો. Prince. Lad.
કુંવરી, n. રાજપુત્રી. Princess. ૨. કુંવારી કન્યા. Virgin.
કુંવાર, n. એળીઓ.કુંવારપાઠું.Aloe-plant.
કુંવારકા, n. કુંવારી કન્યા. Virgin.
કુંવારું, a. નહિ પરણેલું. Unmarried.
કુઈ, n. નાનો કુવો. Small well.
કૂકડી, n. મરઘી. Hen.
કૂકડો, n. મરઘો. Cock.
કૂખ, n. ગર્ભસ્થાન. Womb.
કૂચ,n. રવાના થવું તે. March. ૨ સ્તન. The breast.
કૂચડી,કૂચી,n. જાડા વાળની પીંછી. Small brush.
કૂચો, n. કુચડો. A large brush.
કૂજન, n. મધુર શબ્દનાદ. Cooing.
કૂજવું, vt. મધુર ગાવું. To coo.

કૂજો, Same as. કુંજો.
કૂટ, a. ન સમજાય એવું. Ambiguous. n. કોયડો. Riddle. A puzzle.
કૂટણખાનું, n. ખાંજરૂ. A brothel.
કૂટણી, n. દલાલણ. Procuress. A bawd.
કૂટવું, vt. ઠોકવું. To beat. મૂએલાની પાછળ છાતી પીટવી. To beat the breasts in mourning.
કૂટસ્થ, n. પરમાત્મા. Supreme soul.
કૂડ,-કપટ, n. કપટ. Deceit. Treachery; guile.
કૂડું, a. ખરાબ; કપટી. Bad; deceitful.
કૂણું, a. નાજુક. Delicate. Tender.
કૂતરી, n. કુતરાની માદા. Bitch.
કૂતરો, n. શ્વાન. Dog.
કૂથલી, n. નિંદા. Slander. Malicious talk.
કૂદકો, n. ઠેકડો. Jump. Leap.
કૂદવું, vt. ઠેકડો મારવો. To jump. To leap.
કૂપ, n. કુવો. Well.
કૂબડું, a. કદરૂપું. Ugly. Hump-backed.
કૂબો, n. ઝુંપડી. Hut. A cottage.
કૂર, n. રાંધેલા ચોખા. Cooked rice.
કૂર્મ, n. કાચબો. Tortoise.
કૂલ, n. કિનારો. Bank. A shore.
કૂલો, n. ધગડો. Hip.
કૂવત, કૌવત, n. બળ; શક્તિ. Strength. Power.
કૂવો. n. કૂપ. Well.
કૂવાથંભ, n. વહાણના વચલા સઢનો થાંભલો. Mast.
કૂચી, n. ચાવી. Key. ૨. ઈલાજ. Remedy.
કૂડાળું, n. વર્તુલ; ગોળ આકૃતિ. Circle.
કૂંડ, n. નાનો ખાડો. Small pit.
કૂંપળ, n. નવું ફુટતું પાંદડું. Fresh leaf.
કૃતઘ્ન,-ઘ્ની, a. નિમકહરામ. Ungrateful. Thankless.
કૃતજ્ઞ,-જ્ઞી, a. નિમકહલાલ. Grateful. Thankful.
કૃતજ્ઞતા, n. આભાર. Gratitude. Thankfulness.
કૃતાંત, n. મૃત્યુ. Death.
કૃતિ, n. કાર્ય. Work. Action. Deed. ૨. સર્જન. Creation.
કૃત્ય, n. કાર્ય; આચરણ. Deed. ૨. ભૂમિતિમાં રચના કરવાના અંગેનો સિદ્ધાંત. Problem.
કૃત્યા, n. ડાકણ; મેલડી. Witch. A vixen.
કૃત્રિમ,-કૃતક, n. બનાવટી. Artificial. Fictitious.
કૃદંત, n. ધાતુને કાળ કે અર્થવાચક પ્રત્યય લાગવાથી બનતું અપૂર્ણ અર્થવાચક રૂપ. Participle.
કૃપણ, a. કંજુસ. Miser. Niggardly.
કૃપા, n. મહેરબાની. Favour. Kindness; pity.
કૃપાળ, a. દયાળુ. Merciful. Gracious.
કૃપાણ, n. તરવાર. Sword.
કૃમિ, n. જીવડો; કરમિઓ. Worm. An insect.
કૃશ, a. પાતળું. Lean. Emaciated.
કૃષિ, n. ખેતી. Agriculture. Cultivation.
કૃષિક,-કાર, n. ખેડૂત. Farmer. Cultivator.
કૃષ્ણ, a. શ્યામ. Black. n. ભગવાન કૃષ્ણ. Lord

કીટલી, *n.* ચાદાની. Tea-pot.
કીટી, *n.* કસ્તર. Particles of dust found in cotton.
કીડ, *n.* જીવડું. Moth.
કીડિયારૂ, *n.* કીડીઓનું દર. Ant-hole.
કીટ્ટુ, *n.* કચરો; મેલ. The dregs; Dirt.
કીડિયાસેર, *n.* કીડિયાંની કંઠી. Necklace of glass-beads.
કીડી, *n.* એક ઝીણું જંતુ. Ant.
કીડો, *n.* જીવડો. Worm. An insect.
કીધું, *vt.* કર્યું. 'કરવું'નું ભૂતકાળ. Said. Did; done.
કીનો, *n.* વેર. Enmity. Rancour; spite.
કીનાખોર, *a.* ડંશીલું. Malicious. Spiteful.
કીમતી, *a.* ભારે કિંમતનું. Costly. Valuable.
કીમિયો, *n.* રસવિદ્યા. Alchemy.
કીમિયાગર, *n.* કીમિયો કરી જાણનાર પુરુષ. Alchemist.
કીર, *n.* પોપટ. Parrot.
કીર્તિ, *n.* ખ્યાતિ. Fame. Renown.
કીર્તિમાન,-વંત, *a.* પ્રસિદ્ધ. Famous. Renowned.
કીર્તિસ્થંભ, *n.* યશધ્વજ. A monument.
કીલી, *n.* કૂંચી. Key.
કીલીદાર, *n.* ત્રીજોરીનો ઉપરી. Treasurer.
કુ, *n.* ઉપસર્ગ. Prefix showing badness.
કુકર્મ, *n.* ખરાબ કામ. Evil deed. A crime.
કુકડો, *n.* મરઘો. Cock.
કુક્ષ, કુખ, *n.* કુખ. Womb. The abdomen.
કુચ, *n.* સ્ત્રીના સ્તન. Breast.
કુચાલ,-ચાલ, *n.* ખરાબ વર્તણૂક. Misbehaviour.
કુછંદ, *n.* લંપટપણું. Vicious way of life.
કુછંદી, *a.* લંપટ. Vicious.
કુજો, *n.* ભોટવો. A jug; an earthen pot.
કુજોગ, *n.* ખરાબ યોગ. Evil conjunction.
કુટિ,-ર, *n.* ઝુંપડી. Hut.
કુટિલ, *a.* વાંકું; કપટી. Crooked. Cunning.
કુટિલતા,-પણું, *n.* વાંકાઈ; કપટ. Crookedness.
કુટુંબ, *n.* એક પિતાનો પરિવાર. Family.
કુટુંબકલહ, *n.* કુટુંબમાં કંકાસ. Family feud.
કુટુંબી, *n.* સગું. Relative.
કુટેવ, *n.* ખરાબ આદત. Bad habit.
કુટ્ટણી, *n.* દલાલણ. A procuress.
કુડતું, *n.* પહેરણ. Shirt.
કુણ, *pro.* કોણ. Who.
કુતર્ક, *n.* ખરાબ વિચાર. Bad thought.
કુતુહલ, *n.* જીજ્ઞાસા. Curiosity. Wonder.
કુત્તો,-કુતરો, *n.* કુતરો. Dog.
કુત્સિત, *a.* નિંદિત; નીચ. Vile. Mean. Dirty.
કુદકારો, *n.* કુદકો. A leap.
કુદરત, *n.* નિસર્ગ. Nature.
કુદરતી, *a.* સ્વાભાવિક. Natural.
કુદ્રષ્ટિ, *n.* ખરાબ ખ્યાલથી જોવું તે. Evil look.
કુધારો,-રીતિ, *n.* ખરાબ ચાલ. Bad usage.
કુનેહ, *n.* ચતુરાઇ, Cleverness,
કુપથ, *n.* અનીતિનો માર્ગ. Immoral way.
કુપથગામી, *a.* લંપટ. Lewd.
કુપાત્ર, *a.* નાલાયક. Unworthy. Unfit.
કુપિત, *a.* કોપાયમાન. Angry.
કુપ્પી, કુપ્પો, *n.* કુલ્લું. Oil-can.
કુબજા, *n.* ખરાબ કૂબડી સ્ત્રી. An ugly woman.
કુબુદ્ધિ, *n.* લુચ્ચાઇ. Evil-mindedness.
કુબેર, *n.* ધનપતિ. The God of Wealth.
કુબ્જ, *a.* ખૂંધું. Hump-backed.
કુભારજા, *n.* નઠારી સ્ત્રી. A scold. A vixen.
કુભાંડ; *n.* જૂઠું તહોમત. False accusation. A plot.
કુભાંડી, *n.* દંભી. Hypocrite.
કુમક, *n.* સહાય; મદદ. Help. Aid; Succour.
કુમકુમ, *n.* કંકુ; કુંકુમ. Red turmeric powder.
કુમતિ, *n.* નઠારી મતિ. Evil-mindedness.
કુમળું, *a.* નાજુક. Delicate. Tender. Young.
કુમાર. *n.* યુવાન; કિશોર. A boy.
કુમારિકા, *n.* યુવાન; કુંવારી કન્યા. Young unmarried girl.
કુમાર્ગ, *n.* ખરાબ માર્ગ. Bad way.
કુમાશ, *n.* નરમાશ. Fineness. Texture.
કુમુદ, *n.* સફેદ કમળ. White lotus.
કુમુદિની, *n.* પોયણી. Water-lily.
કુમેરૂ, *n.* દક્ષિણ ધ્રુવ. South pole.
કુરકુરિયું, *n.* કુતરાનું નાનું બચ્ચું. Puppy.
કુરનિસ.-નસ, કુરનિશ, *n.* ઝુકીને સલામ કરવી તે. Salute.
કુરબાની, *n.* બલિદાન. Sacrifice.
કુરંગ, *n.* હરણ. Antelope.
કુરંગી, કુરંગણી, *n.* હરણી. Female deer.
કુરાન, *n.* મુસલમાનોનો મુખ્ય ધર્મગ્રંથ. Quran.
કુરૂપ,-પી, *a.* કદરૂપું. Ugly.
કુલ, *a.* એકંદર. Total. ૨. તમામ. Whole. *n.* કુટુંબ; વંશ. Family. ૨. ખાનદાની. Noble lineage. ૩. ટોળું. Herd. ૪. વકીલનો અસીલ. Client.
કુલકુલા, *a.* કુલ સત્તા ભોગવતું. *a.* Plenipotentiary.
કુલગુરૂ, કુલગોર, *n.* કૌટુંબિક આચાર્ય. Family priest.
કુલટા, *n.* ખરાબ ચાલની સ્ત્રી. Whore.
કુલક્ષણ. *n.* અપલક્ષણ. Misconduct.
કુલફી, *n.* બરફથી ઠારેલું દૂધ. Congealed milk.
કુલપતિ, *n.* વિદ્યાપીઠનો સૌથીવડો અધિકારી. Chancellor.
કુલનાયક, *n.* કુલપતિથી ઉતરતો અધિકારી. Vice-chancellor.
કુલાલ, *n.* કુંભાર. Potter.
કુલાંગાર, *n.* કુળમાં અંગારા જેવો નિવડેલો આદમી. Bane in the family.
કુલીન, *a.* ખાનદાન. Noble.
કુલીનતા, *n.* ખાનદાની. Nobility.
કુલે,-લ્લે, *ad.* જુમલે; સરવાળે. On the whole.
કુલ્લું, કુલ્લી, *n.* ઘી તેલ ભરવાનું વાસણ. Receptacle for oils etc.
કુવચન, કુવેણ, *n.* ગાળ. Abuse. Bad words.
કુવાસના, *n.* નઠારી ઇચ્છા. Immoral desire. A bad wish.
કુવેતર, *n.* કુવાવાળી જમિન, Irrigated land,

કુવ્વત, *n.* કૌવત. Strength. Power.
કુશ, *n.* દર્ભ. Sacred grass.
કુશકા, *n.* ડાંગરનાં છોડાં. Chaff of rice.
કુશલ,–ળ, *a.* શુભ. Happy. Well. ૨. પ્રવીણ. Expert.
કુશળતા, *n.* આરોગ્ય; હોશીયારી. Well-being. Cleverness.
કુશળક્ષેમ, *a.* સુખી અને આરોગ્ય. Happy and well.
કુશાગ્રબુદ્ધિ, *a.* તીવ્ર બુદ્ધિવાળું. Shrewd.
કુષ્ઠ, *n.* કોઢ. Leprosy.
કુસંગ,–ત, *n.* ખરાબ સોબત. Bad or evil company.
કુસંપ, *n.* અણબનાવ. Dissension. Disagreement.
કુસુમ, *n.* પુષ્પ. Flower.
કુસુમાકર, *n.* વસંતઋતુ. Spring.
કુસ્તી, *n.* બથ્થંબથ્થા. Wrestling.
કુસ્તીબાજ, *n.* કસરતી; ખેલાડી. Athlete.
કુહાડી,–ડો, *n.* લાકડાં ફાડવાનું ઓજાર. Axe.
કુહુ,–કુહુ,–કાર, કોયલનો ટહુકાર. Cry of cuckoo.
કુળ, *n.* જાત. Race.
કુળકર્ણી, *n.* તલાટી. Village accountant.
કુંકુમ, *n.* કંકુ. Kind of red powder.
કુંજ, *n.* લતામંડપ. Arbour.
કુંજર, *n.* હાથી. Elephant.
કુંજો, *n.* લોટો; ચંબુ. Jug.
કુંઠિત, *a.* રૂંધાયલું; બુઠું. Mutilated. Hampered.
કુંડ, *n.* વેદિ. Alter. ૨. પાણીનો ખાડો. Basin.
કુંડળ,–લ, *n.* કાને પહેરવાનું ઘરેણું. Ear-ring.
કુંડળી,–લી, *n.* નાનું કુંડાળું. Small circle. ૨ ગ્રહ વગેરેની ગણતરીનું ખાનાવાળું ચોકઠું. An astrological chart.
કુંદન, *n.* શુદ્ધ સોનું. Pure gold.
કુંદી, *n.* ધોયેલાં કપડાંને સફાઈદાર કરવાની ક્રિયા. Calendering.
કુંદીપાક, *n.* મારવું તે. Beating. Punishing.
કુંદો, *n.* ડંડો; ધોકો. Cudgel.
કુંભ, *n.* ઘડો. Pitcher. ૨ ગંડસ્થળ. The frontal lobe on the forehead of an elephant.
કુંભાર, *n.* માટીનાં વાસણ ઘડનાર. Potter.
કુંભી, *n.* થાંભલા નીચેની બેસણી. Base of pillar.
કુંવર, *n.* રાજપુત્ર; છોકરો. Prince. Lad.
કુંવરી, *n.* રાજપુત્રી. Princess. ૨. કુંવારી કન્યા. Virgin.
કુંવાર, *n.* એળીઓ. કુંવારપાઠું. Aloe-plant.
કુંવારકા, *n.* કુંવારી કન્યા. Virgin.
કુંવારૂં, *a.* નહિ પરણેલું. Unmarried.
કૂઈ, *n.* નાનો કુવો. Small well.
કૂકડી, *n.* મરઘી. Hen.
કૂકડો, *n.* મરઘો. Cock.
કૂખ, *n.* ગર્ભસ્થાન. Womb.
કૂચ, *n.* રવાના થવું તે. March. ૨ સ્તન. The breast.
કૂચડી, કૂચી, *n.* જાડા વાળની પીંછી. Small brush.
કૂચો, *n.* કુચડો. A large brush.
કૂજન, *n.* મધુર શબ્દનાદ. Cooing.
કૂજવું, *vt.* મધુર ગાવું. To coo.

કૂજો, Same as. કુંજો.
કૂટ, *a.* ન સમજાય એવું. Ambiguous. *n.* કોયડો. Riddle. A puzzle.
કૂટણખાનું, *n.* ખાંજરૂ. A brothel.
કૂટણી, *n.* દલાલણ. Procuress. A bawd.
કૂટવું. *vt.* ઠોકવું. To beat. મૂએલાની પાછળ છાતી પીટવી. To beat the breasts in mourning.
કૂટસ્થ, *n.* પરમાત્મા. Supreme soul.
કૂડ,–કપટ, *n.* કપટ. Deceit. Treachery; guile.
કૂડું, *a.* ખરાબ; કપટી. Bad; deceitful.
કૂણું, *a.* નાજુક. Delicate. Tender.
કૂતરી, *n.* કુતરાની માદા. Bitch.
કૂતરો, *n.* શ્વાન. Dog.
કૂથલી, *n.* નિંદા. Slander. Malicious talk.
કૂદકો, *n.* ઠેકડો. Jump. Leap.
કૂદવું, *vt.* ઠેકડો મારવો. To jump. To leap.
કૂપ, *n.* કુવો. Well.
કૂબડું, *a.* કદરૂપું. Ugly. Hump-backed.
કૂબો, *n.* ઝુંપડી. Hut. A cottage.
કૂર, *n.* રાંધેલા ચોખા. Cooked rice.
કૂર્મ, *n.* કાચબો. Tortoise.
કૂલ, *n.* કિનારો. Bank. A shore.
કૂલો, *n.* ઘગડો. Hip.
કૂવત, કૌવત, *n.* બળ; શક્તિ. Strength. Power.
કૂવો. *n.* કૂપ. Well.
કૂવાથંભ, *n.* વહાણના વચલા સઢનો થાંભલો. Mast.
કૂંચી, *n.* ચાવી. Key. ૨. ઈલાજ. Remedy.
કૂંડાળું, *n.* વર્તુલ; ગોળ આકૃતિ. Circle.
કૂંડ, *n.* નાનો ખાડો. Small pit.
કૂંપળ, *n.* નવું ફુટતું પાંદડું. Fresh leaf.
કૃતઘ્ન,–ઘ્ની, *a.* નિમકહરામ. Ungrateful. Thankless.
કૃતજ્ઞ,–જ્ઞી, *a.* નિમકહલાલ. Grateful. Thankful.
કૃતજ્ઞતા, *n.* આભાર. Gratitude. Thankfulness.
કૃતાંત, *n.* મૃત્યુ. Death.
કૃતિ, *n.* કાર્ય. Work. Action. Deed. ૨. સર્જન. Creation.
કૃત્ય, *n.* કાર્ય; આચરણ. Deed. ૨. ભૂમિતિમાં રચના કરવાના અંગેનો સિદ્ધાંત. Problem.
કૃત્યા, *n.* ડાકણ; મેલડી. Witch. A vixen.
કૃત્રિમ,-કૃતક, *n.* બનાવટી. Artificial. Fictitious.
કૃદંત, *n.* ધાતુને કાળ કે અર્થવાચક પ્રત્યય લાગવાથી બનતું અપૂર્ણ અર્થવાચક રૂપ. Participle.
કૃપણ, *a.* કંજુસ. Miser. Niggardly.
કૃપા, *n.* મહેરબાની. Favour. Kindness; pity.
કૃપાળ, *a.* દયાળુ. Merciful. Gracious.
કૃપાણ, *n.* તરવાર. Sword.
કૃમિ, *n.* જીવડો; કરમિઓ. Worm. An insect.
કૃશ, *a.* પાતળું. Lean. Emaciated.
કૃષિ, *n.* ખેતી. Agriculture. Cultivation.
કૃષિક,–કાર, *n.* ખેડૂત. Farmer. Cultivator.
કૃષ્ણ, *a.* શ્યામ. Black. *n.* ભગવાન કૃષ્ણ. Lord

Krishna.
કૃષ્ણપક્ષ, *n.* અંધારિયું. Dark half of a month.
કૃષ્ણમંડળ, *n.* આંખની કીકીની આસપાસનો વર્તુલાકાર કાળો ભાગ. Cornea.
કૃષ્ણસાર, *n.* કાળિયાર; મૃગ. Black antelope.
કૃષ્ણાર્પણ, *n.* નિસ્વાર્થદાન. An absolute gift.
કે, *conj.* કે. That. ૨. યા; અથવા. Or.
કેકર, *a.* બાડું. Squint-eyed.
કેકા,–રવ, *n.* મોરનો અવાજ. Voice of peacock.
કેટલું, *ad.* & *a.* શા માપનુ–પ્રમાણનું ? How much? Of what size?
કેટલુંક,–લાક, *a.* અમુક પ્રમાણનું. Several.
કેડ, *n.* કમર. Waist. ૨. પૂંઠ; કેડો. Pursuit.
કેડી, *n.* પગથી. Footpath.
કેડીયું, *n.* બંડી. Jacket.
કેડે, *ad.* પુંઠે. Behind.
કેડો, *n.* રસ્તો. Track. ૨. પૂંઠ. Pursuit. ૩. અંત. End.
કેણી,–ગમ,–પા,–મગ, *ad.* કઇ તરફ ? Whither.
કેતક, કેતકી. *n.* કેવડાનું ઝાડ તથા ફુલ. A fragrant shrub.
કેતુ, *n.* એક ગ્રહ. Planet. ૨. ધજા. Flag.
કેદ, *n.* તુરંગ. Confinement. Imprisonment.
કેદખાનું, *n.* કારાગાર. Jail. A prison.
કેદી, *n.* બંદીવાન. Prisoner. A captive.
કેદારનાથ, *n.* શિવ ભગવાન. The God Shiva.
કેદારો, *n.* એક રાગ. A tune.
કેફ, *n.* ઘેન; નશો. Intoxication. Inebriation.
કેફિયત, *n.* વિગતવાળી હકીકત. Statement. Details.
કેફી, *a.* નશો ચઢે એવું. Intoxicating.
કેમ, *ad.* શા માટે ? Why. ૨. કેવી રીતે ? How.
કેર, *n.* મહાનાશ. Slaughter. Oppression.
કેરલ,–ળ, *n.* મલબાર પ્રાંત. Malbar.
કેરી, *n.* આંબાનું ફળ. Mango.
કેરીગાળો, *n.* કેરીની મોસમ. Mango-season.
કેરૂં, છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય;–નું, Suffix for genitive case.
કેલિ, કેલી, *n.* રતીક્રિડા. Amorous sport.
કેવડું, *ad.* કેટલું મોટું ? How large ?
કેવડો, *n.* એક સુગંધીદાર છોડ–તેનો ડોડો. Fragrant plant.
કેવળ, *a.* શુદ્ધ. Pure. ૨. માત્ર. Mere. *ad.* ફક્ત. Only.
કેવળધામ, *n.* મુક્તિપદ. Salvation. Absolution.
કેવળપ્રયોગી અવ્યય, કેવળ ઉદ્ગાર દર્શાવતો અવ્યય. Interjection.
કેવારે, *ad.* કયારે ? At what time ?
કેવું–ક, *a.* કેવા પ્રકારનું. Of what sort.
કેશ, *n.* વાળ. Hair
કેશપાશ,–ભાર, *n.* વેણી; ચોટલો. Knot of hair.
કેશવાળી, *n.* સિંહ કે ઘોડાની ગરદન ઉપરના કેશ; વાળ. Mane.
કેશી, *n.* સિંહ. Lion. *n.* ઘોડો. Horse.
કેસર, *n.* એક સુગંધીદાર વનસ્પતિ. Saffron.
કેસરી, *n.* સિંહ. Lion. *a.* કેસરવરણું. Saffron coloured.
કેસરિયાં, *n.* મરણિયા થઇને લડવું તે. Last and desperate effort.

કેહ, *a.* કોણ ? Who ?
કેળ, *n.* જેને કેળાં આવે છે તે છોડ. Plantain tree.
કેળવણી, *n.* શિક્ષણ. Education. Learning. ૨. તાલીમ. Training.
કેળવણીખાતું *n.* શિક્ષણખાતું. Education department
કેળવવું, *vt.* શિક્ષણ આપવું. To educate. ૨. તાલીમ આપવી. To train. ૩. ચામડું પકવવું. To tan.
કેળું, *n.* કેળનું ફળ. Plantain. A banana.
કેંચી, *n.* કાતર. Scissors.
કેંદ્ર, *n.* મધ્યબિંદુ. Centre.
કેંદ્રત્યાગી, *a.* કેંદ્રમાંથી વિખરાતું. Centrifugal.
કેંદ્રિત, *a.* કેંદ્રમાં સ્થિત કરેલું. Centralised.
કૈતવ, *n.* છળકપટ. Fraud.
કૈરવી, *n.* ચંદ્રમા. Moon.
કૈલાસ, *n.* શિવનું રહેઠાણ; હિમાલયનું એક શિખર. Abode of Shiva.
કૈલાસવાસ, *n.* મૃત્યુ. Death.
કૈલાસવાસી, *a.* સદ્ગત. Deceased. Dead.
કૈવલ્ય, *n.* મુક્તિ. Salvation. Absolution.
કો, *a.* કોઈ. Some.
કોઈ, *a.* ગમે તે. Any.
કોઈક.–એક, *a.* ગમે તે એક. Someone.
કોઇસમે,–કાળે, *ad.* અમુક પ્રસંગે. Sometime.
કોક, *a.* કોઈ. Someone.
કોકડી–ડું, *n.* નાનું કોકડું; દોરડાની દડી. Hank of thread. ૨. ગુંચવણભર્યો મામલો. Intricate matter.
કોકમ, *n.* એક ખાટું ફળ. Garcina indica.
કોકરવરણું,–વાયું, *n.* જરાતરા ઉનું. Tepid.
કોકશાસ્ત્ર, *n.* કામશાસ્ત્ર. Treatise on the art of love.
કોકિલ, *n.* કોયલનો નર. Male cuckoo.
કોકિલા, *n.* કોયલ. Cuckoo.
કોગળિયું, *n.* કોલેરા; ઝાડા-ઉલ્ટીનો એક રોગ. Cholera.
કોગળો, *n.* મોં ભરાય એટલું પ્રવાહી. Mouthful of liquid.
કોચ, *n.* કાણું. Hole. ૨ સુખાસન. Sofa.
કોચલું, કોટલું, *n.* કઠણ છોડું. Shell of a nut.
કોચવું, *vt.* શારવું; કાણું પાડવું. To pierce.
કોચું, *a.* સડી ગયેલું. Rotten.
કોટ, *n.* કિલ્લો. Fort. ૨. ડગલો. Coat. ૩. ડોક. Neck.
કોટડી, *n.* ઓરડી. A small room.
કોટડું, *n.* દિવાલ. Wall.
કોટવાલ, *n.* શહેરનો બંદોબસ્ત રાખનાર અમલદાર. Police-magistrate.
કોટિ, કોટી, *a.* & *n.* કરોડ. Ten millions. ૨. આલિંગન. Embrace. ૩. પ્રકાર. Class.
કોટું, *n.* છળકપટનો પેંતરો. Intrigue. A dodge.
કોઠાર, *n.* ભંડાર; વખાર. Store-house.
કોઠારી, *n.* ભંડારી. Store-keeper.
કોઠી, *n.* માટીનો ઉંચો નળો. Earthen jar. ૨. વખાર. Godown. ૩. થાણું. Residential police station. ૪. કોઠાનું ઝાડ. Wood-apple tree.
કોઠું, *n.* કોઠ. Wood apple. ૨, પ્રપંચનો પેંતરો, Intrigue.

કોઠો, *n.* પેટ. Stomach. ૨. કોષ્ટક. Table. ૩. સુધરાઇની મુખ્ય કચેરી. Municipal Office. ૪. વખાર. Warehouse.
કોડ, *n.* અંતરની ઉમેદ. Longing. Hankering.
કોડામણું, *a.* વરણાગીયું. Foppish. ૨. કોડીલું. Ardent. ૩. રૂપાળું. Beautiful.
કોડિયું, *n.* દિવો કરવાનું માટીનું નાનું શકોરૂં. Earthen cup. [Twenty.
કોડી, *n.* શંખલી. Sea-shell. ૨. વીસની સંખ્યા.
કોઢ, *n.* ચામડીનો એક રોગ. Leprosy. ૨. ગમાણ; ઢોર બાંધવાની જગા. Stable.
કોઢિયું, *a.* કોઢવાળું. Leprous. [Corner.
કોણ, *a.* કયું ? Who ? *n.* ખૂણો. Angle. ૨. ખૂણો.
કોણી, *n.* ખભા નીચેનો હાથનો સાંધો. Elbow. *a.*
કોતર, *n.* ઉંડી બખોલ. Cave. [ખૂણાવાળું. Angular.
કોતરકામ, *n.* નકશીકામ. Engraving.
કોતરણી, કોરણી, *n.* કોતરકામ. Sculpture.
કોતરવું, *vt.* આછું આછું ખોદવું. To engrave.
કોતાઇ, *n.* અપૂર્ણતા. Insufficiency. Want.
કોથમી,-રે, *n.* ધાણાની ભાજી. Coriander plant.
કોથળી, *n.* થેલી. Purse. A bag.
કોથળો, *n.* થેલો. Bag. A sack.
કોદરા,-રી, *n.* એક ધાન્ય. Corn.
કોદાળ, *a.* મંદ બુદ્ધિનું. Dullard; Doltish.
કોદાળી, *n.* ખોદવાનું એક ઓજાર. Spade.
કોનું, *pro.* કોઈનું. Whose.
કોપ, *n.* ક્રોધ. Anger. Wrath. Rage.
કોપરૂં, *n.* ટોપરૂં. Kernel of a cocoanut.
કોપરેલ, *n.* કોપરાનું તેલ. Cocoanut oil.
કોપવું, *vi.* ગુસ્સે થવું. To be angry. To be enraged,
કોપાયમાન,-પિત, *a.* ગુસ્સે થયેલું. Angry. Wrathful.
કોબી,-જ, *n.* એક શાકભાજી. Vegetable.
કોમ, *n.* એકજ નામથી ઓળખાતો લોકસમુહ. Tribe.
કોમી, *n.* કોમનું. Tribe. Sectarian.
કોમીવાદ, *n.* સમાજહિતવાદ; Communalism.
કોમળ, *a.* કુમળું. Soft. ૨. મુલાયમ. Tender.
કોમળાંગી, *n.* નાજુક સ્ત્રી. Delicate woman.
કોયડો, *n.* ઉખાણું; શમસ્યા. A puzzle. A riddle.
કોયલ, *n.* કોકિલા. Cuckoo.
કોર, *n*, કિનાર. Border. ૨. ધાર. Edge.
કોરટ, *n.* અદાલત. Court.
કોરડું, કોરાડું. *a.* કોરૂં. Dry.
કોરડો. *a.* સાટકો. Lash. A scourge. [Brink
કોરણ, *n.* આંધી. Cyclone. ૨. બાજુ. Side. ૩. ધાર.
કોરવું, *vt.* કાણું પાડવું, વિંધવું. To bore a hole.
કોરંગ, *n.* હરણ. Deer.
કોરી, *n.* કચ્છી રૂપાનાણું. A coin.
કોરૂં, *a.* ભીનું નહિ એવું. Dry. ૨. નવું. New.
કોરૂંમોરૂં, *a.* તદ્દન નવું. Quit new.
કોરે, *ad.* બાજુએ. Aside.

કોલ, *n.* વચન; કબુલાત. Promise. ૨. શિયાળ. Fox.
કોલકરાર, *n.* સંધિપત્ર. Agreement.
કોલતાર, *n.* ડામર. Coal-tar.
કોલસો, કોયલો, *n.* એક પ્રકારનું બળતણ. Coal.
કોલાહલ, *n.* ઘોંઘાટ; ઘાંઘલ. Uproar. A bustle.
કોલું, *n.* શેરડીનો રસ કાઢવાનું યંત્ર. Sugar extracting machine. ૨. શિયાળ. Fox.
કોલેરા, *n.* કોગળિયું. Cholera.
કોવડામણ, *n.* કોવાણ. Rot. Decay.
કોવાવું, કોહવું, *vt.* સડી જવું. To rot. To decay,
કોવિદ, *n.* પંડિત. Learned person.
કોશ, કોષ, *n.* ખજાનો. Treasury, ૨. શબ્દકોશ. Dictionary. ૩. મ્યાન. Scabbard.
કોષકાર, *n.* શબ્દકોશકાર. Lexicographer.
કોશમંત્રી, કોષાગાર, કોષાધ્યક્ષ, *n.* ખજાનચી. Treasurer.
કોશિશ. *n.* પ્રયત્ન. Effort. Attempt; Endeavour.
કોશેટો, *n.* રેશમનો કિડો. Silk-worm.
કોષ્ટક, *n.* કોઠો. Table.
કોષ્ઠ, *n.* પેટ. Belly. ૨. અન્ન ભંડાર. Granary.
કોસ, *n.* અંતરનું માપ. Measure of length. ૨. પાણી ખેંચવાનો કોશ. Leather bag used in drawing water from well.
કોહિનૂર, *n.* કોહિનૂરનો હિરો. Brilliant diamond. ૨. તેજનો પર્વત. Mountain of light.
કોહેલું, કોહ્યું, *a.* સડેલું. Rotten.
કોળ, *n.* મોટો ઉંદર. Big rat.
કોળવાઈ, *n.* ઉંદરીયું. Trap for rats.
કોળિયો, *n.* મોંમાં એકવાર લેવાય એટલો ગ્રાસ. Mouthful.
કોળું, *n.* કુષ્માંડ; એક શાક. Gourd. [Curiosity.
કૌતુક, કૌતક, *n.* આશ્ચર્ય. Wonder. ૨. જીજ્ઞાસા.
કૌભાંડ, *n.* કાવતરૂં. False claim.
કૌમાર, કૌમાર્ય, *n.* કુંવારાપણું. Virginity.
કૌમુદી, *n.* ચાંદની. Moon-light.
કૌવત, *n.* શક્તિ. Strength. Vigour; Power.
કૌવો, *n.* કાગડો. Crow.
કૌશલ્ય, *n.* પ્રવીણતા. Expertness. Skilfulness.
કૌસ્તુભ, *n.* રત્ન. Diamond.
કૌંસ, *n.* લખાણમાં વપરાતું ( ) આવું ચિન્હ. Bracket.
કયમ, *ad.* કેમ. Why.
કયામત, *n.* ઈશ્વર આગળ ઈન્સાફનો દિવસ. Day of judgment. [to fill water in.
કયારડો, ક્યારો, *n.* પાળ બાંધેલું ખેતર. Plot of ground
કયારે *ad.* કયે વખતે ? When.
કયારેક, *ad.* કોઈક વખતે. Sometime.
કયાસ, *n.* અટકળ. Guess. ૨. આંકણી, Estimate,
કયાં, *ad.* કયે સ્થળે ? Where.
ક્રમ, *n.* શ્રેણી. Order.
ક્રમબદ્ધ, ક્રમવાર, ક્રમશઃ, ક્રમાનુસાર, *ad.* અનુક્રમ પ્રમાણે.
ક્રય. *n.* ખરીદી. Purchase. [In due order.
ક્રાંતિ, *n.* પરિવર્તન. Revolution.

ક્રાંતિકાર,-કારક, *a.* પરિવર્તન કરનારૂં.Revolutionary.
ક્રાંતિવૃત્ત, *n.* સૂર્યમાર્ગ. Ecliptic.
ક્રિયમાણ, *a.* વિધિ. Ceremony.[૩ અમલ. Practice.
ક્રિયા, *n.* કાર્ય; કર્મ. Deed. ૨. વિધિ. Ceremony.
ક્રિયાત્મક, *a.* પ્રયોગાત્મક,Experimental.
ક્રિયાપદ, *n.* ક્રિયા બતાવનારૂં પદ. Verb.
ક્રિયાવાચક, *a.* જેનાથી ક્રિયાનો બોધ થાય એવું. Expressing an action.
ક્રિયાવિશેષણઅવ્યય, *n.* ક્રિયાપદના વિશેષણ તરીકે વપરાતો શબ્દ. Adverb. [Power.
ક્રિયાશક્તિ, *n.* કાર્ય કરવાની શક્તિ. Energy.
ક્રીડન, ક્રીડા.*n.*ખેલન. Sport.Play. [tion ground.
ક્રીડાભૂમિ, ક્રીડાંગણ, *n.* રમતગમતનું સ્થળ. Recrea-
ક્રોધિત; ક્રુદ્ધ; *a.* ક્રોધે ભરાયલું. Angry. Wrath-
ક્રૂર, *a.* નિર્દય. Cruel. Hard-hearted. [ful.
ક્રૂરતા, *n.* નિર્દયતા. Cruelty. Harshness.
ક્રોડ, *a.* સો લાખ. Ten millions.
ક્રોડવસા, *ad.* જરૂર. Positively.
ક્રોધ, *n.* ગુસ્સો. Anger; Wrath; Ire.
ક્રોધાયમાન. *a.* ક્રોધે ભરાયલું. Angry. Wrathful.
ક્રોધિષ્ટ, ક્રોધી, *a.* તામસી. Hot-tempered.
ક્રૌંચ, *n.* એક પક્ષી; બગલું. Heron.
ક્લાંતિ, *n.* થાક. Fatigue. Weariness.
ક્લિષ્ટ, *a.* પીડિત. Afflicted. ૨. સુગમ નહિ એવું. Far-fetched.
ક્લેશ, *n.* પીડા; દુઃખ. Distress. ૨ કજીયો.Quarrel.
ક્લેશી, *a.* કંકાસિયું. Quarrelsome. Vexatious.
ક્વચિત *ad.* કદાપિ. Seldom.
ક્વાથ, *n.* ઉકાળો. Decoction.
ક્ષણ, *n.* પળ.Moment.An instant. [Temporary.
ક્ષણજીવી,-ભંગુર, ક્ષણિક, *a.* અસ્થાયી. Transient.
ક્ષણું, *n.* ક્ષણ. Moment. An instant.
ક્ષત, *a.* ઈજા પામેલું. Hurt. *n.* ઘા. Wound.
ક્ષતિ, *n.* નુકશાન, Loss. ૨. ઘા. Wound.
ક્ષત્રિ, ક્ષત્રિય, *n.* રાજપુત. Member of a military
ક્ષપાનાથ, *n.* ચંદ્રમા. Moon. [race.
ક્ષમ, *a.* સહન કરી શકે એવું.Enduring ૨. શક્તિમાન. Able. ૩. યોગ્ય. Proper. ૪. ધીર. Patient.
ક્ષમતા, *n.*ધીરજ. Patience. Forbearance.
ક્ષમા, *n.* માફી. Pardon. Forgiveness.
ક્ષમાપાત્ર, ક્ષમ્ય, *a.* ક્ષમાને યોગ્ય. Pardonable.
ક્ષમાવંત,-વાન,-શીલ, *a.* ક્ષમાવાળું. Forgiving.
ક્ષય, *n.* ઘટાડો. Waste. ૨. નાશ, Ruin. ૩. ક્ષયરોગ.
ક્ષર, *a.* નાશ પામે એવું. Destructible. [Pthisis.
ક્ષંતવ્ય, *a.* ક્ષમ્ય. Pardonable. Excusable.
ક્ષાત્ર, *a.* ક્ષત્રિયોને લગતું. Of Khatriya.
ક્ષાર, *a.* ખાર. Salt
ક્ષારગુણી, *a.* ખારના ગુણ ધરાવતું. Alkaline.
ક્ષાંતિ, *n.* ધીરજ. Patience. Forbearance.
ક્ષિતિ, *n.* પૃથ્વી. Earth.
ક્ષિતિજ. *n.* દૃષ્ટિમર્યાદા. Horizon.
ક્ષીણ, *a.*ઘસાઈ ગયેલું. Emaciated.૨. નબળું.Weak.
ક્ષીર, *n.* દૂધ. Milk. ૨. પાણી. Water.
ક્ષુદ્ર.*a.*બીનમહત્વનું;નજીવું. Unimportant.Trifling.
ક્ષુધા, *n.* ભૂખ. Hunger.
ક્ષુધાતુર, ક્ષુધાર્તિ, ક્ષુધિત, *a.* ભૂખ્યું. Hungry.
ક્ષુબ્ધ, *a.* આકુળવ્યાકુળ. Agitated.
ક્ષુભિત, *a*, ડરેલું. Afraid.
ક્ષુલ્લક, *a.* નજીવું. Trifling. Unimportant.
ક્ષેત્ર, *n.* ખેતર. Field. ૨. સ્થાન. Place. ૩. કાર્યનો અવકાશ Sphere of action.
ક્ષેત્રજ્ઞ. *n.* આત્મા. Soul.
ક્ષેત્રપાળ, *n.* ખેડુત. Farmer. ૨. રાજા. King.
ક્ષેત્રફળ, *n.* જમિનની લંબાઈ પહોળાઇનું માપ. Area.
ક્ષેત્રિય, ક્ષેત્રી, *n.* ખેડૂત. Agriculturist. ૨. આત્મા.
ક્ષેપક, *a.* ઘુસાડેલું. Interpolated. [The soul.
ક્ષેમ, *n.* કલ્યાણ; આરોગ્ય. Welfare. Well-
ક્ષોભ, *n.* મનનો ગભરાટ. Agitation. [being.
ક્ષોભિત, *a.* ક્ષોભ પામેલું. Ashamed.
ક્ષૌર,-કર્મ, *n.* હજામત. Shaving.
ક્ષ્મા, *n.* પૃથ્વી. Earth.
ક્ષ્માનાથ, *n.* રાજા. King.

'ख'

ખ, *n.* કંઠસ્થાની બીજો વ્યંજન, The second letter of the Gujarati consonants. ૨. સૂર્ય. Sun. ૩. આકાશ. Sky.
ખઈ, *n.* ક્ષયરોગ. Fthisis. ૨. ખાઈ. Ditch.
ખખ, *a.* જીર્ણ; પ્રાચીન. Ancient. Old.
ખડખડાટ, ખડંખડાટ, *n.* ખડખડ અવાજ. Rattling.
ખખડાવવું, *vt.* ધમકાવવું. To scold.
ખખરી, *n.* અવાજ ખોખરો લાગે છે તે. Hoarseness.
ખખરો, ખરખરો, *n.* દિલાસો. Condolence.
ખળખળતું, ખળખળતું, *a.* ખૂબ ઊનું. Boiling. Very Hot. [થવું. To be very weak.
ખળખળવું, ખળખળવુ, *vt.*ઉકળવું. To boil. ૨. નબળું

ખગ, *n.* પક્ષી. Bird. ૨. તારો. Star. [Swan.
ખગપતિ, ખગાધિપ, ખગેન્દ્ર, *n.* ગરૂડ Eagle. ૨. હંસ.
ખગોલ,-ળ, *n.* ગગનમંડળ. Globe.
ખગોળવિદ્યા,-શાસ્ત્ર, *n.* ગ્રહ, નક્ષત્ર ઈ. નું શાસ્ત્ર. Astronomy. [Astronomer.
ખગોળવેત્તા,-શાસ્ત્રી, *n.* ખગોળવિદ્યાનો જાણકાર.
ખગ્રાસ, *n.* પૂર્ણ ગ્રહણ. Total eclipse.
ખચકાવુ, *vt.* પાછા પડવું. To shrink back.
ખચાખચ, ખચોખચ, *ad.* ખીચોખીચ. Closely.
ખચિત, *ad.* જરૂર. Certainly. [પ્રાણી. Mule.
ખચ્ચર, *n.* ઘોડો અને ગધેડું એ બન્નેની મિશ્ર જાતિનુ
ખજવાળ, ખંજવાળ, *n.* વલૂર. Itchy sensation.
ખજવાળવું, ખંજવાળવું, *vt.* વલૂરવું. To itch.
ખજાનચી, *n.* કોષાધ્યક્ષ. Tresurer.
ખજાનો, ખજીનો, *n.* કોષ; ભંડાર. Treasure.
ખજૂર, *n.* એક ફળ. Date-fruit.
ખજૂરી, *n.* ખજૂરનું ઝાડ. Date-tree.
ખટક, ખટકો. *n.* ચાનક, Anxiety. Care.
ખટકવું, *vt.* ખૂંચવું. To be pricked. To rankle.
ખટખટ, *n.* અંતરાય, નડતર. Disturbance. [tion.
ખટખટારો, *n.* માથાઝીક. Botheration. Conten-
ખટપટ, *n.* કાવત્રુ; અણબનાવ. Intrigue. Discord.
ખટપટિયુ,-રાગી. *a.* કારસ્તાની. Diplomatic. Intri-
ખટપદ, *n.* ભમરો. Wasp. [guing.
ખટમલ, *n.* માંકડ. Bug.
ખટરાગ, *n.* અણબનાવ. Disagreement. Row.
ખટલો; *n.* રસાલો. Retinue. Train. ૨. કુટુંબ Family. ૩. મુકર્દમો. Suit. ૪. ઘરવખરી. Household furniture.
ખટવવું, *vt.* ખાટું કરવું. To make sour.
ખટાઈ, ખટાશ, *n.* ખાટાપણું. Acidity. Sourness.
ખટાખટ, ખટાપટી, *n.* કજિયો. Discord. Disagree-
ખટાટોપ, *n.* આડંબર. Vanity. Pomp. [ment.
ખટારો, *n.* ગાડું. Cart. ૨. ભાર ભરવાની મોટર. Motor lorry.
ખટાવવું, *vt.* લાભ આપવો. To benefit.
ખટાવું, *vt.* ખાટું થવું. To become sour.
ખડ, *n.* ઘાસ. Grass.
ખડક, *n.* ટેકરો. Rock.
ખડકવું, *vt.* સિંચવું. To amass. To stow.
ખડકી, *n.* ડેલી. Front part of the house.
ખડગ. *n.* તલ્વાર. Sword.
ખડવું,-તુસ, *n.* બરતરફી. Dismissal.
ખડધાયલું, *a.* ઘસાયલું. Worn out. Dirty.
ખડબચડું, *a.* ખાડાખેયાવાળું. Uneven. Rough.
ખડબું, *n.* જામી ગયેલો પદાર્થ. Congealed mass.
ખડબુચ, *n.* તરબુચ. Water-melon. [ધાંધલ. Strife.
ખડભડ-ડાટ, *n.* ખડભડ અવાજ. Rustling noise. ૨.
ખડભડવું, *vt.* તકરાર થવી. To quarrel. To rattle.
ખડમાંકડી, *n.* એક જીવડું. Grasshopper.

ખડવું. *vt.* ચોપડવું. To besmear. ૨. તહોમત મૂકવું. To accuse.
ખડસલ, *n.* પાયો-મકાનનો. Foundation.
ખડિયો, *n.* શાહી રાખવાનું પાત્ર. Inkstand.
ખડિઓખાર, *n.* ટંકણખાર. Borax.
ખડી, *n.* સફેદ માટી. Chalk.
ખડીફોજ, *n.* કાયમી લશ્કર. Standing army.
ખડું, *a.* ઉભેલું. Standing. ૨. ટટાર. Erect.
ખડેચોક, *ad.* ખુલ્લી રીતે. Openly.
ખણ,-જ, *n.* વલૂર; ખંજવાળ. Itching sensation.
ખણખણવુ, *vt.* ખણખણ અવાજ થવો. To tinkle.
ખણખણાટ, *n.* ચાલુ ખણખણ અવાજ. Tinkling noise.
ખણખોજ,-ત,-દ, *n.* ઝીણી તપાસ. Minute search.
ખણવું, *vt.* વલૂરવું, To scratch. ૨. ખોદવું. To dig.
ખણસ, *n.* હાજત. Desire.
ખત. *n.* દસ્તાવેજ. Deed. ૨. પત્ર. Letter.
ખતમ, *a* સમાપ્ત; પુરૂં. Over. Completed.
ખતવવું, *vt*, ખાતાવારનોંધ કરવી. To enter items.
ખતવણી, *n.* ખાતાવાર નોંધ કરવી તે. Act of entering items.
ખતા, ખત્તા, *n.* ભૂલ; દોષ. Mistake.
ખદખદવું, *vt.* અવાજથી ઉકળવું. To boil; to bubble.
ખદડું, *a.* ઘટ્ટ. Thick.
ખદબદવું. *vt.* સડી જઇ કીડા પડવા. To decompose.
ખદ્યોત, *n*, આગિયો. Glow-worm. ૨. તારો. Star. [૩. સૂર્ય. Sun.
ખનિજ, *n.* ધાતુ. Mineral.
ખપ, *n.* વપરાશ; માગ. Cosumption. Use. Want.
ખપત. *n.* ઉપાડ. Demand. Consumption.
ખપવું. *vt.* વેચાવું. To be sold off. To be used.
ખપાટ,-ટિયું, *n.* વાંસની ચીપ. Bamboo chip.
ખપાવવું, *vt.* ખપે એમ કરવું. To get sold.
ખપોટી, *n.* ભીંગડું, પોપડી. Crust. A scale.
ખફગી, *n.* ઈતરાજી. Displeasure. Anger.
ખફા, *a.* નારાજ. Displeased. Angry.
ખબર, *n.* સમાચાર. News. Sidings. ૨. અફવા. Rumour. ૩. જ્ઞાન. Knowledge. [Clever.
ખબરદાર, *a.* સાવધ; સાવચેત. Careful; Cautions;
ખબરદારી, *n.* હોંશિયારી. Alertness. Caution. [Care.
ખબરપત્ર, *n.* વર્તમાનપત્ર. Newspaper.
ખબરપત્રી, *n.* ખબર મોકલનાર. Correspondent.
ખબૂતર, *n.* કબૂતર. Pigeon. [Shoulder.
ખભો. *n.* ધડ ને હાથ જ્યાં જોડાય છે તે અવયવ.
ખમચવું,-ચાવું, *vt.* ખંચાવું. To hesitate. ૨. અટકવું. [To stop.
ખમણવું, *vt.* છીણવું, To scrape.
ખમણી, *n.* છીણી. Scraper. A scoop.
ખમતલ, ખમતું, *a.* સહન કરતું. Bearing. ૨. પૈસાદાર. Rich. [થોભવું. To wait.
ખમવું, *vt.* સહન કરવું. To bear. To Forbar. ૨.
ખમા, *n.* ક્ષમા. Pardon. ૨. સબુરી. Patience. ૩. બળ.
ખમીર, *n.* ખટાશ ચડાવનારૂં તત્વ. Leaven. [Strength.
ખમીસ, *n.* એક પ્રકારનું પહેરણ Shirt.

ખર, *n.* ગધેડો. Ass. A block-head.
ખરખબર *n.* ખબરઅંતર. News. [૨.કિંમત. Cost.
ખરચ, *n.* ખર્ચ; વ્યય. Expenditure. Expense.
ખરચવું, *vt.* વાપરવું. To spend. To expend.
ખરચાઉ,-ળ,-ળું, *a.* હાથનું છુટું. Liberal. Expensive.૨. મોંઘું. Costly.
ખરચી. *n.* પરચુરણ વાપરવાની રકમ. Pocket-money
ખરજવું, *n.* ચામડીનો એક રોગ. Eczema. Scurvy.
ખરડ, *n.* જાડા રગડાનો લેપ. Salve. [implicate.
ખરડવું, *vt.* બગાડવું. To soil. *vt.* સંડોવવું. To
ખરડો, *n.*કાચો મુસદ્દો. Draft.૨.યાદી.List. [scrape.
ખરપવું. *vt.* ડાંખળાં કાઢવાં. To weed. To
ખરલ. ખલ, *n.* ઘુંટવાનું વાસણ. Mortar Pestle.
ખરવાણ, *a.* ખડતલ. Forbearing. Patient.
ખરવું, *vt.* પડી જવું. To fall off. To fade.
ખરાદી. *n.* સંઘાડા ઉપર ઉતારનાર. A turner.
ખરાબ, *a.* સારું નહિ એવું. Bad. Evil.
ખરાબી, *n.* નાશ. Ruin. Detriment Misery.
ખરાબો, *n.* ખેડવા માટે લાયક ન હોય તેવી જમિન. Waste piece of land.
ખરી,*n.* ચોપગાં પ્રાણીને આખા કે ફાંટાવાળા નખ હોય છે તે. Hoof.
ખરીફ, *n.* ચોમાસુ પાક. Monsoon-crop.
ખરીદ,-દી, *n.* ખરીદવું તે. Purchase. Buying.
ખરીદવું, *vt.* વેચાતું લેવું. To purchase. To buy.
ખરૂ, *a.* સાચું. True. ૨. શેકીને પાકું કરેલું. Well baked. *ad.* વારૂ. Well. ૨. અલબત્ત. Exactly.
ખરેખર, *ad.* સાચે. Truly. Indeed.
ખંચાવું, *vt.* ખમચાવું; અટકવું. To hesitate.
ખંજર, *n.* કટાર. Dagger.
ખંજવાળ, *n.* ચૂંટ; વલૂર. Itchy sensation.
ખંજવાળવું, ખંજોળવું. *vt.* વલૂરવું. To scratch.
ખંડ, *n.* ભાગ. Portion. ૨. પ્રકરણ. Chapter. ૩. લુગડાનો રેજો. Piece of cloth. ૪. ઓરડો. Apartment. *n.* પૃથ્વીનો એક મોટો ભાગ. Continent.
ખંડણી, *n.* તાબેદાર રાજ્યે ઉપરી રાજ્યને ભરવી પડતી
ખંડન, *n.* રદીઓ. Refutation. [રકમ. Tribute.
ખંડન કરવું, *vt.* તોડી નાંખવું. To break. To refute.
ખંડવું, *vt.* સામટો ભાવ ઠરાવી સોદામાં ખરીદવું. To purchase in a lump.
ખંડાવું, *vt.* ખંડાય તેમ કરવું; પીડાવું. To be crushed.
ખંડિત, *a.* ભાંગેલું. Broken. Scattered.
ખંડિયું, *a.* તાબેદાર; ખંડણી ભરતું. Tributary.
ખંડિએર, ખંડેર, *n.* ભાગી તૂટી ઇમારત. Ruins.
ખંત, *n.* ચીવટ; કાળજી. Perseverance. Care.
ખંતિલું, *a.* ચીવટવાળું. Persevering. Careful.
ખંધ, *n.* ખભો. Shoulder.
ખંધાઇ, *n.* લુચ્ચાઇ. Roguery. Cunning.
ખંધું, લુચ્ચું. Cunning. Roguish; Knavish.
ખંભ, ખંભો, *n.* થાંભલો. Column. A pillar.
ખાઈ, *n.* ઉંડો ખાડો. Ditch. A trench. A pit.
ખાઉધર,-ધરૂ, *a.* ધરાય નહી એવું. *a.* Gluttonous.
ખાએશ, *n.* ઇચ્છા. Desire; Wish; Inclination.
ખાક, *n.*રાખ. Ashes. Coal. ૨. નાશ. Destruction. ૩. ભસ્મ. Oxide.
ખાકી,ખાખી,*a.*ઘેરા પીળા રંગનું.Ashy.
ખાખરી, ખાખરો. *n.* શેકીને કડક કરેલી રોટલી.Roasted. bread.
ખાજ, *n.* ખાદ્ય. Food. Meal. ૨. ખૂજલી. Itch.
ખાટ, *n.* હિંચકો; ખાટલો. A swing. A cot; a bed-
ખાટકી, *n.* કસાઈ. Butcher. [stead.
ખાટલી, *n.* નાનો ખાટલો. Small cot.
ખાટલો,*n.*ચારપાઇ.Bedstead. ૨.મંદવાડ. Sickness.
ખાટલાવશ, *a.* આજારી. Sick.[૩. પ્રસુતિ. Delivery.
ખાટવું, *vt.* ફાયદો મેળવવો. To gain. To profit.
ખાટું, *a.* ખટાશવાળું. Sour. Acid.
ખાડો, *n.* ખાડ. Pit. ૨. ખોટ. Loss.
ખાડી, *n.* જમિનમાં ગયેલો દરિયાનો સાંકડો પ્રવાહ. Channel. A creeck; An inlet.
ખાણ; *n.* ખનિજ પદાર્થો કાઢવા માટે ખોદેલો ખાડો. Mine. ૨. ભંડાર. Store. ૩. ઉત્પત્તિસ્થાન. Source. ૪. ભોજન: Dinner. ૫. મિજબાની. Dinner-party.
ખાતમુહૂર્ત, *n.* બાંધકામના પાયો નાખવાનું મુહૂર્ત. Ceremony of laying the foundation stone.
ખાતર,*n.*ખેતી સુધારવા ખેતરમાં નંખાતો કચરો.Manure. ૨. ચોરી. Theft. [lity.
ખાતર,-દારી,-બરદાશ, *n.*બરદાશ, સરભરા. Hospita-
ખાતરજમા,-નિશા, *n.* ખાતરી. Assurance. Satisfaction.
ખાતરવું, *vt.* ખેતરમાં ખાતર નાંખવું. To manure.
ખાતરી, *n.* ભરોંસો. Certainty. Confidence.
ખાતું. *n.* જમે ઉધારનો હિસાબ. Account. ૨. વિભાગ. Department.
ખાતાવહી.*n.*ખાતાવાર હિસાબ નોંધવાનો ચોપડો.Ledger.
ખાતુંપીતું, *a* ઠીકઠીક નિભાવ કરતું. Well-to-do.
ખાધ, *n.* ખોરાક. Food. ૨. નુકશાન. Loss.
ખાધાખોરાકી; *n.* ભરણપોષણ માટેની રકમ. Main-
ખાધેલપીધેલ, *a.* Robust. હૃષ્ટપુષ્ટ. [tenance.
ખાન, *n.* ઈસ્લામી ઉમરાવ. Nobleman.
ખાનગી, *a.* ગુપ્ત. Private. Confidential.
ખાનદાન. *a.* ઉમદા, ઉંચું. Noble. Genteel.
ખાનદાની, *n.* કુલિનતા. Gentility.
ખાનાખરાબી, *n.* સત્યાનાશ.Ruin.Bain.Destruction.
ખાનાજંગી, *n.* અંદરઅંદરનો કલહ. Civil war.
ખાનું, *n.* વિભાગ. Compartment. ૨. મેજનું ખાનું. [Drawer.
ખાપ, *n.* દર્પણ. Mirror.
ખાપરિયું, *n.* બાળકોને આપવાની દવા. Sulphate of Zinc.
ખાપરૂ, *a.* બાજુ મટકેલું. Sharp-eyed.
ખાપરોઝવેરી. *n.* હોંશિયાર માણસ. Clever man.

ખાબડું, *n.* ખાબોચિયું. Small pool.
ખાબોચિયું, *n.* પાણીથી ભરેલો નાનો ખાડો. Pool.
ખામી, *n.* ખોડ. Defect. ૨. કસર. Want.
ખામુખા, *ad.* જાણી જોઇને. Purposely.
ખામોશ,-શી, *n.* ધીરજ; સબુરી. Patience. Forbe- [arance.
ખાયકી, *n.* મળતર. Gain.
ખાર, *n.* મીઠું, ખારાશવાળો પદાર્થ. Salt. ૨. દ્વેષ. [Malice.
ખારપાટ, *n.* ખારવાળી જમિન.Salt-marsh.
ખારવો, ખલાસી; નાવિક. Sailor.
ખારીલું, *a.* રાગદ્વેષવાળું. Malicious. Spiteful.
ખારૂં, *a.* ખારાશવાળું. Saltish. Saline.
ખારેક, *n.* સુકવેલી ખજુર. Dry date.
ખારો, *n.* પાપડખાર. Carbonate of soda.
ખાલ,-ડી, *n.* ચામડી. Skin. Hide.
ખાલપો, *n.* ચામડિઓ. Tanner.
ખાલસા, *a.* પોતાનું આગવું. Of one's own. ૨. સરકારની માલકીનું. Of state-ownership.
ખાલી, *a.* ઠાલું. Empty. ૨. વસવાટ વિનાનું. Vacant. ૨. અમથું. To no purpose. *n.* ઝણઝણી. Numbness.
ખાલીપીલી, *ad.* વગર કારણે. Without any cause.
ખાવંદ, ખાવિંદ, *n.*પતિ.Husband.૨.માલિક.Master.
ખાવું, *vt.* જમવું.To eat.To take food.
ખાસ, *a.* વિશિષ્ટ. Peculiar; Special. ૨. અંગત. Personal.
ખાસડું,*n.* જોડો.Shoe. Slipper. ૨. ઠપકો. Rebuke.
ખાસદાર, *n.* હજુરીઓ. Valet. ૨. અશ્વપાલ. Syce.
ખાસિયત, *n.* ટેવ. Habit. ૨.લક્ષણ. Characteristic.
ખાસું, *a.* સારૂં. Good. ૨. સુંદર. Excellent.
ખાળ. *n.* નીક. Gutter. A urinal.
ખાળકુંડી,-કૂવો, *n.* ખાળના પાણીની કુંડી. Cesspool.
ખાળવું, *vt.* અટકાવવું. To prevent.
ખાં, *n.* ઉસ્તાદ. Master-hand. An expert. ૨. મુસ્લીમ અમીર. Mohemadden nobleman.
ખાંખત,*n.*ચીવટભરી ખંત.Anxiety. Perseverance.
ખાંગુ, *n.* જાણભેદુ. Spy.
ખાંચકો, *n.* આંચકો. Hesitation.
ખાંચખૂંચ, *n.* ઝીણવટ; ખોડખાંપણ. Intricacy.
ખાંચાખૂંચી, *n.* ગલીઓ, Alleys. Corners.
ખાંચો, *n.* ગલી. Lane. ૨. ખૂણો. Corner. ૩. વાંધો. [Objection.
ખાજરૂં, *n.* કૂટણખાનું. Brothel.
ખાંટ, *a.* ધૂર્ત; લુચ્ચું. Cunning.
ખાંડ, *n.* એક ગળ્યો પદાર્થ. Sugar.
ખાંડણિયો. ખાંડણી, *n.* ઉલુખલ. Mortar.
ખાંડવું, *vt.* કચરવું. To pound.
ખાંડી,*n.*૨૦ મણનું માપ. Measure of 20 mounds.
ખાંડીબંધ, *ad.* પુષ્કળ. In large quantity.
ખાંડું. *a.* ખંડિત. Broken. *n.* તલવાર. Sword.
ખાંત, *n,* ખંત; હોંશ, Perseverance.
ખાંધિયો, *n,* મુડદું ઉચકનારો. One who carries a bier. ૨. ખુશામતિયો. Flatterer.
ખાંપણ, *n.* કફન. A shroud. ૨. દોષ. Defect. Flaw.
ખાંપવું, *vt.* સોરવું. To pierce. To scrape.
ખાંપો. *n.* ઠુંઠું. Stump of a stalk.
ખાંભ, *n.* થાંભલો. Pillar. Post.
ખાંભી. *n.* સ્મરણસ્તંભ. Monument.
ખાંસી, *n.* ઉધરસ; ઠાંસો. Bronchitis.
ખિજવાટ, *n.* ચીઢ. Wrath. Jeering.
ખિજમત, ખિદમત, *n.* ચાકરી. Attendance.
ખિજમતગાર, *n.* ચાકર; તહેનાતી. Servant. Atten- [dant.
ખિજવવું, *vt;* ચીઢવવું. To vex.
ખિતાબ, *n.* ઈલ્કાબ. Title.
ખિન્ન,*a.*દિલગીર; ગમગીન. Sad. Afflicted. Grieved.
ખિન્નતા. *n.* દિલગીરી. Sadness. Despair. Grief.
ખિલત, ખિલ્લત, *n;* શિરપાવ. Robe of honour.
ખિલવટ, ખિલવણી, *n.* કેળવણી. Training. ૨. ખીલવવું તે. Blossoming.
ખિલાફ,*a.*વિરૂદ્ધ; ખોટું. False.
ખિસકોલી. *n.* એક પ્રાણિ. Squirrel.
ખિસિયાણું, *a.* ઝંખવાણું. Pale. Abashed.
ખિસ્સુ, *n.* ગજવું. Pocket.
ખીચડી, *n.* ખાવાની એક વાની. Hotch-potch.
ખીચડો, *n.* ગોટાળો. Medley. A farrago.
ખીચોખીચ, *ad.* ભરચક. Crowdedly.
ખીજવવું, *vt.* ગુસ્સે કરવું.To vex. To provoke.
ખીજવું, *vt.* ધમકાવવું. To take to task.
ખીણ, *n.*પર્વતના બે ઊંચા ભાગ વચ્ચેનો પ્રદેશ.Valley.
ખીર, *n.* એક સ્વાદિષ્ટ વાની. Sweet dainty.
ખીલ, *n.* મોં પર જુવાનીમાં થતી ફોલ્લી. Pimple. ૨. આંખના પોપચા પર થતી લોહીમાંસની ગડી. Granulation.
ખીલડો, *n.*વાંસની ભુંગળીમાં નાંખેલો ખીલો.Iron peg
ખીલમાંકડી, *n.* Tenon and mortor.
ખીલવવું *vt.* ખીલે એમ કરવું. To cause to blossom.
ખીલવું. *vt.* ફુલવું; વિકસવું. To blossom. ૨. ઉશ્કેરાવું. To be excited. ૩. સીવવું. To sew.
ખીલી, ખીંટી, *n.* નાનો ખીલો. Peg.
ખીલો, ખીંટો, ખૂંટો, *n.* ખૂંટો; મેખ. Nail.
ખુટવું, *vt.* ખલાસ થઈ જવું. To be exhasted. ૨. ફુટી જવું. To betray.
ખુટાડવું, *vt.* પુરૂં કરવું; ઘટે એમ કરવું. To exhaust.
ખુડદો, ખુરદો, *n.* પરચુરણ. Change.
ખુદ, *pro.* પોતે; જાતે. Self.*a.* અસલ,શુદ્ધ. Genuine.
ખુદાતાલા, *n.* ઇશ્વર, પ્રભુ. God.
ખુદાઇ, *n.* ઈશ્વરીય; કુદરતી.Divine. Holy; Godly.
ખુદાપરસ્ત, *n.* પ્રભુપરાયણ. Theist.
ખુદાવંત,-વંદ, *n* અન્નદાતા. The Almighty.
ખુનામરકી, *n.* કાપાકાપી. Massacre. Slaughter.
ખુન્નસ, *n.* વેરઝેર. Rancour. Malice. Spite.
ખુમારી,*n.* ઘેન; મસ્તી, Intoxication,૨.ગર્વ,Pride,

ખુરશી.-સી, *n.* એક પ્રકારનું બેસવા માટેનું લાકડાનું સાધન. Chair. [Purport.
ખુલાસો, *n.* સ્પષ્ટીકરણ. Explanation. Meaning;
ખુલ્લું, *a.* ઉઘાડું. Open. ૨. સ્પષ્ટ. Clear.
ખુવાર, *a.* પાયમાલ. Ruined.
ખુવારી, *n.* પાયમાલી. Ruin. Distress.
ખુશ, *a.* પ્રસન્ન. Pleased. Delighted.
ખુશકી, *n.* જમિનમાર્ગ. Overland route.
ખુશનુમા, *a.* મનોહર. Charming. Pleasing.
ખુશબખ્તી, *n.* આનંદ. Delight. Joy; Merriment.
ખુશબો, *n.* સુગંધી. Fragranec.
ખુશબોદાર, *a.* સુગંધીદાર. Fragrant. Odorous.
ખુશમિજાજી, *n.* આનંદી. Gay. Jovial.
ખુશામત,-દ, *n.* ચાપલુસી. Adulation. Flattery.
ખુશી, *n.* આનંદ. Joy. ૨. ઇચ્છા. Desire. *a.* રાજી.
ખુજલી, *n.* ખજવાળ; વલૂર. Itch. [Pleased.
ખૂટ, *n.* ખોટ; ઘટ. Deficiency.
ખૂટલ, ખૂટેલ. *a.* અપ્રમાણિક. Dishonest.
ખૂટવું. *a.* ઓછું થવું. To become less. ૨. પૂરૂં થવું.
ખૂણો, *n.* કોણ; ખાંચો. Corner. [To exhaust.
ખૂન, *n.* લોહી. Blood. ૨. જીવથી મારી નાખવું તે. Murder.
ખૂનખાર, *a.* ઘાતકી. Bloody. Murderous.
ખૂનરેજી, *n.* કાપાકાપી. Massacre. Slaughter.
ખૂની, *n.* ખૂન કરનાર. Murderer. Assassin.
ખૂનસ, ખૂન્નસ, *n.* વેરની તરસ. Rancour.
ખૂબ, *a.* સરસ. Fine. *a.* ઘણું. Much. [Pretty.
ખૂબસુરત, *a.* સુંદર. Beautiful. Handsome.
ખૂબસુરતી, *n.* સૌંદર્ય Beauty. Elegance. Grace.
ખૂબી, *n.* ખાસ ગુણ. Pecularity. Merit. ૨. ચતુરાઇ. Dexterity.
ખૂમચો, *n.* ઢળતા કાનાની છાછર; મોટો થાળ. Tray.
ખૂલવું; *vt.* ઉઘડવું. To open. To expand; To dilate. [૨. ગળું સાફ કરવું. To clear throat.
ખૂંખારવું, ખોંખારવું, *vt.* ખું ખું અવાજ કરવો. To neigh.
ખૂંખારો. *n.* ખુંખારવું તે. Hem.
ખૂંચ,-ખાંચ, *n.* ખોડ. Defect. ૨. વાંધો. Objection.
ખૂંચવું, *vt.* નડવું. To pain. ૨. ભોંકાવું. To pierce.
ખૂંટ; *n.* આખલો; સાંઢ. Bull. ૨. હદનુ નિશાન. Land-mark. *ad.* બરાબર; માપસર. Exactly.
ખૂંટવું, *vt.* ટુંપી કાઢવું; ચૂંટવું. To pluck.
ખૂંટિયો, *n.* સાંઢ. Bull. Oxen.
ખૂંટો; ખૂંટી, *n.* ખીંટી; મેખ; ઘંટીનો ખીલડો. Nail.
ખૂંદવું. *vt.* ગદડવું; કચરવું. To crush. To trample.
ખૂંધ, *n.* વાંસા પર થતો ઢેકો. Hump.
ખૂંધું, *a.* ખૂંધવાળું. Hump-backed.
ખેચર, *n.* પક્ષી. Bird. ૨. તારો. Star.
ખેડ, *n.* ખેતી. Tillage. ૨. ગામ. Village.
ખેડવું, *vt.* જમિનને હળ વડે પોચી કરવી. To till. ૨. હાંકવું. To drive. ૩. મુસાફરી કરવી. To travel.
ખેડુ, ખેડુત, *n.* ખેતી કરનાર. Farmer. [Field.
ખેતર, *n.* ખેતી માટેનો જમિનનો ટુકડો. Farm. A
ખેતરપાદર, *n.* સ્થાવર મિલ્કત. Immovable estate.
ખેતી, *n.* કૃષિ. Husbandary.
ખેદ, *n.* સંતાપ; શોક. Affliction. Grief.
ખેદયુક્ત, ખેદિત, *a.* ખેદવાળું. Sorrowful. Mournful.
ખેદાનમેદાન, *a.* પાયમાલ. Destroyed. Ruined.
ખેપ, *n.* આંટો; ફેરો. Trip. ૨. મુસાફરી. Journey. ૩. વારો.-Turn.
ખેપાની, *a.* તોફાની. Mischievous.
ખેપિયો, *n.* દૂત; કાસદ. Messenger. A courier.
ખેર, *n.* એક ઝાડ. Catechu tree.
ખેર. *int.* Well. ભલે; હશે.
ખેરખાહ, *n.* શુભેચ્છક. Well-wisher.
ખેરસાર, *n.* Catechu. કાથો.
ખેરાત, *n.* દાન. Charity. Alms.
ખેરાતી, *a.* ધર્માદાનું. Charitable.
ખેરિયત, *n.* કુશળતા. Happiness and health.
ખેલ, *n.* નાટક; રમત. Play. *n.* તમાસો. Shaw.
ખેલવું, *vt.* રમવું. To play.
ખેલાડી, *n.* રમનાર માણસ. Player. *a.* ચતુર. Clever.
ખેવના, *n.* કાળજી; ચિંતા. Anxiety.
ખેસ, *n.* દુપટો. Long piece of cloth thrown loose on shoulder.
ખેળ, *n.* આર; કાંજી. Starch; paste.
ખેંખલી, *a.* અશક્ત. Disabled.
ખેંચ, *n.* તાણ; ખેંચાણ. Dragging; Pulling.
ખેંચવું, *vt.* તાણવું. To pull. To draw.
ખો, *n.* ટેવ; આદત. Habit.
ખોઇ, ખોયું, *n.* બાળકને સુવાડવાની ઝોળી. Hammock.
ખોખરૂં, *a.* જાડો ને પોલો અવાજ નીકળે તેવું. Hoarse.
ખોખું, *n.* કલેવર. Skeleton. ૨. કાચું લખાણ. Draft.
ખોગીર, *n.* જીન. Saddle. A cushion.
ખોજ, ખોળ. *n.* તપાસ. Search. Inquiry.
ખોજો, *n.* વ્યંઢળ. Eunuch. A neuter. [Want.
ખોટ, *n.* નુકશાન. Loss. ૨. ભૂલ. An error. ૩. તંગી.
ખોટાબોલું, *a.* ખોટું બોલતું. Lying.
ખોટી, *n.* વિલંબ; ઢીલ. Delay. Waste of time.
ખોટું, *a.* જૂઠું; અસત્ય False.
ખોડ, *n.* ટેવ. Habit. *n.* ખામી; દોષ. Defect.
ખોડંગવું, ખોડંગાવું, *vt.* લંઘાવું. To limp.
ખોડીબારૂં. *n.* છીંડું. Opening in the hedge.
ખોડું, *a.* લંગડું. Lame. Cripple.
ખોડો, *n.* માથાની ચામડી પર બાઝતો મેલ. Hairwax. ૨. નાશ. Destruction.
ખોતરવું. *vt.* ખણવું; આછું ખોદવું. To scratch. To
ખોદકામ, *n.* ખોદવાનું કામ. Excavation. [scrape.
ખોદણી, *n.* બદબોઇ. Slandering. Censure.
ખોદવું, *vt.* ભોંય ઉખાડવી. To dig. To burrow.
ખોદા. *n.* પરમેશ્વર. The Almighty.
ખોપરી, *n.* જેમાં મગજ છે તે માથાની પેટી જેવું હાડકું.

ખોધ, n. ક્રોધ. Anger.
ખોયણું, n. બળતું લાકડું. Firebrand.
ખોરડું, n. ઝુંપડું. Hut. A small house.
ખોરવું. vt. ઉપરતળે કરવું. To stir up.
ખોરાક, n. ખાવાનો પદાર્થ. Food. Meal.
ખોરાકીપોશાકી, n. અન્નવસ્ત્ર. Maintenance.
ખોરૂં, a. જુનું થવાથી બેસ્વાદ. Rancid. Sour.
ખોલ, n. પડ; ખોળી. Covering. A sheath.
ખોલકી, n. ગધેડી. Female ass.
ખોલકો, n. ગધેડો. Ass. A donkey. [uncover.
ખોલવું, vt. ઉઘાડવું. To open. To unlock. To
ખોલી, n. ઓરડી. Room.2. ખોળી.Metal covering.
ખોવું, vt. ગુમાવવું. To lose. To waste.
ખોસવું, vt. ઘાલવું. To force into. To penitrate.
ખોહ, n. ગુફા. Hollow. Cove. A den.
ખોળ, n. ખોજ; તપાસ. Search. An inquiry.
ખોળ, n. તેલી બીયાંનો તેલ કાઢી લીધા બાદ રહેતો કુચો.
ખોળવું, vt. શોધ કરવી. To seek for. [Oil cake.
ખોળાધર, n. જામીન. Surety. A guarantee.
ખોળાભરણું, n. સીમંત; અઘરણી. Ceremony performsd at the time of first pregnancy.
ખોળિયું, n. ગોદડાં વગેરે ભરવાનો ઓડો. Quilt. ૨.
ખોળો, n. અંક. Lap. [શરીર; કલેવર. Body.
ખોંખારવું, vt. ખુંખારવું. To neigh.
ખ્યાતિ, n. કીર્તિ. Fame. Renown. Celebrity.
ખ્યાલ, n. વિચાર; કલ્પના; ધારણા. Thought Conjecture.
ખ્રિસ્ત, n. ઈસુ ખ્રિસ્ત. Christ [jecture,
ખ્રિસ્તી, n, ઈસુખ્રિસ્તને માનનાર. Christian.
ખ્વાબ, n. સ્વપ્ન. Dream. A vision.

'ग'

ગ, ગુજરાતી વ્યંજનનો ત્રીજો કંઠસ્થાની વ્યંજન. The third letter of the Gujarati consonant Alphabet.
ગઈ. ગયું, vt. 'જવું'નું ભૂતકાળ. Went. Past.
ગઇકાલે, prep. આજના પૂર્વના દિવસે. Yesterday.
ગગડવું, vt. ગબડી પડવું. To roll down. ૨. ગાજવું. To thunder.
ગગડાટ, n. ગાજવીજ. Thunder. A peal.
ગગણવું, ગણગણવું, vt. મનમાં બબડવું. To murmur.
ગણગણાટ, n. ગણગણવું તે. Humming.
ગગન, n. આકાશ. Sky. The heaven.
ગગનગામી, a. ઊડતું. Flying.
ગગરો,-રી, ગાગર, n. ઘડો. Metal pot.
ગગળવું,ગળગળવું,vt.ઢીલા પડી જવું.To become pale.
ગગો, ગીગા, n. પુત્ર. Son.
ગચરકો, n. ઓડકાર. Belching.
ગચિયું, n. ઢેફું. Piece of stone mixed with earth.
ગચ્ચી, ગચ્છી, n. અગાસી; ધાબું. Terrace.
ગચ્છ, n. સમુદાય; જથ્થો. Multitude.
ગચ્છંતી, n. પલાયન. Running away.
ગજ. n. હાથી. Elephant. ૨. ચોવીસ તસુનું માપ. Measure of two feet.
ગજગામા,-ગામિની,-ગામી, n. ધીમી સુંદર ચાલ વાળી સ્ત્રી. A woman of stately gait.
ગજદંત, n. હાથીદાંત. Ivory.
ગજપાળ, n. મહાવત. Keeper of an elephant.
ગજબ, n. કેર. Outrage. Oppression. n. આશ્ચર્ય.
ગજબનાક,a. કેર વર્તાવનારૂં.Outrageous [Wonder.
ગજરો, n. ફુલનો હાર. A wreath of flowers.
ગજિયાણી, n. એક પ્રકારનું રેશમી કાપડ. Kind of silken cloth.
ગજિયું, n. જાડા સુતરનું કપડું. Kind of coarse
ગજિયો, n. સળીઓ. Bar. [cotton cloth.
ગજવવું, ગજાવવું, vt. ગાઇ વગાડી કહેવું. To proclaim
ગજવું, n. ખીસું. Pocket. [loudly
ગજવાકાતરૂ, n. ખીસા કાતરૂ. Pickpocket. A
ગજવેલ, n. પોલાદ. Steel. [cutpurse.
ગજું, n. શક્તિ. Capacity. Power; Ability.
ગજ્જર, n. સુતાર. Carpenter.
ગઝલ, n. એક ફારસી રાગ. Persian tune.
ગટગટાવવું, vt. ઝટ પી જવું. To swallow.
ગટપટ, n. ખાનગી વાત. A secret familiar talk.
ગટર, n. મોરી; ખાળ. Gutter. A drain.
ગઠિયું, n. ગજવાકાતરૂ. A swindler. A pick-
ગઠ્ઠો. n. ગચિયું. A mass. [pocket.
ગડ,-ગુમડ. n. ગુમડું; ફોલ્લો. Gland. Boils.
ગડદો, n. ઠોંસો. A blow with the fist.
ગડદી. n. ભીડ. Crowd. A throng.
ગડબડ,-બડાટ,-ગરબડ, n. ધાંધલ. Uproar. Bustle.
ગડબડગોટો, n. ગોટાળો. Confusion Disorder.
ગડાકુ, n. ગોળ ભેળવેલી તમાકુ. A preparation of tobacco. [of tobacco leaves.
ગડિયું,n. તમાકુનાં પાન આમળીને વાળેલી ઝુડી. Bundle
ગઢ, n. કિલ્લો, Fort. A fortress.
ગઢ જીતવો, vt. ભારે કામ પાર પાડવું. To accomplish a great work. [fort.
ગઢપતિ, n. કિલ્લાનો માલિક. Commander of the
ગઢવી. n. ચારણ. Bard. A panegyrist.

ગણ, *n.* ટોળું; મંડળ. Multitude. 2. વર્ગ. Class.
ગણક, ગણકો, ગણિક. *n.* જ્યોતિષી. Astrologer.
ગણકારવું, *vt.* માનવું. To mind; To obey. To regard
ગણગણવું, ગુણગુણવું, *vt.* બબડવું. To murmur. ૨. ગુંજારવ કરવો. To hum.
ગણતરી, ગણત્રી, *n.* ગણવાની રીત. Calculation. ૨. માન; પ્રતિષ્ઠા. Reputation.
ગણના, *n.* માન; પ્રતિષ્ઠા. Honor. Calculation.
ગણવત,-પટો, *n.* સાંથનો કરાર. A rent-note.
ગણવું, *vt.* સંખ્યા કાઢવી; હિસાબ કરવો. To count. 2. માનવું. To regard.
ગણસારો, *n.* અણસારો. A hint; An insinuation.
ગણાવવું, *vt.* ગણત્રી કરાવવી. To enumerate.
ગણાવું, *vt.* ગણત્રીમાં આવવું. To be regarded.
ગણિકા, *n.* ગુણકા; નૃતિકા. Courtezan. A harlot.
ગણિત, સંખ્યાઓનું શાસ્ત્ર; ગણિતવિદ્યા. Mathematics.
ગણિતવિદ્યા,-શાસ્ત્ર, *n.* ગણિતનું જ્ઞાન કે શાસ્ત્ર. Mathematics.
ગણોત, *n.* સાંથ. Tenancy money.
ગણોતનામું, *n.* ગણોતપટ્ટો. A rent-note.
ગણોતિયો, *n.* ખેતર સાંથે રાખનાર. Tenant.
ગણ્યુંગાંઠ્યું, *a.* થોડુંક. Little.
ગત, *a.* ગયેલું. Past. *n.* શક્તિ; ચતુરાઈ. Power.
ગતકડું, *n.* ટોળ, મશ્કરી. Joke. [૨. રાગ. tune.
ગણેશ, *n.* ગણપતિ. The God of blessing. [houses.
ગણેશિયો, *n.* An instrument for breaking
ગતાગત, *n.* સમજણ; જ્ઞાન. Knowledge.
ગતાંક, *n.* ગયો અંક. Last number.
ગતિ, *n.* ચાલ; ઝડપ. Motion. ૨. પ્રવેશશક્તિ. Access. ૩. બળ. Power. ૪. સ્થિતિ. Condition State.
ગતિમંત, *v.* ચાલતું. ગતિમાન. Moving. [venly body.
ગતિમાર્ગ, *n.* ગ્રહોનો ગમનમાર્ગ. An orbit of a hea-
ગતિશાસ્ત્ર. *n.* ગતિ દર્શાવતું શાસ્ત્ર. Dynamics.
ગદડું, *a.* બહાનું. An excuse. Pretext.
ગદગદિત, ગદગદ, *a.* ડુસકાં લેતું. Sobbing.
ગદગદું, *n.* કોહી ગયેલું. Decomposed.
ગદડવું, ગદરવું, *vt.* પગવતી દબાવવું; To trample. ૨. હેરાન કરવું. To harass.
ગદા. *n.* લડાઇનું એક હથિયાર. Club. A mace.
ગદિયાણો, *n.* અરધા તોલાનું વજન. Weight of half
ગદેલું, *n.* ગાદલું. Quilt. A cushion. [a tola.
ગદ્ય, *n.* ગવાય નહિ એવું લખાણ. Prose.
ગધાડું, ગધેડું, ગધેડો. *n.* ખર. Ass.
ગધ્ધો, *n.* ખર. Ass. ૨. મૂર્ખ. Fool.
ગદ્ધામજુરી,-વૈતરું, *n.* લાભ વગરની મહેનત. Drudgery.
ગનસન, *n.* ખૂબ ધીમે અવાજે થતી વાત. Whispering
ગનીમત, *n.* સદ્‌ભાગ્ય. Blessing. Good fortune.
ગપ, ગપેડું, ગપ્પું, ગપાષ્ટક, ગપાટો, ગપગોળો, *n.* ઉડતી વાત; અફવા. Rumour,
ગપ્પી, ગપેડું, *n.* ખોટી અફવા ફેલાવનાર. Gossiping.
ગપ્પીદાસ. *n.* ગપ્પાં હાંકનાર. A gossip; A tell-tale.
ગફલત, *n.* બેદરકારી. Negligence. 2. ભૂલ. Mistake.
ગબરૂ, ગભરૂ, *a.* સુંદર અને હૃષ્ટપુષ્ટ. Fair and plump.
ગફુર, *a.* દયાળુ. Merciful.
ગબડવું, ગરગડવું, *vt.* આળોટવું; ગગડી જવું. To roll.
ગબાર, *n.* ખાડો. Pit.
ગબારો, *n.* નાનું બલુન, હવાઇ. Small baloon.
ગબ્બર, *a.* સંગીન. Substantial. ૨. પૈસાદાર. Wealthy. ૩. ગુફા. Cave.
ગભરાટ, ગભરામણ, *n.* અકળામણ. Confusion. Alarm.
ગભરાવું, *vt.* અકળાવું; ગુંચાવું. To be confused.
ગભરાવવું, *vt.* મૂંઝવણ કરાવવી. To alarm.
ગભાણું, *n.* ગોચર. Pasture-land.
ગમાણ, *n.* કોઢ. Manger.
ગભાર, ગભારો, *n.* ગર્ભાગાર. Inner room of the temple where images are placed.
ગમ, *n.* બાજુ. Side. ૨. જ્ઞાન. Knowledge. ૩. મનનું વલણ. Inclination. ૪. શોક. Sorrow.
ગમખાર, *a.* સહનશીલ. Forbearing.
ગમગીન, *a.* ઉદાસ; શોકાતુર. Sad. Sorrowful.
ગમગીની, *n.* ઉદાસી. Sadness. Sorrow.
ગમત, ગમ્મત, ગમંત, *n.* રમત. Sport. Play. ૨. વિનોદ. Amusement.
ગમતી,-આળ, *a.* વિનોદી. Amusing, Pleasant.
ગમતું, *a.* મનને ભાવતું. Pleasing. Agreeable.
ગમન, *n.* જવું તે. Departure. Going.
ગમવું, *vt.* પસંદ પડવું. To like. To approve of.
ગમાર, *a.* ગામડિયું; મૂર્ખ. Unmannerly. Rude.
ગમી, *n.* દિલગીરી; શોક. Sadness. Grief; Sorrow.
ગર, *n.* ગર્ભ. Pulp. A kernel.
ગરક, ગરકાવ, *a.* લીન; મગ્ન. Engrossed. Absorbed
ગરગડિયું *n.* રૂખસત. Dismissal. Discharge.
ગરગડી, ગરેડી, *n.* ફરે એવું નાનું પૈડું. Pully.
ગરજ, *n.* ખપ; જરૂર. Need. Necessity. ૨. સ્વાર્થ. [Self-interest.
ગરજના, *n.* ગર્જના. Thunder.
ગરજવાન,-વંત, ગરજુ, *a.* ગરજવાળું. Needy.
ગરજવું, ગર્જવું, *vt.* ગર્જના કરવી; ગાજવું. To thunder. ૨. તાડુકવું. To bellow.
ગરણી, *n.* ગલણી. A filter.
ગરણું, *n.* ગાળવાનું લુગડું. A filter.
ગરણીજી, *n.* જૈન સાધ્વી. Jain nun.
ગરથ, *n.* નાણું; પૈસો. Money. Wealth.
ગરદ, ગિરદ, ગર્દ, ધૂળ. Sand.
ગરદન, *n.* ડોકી; બોચી. Neck. *vt.* ગ૦ મારવું To be [head.
ગરદી, *n.* ભીડ. Throng. Crowd,
ગરનાળું, *n.* પાણી આવવા જવા માટે બાંધેલો સાંકડો માર્ગ. Culvert.
ગરબડ,-ગોટો, ગડબડ-ગોટો, *n.* ગોટાળો, Confusion,

ગરબી, ગરબો, A circular dance.
ગરમ, *a.* ઉષ્ણ. Hot. ૨. ક્રોધાયમાન. Angry.
ગરમાટો,-ચો, ગરમી. *n.* ઉષ્ણતા. Heat. Warmth.
ગરલ, *n.* ઝેર, Poison. Bain.
ગરવું, *a.* મહાન; ભવ્ય. Grand. *vt.* To drop. ખરી પડવું. [2. રજપૂત. Rajput.
ગરાશિયો,-સિયો, *n.* ગરાસ ખાનારો. Landholder.
ગરાસ, *n.* રાજ્યે કાઢી આપેલી જમિન. Land given in lieu of services rendered to state.
ગરિમા, *n.* મોટાઈ; પૌઢતા. Greatness.
ગરિષ્ઠ, *a.* સૌથી ભારે. Heaviest.
ગરીબ, *a.* નિર્ધન. Poor. 2. સાલસ; રાંક. Meak.
ગરીબગુરબાં, *n.* કંગાલ માણસો. Paupers.
ગરીબાઈ, *n.* નિર્ધનતા. Poverty. ૨. સાલસતા. Meekness.
ગરીયસી, *a.* મહાન; ગૌરવશાળી. Heavier.
ગરૂડ, *n.* એક પક્ષી. Eagle.
ગરૂરી. *a.* ગર્વ. Pride. Haughtiness.
ગરૂર, *a.* ગર્વિષ્ઠ. Proud. Haughty.
ગરોળી, *n.* એક ઝેરી જાનવર. Lizard.
ગર્જન,-ના, *n.* ગર્જવાનો અવાજ. Roar. Thunder.
ગર્ત, *n.* ખાડો, Pit. A cavity.
ગર્દભ, ગર્ધવ. *n.* ગધેડો. Ass. A donkey.
ગર્ભ, ગરભ, *n.* માતા પેટમાં રહેલું જીવનું રૂપ. Embryo. 2. ગર. Pulp.
ગર્ભકોશ.-કોષ, ગર્ભાશય, *n.* Womb. Uterus.
ગર્ભવતી, -વંતી, ગર્ભિણી, ગાભણી, *a.* & *n.* ગર્ભવાળી. Pregnant.
ગર્ભશ્રીમંત, *a.* જન્મથી શ્રીમંત. Born with a silver spoon in his mouth.
ગર્ભસ્રાવ,-પાત, *n.* ગર્ભપાત. Abortion. Miscarriage.
ગર્ભાધાન, *n.* ગર્ભધારણ કરવો તે. Conception.
ગર્ભિત, *a.* સૂચિત; છુપું. Implied. Included.
ગર્વ, *n.* અભિમાન. Arrogance. Pride.
ગર્વિત, ગર્વિષ્ઠ, *a.* ગર્વી, ગર્વીલું. Haughty. Proud.
ગર્હણીય, *a.* નિંદ્ય. Censurable.
ગલ, *n.* માછલાં પકડવાનો આંકડો. Fishhook. ૨. લાલચ. Allurement.
ગલગલી,-ગલિયાં, ગલા,-ગલી, *n.* શરીરના અમુક ભાગને સ્પર્શથી થતી સળવળાટની મજેદાર અસર. Titillation. Tickling.
ગલત, *a.* જુઠું. False. Wrong. Erroneous.
ગલતી, *n.* ભૂલ. Mistake. Error.
ગલવટો,-પટ્ટો, ગળપટો, ગલબંદ, *n.* ગળે વિંટવાનો પટો. Neck-kerchif.
ગલી, *n.* શેરી. Lane. *n.* ગલીપચી. Titilation.
ગલીકૂંચી, *n.* સાંકડી ને આડીઅવળી ગલીઓ. Narrow Lanes.
ગલીચ, *a.* ગંદું. Filthy. Dirty
ગલીચી, *n.* ગંદવાડ. Dirt; Filth; Mud.
ગલીચો, ગાલીચો, *n.* ઉનનું પાથરણું. Woolen carpet.
ગલુડિયું, *n.* ગણું નાનું કુરકુરિયું. Puppy.
ગલેફ, *n.* ગાદીતકિયાની ખોલ. Covering.
ગલોટિયું, ગોટીમડું, *n.* ગુલાંટ. Summersault.
ગલોલ, *n.* એક પ્રકારની ગોફણ. Pellet bow.
ગલ્લાંતલ્લાં, *n.* આનાકાની; બહાનાં. hesitation.
ગલ્લો, *n.* પરચુરણ નાણું રાખવાનું પાત્ર. Money box.
ગવડાવવું, ગવરાવવું. *vt.* ગાય તેમ કરવું. To make sing.
ગવન, *n.* એક જાતનો સાલ્લો. Fine chintz.
ગવલી, ગવળી, *n.* ગોવાળિયો. Sheperd. A herdsman.
ગવાવું, *vt.* નિંદા થવી. To be slandered. To be talked of.
ગવાહ, *n.* સાક્ષી. Witness.
ગવાહી, *n.* પુરાવો. Evidence. Testimony. Deposition
ગવૈયો, ગાયક, *n.* ગાનારો. Songster.
ગહન, *a.* ઊંડું. Deep. ૨. ગૂઢ. Incomprehesible. Difficult.
ગળકો, *n.* સ્વાદ; ચસકો. Taste. Relish. Liking
ગળચટું. *a.* ગળપણના સ્વાદવાળું. Sweetish.
ગળચવું, *vt.* To eat ગળા સુધી ઈચવું. To eat glutonously. To glut.
ગળચી, *n.* ગરદન; બોચી. Neck.
ગળણી,-ણું, *n.* ગળવાનું એક સાધન. Filter.
ગળપણ, *n.* ગળ્યો સ્વાદ. Sweetness.
ગળફો, *n.* બળખો. Phlegm.
ગળવું, *vt.* ગળામાં ઉતારી જવું. To Swallow. ૨. ગાળવું. To filter. ટપકવું. To leak; To ooze. ૨. પીગળી જવું. To melt.
ગળસૂણું, *n.* ગળું સૂજી આવવું તે. Mumps.
ગળામણ, *n.* ગાળવાની રીત યા ગાળવાનું મહેનતાણું. Process of or wages for melting.
ગળિયારો, *n.* કપડાં રંગનારો. Cotton dyer.
ગળિયું, *a.* જક્કી; નિર્માલ્ય. Obstinate.
ગળી, *n.* એક વનસ્પતિ. Indigo.
ગળું, *n.* શરીરનું એક અંગ. Throat. ૨. અવાજ. Voice.
ગળેપડુ, *n.* & *a.* ખોટા આરોપ મૂકનારૂં. One who lays false claims. A false accuser.
ગળ્યું, *a.* મીઠું. Sweet.
ગંગા, ગંગ, *n.* ગંગા નદી. Ganges.
ગંજ, *n.* ઢગલો. A pile. ૨. પીઠું. A market.
ગંજવું, *vt.* પીડવું. To harass. To ill-treat.
ગંજાવર, *a.* ઘણું મોટું. Vast. Big. Very large.
ગંજી, *n.* ઘાસનો ઢગલો; ઓઘો. Hay-stock.
ગંજીફો, *n.* રમવાનાં પાનાંનો જથો. Pack of cards.
ગંજેટી,-રી, *n.* ભાંગ ગાંજાનો વ્યસની. One addicted to intoxication.
ગંઠાવું. *vt.* વધતું અટકવું. To be stringed.
ગંઠો, *n.* ગળાનું એક ઘરેણું. Necklace. ૨. ગુંસિડી. Bundle.
ગંઠોડો, *n.* પીપળીમૂળ. Medicinal herb.
ગંડ *n.* ગાલ. Cheek. ૨. લમણા. Temple.
ગંડેરી, *n.* છોલેલી શેરડીના કટકા. Pieces of peeled sugarcane.
ગંદકી, -વાડ.-વાડો, *n.* અસ્વચ્છતા. Filth. Dirt.
ગંદુ, *a.* મેલું; ગંદકીવાળું. Dirty; Filthy.

ગંધ, *n.* વાસ. Smell. Scent. Odour. ૨. દુર્ગંધ. Dirty smell.
ગંધક, *n.* એક ખનિજ પદાર્થ. Sulphur. Arimstone.
ગંધર્વ, ગાંધર્વ, *n.* સ્વર્ગનો ગવૈયો. Musician. A chorister.
ગંધર્વલગ્ન,-વિવાહ, *n.* સ્નેહલગ્ન. Love-marriage.
ગંધર્વવેદ, *n.* સંગીતશાસ્ત્ર. Science of music.
ગંધાતું, *a.* ખરાબ વાસ મારતું. Stinking.
ગંધાવું, *a. vt.* ખરાબ બદબો આવવી. To stink.
ગંધીલું, *a.* વાસ મારતું. Stinking. *a.* ખારીલું. Malicious.
ગંભીર, *a.* ભારેખમ. Serious. Grave 2. ધીર. Patient.
ગંભીરતા,-તાઇ,-રાઇ, *a.* ગૌરવ. Seriousness.
ગાઉ, *n.* બે માઈલ. A distance of two miles.
ગાજ, *n.* બોરિયું ઘાલવાનું નાકું. Button-hole. ૨. ગર્જના. Thundering.
ગાજર, *n.* એક કંદમૂળ, Carrot.
ગાજવીજ, *n.* વાદળાંની ગર્જના અને વીજળી. Thunder and lightning.
ગાજવું, *vt.* ગરજવું, To thunder.
ગાડર,-રૂ, *a.* ઘેટું. Sheep.
ગાડરિયું, *a.* આંધળી રીતે અનુસરતું. Sheepish. Blindly following.
ગાડવું, *vt.* દાટવું. To bury.
ગાડવો, *n.* ઘડા જેવું વાસણ. Pot. An earthen jar.
ગાડી, ગાડું, *n.* વાહન. Carriage. A cart.
ગાડીત,-વાન,-વાળો, *n.* ગાડી હાંકનાર. Coachman.
ગાઢ, ગાઢું, *a.* ઘટ્ટ; અત્યંત. Dense. ૨. ઘસઘસાટ. Sound.
ગાણું, ગાન, *n.* ગાયન; ગીત. Song.
ગાત્ર, *n.* શરીર. Body. 2. અવયવ. Limb.
ગાથા, *n.* કથા; વાર્તા. Story.
ગાદલું, *n.* રૂ ભરેલ ગોદડું. Mattress of cotton.
ગાદી, *n.* સિંહાસન. Throne. ૨. ઊંચું આસન. Raised seat.
ગાનતાન, *n.* ગાયનવાદન. Singing with music.
ગાફેલ, ગાફલ, *a.* બેદરકાર. Careless.
ગાફેલિયત, *n.* બેદરકારી. Carelessness.
ગાબડી,-ડું, *n.* કાણું. Hole. નુકસાન. Loss.
ગાભલું, *a.* નરમ; પોચું. Soft. Tender.
ગાભો, *n.* ડૂચો. Rag. Pulp.
ગામ, *n.* માણસના વસવાટનું-સ્થળ. Village.
ગામઠી, ગામડિયું, *a.* શહેરી નહી એવું. Rustic. 2. ગ્રામ્ય. Native.
ગામડિયો, *n.* ગામડાનો વાસી. Villager.
ગામોતરૂં, *n.* એક ગામથી બીજે ગામ જવું તે. Emigration.
ગામેતી, *n.* મુખી. Headman.
ગામોટ, *n.* ગામનો ગોર. Village priest.
ગાય, ગાવડી, *n.* દૂધ દેતું એક ચોપગું જનાવર. Cow.
ગાયત્રી, *n.* એક પવિત્ર વેદકાલીન પ્રાર્થના. A sacred Vedic prayer.
ગાયન, *n.* ગીત. Song. Singing; Music.
ગારુડી, *n.* મદારી. Juggler. A conjurer.
ગારુડીવિદ્યા, *n* મદારીની વિદ્યા. Jugglery.
ગારો, ચણતર કરવા તૈયાર કરેલી માટી. Mixture of water and earth used in erecting a wall.
ગાલ, *n.* માણસના મોંની બે બાજુનો ભાગ. Cheek.
ગાલપચોળિયાં, *n.* કાકડા કે ચોળિયા. Tonsils.
ગાલાવેલું, *a.* દાધારંગું. Idiotic. Foolish.
ગાલિ, *n.* ગાળ; અપશબ્દ. Abuse.
ગાલિપ્રદાન, *n.* ગાળ આપવી તે. Abusing.
ગાલિચો, *n.* મુલાયમ શેતરંજી. A carpet.
ગાલ્લી, *n.* ગાડું. A cart.
ગાવું, *vt.* ગીત ગાવાં વિ. To sing. ૨. વખાણ કરવાં. To praise.
ગાળ, *n.* અપશબ્દ. Abusive word. કૂવાના તળીએ જામેલો કચરો. The dirt at the bottom of a well.
ગાળવું, *vt.* પીગાળવું. To filter. To melt.
ગાળો, *n.* નાકું; ફાંસો. Noose. ૨. અમુક મોસમ. Certain season. ૩. વટાવ, Discount. ૪. પ્રદેશ. Region. ૫. નફો. Margin.
ગાંગડું, *a.* ન પલળે, ન બફાય એવું. Hard.
ગાંગડો, *n.* મોટો કકડો. Large piece.
ગાંગરવું, *vt.* બરાડવું. To bellow.
ગાંજો, *n.* પીવાથી નશો ચડે એવો પદાર્થ. Hemp.
ગાંઠ. *n.* આંટીવાળો બંધ. Knot. A tie. ૨. લોહી ગંઠાઈ જઈ બાઝેલી ગોળી, Bulb. ૩. વેર. Enmity.
ગાંઠડી-ડો, ગાંસડી, *n.* પોટલું. Bundle,
ગાંઠવું. *vt.* ગૂંથવું. To knot. ૨. તાબે રહી હુકમ માનવો. To obey.
ગાંઠિયો તાવ, *n.* ગાંઠ નીકળી આવતો તાવ. Bubonic fever.
ગાંડ, *n.* ગુદા. Anus. The posterior.
ગાંડગુલામી, *n.* હલકી ખુશામદ. Abject servility.
ગાંડછા, ગાંડાઈ, ગાંડપણ, *n.* ગાંડાપણું. Folly.
ગાંડું, ગાંડિયું, *a.* મૂર્ખ. Stupid. Mad; Foolish.
ગાંડિવ, ગાંડીવ, *n.* ધનુષ્ય. Bow.
ગોંદરૂ, ગોંદરૂં, ગોંદરો, *n.* ગામની ભાગોળ. Outskirt of a village.
ગાંધી, *n.* કરિયાણું વિ. વેચનારો. Grocer. A druggist.
ગાંધીયાટું-વટું, *n.* કરિયાણું વિગેરે. Grocery.
ગાંભીર્ય, *n.* ગંભીરતા Seriousness. Gravity.
ગાંયજો, *n.* હજામ. Barber.
ગિન્નાવું, *vt.* રિસાવું. To become angry.
ગિરદી, ગરદી, *n.* ભીડ. Throng. Crowd.
ગિરવર,-ધારી, ગિરિધર-ધારી. *n.* કૃષ્ણ. Krishna.
ગિરફતાર, *a.* પકડાયેલું. Arrested. Apprehended.
ગિરફતારી, *n.* બંધન; ધરપકડ. Arrest.
ગિરિ, *n.* પર્વત. Mountain.
ગિરિજા, ગિરિતનયા, *n.* પાર્વતી. Parvati.
ગિરિજાસુત, *n.* ગણેશ; ગણપતિ. The God Ganesh.
ગિરીશ, *n.* હિમાલય પર્વત. Himalaya.
ગિલ્લાખોર, *a.* નિન્દાખોર. Slanderous. Libelous.
ગિલ્લી, *n.* મોઇ. A small game-stick.

ગીચ, ગીચોગીચ, *ad.* સંકડાઇને. Crowdedly.
ગીત, *n.* ગાયન. Song.
ગીતકાવ્ય, *n.* કાવ્યના ગુણવાળું ગીત. Lyric.
ગીધ, ગૃધ, *n.* એક મોટું માંસાહારી પક્ષી. Vulture.
ગીબત, *n.* આળ; નિંદા. Allegation. Slander.
ગીરવી, *a.* ઘરાણે મૂકેલું. Mortgaged.
ગીરો, *n.* ગીરોખત. Mortgage.
ગીરો મુકવું, *vt.* To mortgage.
ગીર્વાણભાષા, *n.* સંસ્કૃતભાષા. Sanskrit.
ગુચ્છ, ગુચ્છો, *n.* કલગી. Bouquet.
ગુજરવું, *vt.* વિતવું. To pass. 2. આવી પડવું. To befall.
ગુજરાન, ગુજારો, *n.* નિર્વાહ. Maintenance.
ગુજારવું, *vt.* સમય વિતાવવો. To spend.
ગુટિકા, ગુટી, *n.* ગોળી. Pill.
ગુણ, *n.* જાતિસ્વભાવ. Quality. ૨. સદ્ગુણ. Virtue. ૩. અસર. ફાયદો. Efficacy. ૪. ટોટો. Mark.
ગુણક, *n.* ગુણનાર અંક-સંખ્યા. Multiplier.
ગુણકર,-કારક,-કારી, *a.* ફાયદાકારક. Advantageous. Beneficial.
ગુણગાન, *n.* વખાણ. Praise. Panegyric.
ગુણજ્ઞ, *a.* કદરદાન. Appreciation
ગુણદોષ, *n.* સારાસાર. Pros and cons.
ગુણધર્મ, *n.* સ્વભાવ. Property.
ગુણપાડ, *n* આભાર; પાડ. Obligation. Favor.
ગુણવતી,-વંતી, *a.* ગુણવાળી. (સ્ત્રી). Accomplished.
ગુણવંત,-વાન, *a.* ગુણવાળું. Virtuous.
ગુણકા, ગણિકા, *n.* વેશ્યા. Harlot.
ગુણવું, *at.* To multiply. એક સંખ્યાને બીજી સંખ્યા જેટલી વાર વધારવી.
ગુણાકાર, *n.* ગુણવું તે. એથી આવતી રકમ. Multiplication.
ગુણિયલ, *a.* સદ્ગુણી. Virtuous. Accomplished.
ગુણ્ય, *n.* જેને ગુણવાનું હોય તે. Multiplicand.
ગુદસ્ત, *a.* પાછલું. The past. The late.
ગુદા, *n.* ગાંડ. વિષ્ઠાદ્વાર. Anus.
ગુનો, ગુનાહ, *n.* તકસીર, અપરાધ. Fault. Crime.
ગુનેગાર, *n.* અપરાધી. Cffender.
ગુપચુપ, *ad.* છાનુંમાનું. Silently. Secretly.
ગુપ્ત, *a.* સંતાડેલું. Hidden. 2. છાનું. Secret.
ગુપ્તચર, જાસુસ. Spy.
ગુફા, ગુહા, *n.* પહાડમાં ઊંડી બખોલ. Cave. Cavern.
ગુફતેગો, ગુફતેગો. *n.* વાતચિત. Conversation.
ગુમ, *a.* ખોવાયલું. Lost
ગુમાન, *n.* અહંકાર. Pride. Vanity. Conceit
ગુમાની, *a.* અભિમાની. Proud. Vain.
ગુમાવવું, *vt.* ખોવું. To lose. ૨. ઉડાવી દેવું. To squander.
ગુમાસ્તો, *n.* કારકુન; મહેતો. Clerk. A writer.
ગુમાસ્તાગીરી, ગુમાસ્તી, *n.* મહેતાગિરિ. Clerkship.
ગુમ્મો, *n.* મુક્કો. A blow with the fist.
ગુરખો, *n.* નેપાળનો વતની. Native of Nepal.
ગુરદો, *n.* મૂત્રપિંડ. Kidney.
ગુરુ, *n.* શિક્ષક. Teacher ૨. ગોર. Priest. ૩. બૃહસ્પતિ. Jupiter. *a.* મોટું ભારે. Great.
ગુરુકોણ, *n.* કાટખુણાથી મોટો ખુણો. Obtuse angle.
ગુરુજન, *n.* વડિલવર્ગ. Elderly peoples.
ગુરુત્વ, ગુરુતા, *n.* મોટાઇ. Greatness.
ગુરુત્વકેન્દ્ર, *n.* જે બિંદુથી વજનનું સમતોલપણું થતું હોય તે. Centre of gravity.
ગુરુત્વાકર્ષણ, *n.* વજનનું પૃથ્વીના કેન્દ્ર તરફ ખેંચાવું તે. Gravitation.
ગુરુબંધુ,-ભાઇ, *n.* એક ગુરુના શિષ્ય. A spiritual brother.
ગુરુવાર, *n.* અઠવાડિયાનો પાંચમો દિવસ. Thursday.
ગુર્જર, *n.* ગુજરાત નામનો પ્રાંત કે ત્યાંના લોકો. Province or people of Gujarat. ૨. એક જાત. A caste.
ગુલ, *n.* પુષ્પ. Flower. ૨. મોગરો. Snuff of candle.
ગુલકંદ, *n.* ગુલાબનો મુરબ્બો. Conserve of roses.
ગુલખાર, *n.* આસમાની લાલ રંગ. Reddish blue colour.
ગુલજાર,-ઝાર, *n.* ફુલવાડી. Flower garden. *a.* સુંદર. Charming. Pleasant.
ગુલતોરો,-દસ્ત, *n.* ફુલતોરો. A bouquet.
ગુલનાર, *n.* દાડમ. Pomegranate.
ગુલશન, ગુલિસ્તાન, *n.* ફુલવાડી. Flower-garden.
ગુલતાન, *a.* તલ્લીન. Engrossed.
ગુલાબ, *n.* એક સુગંધીદાર પુષ્પ-તેનો છોડ. Rose.
ગુલાબજળ, *n.* ગુલાબી ખુશબોવાળુ જળ. Rorewater.
ગુલાબી, *a.* ગુલાબ જેવું. Rosy. ૨. મીઠું. Sweet.
ગુલામ, *n.* ખરીદ કરેલો ચાકર; પરવશ માણસ. Slave. bondsman.
ગુલામી,-મગીરી, *n.* તાબેદારી; પરાધીનતા. Slavery. Servitude.
ગુલાલ, *n.* રાતા રંગનો સહેજ સુગંધિદાર ભૂકો. Red poweder.
ગુલાંટ, *n.* ગોટમડું. Somersault
ગુસપુસ, *n.* ખાનગી વાતચિત. Secret coversation.
ગુસલખાનું, *n.* સ્નાનાગાર Bath-room.
ગુસ્સો, *n.* ક્રોધ. Anger. Wrath. Passion.
ગુહ્ય, ગૂઢ, *a.* છુપુ. Secret. 2. ગહન; ઇન્દ્રિયાતીત. Mystic
ગુંજવું. *vt.* ગણગણાટ કરવો. To hum.
ગુંજાર,-રવ, *n.* ગણગણવાનો અવાજ. Humming noise.
ગુંજાસ, *n.* તાકાત. Capacity. Power.
ગુંઠો, *n.* જમીનનું માપ; એકરના ૧/૪૦ ભાગ. Measure of land.
ગુંડો, ગુંડ, *n.* & *a.* બદમાશ. Rascal. A rogue.
ગુંદ, ગુંદર, *n.* ચોંટાડવાના કામમાં આવતો બાવળનો રસ. Gum.
ગુંફિત, *a.* ગુંથેલું. Woven.
ગૂ, *n.* મળ; વિષ્ઠા. Excrement.
ગૂઇ, *n.* ગળી. Pit.
ગૂગળ, *n.* એક ડુંગરી ઝાડનો ગુંદર. Indian bdellium.
ગૂણ, *n.* કોથળો. Bag.
ગૂણપાટ, *n.* ટાટિયું. Sack-cloth.
ગૂમડ, ગૂમડું, *n.* ફોલ્લો. Tumour. Abscess. A boil.

ગૂંગણું, ડું, *a.* નાકમાંથી બોલતું. Nasal; speaking through the noise.
ગૂંગળાવું, *vt.* શ્વાસ રૂંધાવો. To be suffocated.
ગૂંગળામણ, *n.* શ્વાસ રૂંધામણ. Suffocation.
ગૂંચ,-વણ,-વણી. *n.* આંટીઘૂંટી; મુશ્કેલી. Intricacy. Entanglement.
ગૂંચવવું, *vt.* To entangle. ઘૂંચવણમાં નાખવું.
ગૂંછળી,-ળો, *n.* દોરાની આંકી કે ગોળો. Coil.
ગૂંથણ, *n.* ગૂંથવાનું કામ. Knitting. Net-work.
ગૂંથવું, *vt.* સાંકળવું. To knit. To interweave.
ગૂંદવું, *vt.* પગતળે કચરવું. To pound. To braise.
ગૂંદું, *n.* એક જંગલી ફળ. Fruit.
ગૃધ, *n.* જંગલી ઘાતકી પક્ષિ. ગીધ. Vulture.
ગૃહ, *n.* ઘર. House. Habitation.
ગૃહકર્મ,-કાર્ય,*n.*ઘરનું કામકાજ. Household duties
ગૃહપ્રવેશ,*n.*વિધિપૂર્વક ગૃહમાં પ્રવેશ,Ritual entrance. *n.* વિના રજાએ ઘરમાં પ્રવેશ. Trespass. [holder.
ગૃહસ્થ, *n.* ખાનદાન માણસ. Gentleman. A house-
ગૃહસ્થાઈ, *n.* ગૃહસ્થપણું. Gantility. Nobility.
ગૃહસ્થાશ્રમ, *n.* વૈવાહિક જીવન, Married life.
ગૃહિણી, *n.* પત્નિ. Mistress of the house; wife.
ગેડ, *n.* પડ; સળ. Ripple.
ગેડી, *n.* લાકડી. Stic. A play-stick.
ગેબ, ગેબી, *a.* અદૃશ્ય. Invisible. Imperceptible.
ગેરઆબરૂ, *n.* અપકીર્તિ. નામોશી. Disgrace. Dis-
ગેરઈન્સાફ, *n.* અન્યાય. Injustice. [honor.
ગેરઉપયોગ, *n.* દુરુપયોગ. Misuse.
ગેરકાયદેસર, *ad.* કાયદા પ્રમાણે નહી. Unlawfuly.
ગેરફાયદો, -લાભ, *n.* નુકસાન.Loss. Disadvantage.
ગેરબંદોબસ્ત.-વહિવટ, *n.* અવ્યવસ્થા. Mismanage-
ગેરવર્તણુંક,*n.* ખોટી વર્તણુંક.Misbehaviour. [ment.
ગેરવલ્લે, *ad.* ઠેકાણે નહિ. Misplaced. Mislaid.
ગેરવ્યાજબી, *a.* વ્યાજબી નહી એવું. Unjust.
ગેરવાટે, *ad.* આડે રસ્તે. Improperly.
ગેરસમજ,-સમજુત,-સમજુતી, *n.* ખોટી સમજ. Mis-understanding. [dant.
ગેરહાજર, *n.* હાજર નહી એવું.Absent. Non-atten-
ગેરહાજરી, *n.* હાજર નહી. Non-attendance.
ગેરવવું, *vt.* પાડવું. To fell.
ગેરૂ; *n.* એક જાતની લાલ મટોડી. Red chalk.
ગેલ, *n.* રમત. Caressing. Amusement.
ગેંડો. *n.* એક જંગલી જનાવર. Rhinoceros.
ગેંદ, *n.* દડો. Ball. [Sky.
ગો, *n.* ગાય. Cow. ૨. પૃથ્વી. Earth. ૩. આકાશ.
ગોકળગાય, *n.* એક જીવડું; ઈંદ્રગોપ. Snail.
ગોકીરો, *n.* શોરબકોર. Upoar.
ગોખ. ગોખલો. *n.* ઝરૂખો. Portico. ૨. ભીંતમાં વસ્તુ મૂકવા માટે રાખેલી જગા Nich.
ગોખણપટ્ટી, *n.* ગોખવું તે. Cramming.
ગોખવું, *vt.* યાદ કરવું. To commit to memory.
ગોચર, *a.*ઇંદ્રિયગમ્ય. Perceptible by the senses. *n.* ચરો. Pasture.
ગોઝાર. *n.* મુખ્ય ઓરડાની બાજુનો ખંડ.Store room.
ગોઝારૂં, *a.* પાપી; હત્યારૂં. Sinful. Horrible.
ગોટ, *n.* ઘુંટડો. Gulp. ૨; ધુમાડાનો ગોટો. Cloud of smoke. [stone in fruit.
ગોટલો,-લી. *n.* ફળની અંદર ગોટલાવાળું બીજ. Large
ગોટાળો, *n.* અવ્યવસ્થા. Confusion. Medley.
ગોટો, *n.* કલગી. Nosegay ૨. લાડુના જેવો ગોળો. Round mass.
ગોઠ, *n.* છાની વાત. Secret talk. ૨. ભોજનની. Pleasure party. ૩. મિત્રતા. Friendship.
ગોઠડી, *n.* છાની વાત. Secret talk.
ગોઠણ, *n.*ઢીંચણ. Knee. ૨.સહિયર. Female friend.
ગોઠવવું,*vt.* વ્યવસ્થિત કરવું. To arrange.To adjust.
ગોઠવણ,-વણી, *n.* વ્યવસ્થા. arrangement,
ગોઠવું *vt.* ગમવું. To suit.
ગોઠિયો, *n.* મિત્ર. Friend. Comrade.
ગોઠિયણ, *n.* સખી. Famale friend.
ગોઠે, *ad.* પ્રમાણે. In the same way as.
ગોડવું, *vt.* પોચુ કરવા ખોદવું. To loosen the soil.
ગોતવું, *vt.* શોધવું. To search. To find out.
ગોતુ, *a.* ગંદુ. Dirty. ૨. બેસ્વાદ. Tastless. *n.*
ગોત્ર, *n.* કુલ, વંશ. Race. Family. [કચરો. Refuse.
ગોત્રજ, *a.* એકજ વંશમાં જન્મેલું. A kin. Born in the same family.
ગોત્રી, *a.* એક જ ગોત્રનું. Of the same family.
ગોથું, *n.* નકામાં ફાંફાં. Vain struggle. 2. ભૂલથાપ. Deception.
ગોદડું,-ડી, *n.* પાથરણ. Quilt. A mattress.
ગોદાટવું, *vt.* ગોદા મારવા; રોકવું. To strike.
ગોદાન. ગૌદાન, *n.* ગાયનું દાન. Alms of a cow.
ગોદામ. *n.* વખાર; ગોદી. Godown.
ગોદાવવું, *vt.* સતેજ કરવું. To rouse.
ગોદો, *n.* મુક્કો, ઠોંસો. Thrust.
ગોદી, *n.* બંદર. Dock. A Dock-yard.
ગોધણ, ગોવૃંદ, *n.* ગાયોનું ટોળું. Cow-herd.
ગોધો, *n.* આખલો. Uncastrated bull.
ગોપ, ગોરક્ષ, *n.* ગોવાળીયો.Shepherd.
ગોપાવવું,-ગોપવું, સંતાડવું. *vt.* To hide.
ગોપાલક.-ક,-ળ, *n.* ગોવાળિયો; કૃષ્ણ. Shepherd.
ગોપી, ગોપિકા, *n.* ગોવાળણ; ગોપી. Shepherdess.
ગોપીચંદન, *n.* એક જાતની પીળી માટી. Kind of yel-
ગોપુર, *n.* મુખ્ય દ્વાર. Principal gate. [low earth.
ગોફણ, *n.* પથરા ફેંકવાનું એક સાધન. Sling.
ગોબરૂં, *a.* ગંદુ. Dirty. Filthy. Nasty.
ગોબો, ગોભો, *n.* ધાતુના વાસણમાં પછડાયાથી પડેલો ખાડો. Depression in a metallic vessel.

ગોમાંસ, *n.* ગાયનું માંસ. Beef.
ગોમૂત્ર, ગૌમૂત્ર, *n.* ગાયનું મુતર. Urine of cow.
ગોમેદ, *n.* પોખરાજ; એક જાતનું ઝવેરાત. Onyx.
ગોર, *n.* પુરોહિત. Family priest.
ગોરક્ષક, *n.* ગોવાળ. Shepherd.
ગોરજલગ્ન, *n.* સમી સાંજનું લગ્ન. Marriage at dusk
ગોરજી, *n.* જૈન સાધુ. Jain priest. [time.
ગોરટિયું, *a.* ગોરૂં. White. Fair.
ગોરસ, *n.* દૂધ. Milk. ૨. છાશ; દહીં. Whey. ૩. માખણ. Butter. [and sandy.
ગોરાટ, ગોરાડું. *a.* Light પોચી ને રેતાળ (જમીન.)
ગોરીલો, *n.* એક જાતનો વાંદરો. Gorilla.
ગોરૂં, ગોર; *a.* સફેદ. White. Handsome.
ગોરી, *a.* દેખાવડી. Beautiful. *n.* સુંદરી. A beautiful woman. [European.
ગોરો, *n.* પરદેશી. Foreigner. ૨. યુરોપનો વતની.
ગોલ, *a.* ગોળ. Round, Circular.
ગોલક, *n.* ગલ્લો. Money-box. A till.
ગોલંદાજ, *n.* તોપચી. Gunner. A bombardier.
ગોલૈયો. *a.* વગર નોતરે આવેલો. An uninvited peron.
ગોલો, *n.* જનાનખાનાનો નોકર. Servant in the harem. ૨. ગંજીફાનું એક પત્તું. Knave in a pack of cards. ૩. ચોખા ખાંડનારી જાત. Rice beater.
ગોલોક, *n.* વિષ્ણુનું નિવાસસ્થાન. Residence of
ગોલ્લો, ગોરિયો, *n.* વાછડો. Calf. [Vishnu.
ગોવાળ,-ળિયો, *n.* ઢોર ચરાવનારો. Shepherd.
ગોશ્ત, ગોસ. *n.* માંસ. Flesh.
ગોષ્ઠિ, ગોષ્ઠી, *n.* વાતચીત. Conversation. A tale.
ગોળ, *n.* વર્તુલ. Round. A circular. ૨. નાતીલાઓનું જુથ. Limited body.
ગોળગોળ, *a.* અસ્પષ્ટ; ઉડાઉ. Ambiguous.
ગોળમટોળ. *a.* હૃષ્ટપુષ્ટ. Pulpy.
ગોળાઈ, *n.* ગોળપણું. Rotundity.
ગોળાકાર, *a.* ગોળ. Circular. Spherical.
ગોળાર્ધ, *n.* અર્ધગોળ. Hemisphere.
ગોળ. *n.* Jaggery. Molasses.
ગોળી, *n.* ગોળ ટીકડી. Pill. ૨. બંદૂકમાં ભરવાની ગોળી. Cartrige. ૩. પાણી ભરવાનું માટીનું વાસણ. Earthen pot for water. [Shooting.
ગોળીબાર, *n.* બંદુક કે પીસ્તોલમાંથી ગોળી છોડવી તે.
ગોળો, *a.* પિંડો. Globe. ૨. પેટનો વાયુનો એક રોગ.
ગોંદરૂં, ગોંદરો, *n.* પાદર. Outskrit. [Disease.
ગોંધવું, *vt.* બંધ જગામાં પૂરવું. To confine.
ગૌ, *n.* ગાય. Cow.
ગૌચર, *n.* ચરો. Pasture. The village-common.
ગૌણ, *n.* મુખ્ય નહિ એવું. Secondary. Inferior.
ગૌતમ, *n.* ભગવાન બુદ્ધ. Lord Buddha.
ગૌર, *a.* ગોરૂં. White. Handsome.
ગૌરવર્ણું, *a.* ગોરા રંગનું. White coloured. [Respect.
ગૌરવ, *n.* મહત્તા. Gravity. Glory. Fame. ૨. આદર.
ગૌરવશાલી,-શાળી, *a.* ગૌરવવાળું. Deserving respect.
ગૌરી, *n.* કુમારિકા. Virgin.
ગ્યાસતેલ, *n.* ઘાસતેલ Kerosine oil.
ગ્રથવું, *vt.* ગુંથવું. To weave. 2. રચવું. To compose.
ગ્રસવું, *vt.* પકડવું. To catch. 2. ગળી જવું. To
ગ્રસ્ત, *a.* જકડાએલું. Afflicted. [swallow.
ગ્રહ, *n.* સૂર્ય, ચંદ્ર, વિ. નવ ગ્રહોમાંનો એક. Planet.
ગ્રહણ. *n.* પકડવું તે. Seizure. Comprehension. ૨. [ગ્રાસ Eclipse.
ગ્રહમંડળ, *n.* ગ્રહમાળા. Planatery system.
ગ્રહરાજ, ગ્રહેશ, *n.* સૂર્ય. Sun.
ગ્રહવું, *vt.* પકડવું. To seize.
ગ્રંથ, *n.* પુસ્તક. Book.
ગ્રંથકર્તા,-કાર, *n.* પુસ્તક રચનાર. Author.
ગ્રંથમાળા, *n.* ગ્રંથોની માળા. Series (of books).
ગ્રંથાવલોકન, *n.* પુસ્તકાવલોકન. Review of books.
ગ્રંથિ, *n.* ગાંઠ. Knot. ૨. સાંધો. Joint.
ગ્રામ, *n.* ગામ; ગામડું. Village. A hamlet.
ગ્રામસુધાર,-સુધારણા, *n.* ગામડાં સુધારવાની પ્રવૃત્તિ. Rural reconstruction.
ગ્રામ્ય, *a.* ગામડાંને લગતું. Relating to a village.
ગ્રાસ, *n.* કોળિયો. Morsel. [Rustic.
ગ્રાહ; *n.* પકડ. Seizing. ૨. મગર. Alligator.
ગ્રાહક, *n.* ઘરાક. Customer. *a.* ગ્રહણ કરનારૂં.
ગ્રાહ્ય, *a.* ગ્રહણ કરવા યોગ્ય. Acceptable. [Receptive.
ગ્રીવા, *n.* ગરદન; ડોક. Neck.
ગ્રીષ્મ, *n.* ગરમીની મોસમ. Summer *a.* ગરમ. Hot-
ગ્લાન, *a.* ખિન્ન; થાકેલું. Depressed. [warm.
ગ્લાનિ, *n.* ખિન્નતા. Depression. Langour.
ગ્વાલ, ગ્વાળ, *n.* ગોવાળ. Shepherd.
ગ્વાહી, *n.* સાક્ષી; પુરાવો. Evidence; witness.

'ઘ'

ઘ, The fourth consonant of the alphabet કંઠસ્થાની ચોથો વ્યંજન.
ઘઉં, *n.* એક અનાજ. Wheat.
ઘઉંવર્ણું, *a.* ઘઉં જેવા રંગનું. Of a wheaten colour.
ઘઘરણું, *n.* નાતરૂં. Remarriage. [ching.
ઘચરકું, *n.* ગચરકો. Sour eructation. or bel-
ઘટ, *n.* ખોટ. Loss. ૨. ઘટાડો. Decrease. ૩. ઘડો. Pot. ૪. શરીર. Body. *a.* જાડું. Thick; close.
ઘટના, *n.* બનાવ. Incident. Occuring.
ઘટમાળ, *n.* ક્રમ; પ્રણાલિ. Routine.
ઘટવું, *vt.* ઓછું થવું. To decrease. ૨. યોગ્ય હોવું. To merit. ૩. ચઢી જવું. To shrink; to contract.
ઘટતું, *a.* યોગ્ય. Suitable. Fit; ૨. Decreasing. ખૂટતું.
ઘટા, *n.* જમાવ; જુથ. Assemblage.
ઘટાડવું, *vt.* ઓછું કરવું. To reduce. to diminish.
ઘટાડો, *n.* ઓછપ. Reduction. Deficieny decrease.
ઘટાવવું, *vt.* બેસતું કરવું. To fit.
ઘટિત, ઘટારત, *a.* યોગ્ય. Becoming. Fit; worthy.
ઘટી, -કા, *n.* ૨૪ મીનીટનો સમય. Period of 24 minutes
ઘટ્ટ, *a.* ઘાટું; ઘાડું. Dense. Close; compact; thick
ઘડતર, *n.* ઘડામણ. Manufacture.
ઘડપણ, ઘરડાપો, *n.* વૃદ્ધાવસ્થા. Old age. Senility.
ઘડભાંજ, -મથલ, *n.* વિચારોનું ડામાડોળપણું. Opposing thoughts.
ઘડવું, *vt.* બનાવવું; આકાર આપવો. To forge.
ઘડાયલું, *a.* અનુભવથી પાકું થયેલું. Experienced.
ઘડિયાળ, *n.* વખત જણાવનારૂં યંત્ર. Watch. Clock.
ઘડિયાળી, *n.* ઘડિયાળો દુરસ્ત કરનાર. Watch-repairer.
ઘડી *n.* ૨૪ મીનીટનો સમય. Period of 24 minutes. ૨. તક; પ્રસંગ. Opportunity.
ઘડીઘડી, *ad.* વારંવાર. Often.
ઘડો, ઘડુલો, *n.* માટીનું પાણી ભરવાનું નાનું પાત્ર. Small water-pot.
ઘણ, *n.* મોટો ભારે હથોડો. Large hammer.
ઘણું, *a.* ખૂબ; પુષ્કળ. Plenty.
ઘણુંકરીને, -ખરૂં, *ad.* બહુધા; મોટેભાગે. Mostly.
ઘન, *a.* નક્કર. Solid. ૨. ગીચ. Dense. *n.* વાદળું. Cloud.
ઘનઘોર, *a.* ગાઢું. Very dark and dreadful; Thick. [Dense.
ઘનફળ, *n.* વસ્તુના કદનું માપ. Volume.
ઘનમૂળ, *n.* ઘનપરિમાણ. Cube Root.
ઘભરાટ, *n.* ગભરાટ. Confusion. Alarm.
ઘનમાપ, -માન, *n.* લંબાઇ ઊંચાઇને પહોળાઇનું એકત્ર માપ Cubic measure.
ઘમસાણ, *n.* તોફાન. Uproar. Riot. ૨. નાશ. Ruin
ઘમંડ, *n.* ખોટો ડોળ. False show. ૨. અભિમાન. Pride.
ઘમંડી, *a.* અભિમાની. Proud. Arrogant.
ઘર, *n.* રહેવાનું ઠેકાણું. House. ૨. નિવાસસ્થાન. Home. ૩. કુટુંબ. Family.
ઘરકામ, *n.* ઘરનું કામકાજ. Domestic duties.
ઘરખર્ચ, *n.* House-hold expenses.
ઘરખટલો, -સંસાર, *n.* ઘરવાખરો; સંસાર વહેવારનું કામકાજ. Household affairs.
ઘરખૂણે, -મેળે, *ad.* ખાનગીમાં. Privately.
ઘરગતુ, -ગથુ, ઘરાઉ, *a.* ખાનગી. Private.
ઘરગવું, *vt.* નાતરૂં કરવું. To remarry.
ઘરડું, *a.* વૃદ્ધ. Advanced in years. Old.
ઘરપ્રવેશ, *n.* ગૃહપ્રવેશ. House-trespass
ઘરબાર, *n.* કુટુંબકબીલો. Family.
ઘરભાડું, *n.* ઘરનું ભાડું. House-rent.
ઘરવખરો, -વખરી, *n.* ઘરને લગતો બધો સામાન. Household chattle.
ઘરવટ, ઘરોબો, *n.* ગાઢ સંબંધ. Friendly intercourse. Intimacy.
ઘરવેરો, *n.* ઘર ઉપર લેવાતો કર. House-tax.
ઘરાક, *n.* ખરીદનાર. Customer.
ઘરાકી, *n.* વેચાણ; ખપત. Sale. Custom.
ઘરેડી, *n.* ગરગડી. Pulley.
ઘરેડો, -ડી, *n.* શ્વાસ. Death-rattle.
ઘરેણું, *n.* અલંકાર. Ornament.
ઘરેણે, *a.* ગીરો મૂકેલું. Mortgaged.
ઘર્ષ, ઘર્ષણ, *n.* ઘસારો. Friction. ૨. તકરાર. Quarrel
ઘવડવું, *vt.* ખણવું; વલુરવું. To Srcatch. To itch.
ઘવાવું. *vt.* ઘાયલ થવું. To be wounded.
ઘસઘસાટ, *ad.* ગાઢ રીતે. Soundly. Deeply.
ઘસડવું. *vt.* ઢસરડાતું ખેંચવું. To drag. To pull.
ઘસરકો, -ડો. *n.* કાપો; ખાપો. Scratch. Laceration.
ઘસવું. *vt.* ચોળવું; ધાર કાઢવી. To rub. To scrub. To sharpen.
ઘસારો, *n.* ખોટ; ખસરડો. Wastage. Scratch.
ઘંટ, ઘંટા, *n.* ટોકરી. Bell.
ઘંટડી, *n.* નાનો ઘંટ. Small bell.
ઘંટકાર, *a.* ઘંટના આકારનું. Bell-shaped.
ઘંટારવ, *n.* ઘંટનો અવાજ. Sound of bell.
ઘંટી, દળવાનું સાધન. *n.* Grinding mill.
ઘા, ઘાવ, *n.* જખમ. Wound. ૨. ઝટકો. Stroke. ૩. ૨૪ કાગળનો જથો. Quire of paper.
ઘાઈ, *n.* ઉતાવળ; દોડાદોડ. Haste. Hurry; Speed.
ઘાઘરો, *n.* ચણિયો. Patticoat.
ઘાટ, *n.* આકાર. Shape. Form. ૨. ઓવારો. Wharf. ૩. પહાડી રસ્તો. Mountain pass. ૪. યુક્તિ. Intrigue
ઘાટદાર, *a.* સુંદર. Beautiful. Well-Shaped.

ઘાટડી, *n.* ચૂંદડી; ગાટડી. White-specked red cloth worn by girls at the time of marriage.

ઘાટી, *n.* નોકર. Male servant.

ઘાડવો, *n.* નાનુ માટલું. Earthen vessel.

ઘાણ, *n.* અમુક જથો. Quantity. ૨. સંહાર. Destruction.

ઘાણી, *n.* તેલી બી પીલવાનું યંત્ર. Oil-mill.

ઘાત, *n.* ખૂન; નાશ. Murder. Danger.

ઘાતકી, *a.* ક્રૂર. Pitiless. murderous.

ઘામ, *n.* તાવ; ઉકળાટ. Warmth. 2. પસીનો, Sweat.

ઘાયલ, *a.* જખમી. Wounded.

ઘારણ, *n.* ઘોર નિંદ્રા. Sound sleep.

ઘારી, *n.* એક મીઠાઈ. A sweet. ૨. ગોળાઈ. Circumference.

ઘાલ, *n.* હાર. Row. A file. ૨. ખોટ. Loss.

ઘાલખાદ,-ખાધ, *n.* નુકસાન. Loss. Deficiency.

ઘાલમેલ, *n.* ધાંધલ. Fuss. Bustle. 2. પ્રપંચ. Intrigue.

ઘાલવું, *vt.* અંદર નાખવું. To thrust into. To penetrate.

ઘાસ, *n.* ચારો; ખડ. Fodder.

ઘાસતેલ.-લેટ, *n.* ગ્યાસતેલ. Kerosine oil.

ઘાસિયો, *n.* સાથરો; ઘોડા પર જીન નાખવાની કામળ. Woolen covering on the saddle of horse.

ઘાંચ, *n.* ખૂંચ, મુશ્કેલી. 2. Rut. ખાડો.

ઘાંચી, *n.* તેલ વેચનારો. One who deals in oil.

ઘાંટી, *n.* બારીક સમય. Critical juncture. 2. અવાજ. Voice

ઘાંટો, *n.* સાદ. Noise.

ઘાંટાઘાંટ, *n.* બૂમાબૂમ. Uproar.

ઘી. *n.* ઘૃત; તપ. Clarified butter.

ઘીયો. *n.* ઘી વેચનારો. Ghee-seller.

ઘીચ, *a.* ગીચ. Dense.

ઘુઘરો, *n.* નાની ઘંટડી. A small bell.

ઘુઘવાટ,-ટો, *vt.* ગર્જના. Roar.

ઘુમાવવુ, *vt.* ગોળગોળ ફેરવવું. To turn in a circle.

ઘુમ્મો. *n.* મુક્કો; ધીબ્બો. Blow.

ઘુરકિયું, *n.* છાંછિયું; ઘૂરકવાનો અવાજ. Growl.

ઘુરવું,-ઘુરકવું, *vt.* To growl; to snarl. To frown.

ઘુવડ, *n.* રાત્રે જ દેખી શકતું એક પક્ષી. Owl.

ઘુસણિયો, *n.* માથુ મારનારો. An intruder.

ઘુસપુસ, *ad.* ચુપચુપ ધીમી વાતો કરવી તે. In whispers

ઘુસાડવું, *vt.* પેસાડવું. To thurst in ૨. To push in.

ઘુમટ. ઘુંઘટ, *n.* ગુંબજ. Dome. A cupola.

ઘૂમરો. *n.* ઘૂંઘટ. Covering. A veil.

ઘૂમવું, *vt.* ગોળગોળ ફરવું. To revolve. 2. રખડવું. To wander

ઘૂસ, *n.* ઉંદર. Rat.

ઘૂસવું, *vt.* દાખલ થવું. To enter.

ઘૂંઘટ,-ટો, *n.* સ્ત્રી મોં પર કપડું ઢાંકે છે તે. Mouth-veil

ઘૂંટ,-ડો, *n.* ગુંટડો. Draught.

ઘૂંટણ, *n.* ઢીંચણ. Knee.

ઘૂંટવું, *vt.* લસોટવું; પીસવું. To pulverize.

ઘૃત. *n.* ઘી. Ghee.

ઘેટું, *n.* જેના શરીર ઉપર ઉન થાય છે તે પ્રાણી. Sheep.

ઘેન, *n.* નશો; કેફ. Drowsiness. Intoxication.

ઘેર. *n.* સમૂહ; ટોળી. Crowd. ૨. ઘેરાવો. Circumference. *ad.* ઘરમાં. At or in home.

ઘેરાવ,-વો, *n.* પરિઘ; Circumference.

ઘેરવું, *vt.* ચારે તરફ વિંટળાઇ વળવું. To surround To environ

ઘેરૂ, *a.* પાકું રંગેલું. Deeply coloured

ઘેરો. *n.* ઘેરી લેવું તે. Siege.

ઘેલું, *a.* ગાંડું. Crazy, Insane.

ઘેલછા. *n.* ગાંડપણ. ધુન. Craziness, Madness.

ઘો, *n.* ગરોળી જેવું એક ઝેરી જનાવર. Iguana.

ઘોઘર, *n.* જંગલી બીલાડો. Wild cat.

ઘોચવું, ઘોંચવું, *vt.* ભોંકવું. To Pierce. To thrust.

ઘોટક, *n.* ઘોડો. Horse.

ઘોડદોડ, *n.* ઘોડાઓની દોડવાની હરિફાઇ. ૨. Horse-race. 2. તે માટેનું મેદાન. Race-course.

ઘોડાગાડી, *n.* ઘોડાવડે ખેંચાતી ગાડી. Horse-carriage.

ઘોડાર, *n.* તબેલો. Stable.

ઘોડિયું *n.* પારણું. Cradle. A hammock.

ઘોડે, *ad.* પેઠે. Likewise

ઘોડો, *n.* અશ્વ. Horse. ચોકઠું. Frame.

ઘોર, *n.* કબર. Tomb. *a.* ભયાનક. Horible. Frightful.

ઘોરણ, *n.* નસકોરાં બોલાવી ઉંઘવું તે. snoring.

ઘોરવું, *vt.* નસકોરાં બોલાવી ઉંઘવું. To snore.

ઘોળવું *vt.* જોરથી ધમડવું. To shake about.

ઘોળાઘોળ, *n.* અનિશ્ચિતતા. Suspense. Uncertainty.

ઘોંઘાટ, *n.* શોરબકોર. Uproar. Noise; clamour.

ઘોચવું, *vt.* ભોંકવું. To pierce. To thrust

ઘ્ન, *a,* પ્રત્યય છે. જેમકે : કૃતઘ્ન; શત્રુઘ્ન. Suffix.

ઘ્રાણ. *n.* વાસ. Smell. Scent.

ઘ્રાણેંદ્રિય. *n.* નાક. Nose. Organ of smell.

‘ઙ’

(આ વ્યંજનથી શરૂ થતો એક પણ શબ્દ નથી)

‘ ચ ’

ચ, મૂળાક્ષરનો છઠ્ઠો અક્ષર, Sixth letter of conso-
ચક, *n.* પડદો. Curtain. A screen [nt class.
ચકચકવું, *vt.* ઝળકવું; ચળકાટ મારવો. To shine.
ચકચકાટ, *n.* ઝળકાટ. Brilliance. [Clean.
ચકચકિત. *a.* ચળકતું Bright; brilliant ૨. સ્વચ્છ
ચકચૂર, *a.* કેફમાં મસ્ત Dead drunk. ૨. [Absorbed
ચકડોળ, ચકદોળ, *n.* Merry-go-round. [in તલ્લીન.
ચકતી, ચકતું, *n.* નાની તકતી. Round slice.
ચકમક, *n.* એક પથ્થર જે ઘસવાથી તેમાંથી તણખા ઝરે છે. Flint.
ચકરચકર. *ad.* ગોળગોળ. Round and round.
ચકરાવો, *n.* પરિધ. Circumference 2. ફેરાવો. Long turn. 3. ફેર; તમ્મર. Giddiness.
ચકરી. *a.* ગોળ આકારનું. Circular. [Watercock.
ચકલી,-લું,-લો *n.* એક પંખી. Sparrow.2.પાણીનો નળ.
ચકલું. *n.* નાનું બજાર. Small market.
ચકવો. *n.* ચક્રવાક; એક પંખી. Male ruddy goose.
ચકળવકળ,-વિકળ, *a.* આકુળવ્યાકુળ. Agitated.
ચકામું,-યું, *n.* ચાંદુ કે ચાઠું. Round sore on skin.
ચકિત, *a.* છક થઇ ગયેલું. Astonished; bewildered.
ચક્કી. *n.* ઘંટી A hand-mill.
ચકોર, *a.* ચાલાક. Alert 2. એક પક્ષી. Partridge.
ચક્કર, *a.* ગાંડું; ચસકેલું. Mad. *n.* પૈડું. Wheel. 2.
ચક્કુ, *n.* ચાકુ, ચપ્પુ Penknife. [તમ્મર. Giddiness
ચક્ર, *n.* પૈડું Wheel. 2. ધારવાળું એક હથિયાર. Sharp circular missile; weapon. 3. કુંડાળું. Circle 4. ઘણું મોટું રાજ્ય. Realm. 5. જથો; સમુદાય. Asse-
ચક્રગતિ, *n.* ચક્ર જેવી ગોળ ગતિ. Rotation [mblage.
ચક્રગોળ, *n.* ચારે બાજુએ વિંટળાઇ વળવું તે. Cordon.
ચક્રનાભિ, *n.* પૈડાનું મધ્યબિંદુ. Nave of a wheel.
ચક્રમ, *n.* ગાંડો માણસ. Mad man.
ચક્રવર્તી. *n.* શાહેનશાહ; સાર્વભૌમ રાજા. Emperor.
ચક્રવૃદ્ધિ *a.* મુદ્દલ સાથે વ્યાજનું પણ વ્યાજ ગણાતું હોય તેવું. Compound (interest).
ચક્રાકાર, *a.* ગોળ. Round. Circular.
ચક્ષુ, *n.* આંખ; નયન. Eye.
ચક્ષુગોચર. *a.* આંખથી દેખાય એવું. Perceptible.
ચક્ષુરોગ, *n.* આંખનો રોગ. Eye disease.
ચખાડવું, *vt.* ચાખે એમ કરવું. To cause to taste.
ચગદવું. ચગદોળવું. *vt.* પીલવું; દબાવવું. To crush.
ચગદાવું, *vt.* પીલાવું; દબાવું. To be crushed.
ચગળવું. *vt.* મમળાવીને ખાવું. To eat slowly.
ચગાવવું, *n.* ઉરાડવું. To fly (a kite).
ચચણવું, ચણચણવું, ચચરવું, ચરચરવું, *vt.* બળતરા થવી. To feel a burning pain.

ચચણાટ, ચરચરાટ *n.* બળતરા. Burning pain.
ચટ. ચટ્ટ, *ad.* ઝટ. Quickly. **ઓહિયાં. Devouring.** *n.* હઠ; હઠ. Obstinancy. ૨. ચાનક. Care.
ચટકદાર, *a.* આકર્ષક; લહેજતદાર. Charming.
ચટકમટક, *a.* વરણાગીયું. Foppish.
ચટકવું, ચટકાવવું, *vt.* ચટકો ભરવો. To sting.
ચટકો. ચટાકો, *n.* દંશ. Sting. 2. મહેણું. Taunt ૩. તીવ્ર લાગણી. Sensation.
ચટણી. *n.* એક ચટકદાર વાની. Salad.
ચટપટ, ચટોચટ, *ad.* ઝટપટ. Quickly.
ચટપટી, ચટકપટી, *n.* તાલાવેલી;અકળામણ.Uneasiness.
ચટાઈ, *n.* સાદડી. Mat.
ચટાડવું *vt.* ચાટે તેમ કરવું. To make to lick.
ચટાપટા, *n.* રંગબેરંગી આડાઅવળા પટા. Stripes.
ચડઉતર, *n.* ચઢઉતર. Rise & fall.
ચડણ, ચડાણ, ચઢાણ *n.* ચઢાવ. Ascent.
ચડતી, ચઢતી, *n.* ઉન્નતિ; વૃદ્ધિ. Progrees; Rise.
ચડતીપડતી. *n.* અસ્તોદય. Rise & fall.
ચડતુ, *a*, આગળ વધતું. Progressing. Growing.
ચડપ, *ad.* તત્કાળ Instantly.
ચડભડવું, *vt.* બોલાચાલી થવી. To altercate. (unt
ચડવું, *vi.* ઉપર જવું. To ascend. સવાર થવું. To mo-
ચડસ, *n.* વ્યસન; લત. Habit. 2. મમત. Obstinacy.
ચડસાચડસી, *n.* હરિફાઈ, Rivalry; emulation.
ચડસીલું, *a.* હઠીલું. Obstinate.
ચડાઈ, ચઢાઇ, *n.* હુમલો. Assault: attack.
ચડાઉ, ચઢાઉ, *a.* ફુલણજી, Foppish; Vain.
ચડિયાતું, ચઢિયાતું, *a.* વધારે સારૂં. Better.
ચઢઉતર, *n.* અસ્તોદય. Rise and fall.
ચઢવું. *vt.* સ્વાર થવું. To mount.
ચઢાવ *n.* ઊંચાણ. Aclivity. Ascent.
ચઢાવવું, *vt.* To lift; to instigate.
ચણતર. *n.* ચણવાનું કામ.Masonary work. [To eat
ચણવું,*vt.*ઉભું કરવું; બાંધવું;To erect. 2. વીણીને ખાવું.
ચણિયારૂં, *n.* જે ખાડામાં ટેકાવાથી બારણું ફરે છે તે. Hole in the block of wood on which door
ચણિયો, *n.* ઘાઘરો, Petticoat. [turns.
ચણો, ચણા, *n.* કઠોળ. Gram.
ચણોઠી, *n.* એક ફળ. A berry seed.
ચતુ, *a.* ચ-તુ. Supine; Lying on the back.
ચતુર. *a.* હોશિયાર. Clever. Intelligent.
ચતુરસ્ર. *a.* ચોખૂણિયું. Four-cornered.
ચતુરા, *n.* ચતુર સ્ત્રી. Clever woman.
ચતુરાઈ, *n.* હોશિયારી. Cleverness. Wisdom.
ચતુર્ગુણ, *a.* ચારગણું. Fourfold.

ચતુર્થાંશ, *n.* ચોથો ભાગ. One quarter.
ચતુર્થી, *n.* ચોથી વિભક્તિ. Dative case.
ચતુર્દશ, *a.* ચૌદ. Fourteen.
ચતુર્દળ, *a.* ચાર પાંખડી વાળું. Having four petals.
ચતુર્દિશ. *ad.* ચોતરફ. On all sides.
ચતુર્ભુજ, ચાર હાથવાળું. ચાર ખૂણા કે બાજુઓ વાળું. Having four hands. Quadrangular.
ચતુર્વિધ, *a.* ચાર પ્રકારનું. Of four kinds.
ચતુષ્પદ,-પાદ, *a.* ચોપગું. Foor-footed. [daries.
ચતુઃસીમા, *n.* ચાર બાજુની સીમા ખૂંટ. Four boun-
ચતુંપાટ, ચ-તુંપાટ, ચત્તાપાટ, *a.* છતાપાટ. Lying flat on the back.
ચપ, ચપચપ, ચપાચપ, ચપોચપ, *ad.* ઝટપટ. Quickly.
ચપકો; *n.* ડામ; મહેણું. Cauterisation.
ચપટ, *a.* ગોઠવાઇને (બેસવું તે). Flat. Squatted.
ચપટવું, *vt.* સજ્જડ કરવું. To fix tightly.
ચપટી, *n.* ચીમટી. Pinch. A moment.
ચપટું, *a.* બેઠેલું; દબાયલું. Flat. Dumpy.
ચપણ, ચપણુ, ચપણિયું, *n.* માટીનું શકોરૂં-બટેરૂં. Earthen bowl.
ચપરાસ, *n.* પતરાજ; બડાઇ. Vanity. Pride.
ચપરાસી, *n.* પટાવાળો. Peon.
ચપલા, *n.* હોશિયાર સ્ત્રી. Clever woman. 2. વીજળી. [Lightning.
ચપસવું, *vt.* દાબવું. To press.
ચપળ, ચપલ, *a.* હોંશિયાર; ચાલાક. Clever. Active.
ચપળતા, *n.* ચાલાકી. Cleverness. Smartness.
ચપાટી.-તી, *n.* જાડી રોટલી. Cake.
ચપ્પું, *n.* કાપવાનું ઓજાર; ચાકુ. Knife.
ચબરાક, *a.* ચપળ; ચાલાક. Active. Smart.
ચબાવલું, *a.* દોઢડાહ્યું, Over-wise.
ચબૂતરો, *n.* પોલીસ થાણું; ગેટ. Police station.
ચમક,-કારો,-કાટ,-કાર, *n.* ચમકારો. Lustre; Glitter.
ચમકપથ્થર,-પહાણ, *n.* ચકમકનો પથ્થર. Load-stone.
ચમકવું, *vt.* ઝબૂકવું. To sparkle. 2. ચમકી ઉઠવું. To be startled.
ચમકાવવું, *vt.* ચમકે તેમ કરવું. To startle.
ચમચમ, ચમચમાટ, *n.* તીવ્ર તળતરા. Feeling of burning sensation.
ચમચી, *n.* નાનો ચમચો. Small spoon.
ચમચો, *n.* એક કડછી જેવું સાધન. Spoon.
ચમત્કાર, *n.* આશ્ચર્યકારક બનાવ; કરામત. Miracle.
ચમત્કારિક,-કારી, *a.* આશ્ચર્યકારક. Miraculous.
ચમત્કૃતિ, *n.* ચમત્કારી બનાવ. Miraculous event.
ચમન, *n.* બાગ. Garden. ૨. આનંદ. Pleasure.
ચમરબંધી, *a.* શૂરવીર; સત્તાધીશ. Courageous.
ચમરી, ચમ્મર, *n.* વાળની મચ્છર ઉડાડવાની ચામર. Hairy fly-driver.
ચમાર, *n.* ચામડીયો. Leather-tanner.
ચમૂ, *n.* સેના. Army.
ચમેલી, *n.* એક પુષ્પ. Flower.
ચમ્મડ, *a.* કૃપણ. Miser. ૨. ચીકણું. Tenacious.
ચય, *n.* ઢગલો. Mass. ૨. વધારો. Increase.
ચર, *a.* અસ્થિર. Unstable. *n.* બાતમીદાર. Scout.
ચરક, *n.* પક્ષિની અઘાર. 'Birds' foecal matter.
ચરકવું, *vt.* થોડું પ્રવાહી જેવું અઘવું. To pass foecal matter
ચરકું, *a.* બેસ્વાદ; તમતમું અને કડુચું. Distasteful.
ચરખો, *n.* રેંટિયો. Spinning wheel. ૨. કપાસ લોઢવાનો સંચો. Gin. ૩. સંઘાડો. Lathe.
ચરચરવું, *vt.* ચચરવું. To feel a stinging pain.
ચરચવું, *vt.* લેપ કરવો. To anoint. To besmear.
ચરચા, See ચર્ચા.
ચરચાવું, *vt.* To be discussed.
ચરણ, *n.* પગ. Leg. ૨. કડી; તૂક. Stanza.
ચરણમર્દન,-સેવા. *n.* પગચંપી. Massaging.
ચરબી, *n.* માંસ. Flesh. ૨. પ્રાણીઓના માંસમાં રહેલો તેલી પદાર્થ. Tallow. ૨. અભિમાન. Pride.
ચરમ, *n.* ચામડું. Hide. ૨. કરમીઓ. Worm. *a.* અંતિમ. Final.
ચરવાદાર, *n.* રાવત. Groom. A horse-keeper.
ચરવું, *vt.* ઘાસ વિ. ફરીને ખાવું. To graze.
ચરસ *n.* માદક પદાર્થ. Intoxicating drug.
ચરસાચરસી, *n.* ચડસાચડસી. Rivalry. Emulation.
ચરાઇ, *n.* ચરામણ. Fee for pasturage.
ચરાચર, *a.* સ્થાવર અને જંગમ. Movable and immovable. *n.* આખી સૃષ્ટિ. Universe.
ચરાવવું, *vt.* ઘાસ વિ. ફરીને ખવડાવવું. To graze.
ચરિત-જુઓ ચરિત્ર. [૩. કાવાદાવા. Wiles.
ચરિત્ર, *n.* કૃત્યો. Deeds. ૨. જીવનચરિત્ર. Biography.
ચરિત્રનિરૂપણ, *n.* જીવનચરિત્ર. Biography.
ચરી, *n.* પરહેજી. Prescribed diet.
ચરૂ, *n.* દેગ. Large pot.
ચરૂડી-ડો, *n.* ધાતુની નાની દેગ. Metal jug.
ચરેડો, ચરેરાટ, *n.* ધ્રાસકો. Anxiety.
ચરો, *n.* ગૌચર. Pasturage. [To anoint
ચર્ચવું, *vt.* ચર્ચા કરવી. To discuss. 2. લેપ કરવો.
ચર્ચા, *n.* વાદવિવાદ Discussion. Remark.
ચર્ચાપત્ર, *n.* છાપામાં આવેલો ચર્ચા કે વિવાદનો પત્ર. A writing for open discussion in newspaper.
ચર્ચાવું, *vt.* ચર્ચા થવી. To get discussed.
ચર્ચિત, *a.* ચર્ચાયેલું. Discussed. Anointed.
ચર્મ, *n.* ચામડું. Hide. 2. ત્વચા. Skin.
ચર્યા, *n.* રીતભાત, આચાર. Habit.
ચર્વિતચર્વણ, *n.* પુનરૂક્તિ. Reiteration.
ચલ, ચળ, *a.* અસ્થિર. Unstable. Transitory.
ચલણ, *n.* ચલણી નાણું. Currency. ૨. અમલ; સત્તા. Management. Authority; Power.
ચલણી, *a.* વ્યવહારમાં પ્રચલિત. Current.

ચલમ, *n.* તમાકુ પીવાનું એક માટીનું પાત્ર. Earthen smoking pipe.
ચલવવું, *vt.* ચાલે એમ કરવું. To put in practice.
ચલાખો, ચલાખી, *n.* કપડાનો ચોરસ કકડો. A square piece of cloth.
ચલાણી, ચલાણું, *n.* પટધીવાળી નાની પ્યાલી. Small cup.
ચલાયમાન, *a.* ફરતું; બદલાતું. Changing.
ચલિત, *a.* ચલ; અસ્થિર. Moving.Fickle-minded.
ચલિયું, ચલ્લું, *n.* ચકલું. Sparrow.
ચવચવ, *a.* પરચુરણ. Miscellaneous.
ચવડ;-ડું, *a.* મુશ્કેલીથી તૂટે એવું. Tough. Hard.
ચવલી, *n.* બે આની. Two anna piece.
ચવળાટ, *n.* તનમનાટ; ચળ. Restlessness. Disquietude.
ચવાણું, ચવેણું, *n.* કાચુંકોરૂં ખાવાનું; શેવમમરા ચણાદિ. Dry estables.
ચવાવું, *vt.* વગોવાવું. To be censured.
ચશ્મ, *n.* આંખ, નેત્ર. Eye.
ચશ્મપોશી, ચશમપોશી, *n.* આંખ ઢાંકણી. દીઠું અદીઠું કરવું તે. Connivance.
ચશ્મું, ચશ્મા, ચશ્મો, *n.* ઉપનેત્ર. Spectacles.
ચશ્મેધબ, *a.* આંધળું. Blind.
ચસક, *n.* ચસકવાથી થતું દુઃખ. Shooting pain.
ચસકવું, *vt.* ખસવું; છટકવું. To move. To be demented.
ચસકો, *n.* તલબ; લત. Craving.
ચસચસાવું, *vt.* તંગ કરવું. To tighten.
ચહેરો, *n.* મોંના ઘાટ; સુરત. Face.
ચળ, *a.* અસ્થિર. Fickle. *n.* ખંજવાળ, Itch.
ચળક, *n.* ચળકાટ. Lustre. Brightness.
ચળકચળક, *ad.* તેજ મારે તેમ. Brightly shining.
ચળકવું, *vt.* ઝળકવું, To shine. To glitter.
ચળકાટ, *n,* ચમકારો. Glitter Lustre.
ચળવળ, *n.* હિલચાલ. Agitation. Movement.
ચળવું, *vt.* હાલવું; ખસી જવું. To shake. ૨. પતિત થવું. To fall.
ચળાંમણ, *n.* ચાળતાં નીકળેલો કચરો. Refuse obtained by sifting corn etc.
ચંગ, *a.* સ્વચ્છ. Clean, ૨. પુષ્કળ. Abundant. ૩, વાદ્ય. Musical instrument.
ચંચળ, *a.* અસ્થિર. Fickle. ૨. ક્ષણિક. Temperory.
ચંડ, *a,* ક્રોધી. Hot. ૨. ભયાનક, Fierce.
ચંડાલ-ળ, *a,* ઘાતકી. Cruel. *a.* પાપી; હલકું. Mean.
ચંડિકા. ચંડી, *n.* એક ભયાનક દેવી. Goddess Durga.
ચંડુલ, *n.* Intoxicating preparation of opium.
ચંડોલ,-ળ, *n.* એક પક્ષિ. Wood-lark.
ચંદ, *a.* થોડુંક; જુજ. Little. *n.* ચંદ્ર. Moon.
ચંદન, *n.* સુખડ. Sandal-wood.
ચંદનઘો, *n.* ઊડણ ઘો. Iguna.
ચંદની, *n,* ચંદરવો; છત. Canopy. ૨. ચાંદની. Moon.
ચંદા, *n.* ચંદ્ર. Moon. ૨, ચાંદની. Moonlight.
ચંદી, *n.* ઘોડા બળદને અપાતો દાણો. Daily allowance of grain for cattle.
ચંદો, *n.* ચંદ્રમા. Moon.
ચંદ્ર,-મા, *n.* ચાંદો. Moon. ૨. ઉપગ્રહ. Satellite.
ચંદ્રક. *n.* ચાલ્લો. Round mark made on forehead. ૨. બિલ્લો. Medal.
ચંદ્રપુત્ર, *n.* બુધનો તારો. Planet Mercury.
ચંદ્રબિંબ, *n.* ચંદ્રનો ગોળો. Lunar disc.
ચંદ્રમુખી, *a.* સુંદર. Moonfaced; Beautiful.
ચંદ્રવાર, *n.* સોમવાર. Monday.
ચંદ્રિકા, *n.* ચાંદની. Moonlight. Moonshine.
ચંદ્રોદય, *n.* ચંદ્રનો ઉદય. Rising of the moon.
ચંપલ, *n.* ઉપર ખોલ વિનાનું એક પગરખું. Sandal.
ચંપાવું, *vt.* દબાવું, To be pressed.
ચંપી, *n.* મસળવું તે. Massage.
ચંબેલી, ચંબેલી, *n.* એક પુષ્પ. Jasmine flower.
ચંપો, *n.* એક ફુલ-ઝાડ. Flower.
ચંબડ, *a.* કંજુસ. Miserly.
ચંબુ, *n.* ફન્જો; બોટવા. Flask.
ચા, *n.* એક છોડ-તેનું પીણું. Tea.
ચાખાનું. *n.* ચાની દુકાન. Hotel.
ચાદાની, *n.* ચાની કીટલી. Tea-kettle.
ચાપાણી, *n.* ચા સાથે નાસ્તો. Breakfast.
ચાઉસ, *n.* આરબ. Arab. ૨. જમાદાર. Jamadar.
ચાક, *n.* પૈડું. Wheel. ૨. અંબોડાનું એક ઘરેણું. Hair-ornament. ૩. એક જાતની ધોળી ને પોચી માટી. Millstone.
ચાકડો, *n.* કુંભારનો ચાક. Potter's wheel.
ચાકણ, *n.* બે મોંઢાવાળો સાપ. Two mouthed serpent.
ચાકર, *n.* નોકર; દાસ. Servant.
ચાકરડી, *n.* દાસી. Maid. Maid-servant.
ચાકરી, *n.* સેવા; સારવાર; નોકરી. Service.
ચાકળો, *n.* ગોળ આસનિયું. Circular seat.
ચાકી, *n.* ઢગલો. Heap. ૨. લોઢાની ગોળ ને સપાટ ચકતી. Circular and flat piece of iron.
ચાકુ, ચાકૂ, *n.* ચપ્પુ. Knife.
ચાખડી, *n.* પાવડી. Wooden shoe.
ચાખવું, *vt.* જીભથી સ્વાદ જોવો. To taste. To try with the mouth.
ચાચા, ચાચો, *n.* કાકો. Uncle.
ચાટ, *a,* ભોંઠું; શરમિંદુ. Humiliated.
ચાટણ, *n.* ચાટવાનું ઔષધ. A lambative.
ચાટલું, *n.* દર્પણ. Mirror.
ચાટવું, *vt.* જીભ વતી ચાખવું કે ચૂસવું. To lick.
ચાટવો. *n* હલેસું. Wooden oar. ૨. કડછો. Ladle.
ચાટુડું, *a.* ડોઢડાહ્યું. Pretending to be wise.
ચાઠું, *n.* ડાઘ. Scar. An ulser.
ચાડિયું, *a.&n.* ચાડી ખાનારૂં. Backbiting. Slanderer.
ચાડિયો. *n.* ચાડી ખાનાર. Backbiter. A slanderer. ૨. ખેતરમાં ઉભું કરેલું માણસ જેવા આકારનું-પુતળું. Scare-crow.
ચાડી, *n.* ચુગલી. Backbiting. Slander.

ચાડું. *n.* મોં. Face.
ચાણાક્ષ, *a.* હોંશિયાર; ચાલાક. Clever.
ચાતક, *n.* એક પંખી. A bird.
ચાતુર, *a.* ચતુર. Clever. Active; Brisk.
ચાતુરી, ચાતુર્ય. *n.* ચતુરાઈ. Cleverness.
ચાદર. *n.* ઓછાડ. Bed-sheet.
ચાનક, *n.* કાળજી; ચેતવણી. Care. Warning.
ચાપ. *n.* ધનુષ્ય. Bow.
ચાપડો, *n.* સજ્જડ રાખે તેવો બંધ-પટો. Clasp.
ચાપલૂસી, *n.* ખુશામત. Flattery. Fawning.
ચાપલ્ય,ચપલતા,*n.* ચપળતા.Swiftness. Smartness.
ચાબખો, *n.* ચાબુક. Whip. 2. અસરકારક ગીત-વાણી. Instructive poem.
ચાબુક, *n.* કોરડો. Whip. A horse-whip.
ચાબુકસ્વાર *n.* ઘોડો કેળવનાર. Jockey. A horse- [breaker.
ચામ, *n.* ચામડી. Hide.
ચામચોરી. *n.* વ્યભિચાર. Debauchery. Adultery.
ચામરસ. *n.* સંભોગસુખ. Carnal pleasure.
ચામઠું *n.* ચાઠું; સોળ. Scar.
ચામડિયો, *n.* ચામડાં કેળવનારો; ચમાર. Tanner.
ચામડી, *n.* ત્વચા. Skin
ચામડું, *n.* ઢોરની ચામડી. Hide.
ચામર, *n.* ચમ્મરી. Fly-driver.
ચામાચીડિયું, *n.* વાગોળ જેવું એક નાનું પ્રાણી. Bat
ચાર, *n.* જાસુસ. Spy. ૨. જાસુસ. Messenger. ૩, લીલું ઘાસ. Green grass. *a.* Four.
ચારટ,ચારઠ, *n.* ચાર પૈડાનો રથ; બગી. Chariot.
ચારણ, *n.* રાજાનાં ગુણગાન કરનાર. Bard.
ચારણકાવ્ય, *n.* લોકગીત. Ballad.
ચારપાઈ, *n.* ખાટલો. Cot.
ચારવું, *vt.* ચરાવવું. To graze.
ચારિત્ર,ચારિત્ર્ય, *n.* આચરણ; સદાચાર. Character. [Conduct.
ચારિત્રમિમાંસા, *n.* નીતિશાસ્ત્ર. Ethics.
ચારિત્રશીલ, *a.* સદાચારી. Of good character.
ચારૂ. *a.* સુંદર; મનોહર. Beautiful; Handsome.
ચારૂતર, *a.* વધારે સુંદર. More beautiful.
ચારેગમ,-પાસ,-બાજુ. *ad.* બધી કોર. Cn all sides.
ચારો, *n.* પશુપંખીનો ખોરાક. Food for cattle.
ચાર્વાંગ,*n.*સુંદર અંગવાળું.Having beautiful limbs.
ચાલ. *n.* રિવાજ. Custom 2. હીંડછા, Gait. 3. ચાલી. Chawl.
ચાલચલગત,ચાલચલણ, *n.* વર્તણુક. Conduct.
ચાલબાજી, *n.* યુક્તિ; પ્રપંચ. Artifice.
ચાલતું. *a.* વર્તમાન. Current. [sible.
ચાલતાલગી,-સુધી. *ad.* બનતા લગી. As far as pos-
ચાલવું, *vt.* હીંડવું. To walk. 2.વર્તવું. To behave.
ચાલાક, *a*, હોંશિયાર. Clever. 2. ધૂર્ત. Cunning.
ચાલાકી, *n.* હોંશિયારી. Cleverness; Smartness.
ચાલુ, *a.* વર્તમાન. Prevailing.

ચાવડી. *n.* પોલીસથાણું. Police gate.
ચાવલ, *n.* ચોખા. Rice.
ચાવળું. *a.* દોઢડાહ્યું. Overwise.
ચાવી, *n.* કૂંચિ. Key. 2. ઉપાય. Remedy.
ચાસ, *n.* ખેડવાથી પડતો લાંબો આંકો. 2. ખોટ. Loss.
ચાસણી, *n.* ઉકાળીને કરાતું ખાંડનું પ્રવાહી. Boiled syrup. 2. કસોટી. Test.
ચાસવું, *vt.* ચાસ પાડવા. To furrow.
ચાહ,ચાહના, *n.* હેત; પ્યાર. Affection. Fondness.
ચાહવું, *vt*, પ્રેમ કરવો. To love.
ચાહન, *a.* જાહેર. Public. [Sieve.
ચાયણી.-ણો. *n.* ચાળવાનું બારીક છિદ્રોવાળું સાધન.
ચાલણી-ણો, *n.* ચાયણી-ણો. A sieve. [ently.
ચાળવું, *vt.* અવારનવાર ઉથલાવવું. To turn frequ-
ચાળવું, *vt.* ચાળણી વડે ચાળવું કરવું. To sift.
ચાળા,-ચસ્કા, *n.* અનુકરણ; હાવભાવ. Gestures.
ચાંગળું, *n.* ચાર આંગળાની અંજલિ. Hollow of the [palm.
ચાંચ; *n.* પક્ષિઓનું અણિવાળું મોં. Beak.
ચાંચડ,-ણ, *n.* એક જંતુ. Flea.
ચાંચવો, *n.* તીકમ. Hoe.
ચાંચિયો, *n.* દરિયાઇ લુટારો. Pirate.
ચાંડાલ,-ળ, *n.* અધમ માનવી. Mean person.
ચાંદ, *n.* ચંદ્રમા. Moon. 2. ચંદ્રક. Medal.
ચાંદની, *n.* ચંદ્રના પ્રકાશ. Moonlight. ૨. ચંદરવો.
ચાંદલિયો,ચાંદો, *n.* ચંદ્રમા. Moon.
ચાંદલો,ચાંલ્લો. *n.* Round red sign made on for- [head Canopy.
ચાંદવું, *a.* તોફાની. Mischievous.
ચાંદી, *n.* રૂપું. White metal. ૨. ઉપદંશ. Syphilis.
ચાંદું. *n.* ઘારૂં Ulcer. ૨. લાંછન. Stigma.
ચાંદ્રમાસ, *n.* ચાંદ્રમાન પ્રમાણે ગણાતો માસ. Lunner [month.
ચાંપ. *n.* કળ; પેચ. Clasp. 2. ધાક. Control.
ચાંપતી *n.* ચેતવણી; તાકીદ. Warning.
ચાંપતું, *a.* સખત; આકરૂં. Strict.
ચાંપલું. *a.* ચિબાવલું. Fastidious; Punctilious.
ચાંપલાવેડા, ચાંપલાશ, *n.* ચિબાવલાવેડા. Fastidiousness. [bribe.
ચાંપવું, *vt.* દબાવવું. To press. 2. લાંચ આપવી. To
ચાંલ્લો. *n*, ચાંદલો. Round red mark on forehead.
ચિકન, *n.* ભરતકામ. Knitting work.
ચિકાર, *ad.* ભરપૂર. Filled to utmost.
ચિકિત્સક. *n.* વૈદ્ય; હકીમ, Physician. [gnosis.
ચિકિત્સા, *n.* સારવાર. Treatment. 2. નિદાન. Dia-
ચિખલ,ચિખ્ખલ, *n.* કાદવ. Mud.
ચિચયારી. *n.* ચિસ; કિકિયારી. Sharp cry.
ચિચવો. *n.* ચિચુડો. A See-saw.
ચિચુકો,-ડો, *n.* આંમલીના ઠળીઆ, Tamarind seed.
ચિટણીસ, ચિટનીસ, *n.* અવલકારકુન, Head-clerk.
ચિઠ્ઠી,પત્રી, ચપાટી, *n.* થોડી મતલબનો કાગળ, Note.
ચિડાવું, *vt.* ખિજવવું. To tease.

ચિડિયું, ચિડિયલ, *a.* ચિડિયું. Irritable; Peevish.
ચિણગારી, ચિનગારી,-ગારો, *n.* તણખો. Spark.
ચિત,-ડું, *n.* મન. Mind. ૨. ચૈતન્ય. Attention.
ચિતરવું,*vt.*આળેખવું.To draw;to paint.to sketch.
ચિતા, *n.* ચેહ. Pyre. A funeral pire.
ચિતાર, *n.* આબેહૂબ વર્ણન. 2. ચિત્ર. Portrait.
ચિતારો, *n.* ચિત્રકામ કરનાર. A draughtsmen.
ચિત્ત, *n.* અંતઃકરણ; મન. Reasoning faculty.
ચિત્તભ્રમ, *n.* ઉન્માદ. Insanity. Madness.
ચિત્તવૃત્તિ, *n.* ચિત્તની વૃત્તિ. Feclings. Passion.
ચિત્તશાસ્ત્ર, *n.* માનસશાસ્ત્ર. Psychology.
ચિત્તાકર્ષક, *a.* મનોહર. Attractive.
ચિત્તો, *n.* એક જાતનો વાઘ. Panther.
ચિત્ર, *n,* છબી. Portaint; A drawing.
ચિત્રક,-કાર. *n.* ચિતારો. Painter. [painting.
ચિત્રકળા,-વિદ્યા,-કામ, *n.* ચિત્ર દોરવાની કળા. Art of
ચિત્રપટ, *n.* સીનેમાની ફીલમ. Film. ૨.પડદો. Screen.
ચિત્રવત્,*a.* ચિત્ર જેવું. Like a picture. ૨. સ્થિર. Still.
ચિત્રવિચિત્ર. *a.* રંગબેરંગી; વિલક્ષણ. Varicgated.
ચિત્રશાલા,-શાળા. *n,* ચિત્રો કાઢવાનું સ્થાન. Studio.
ચિત્રિણી, *n.* સુંદર ચતુર અને ગુણવાન સ્ત્રી. A beautiful, virtuous and clever woman.
ચિદાકાશ, *n.* Universal soul.
ચિદ્ઘન, *a.* જ્ઞાનથી ભરેલું. શુદ્ધ બ્રહ્મ. Full of Know-
ચિનાઈ *a.* ચિનમાં બનેલું; ચિનનું. [ledgc
ચિનિકબાલા *n.* એક ઔષધિ. A medical drug.
ચિપાસિયું, *n.* કંજુસ, Miser; Fastidious
ચિબાવલું, *a.* દોઢડાહ્યું. Owerwise; childish.
ચિબુક, *n.* હડપચી; દાઢી.. Chin. [wither.
ચિમળાવું, *vt* . કરમાવું. મ્લાન થવું. To fade; to
ચિમટી, *n.* ચમટી. A. pinch.
ચિમટો, *n.* ચિપીઓ..Pincers. Tongs.
ચિમ્મડ, *a.* કૃપણ. Stingy; miserly. [long time.
ચિર,-ચિરકાલ,-કાળ, *ad.* લાંબા વખત માટે. For a
ચિરસ્થાયી, *a.* દીર્ઘકાળ સુધી ટકી રહે તેવું. Lasting long.
ચિરંજીવ,-જીવી, *a.* લાંબી આવરદાવાળું. Immortal.
ચિરાગ, *n.* દિવો; બત્તિ. Lamp. [*n.* પુત્ર. Son.
ચિરાડો, *n.* ચીરો. Cleft; A split.
ચિરાવું, *vt.* ચીરાય તેમ કરવું. To be split,
ચિન્હ, *n.* નિશાની. A mark.
ચિંગુ. *a.* ચિકણું. Tough. ૨. મીંઢું. Artful.
ચિંગુસ, *n.* કરકસરીયું. Frugal.
ચિંતક, *n.* ફિલસુફ. વિચારક. Philosopher.
ચિંતવન, ચિંતન, *n.* મનન; વિચાર. Contemplation.
ચિંતનશીલ,*a* વિચારશીળ. Thoughtful. [Thinking.
ચિંતનીય,ચિંત્ય, *a.* વિચારણીય. Worth meditating.
ચિંતવું,-વવું, *vt.* વિચાર કરવો; મનન કરવું.To think.
ચિંતા, *n.* ફિકર; વિચાર. Concern.

ચિંતાકુળ,-કુલ,-તુર, *a.* ચિંતાથી વ્યાકુળ. Anxious.
ચીકટ, *a.* ચીકણું. Greasy.
ચીકટાવું, *vt.* ચીકણું થવું. To be greased.
ચીકટાવવું *vt.* ચીકણું કરવું. To grease.
ચીકટું, *a.* ચીકણું, Greasy,
ચીકણું, *a.* ચોટી રહે એવું. Greasy.2. કૃપણ. Stingy.
ચીકાશ, *n.* ચીકણાઈ. Grease.
ચીકુ, *n.* એક ફળ-ઝાડ. Kind of fruit.
ચીચવાવું, *vt.* ટળવળવું. To long for.
ચીચવો, *n.* ચીચુડો. See-saw.
ચીજ, ચીઝ, *n.* વસ્તુ. Thing. Any substance.
ચીટકી, *n.* ચપટી. Pinch. [Refuse.
ચીઢું, *a.* ચીકણું. Greasy. *n.* કાચાં પછીનો કચરો.
ચીડ, *n.* ક્રોધ. Anger, 2. ખીજવાટ; Annoyance.
ચીડિયું, *a.* ચીડાઇ જવું. Irritable.
ચીણગી, ચીનગી, *n.* ચીનગારી. Spark.
ચીત, *n.* મન, Mind. ૨. ધ્યાન. Attention. *a.* ચત્તું
ચીતરવું, *vt.* આલેખવું. To portray. [પડેલું. Flat.
ચીતરી, *n.* અણગમાની કંપારી. Disgust. [of snake
ચીતરો., *n.*ચિત્તો.·Leopard. 2.એક જાતનો સાપ.Kind
ચીત્કાર, *n.* ચીસ. Sharp terrifying cry.
ચીથરૂં, *n.* ગાભો. A rag.
ચીનવું, *vt.* જાણવું. To know.
ચીપટી, *n.* ચપટી. Pinch
ચીપડો.-ડું. *n.* આંખનો મેલ. Mucus of eye.
ચીપવું, *vt.* ગંજીફાનાં પાનાંને ઉપર તળે કરવાં. To
ચીપિયો, *n.* ચીમટો. Tongs. Pincers. [shuffle.
ચીબુ, ચીબડું, *a,* ચપટા નાકવાળું. Flat-nosed.
ચીભડું, *n.* એક ફળ. Musk-melon.
ચીમટી, *n.* ચીપટી. A pinch.
ચીમની, *n.* ધુમાડિયું; બત્તીની કાચની નળી. Chimney.
ચીમળવું,, *vt.* આમળવું. To pinch.
ચીમળાવું, *vt.* કરમાવું. To wither. 2ઝૂરવું. .To pine.
ચીર, *n.* તરડ. Asplit. ૨. રેશમી વસ્ત્ર. Fine siken
ચીરવું, *vt.* ફાડવું. To tear; To split. [garment.
ચીરો, *n.* ફાટ; કાપ. A crack.
ચીલો, *n.* ગાડામાર્ગ. Cart-way ૨. રિવાજ. Custom.
ચીવટ,, *n.* કાળજી. Care; Anxiety.
ચીસ, *n.* તીણી બૂમ. Scream. A shriek; yell.
ચીસું, *a.* કંજૂસ. Stingy; miserly.
ચીંથરૂં, *n.* ગાભો. Rag.
ચીંથરેહાલ, *a.* છેક જ ગરીબ. Very poor.
ચીંદરડી,-ડું, *n.* લૂગડાંની લાંબી પટી. Rag.
ચીંધવું, *vt.* આંગળી વડે દેખાડવું. To point. ૨. ફરમાવવું To command.
ચીંબોળવું, *vt.* આમળવું. To twist.
ચુકાદો, *n.* ફેંસલો. Decision.
ચુગલી, *n.* ચાડી. Slander.
ચુગલીખોર, *n.* ખોટી નિંદા કરનાર. Backbiter.

ચુડેલ, *n.* ડાકણ, **Witch; A hag.**
ચુનંદુ,-દા, *a.* ઉત્તમ. **Best. the flower.**
ચુનારો, *n.* કડિયો. Mason.
ચુપ, *a.* શાંત. Silent. *n.* મૂક. Speechless.
ચુપકીદી, *n.* મૌન. Silence. Quiet.
ચુપચાપ, *ad.* કાંઇપણ અવાજ કર્યા વગર. Silently.
ચુમવું. *vt.* ચુંમ્બન કરવું. To kiss.
ચુમી, ચુમ્મી, *n.* ચુંબન. Kiss.
ચુમાવું. *vt.* To be obliged to remain silent against.
ચુરેતરું, ચીરોતરું, *n.* એક પક્ષિ. Kind of partridge.
ચુલ્લિકા, *n.* ચૂલો, Hearth.
ચુસાડવું, *vt.* ચૂસે એમ કરવું. To make to suck.
ચુસ્ત, *a.* દઢ. Firm. ૨. તંગ. Tight.
ચુંગલ,-ચુંગાલ, *n.* પંજો. Paw. ૨. પકડ. Grip.
ચુંગી, *n.* તમાકુ પીવાની નળી. Tobacco-pipe. *n.* Tax. દાણ.
ચુંબક, *a.* પોતાની તરફ આકર્ષણ કરનારું. Magnetic.
ચુંબન, *n.* બચ્ચી. Kiss.
ચૂઓ, ચુવો, *n.* ઉંદર. Rat.
ચૂક, *n.* ભૂલ; કસુર. Mistake; Error.
ચૂકવવું, *vt.* પતાવવું. To pay off. ૨. ભૂલાવવું. To evade.
ચૂકવું, *vt.* ભૂલ કરવી. To blunder. નિષ્ફળ નિવડવું. To fail.
ચૂગવું. *vt.* ચાંચ વતી ખાવું. To eat with beak.
ચૂટકી, *n.* ચપટી. Pinch
ચૂટકો, *n.* જાદુ. Spell. Incantation.
ચૂડ, *n.* આંટી; પકડ. Twist; A warp. ૨. બંગડી. Bangle.
ચૂડગર, *n.* મણિયાર. Bangle-maker.
ચૂડલો, *n.* ચૂડો. Bangle.
ચૂડી, *n.* નાનો ચૂડો. Small bangle. A bracelet.
ચૂડીકરમ, *n.* પતિનું મરણ થતાં સ્રીના હાથની ચૂડિયો ભાંગવી તે. Breaking of bangles of a woman on the death of her husband.
ચૂડો, *n.* સ્રીઓના કાંડાનું એક ઘરેણું. Bangle.
ચૂનવું, *vt.* વીણવું. To pick up; To glean.
ચૂનાગચ્છી,-ચ્ચી, *n.* ધાબુ. Open terrace set with line and mortar.
ચૂની, *n.* હીરાકણી. Small ruby
ચૂનો, *n.* મકાનાદિમાં વપરાતો પત્થર વિ૦નો પકાવેલો ભૂકો. Lime.
ચૂમવું, *vt.* બચ્ચી કરવી. To buss; To kiss.
ચૂમી, *n.* ચુંબન. Kiss. A buss; a smack.
ચૂર, ચૂરણ, ચૂરી, *n.* ભૂકો. Powder, Fragments. Bits.
ચૂરો, *n,* ભૂકો. Powder. Bits.
ચૂર્ણ,-ચુરણ, Powder.
ચૂલ, *n.* રસોઇ રાંધવા ખોદેલો મોટો ચૂલો. Hearth.
ચૂલાવેરો, *n.* ઘરવેરો. House-tax.
ચૂલો, *n.* રાંધવા માટે બળતણ ગોઠવવાની જગા વિ૦ Hearth.
ચુવાચંદન, *n.* એક જાતની સુખડ, Kind of sandal-wood

ચૂવું, *vt.* ટપકવું. To leak, To drip.
ચૂસણનીતિ -પદ્ધતિ *n.* ચૂસી ખાવું તે. Exploitation.
ચૂસવું, *vt.* મોં વડે રસ ખેંચવો. To suck. 2. નિ:સત્વ કરવું. To enfeeble.
ચૂંક, *n.* આંકડી Stomach-ache. ૨. નાની ખીલી. Tack.
ચૂંકાવું *vt.* ચૂંક આવવી. To ache.
ચૂચાં, *n.* આનાકાની. Hesitation.
ચૂંટ, *n.* વલૂર. Itch; Scratching.
ચૂંટણી, *n.* પસંદગી. Election; selection.
ચૂટવું, *vt.* પસંદગી કરવી. To select ૨. ચૂંપવું. To pluck.
ચૂંટી, ચૂટકી, *n.* ચીમટી Pinching.
ચૂંથવું. *vt.* ફેંદવું. To ransack. To rummage.
ચૂંથાચૂંથ, *n.* ફેંદાફેંદ. Rummaging, spoiling.
ચૂંથો, *n.* ગાભો. Rag.
ચૂંદડી, *n.* એક જાતનું ભાતીગળ રેશમી કપડું. A silken cloth having devices painted on it.
ચેટક, *n.* ભૂત; વળગણ. Sorcery.
ચેડાં, *n.* અડપલાં. Foolish pranks.
ચેતન, *a.* સજીવ. Animate. *n.* જીવનશક્તિ. Vitality.
ચેતના, *n.* પ્રાણ; જીવ. Life. Vitality.
ચેતવણી, *n.* તાકીદ. Warning. Hint.
ચેતવવું, ચેતાવવું, *vt.* અગાઉથી ખબર આપવી. To warn.
ચેતવું, *vt.* To catch fire. સળગવું. ૨. ઈશારતમાં સમજી જવું. To take a hint. ૩. સાવધાન થવું. To beware.
ચેન, *n.* કરાર. કળ. Ease; rest. ૨. મોજમઝા. સહેલ Merriment. ૩. સુખ; આનંદ. Tranquility.
ચેનબાજી, *n.* ગમ્મત. Merriment. Luxury.
ચેપ, *n.* રસી. Pus. ૨. બીજા રોગની અસર. Infection.
ચેપી, *a.* ચેપ લગાડે એવું. Contagious.
ચેરવું, *vt.* છેકવું. To strike out. To erase.
ચેરંચેરા, ચેરાચેર, *n.* છેકાછેક. Sctraching out. Erasures.
ચેરીમેરી, *n.* બક્ષિસ. Present. Gift; Reward.
ચેરો, *n.* છેકો. Scratch.
ચેલકી, *n,* છોડી. Girl.
ચેલકો, *n.* છોકરો. Boy.
ચેલો, *n.* શિષ્ય. A disciple. A pupil.
ચેલી, *n.* શિષ્યા. Female disciple.
ચેવવું, *vt.* સેકવું. To make warm.
ચેષ્ટા, *n.* ચાળા; ઠઠ્ઠા. Waggery. Mimicry.
ચેષ્ટાળી, *n.* ઠઠ્ઠો; ટિખળ. Joke; Mischief.
ચેહ, *n.* ચિતા. Pyre.
ચેહેરો, *n.* શિકલ. સુરત. The face; The feature.
ચેંચેંપેંચેં, *n.* ગણગણાટ. Murmur.
ચૈતન્ય, *n.* ચેતના. Life. ૨. જ્ઞાન. Knowledge.
ચૈત્ય, *n.* સ્મરણસ્તંભ; પાળીઓ. Monument. ૨. દેવળ. Temple.
ચૈત્ર, *n.* વિક્રમ સંવત્‌નો છઠ્ઠો માસ Sixth month of the Hindu year.

ચોક, *a.* ચારગણું. Fourfold. *n.* ઘરનીવચ્ચે છૂટી જગ્યા. Compound. ૨. બજાર. Bazar.
ચોકઠું, *n.* બારી કે બારણું બેસાડવા કરેલો ઘાટ. Frame. ૨. યુક્તિ. Device.
ચોકડી, *n.* + આત્રી-આકૃતિ. Sign. ૨. પેશાબપાણી માટેની જગો. Urinal.
ચોકઠું, *n.* લગામ; અંકુશ, Bridle.
ચોકસ, *a.* નક્કી; બરાબર. Exact. ૨. સાવધાન. Shrewd.
ચોકસપણું. *n.* ચોકસાઇ. Exactness. Precision.
ચોકસાઇ, *n.* બારીક તપાસ. Scrutany. ૨. કાળજી. Carefulness.
ચોકસી, *n.* સોના રૂપાનો ધંધો કરનાર. Jeweller.
ચોકિયાત, *n.* રખવાળ. Watchman.
ચોકી, *n.* થાણું. Gate. ૨. નાકું, Toll-bar. ૩. તપાસ; Watch.
ચોકીદાર, *n.* રખવાળ. Watchman
ચોકો, *n.* રસોઇ કરવા અબોટ કરેલી જગા. Spot cleared for cooking. ૨. મરનારને સુવાડવા માટે લીંપીને તૈયાર કરેલી જગા. A spot cleared for dying man to lie upon.
ચોખવટ, *n.* સ્પષ્ટતા. Clearness. નિકાલ. Settlement.
ચોખળું, *n.* વિભાગ. District.
ચોખંડું, *a.* ચોરસ. Square. Quadrangular.
ચોખા, એક અનાજ. Rice.
ચોખાપૂર, -ભર, *a.* જરાક. As much as a grain of rice.
ચોખાળવું, *vt.* સાફ કરવું. To cleanse.
ચોખૂણ, ચોખૂણિયું, *a.* ચાર ખૂણાવાળું. Quadrangular.
ચોખૂંટ, *ad.* તમામ બાજુએ. On all sides.
ચોખ્ખું, *a.* સ્વચ્છ. Clean. ૨. પ્રમાણિક. Honest. ૩. સ્પષ્ટ. Clear.
ચોખ્ખાઇ, *n.* સ્વચ્છતા. Cleanliness. Purity.
ચોગડો, *n.* ચારનો આંકડો; ૪. Figure of four.
ચોગણું, *a.* ચારગણું. Fourfold.
ચોગમ ચોગરદમ, *ad.* ચારે દિશાએ. On all sides.
ચોગાન, *n.* મેદાન. Large plain.
ચોઘડિયાં, *n.* અમુક ઘડિએ વાગતાં નગારાં. Drums beaten at a fixed period.
ચોઘડિયું, *n.* મુહૂર્ત. Auspicious time.
ચોટ, *n.* ઘા. Wound. તક. Opportunity.
ચોટલી, ચોટી, *n.* શિખા. Lock of hair.
ચોટલો, *n.* વેણી; અંબોડો. Hair on the head of a woman.
ચોંટવું, *vt.* ચીકાશને લીધે વળગવું. To stick to. ૨. વળગવું To cling to.
ચોટાડવું, *vt.* ચોટે એમ કરવું. To paste, To gum.
ચોટ્ટું, *a.* લુચ્ચું. Thievish. Roguish.
ચોડ, *a.* પહોળું. Broad. Wide.
ચોડવું, *vt.* ચોટાડવું; જડવું. To plaster. To fix.
ચોડુ, *a.* પહોળું. Broad. Wide.
ચોડો, *n.* ઢગલો. Heap.
ચોતરફ, *ad.* ચારે બાજુ. All round.
ચોતરો, *n.* ચબૂતરો. Raised square.
ચોથ: ચોથાઈ, *n.* ચોથોભાગ. Fourth part.
ચોથું, *a.* ક્રમમાં ત્રીજા પછી આવતું. Fourth.
ચોદશ, ચોદિશ, *ad.* ચોતરફ. All round.
ચોધરી, *n.* ગાડીત સારથી. Coachman.
ચોધાર, *a.* પુષ્કળ. Overflowing.
ચોપ, *n.* ખંત; ઉત્સાહ. Zeal. Vigilance.
ચોપગ, -ગું, *a.* ચાર પગવાળું. Four-legged. *n.* જનાવર. Animal.
ચોપચીની, *n.* એક વનસ્પતિ-ઔષધ. China wood-root.
ચોપટ, ચોપાટ, *n.* સોગટાંની રમત. Game.
ચોપડવું, *vt.* લગાડવું. *vt.* To daub. To besmear.
ચોપડી, *n.* પુસ્તક, Book.
ચોપડું, *a.* ચારપટવાળું. Having four folds. *n.* ચાર પડવાળી રોટલી. Bread. ચીકટું. Greasy
ચોપડો, *n.* હિસાબ લખવાની વહી. Large account book.
ચોપવું, *vt.* રોપવું. ખોસવું. To plant.
ચોપાઇ, *n.* એક છંદ. Metre, ૨. ખાટલો. Cot.
ચોપાનિયું, *n.* બે પાંચ પાનાનું પતાકડું. Pamphlet. વર્તમાન પત્ર. Newspaper.
ચોપાસ, ચોફેર, ચોબાજુ, *ad.* ચોતરફ, All around.
ચોફાળ, *n.* જાડી મોટી પીછોડી. Large double sheet.
ચોબ, *n.* દંડુકો. Stick. ૨. છડી. Mace.
ચોબદાર, *n.* છડીદાર. Mace-bearer.
ચોભીલું, *a.* છોભીલું. Taken aback.
ચોમગ, ચોમેર, *ad.* ચોતરફ. All around.
ચોમાસું, *n.* વર્ષાઋતુ. Monsoon.
ચોર, ચોર, *n.* ચોરી કરનાર માણસ. Thief.
ચોરખાનું, છૂપું ખાનું. Secret drawer.
ચોરખીસું, -ગજવું, *n.* છૂપું ગજવું. Secret pocket.
ચોરગલી, *n.* છૂપીગલી. A by-lane.
ચોરટું, *a.* ચોરી કરવાના સ્વભાવવાળું. Thievish.
ચોરણી-ણો, *n.* લેંઘો. Trousers.
ચોરનજર, *n.* છૂપી નજર. *n.* Stealthy look.
ચોરબારી, *n.* છૂપી બારી. Secret outlet.
ચોરવું, *vt.* પારકાનું છૂપી રીતે લઈ લેવું. To pilfer.
ચોરસ, *a.&n.* ચારે બાજુઓ સરખી હોય તેવું. Square.
ચોરાઉ, *a.* ચોરાયેલું. Stolen.
ચોરી, *n.* તસ્કરી. Theft. Stealth.
ચૉરી, *n.* માયરું. વરકન્યા પરણવા બેસે છે તે મંડપ. Square in which birde and brideroom are married.
ચોરો, *n.* ગામમાં સહુને બેસવાની જગ્યા. Public place in a village. ૨. પોલીસ થાણું. Police gate.
ચોવટ, *n.* બજાર; ચકલું. Market. ૨. ખુલ્લી જગ્યા. Open space. ૩. પંચનો ચુકાદો. Decision by arbitration.
ચોવાટ-ટે, *ad.* ચોતરફ. Everywhere.
ચોસલું, *n.* ગચિયું. Block. A piece.
ચોળવું, *vt.* ઘસવું. મસળવું. To rub. To annoint.
ચોળિયા, *n.* ગળાના કાકડા. Tonsils.

ચોળી, *n.* સ્ત્રીઓનો ટુંકી બાંયનો કબજો. Bodice.
ચોંટવું, *vt*, વળગવું. To stick to. To adhere.
ચોંટાડવું, *vt.* લગાડવું. To paste. To affix.
ચોંટી, *n.* ચૂંટી. Pinch.
ચોટું, *n.* બજાર. Market.
ચોદ, *a.* ૧૪. Fourteen.
ચોદમું રત્ન, *n.* અમૃત. Nectar. ૨. માર. Beating. [Punishment.
ચૌદલોક,-ભુવન *n.* વિશ્વ. The universe.
ચ્યુત, *a.* પતિત ભ્રષ્ટ. Fallen. Depraved.
ચ્યુતિ, *n.* પતન. Fall. ૨. ક્ષતિ. Error.

છ

છ, The seventh consonant of the Gujarati Alphabet. *int.* ૨. છટ Fie !
છક્, *ad.* દિગ્મૂઢ; ચકિત. *n.* તોર. Pride.
છકછકાટ, *n.* તોર. Arrogance. ૨. Foppishness.
છકડો, *n.* ગાડું; એક્કો. Cart.
છકવું, *vt.* વંઠી જવું. To be arrogant. To be puffed up.
છક્કડ, *n.* તમાચો. Slip. ૨. ભૂલથાપ. Deceit. Misleading.
છગ,-લ, *n.* બકરો. He-goat.
છગડો, *n.* છનો આંકડો. Figure of six.
છચોક, *ad.* છડેચોક; ખુલ્લી રીતે. Openly.
છછણવું, છણછણવું, *vt.* ગુસ્સે થવું. To be angry. [To murmur.
છછણાટ, છણછણાટ, *n.* ગુસ્સો. Anger.
છછરૂં, *a.* ઊંડું નહી એવું. Not deep.
છછુંદર, *n.* ઉંદરના જેવું એક પ્રાણી. A blind mouse. ૨. તોફાની. Mischievous.
છછોરૂં, *a.* છોકરવાદ. Childish.
છજું, *n.* ઝરૂખો. Balcony.
છટ, *int.* ધુત્કારસૂચક ઉદ્ગાર. Pshaw.
છટકારવું, *vt.* ધૂત્કારવું. To fie.
છટકવું, *vt.* નાસી જવું. To slip away. To escape.
છટા, *n.* શોભા. Beauty. ૨. રીત. Characteristic.
છટાદાર, *a.* સફાઇદાર. Airy. ૨. અસ્ખલિત. Fluent.
છઠ્ઠી, *n.* જન્મથી છઠ્ઠાદિવસની ક્રિયા. Ceremony performed on the sixth day of birth.
છટેલ, *a.* વંઠેલ. Lewd.
છઠ્ઠું, *a.* પાંચમા પછીનું. Sixth.
છટકવું, *vt.* છાંટવું. To sprinkle.
છડવું, *vt.* ખાંડીને છોડાં જુદાં કરવાં. To thrash
છડા, *n.* પગનું ઘરેણું. Ornament for legs.
છડી, *n*, રાજચિહ્નનો દંડ. Mace. ૨. સોટી. Cane ૩. કલગી. Nosegay.
છડીદાર,-વાન, *n*, ચોબદાર. Mace-bearer
છડીછાટ,-છાંટ *a.* વાંઝીયું. Childless.
છડું, *a.* એકલું; સાથ વિનાનું. Alone; Single.
છડેછડું, *a.* એકલું. Single.
છડેચોક, *ad.* ખુલ્લી રીતે. Openly,
છડો, *n.* મોતીનો કંઠો. Necklace of pearls.
છણુકવું,-કારવું, *vt.* તરછોડવું. છણુકો કરવો. To scorn.
છણુકો,-કારો, *n.* તરછોડ; Affected or real anger.
છણવું, *vt.* ગળવું. To filter. ૨. બારીક તપાસ કરવી. To sift; To scrutinise minutely.
છણાવટ, *n.* બારીક તપાસ; છણવું તે. Scrutinisation.
છત, *n.* હયાતી. Existence. ૨. પુષ્કળપણું. Abundance.
છતરાયું. *a.* ખુલ્લું. Open; Public.
છતાં,-ય, *ad.* તોપણ. Nevertheless.
છતું, *a.* ખુલ્લું. Open; Public. ૨. ચતું, Flat.
છત્તુંપાટ, છત્તાપાટ, *a.* ચતું Flat.
છત્ર, *n.* છત્તર, મોટી છત્રી. Umbrella of dignity. 2. એક રાજચિહ્ન. A royal ensign. ૩. રક્ષક. Guardian.
છત્રછાયા, *n.* આશ્રય. Shelter
છત્રધર,-ધારી,-પતિ, *n.* રાજા; શાહેનશાહ. King; Emperor.
છત્રી, *n.* તાપ અને વરસાદથી બચવા માટે ઓઢવાનું એક સાધન. Umbrella.
છદ્મ, *n.* છળકપટ Fraud. ૨. બહાનું. Pretext.
છન્ન, *a.* ઢંકાયલું; ગુપ્ત. Covered, secret.
છપગું, *a.* છ પગવાળું. Six-feeted.
છપતરૂં, *a.* છાછરૂં; પાતળું. Shallow.
છપરખાટ,-પલંગ, *n.* છત્રીવાળો પલંગ. A bedstead with a canopy.
છપરપગું, *a.* અભાગી. Unlucky.
છપવું, *vt.* સંતાવું, To hide, To be concealed.
છપાઇ,-મણ,-મણી, *n.* છપાવવાની રીત-ક્રિયા,વા, કિંમત; છાપણી. Cost or manner of printing.
છપાદ,-યું. *a.* છ પગવાળું. Six-feeted.
છપાનિયું, *a.* ચોપાનિયું. Pamphlet.
છપાવવું, *vt.* છાપે એમ કરવું. Get printed.
છપ્પન, *a.* ૫૬, Fifty Six.
છપનિયો, *n.* સં.૧૯૫૬ માં પડેલો મહાન દુકાળ. Famine of 1955.
છપ્પો, છપ્પય, *n.* છ લીટીનો એક છંદ. Verse of six lines.
છબ,-છબ. છબકછબક, *ad.* પાણીમાં કાંઈ અફળાવાના અવાજ જેવું. Splashingly.
છબછબું *a.* છછરૂં. Shallow.
છબરડો, *n.* ગોટાળો, Confusion.
છબિ, છબી, *n.* તસવીર, Portrait.
છબિદાર,, *a.* સુંદર. Beautiful. Handsome.
છબિલું, *a.* મોહક. Charming; Handsome.
છમ છમકછમક, *ad.* ઠમકા સાથે. Jinglingly.
છમકલું, *n.* અડપલું. Mischief. Slight.
છમકવું, *vt.* ઠમકો કરવો, To jingle.
છમછમાટ, *n.* તોર. Arrogance. Airs; conceit.
છમછમિયાં, *n.* કાંસી જોડા. Cymbals.
છમાસિક, છમાસિ, *a.* છ મહિને થતું-કાર્ય. Occuring at the end of six months.
છર, *n.* તોર; મદ. Arrogance; Pride.
છરતું, *a.* નમતું. Slanting; Sloting.
છરાયું,-યેલું. *a.* માતેલું; ફાટેલું. Raving; Half-mad.
છરી, *n*, પાળી; ચાકુ. Knife.
છરો, *n.* મોટી છરી. Big Knife. ૨, બંદુકમાં વપરાતી ગોળી. Bullet,

છલ, *n.* કપટ; છેતરપિંડી. Deception, sham.
છલન,–ના, *n.* છેતરપિંડી. Fraud.
છલકાવું, છલ્લાવું, *vt.* ઉભરાવું. To overflow.
છલંગ, *n.* ઠેકડો; ફદકો. Jump. A leap; a spring.
છલાછલ, છલોછલ, *ad.* ભરપુર. Full; filled to the brim.
છલિત, છળિત, *a.* ઠગાયલું. Deceived. ૨. ચમકેલું. Frightened.
છવાવું. *vt.* ઢંકાવું. To be covered. ૨. ફેલાવું. To be spread.
છવ્વીશ,–સ, *a.* ૨૬ Twenty six.
છળ, જુઓ 'છલ'
છળકપટ,–પ્રપંચ,–ભેદ, *n.* છેતરપિંડી. Fraud; Deception
છળવું, *vt.* છેતરવું. To cheat ૨. ચમકાવવું, To startle.
છંછેડવું, *vt.* ચીડવવું; સળી કરવી. To tease; To vex.
છંકાવ,–કોર, છંટાવ, *n.* છાટવું તે. Sprinkling Watering.
છંટકોરવું, *vt.* છાંટવું. To sprinkle.
છંટાવવું, *vt.* છાંટે તેમ કરવું. To get sprinkled.
છંટાવું, *vt,* છાંટા ઉડવા. To be sprinkled.
છંદ, *n.* વૃત; કવિતા. Metre. ૨, વ્યસન. Habit, ૩. અમુક જાતની ચુડીઓ. Kind of braclets.
છંદશાસ્ત્ર, *n.* પિંગળ. Prosody.
છંદી,–લું, *a.* અમુક લતવાળું; શોખિન. Wilful.
છાક, *n.* નિસો; ઘેન; કેફ. Intoxication. ૨.તોર. Arrogance; Pride.
છાકટું, *a.* દારૂ પીને ભાન ભૂલેલું. Drunk.
છાકટો, *n.* દારૂડિયો. Drunkard.
છાકમછોળ, *n.* પુષ્કળતા. Overflowing.
છાછર, *n.* તાસક. Dish. *a.* છાછરૂં, Shallow.
છાછરૂ, *a.* ઊંડું નહી એવું. છછરૂ. Shallow. [રાઇ. Shelf.
છાજ, *n.* છાપરાપર કરાતું આચ્છાદન. Thatch. ૨. અભ-
છાજલી. *n.* અભરાઈ. Shelf. [To suit; To cover.
છાજવું, *vt.* લાયક હોવું. To deserve. ૨.શોભવું,ઢાંકવું.
છાટ, *n.* પથ્થરનો લાંબો પહોળો કકડો. Long slab of stone.
છાણ, *n.* ગોબર.
છાણું, *n.* છાણને થાપીને સુકવેલું ચકરડું. Dung-cake.
છાણવું, *vt.* ગાળવું; To filter.
છાતરક, *n.* ફાળ. Gallop.
છાતી, *n.* વક્ષસ્થળ. Chest. ૨. હિંમત. Courage.
છાતીકઢુ,–ચલું, *a.* શૂરૂં; બહાદુર. Courageous.
છાતીપુર, *a.* છાતી સુધી આવે એટલું. Chest-deep.
છાતીફાટ. *ad.* છાતીફાટી જાય એમ. Bitterly.
છાત્ર, *n.* વિદ્યાર્થી, Scholar.
છાત્રવૃત્તિ, *n.* શિષ્યવૃત્તિ. Scholarship.
છાત્રાલય, *n.* છાત્રોને રહેવાનું સ્થળ, Boarding-house.
છાનું. *a.* ગુપ્ત, Secret. concerted; Private.
છાનુંછપનું, *a.* ગુપ્ત. Hidden.
છાનુંમાનું, *ad.* કોઈ ન જાણે તેવી રીતે. Secretly.
છાપ, *n.* આકૃતિ પાડવાનો સીક્કો. Stamp. ૨. એક વસ્તુ બીજા પર દાબવાથી તેની આકૃતિ પડે તે. Print. ૩. અસર. Impression. ૪. રોફ; દાબ. Awe.

છાપખાનું, *n.* મુદ્રણાલય. Printing press.
છાપગર, *n.* છીપો. Cloth-printer.
છાપરૂં,–રી, *n.* મકાન પર કરેલું ઢાંકણ. ૨. ઝૂંપડું. Hut.
છાપવું, *vt.* બીબાં વડે આકૃતિ પાડવી. To print.
છાપું, *n.* વર્તમાનપત્ર. Newspaper. ૨.બીબું. Stamp.
છાપો, *n.* ઓચિંતો હુમલો. Suddan attack. ૨. લાગો. Tax.
છાબ,–ડી, *n.* વાંસની છાછરી ટોપલી. Bamboo basket.
છાયલ, *n.* એક જાતનો છાપેલો સાલ્લો. Female garment.
છાયા, *n.* છાંયો, પડછાયો. Shadow. ૨, આશ્રય. Shelter. ૩. અસર. Impression.
છાયાયંત્ર,, *n,* છાયા ઉપરથી સમય જાણવાનું યંત્ર. Sundial.
છાર, *n.* રાખોડી, Ashes. ૨. છારી. Film.
છારવું, *vt.* બાળીને ખાખ કરવું. To turn to Ashes ૨.માંડી વાળવું.છાવરવું. To compromise. To hide.
છારી, *n.* વસ્તુ પર બાઝતો આછો થર. Pellicle.
છાલ, *n.* ઝાડની ત્વચા. Rind. ૨. કેડો Being after a person.
છાલક, *n.* પાણીની છોળ Splash.
છાલકુ, *n.* ગધેડાપર આવતી ગુણ. Corn beg. *a.* છાછરૂં. Shallow. ૨. આછકલું. Vain. [Bruses.
છાલાં, *n.* ફોતરાં. Husks. ૨. ચામડી પરનાં ભિંગડાં.
છાલિયું, *n* પહોળા મોંનો વાટકો. Broad brass-cup.
છાવણી, *n.* પડાવ. Camp.
છાવરવું, *vt.* ઢાંક પિછોડો કરવો. To hide.
છાવું, *vt.* ઢાંકવું. To cover.
છાશ, છાસ, *n.* દહીં વલોવી કરાતું પ્રવાહી. Whey.
છાંઈ, *n.* છાયા Shade. Shelter.
છાંછલું, છાછળું, *a.* ઉછાળવું; ઉદ્ધત. Rash. Thoughtless.
છાંડુ, *a.* ગંદુ; મેલું. Dirty. Filthy.
છાંટ, *n.* થોડા ઝીણા છાંટા; ફરફર. Sprinklings. ૨. ગપ્પું. False story. ૩, નાના કકડા. Shreds.
છાંટવું, *vt.* વિખરાઇ પડે એમ પ્રવાહીને નાંખવું. Sprinkle. ૨, ગપ્પું મારવું. To gossip.
છાંટું, *a.* ગપ્પી. Gossiping.
છાંટો, *n.* બિંદુ; ટીપું. Drop. ૨. ડાઘ; કલંક. Blot.
છાંટોપાણી, *n.* દારૂ. Wine.
છાંડણ, *n.* છાંડેલું અન્ન. Refuse.
છાંડવું, *vt.* ત્યજી દેવું. To abandon. ૨. ફારગતી આપવી. To divorce. ૩. ભાણામાં પડયા રહેવા દેવું. To leave refuse.
છાંય,–ડો, છાંયો, *n.* છાયા. Shade. Shalter.
છિ, *int.* ધિક્કાર દર્શાવતો ઉદ્ગાર, Fie.
છિછકલું, *a.* છોકરવાદી; ઉછાંછળું. Childish. Puerile.
છિદ્ર, *n.* કાણું; બાકું. Hole. ૨. દોષ. Fault.
છિદ્રાન્વેષણ, *n.*બીજાના દોષ શોધવાતે. Fault-finding.
છિદ્રાન્વેષી. *a.* બીજાના દોષ શોધતું. Fault-finding.
છિનવવું, છિનવી લેવું, *vt.*ખુંચી લેવું. To snatch away.
છિનાળ,–વું. *a.* વ્યભિચારી. Lewd.
છિનાળવાડો, *n.* ખાંજરૂ. Brothel,

છિનાળુ, *n.* વ્યભિચાર; જારકર્મ. Debauchery.
છિન્ન, *a.* જુદું પાડેલું. Divided.
છિન્નભિન્ન. *a.* અસ્તવ્યસ્ત. Mutilated.
છીપાવવું, *vt.* છીપે એમ કરવું. To quench,
છિલેડું, *n.* છોડું; છોતરૂં. Peel.
છી, *n.* ગંદી વસ્તુ. Dirty thing.
છી, છીછી, *int.* ગંદકી સૂચક ઉદ્ગાર. Pshaw. *Fie.*
છીછરવું,-રૂં, છીદરૂં, *a.* છાછરૂં. Shallow.
છટ, છીત, *n.* અણગમો. સૂગ. Prejudice.
છીટું, *n.* બહાનું. Pretext. ૨. દોષ. Fault.
છીણવું, *vt.* છણવું; છુંદો પાડવો. To peel. To scrape.
છીદરી, *n.* એક જાતનો સાલ્લો, Kind of female [garment.
છીનવવું, *vt.* આંચકી લેવું. To snath off
છીનવું, *vt.* કાપવું, છેદવું. To cut. To scrape.
છીપ, *n.* એક જાતની માછલીનું કોટલું-ઘર. Shell.
છીપર, *n.* પત્થરની છાટ. Slab of stone.
છીપરૂં, *a.* ગંદું. Dirty. Filthy.
છીપવું, *vt.* શમવું, શાંત થવું. To quench.
છીપો, *n.* છાપગર. Cloth-printer.
છીબું. *n.* તાસક. તપેલીનું ઢાંકણ. Dish.
છીલટું, *n.* છોતરૂં; છોડું. Peel.
છીલવું, *vt.* છોડાં ઉતારવાં. To peel To scoop.
છીંક, *n.* છીં કરીને જોરથી શ્વાસ બહાર ફેંકવો તે. Sneeze
છીંકણી, *n.* સુંઘવા માટે ઘૂંટીને તૈયાર કરેલી તમાકુ. Snuff.
છીંકવું, *vt.* છીંક ખાવી. To sneeze.
છીંટ, *n.* એક પ્રકારનું રંગીન ભાતીગળ કપડું. Chintz.
છીંડી, *n.* ગલી. Alley.
છીંડું, *n.* વાડમાં નાકું. Opening in a hedge. ૨. દોષ. [Fault.
છુટકારો, *n.* મુક્તિ. Release. ૨. અંત. End.
છુટ્ટી. *n.* રજા. Leave. ૨. પરવાનગી. Permission.
છુપાવવું, *vt.* સંતાડવું. To hide. To conceal.
છુપાવું, *vt.* સંતાવું; છૂપવું. To conceal one's self.
છુરી,-કો, *n.* છરી; ચાકુ. Knife.
છું, *vt.* 'હોવું'નું પ્રથમ પુરુષ એકવચન. Am.
છૂ, *n.* સરકી જવું તે, Egress.
છૂટ, *n.* જગ્યાની મોકળાશ, Extensive space. ૨. સ્વતંત્રતા. Freedom. ૩. પરવાનગી. Permission.
છૂટક, *ad.* છૂટુંછૂટું; જથાબંધ નહિ તેમ. By retail.
છૂટકો,-કારો, *n.* છૂટકારો. Release. Emancipation.
છૂટવું, *vt.* છૂટકારો મેળવવો. To be freed.
છૂટાછેડા, *n.* ફારગતી. Divorce. ૨. પ્રસૂતિ. Delivery.
છૂટું, *a.* સ્વતંત્ર; બંધનમુક્ત. Free.
છૂટું છવાયું, *ad.* અહીંતહીં વેરાયલું. Here and there.
છૂપવું, *vt.* સંતાવું. To hide one self.
છૂપાછૂપ, *ad.* છુપી રીતે. Secretly.
છૂપું, *a.* ગુપ્ત; છાનું. Secret. Hidden.
છૂંદણું, *n.* શરીરપર છુંદીને પાડેલું ટપકું. Ornamental black dot tattooed on body. [tattoo.
છૂંદવું, *vt.* કચરવું. To crush. ૨. ટોચવું. To
છૂંદો, *n.* છૂંદી છૂંદીને બનાવેલો લોચો. Mince.
છેક, *ad.* તદ્દન. Wholly. ૨. અંતસુધી. To the end.
છેકવું, *vt.* ચેરવું. To scratch. To erase.
છેકો, *n.* ચેરો. Scratch. Erasure.
છેટું, *a.* વેગળું; દૂર. Distant.
છેડ,-ણી, *n.* પજવણી. Teasing. Harrasing.
છેડતી, *n.* દોષ. Fault. ૨. અડપલું. Prank,
છેડવું, *vt.* ચીડવવું. To vex. To tease.
છેડાછેડી, *n.* લગ્નગાંઠ. Marriage-tie.
છેડો, છેડલો, *n.* અંત. End. ૨ હદ. Limit.
છેડાછૂટકા, *n.* ફારગતી; તલાક. Divorce.
છેતરપિંડી,-બાજી, *n*, ઠગાઇ. Deception. Deceit.
છેતરવું, *vt.* ઠગવું. To deceive. To cheat.
છેતરામણ, *n.* કપટ. *F*raud. Deceit.
છેદ, *n.* કાણું. Bore ૨. કાપો. Cut. ૩. ભાગનારી [સંખ્યા. Divisor.
છેદક, *n.* & *a.* છેદનારૂં. Divisor.
છેદન, *n.* કાપવું તે. Cutting.
છેદનભેદન. *n.* સંપૂર્ણ નાશ. Complete ruin.
છેદવું, *vt.* કાણું પાડવું. To bore. ૨. કાપવું. To cut.
છેરવું, *vt.* પાતળું અઘવું. To discharge watery excrement.
છેલ,-ડો,-બટાઉ, *n.* વરણાગીઓ. *F*op. A beau.
છેલછબીલું, *a.* વરણાગિયું. *F*oppish.
છેલાઇ *n.* વરણાગી. Foppishness.
છેલ્લું, *a.* છેવટનું. Last.
છેવટ, *n.* અંત. End. Conclusion.
છેવટે, *ad* અંતે. *F*inally.
છેવાડું, *a.* છેલ્લું. Last.
છેવાવું, *vt.* મોડા આવવું. To arrive. late
છેહ, *n.* વિશ્વાઘાત; દગો. Breach of turst. ૨. ત્યાગ. Abandonment.
છૈયું, *n.* છોકરૂં. Child. Progeny.
છો, *n.* ચુનાનો કેલ. Plastering.
છોબંધ, *a* છોવાળું. Plastered.
છોકરમત,-વાદ, *a.* & *n.* બાળક જેવું હઠીલું. Childish,
ઠાંસ, *n*. વણાટની ઘટતા. Firmness in texture. ૨, શેખી; બડાઈ. Self-conciet. ૩. લૂખી ઉધરસ. Cough.

ઠાંસવું, *vt*. દબાવીને ખાવું. To eat greedily ૨. ઉધરસ ખાવી. To cough.

ઠાંસી, ઠાંસો, *n*. ખાંસી. Cough.

ઠિઠિયારી, ઠિશિયારી, *n*. મશ્કરી. Joke.

ઠિંગુજી, *n*. વામનજી; ઠીંગણું માણસ. Dwarf.

ઠીક, *ad*. 'વારૂ-સારૂ' અર્થ બતાવતો ઉદ્ગાર. Exactly. *a*. સાધારણ. Common. ૨. જોઈએ તેવું. Suitable.

ઠીકઠાક, *ad*. બરાબર ગોઠવેલું હોય તેમ. Being will arranged.

ઠીકાઠીક, *a*. કામચલાઉ, Temporary; So so.

ઠીકરૂં, *n*. માટીના વાસણનો ભાંગેલો ટુકડો. Fragment of an earthen pot.

ઠીઠી *ad*. મોટેથી હસવાની માફક Laughing loudly.

ઠીઠું, *a*. નકામું, Unserviceable.

ઠીબ, *n*. ભાંગેલા હાંલ્લાનો ભાગ. Lower flat part of a broken earthen pot.

ઠીબું, *n*. માટીનું વાસણ. Earthen broken vessel.

ઠીલો, *n*. ઠળીયો. A stone-seed.

ઠીંગણું, *a*. જોઇએ તે કરતાં નીચા કદનું. Low.

ઠુંગો, ઠુંગણુ, *n.* અફીણ ખાધા પર ખાવાનું કાચું કોરૂં. Eating raw or dry food after the use of an intoxicant.
ઠુઠવાવું, *vt.* ટાઢથી અકડાઇ જવું-ધ્રુજવું. To be stiff with cold. [tations.
ઠુઠવો, *n.* એકદમ મોટેથી રોઇ પડવું તે. Loud lamen-
ઠુમકો, *n.* આંચકો. Jerk.
ઠુસકું, *n.* રૂદન, કલ્પાંત. Weeping ૨. મર્મવચન. Taunt.
ઠુંઠું *n.* ડાળાં વગરનું ઝાડનું. થડિયું. Stump.
ઠુંસો, ઠુંસોો, *n.* મુક્કો; ગોદો. Box.
ઠેક, *n.* ફદકો. Jump. ૨. તાલ. Rhythm.
ઠેકડી, *n.* મશ્કરી. Joke. Jest; fun.
ઠેકઠેકાણે, *ad.* દરેક ઠેકાણે. Everywhere.
ઠેકડો, *n.* ફદકો; છલંગ. Jump; A leap.
ઠેકવું, *vt.* ફદવું. To jump. To leap.
ઠેકાણું, *n.* સ્થાન. Place. ૨. રહેઠાણ. Residence. ૩. સ્થિરતા. Steadiness. [તાલ. Stroke.
ઠેકો. *n.* ઇજારો. Monopoly. ૨. નરઘાંપર જોરથી દેવાતો
ઠેકેદાર, *n.* ઇજારદાર. Monopoly-holder.
ઠેઠ, *ad.* છેટા લગી. Upto the end. As far as.
ઠેબું, *n.* પગની ઠેસ; ઠોકર. A stumbling.
ઠેરઠેર, *ad.* ઠેકઠેકાણે. Everywhere.
ઠેરવવું, *vt.* નક્કી કરવું. To fix; To settle. ૨. અટકાવવું. To stop.
ઠેલવું,-વવુ, *vt.* હડસેલવું. To push; To shove.
ઠેલો, *n.* હડસેલો. Push.
ઠેશ, ઠેસ, *n.* ઠોકર. Stumbling.
ઠેસવું, *vt.* લાત મારવી. To kick; To push on.
ઠોક, *n.* પ્રહાર. Blow. ૨. ઠપકો. Rebuke. ૩. ટાણો.
ઠોકર, *n.* ઠેશ. Stumble. ૨. ભૂલ. Error. [Taunt
ઠોકવું, *vt.* જોરથી અફળાવવું. To knock. ૨. માર મારવો. To beat; To strike against.
ઠોઠ, *a.* મૂર્ખ. Stupid. ૨. જડ. Dull; Doltish.
ઠોર, *n* મીઠાઈ. Sweetmeat. ૨. ઠેકાણું. Place.
ઠોળિયું, *a.* મૂર્ખ. Stupid. *n.* સ્ત્રીઓના કાનનું ઘરેણું. Kind of earring.
ઠોંસવું, *vt.* ઠાંસવું. To eat greedily. ૨. ખાંસવું To caugh. ૩. ગરદીને ભરવું. To fill in to the full.
ઠોંસો, *n.* મુક્કો A blow with the fist. A box. ૨. ખાંસી. Cough.

'ड'

ડ, *n.* તેરમો વ્યંજન. The 13th consonant of the [Alplabet.
ડક્કો, *n.* ગોદી; ફુરજો. Dock.
ડખલ. ડખાડખ. *n.* અડચણ; નડતર. Hindrance.
ડખો, *n.* ગોટાળો. Disorder. ૨. વાંધો; Obstruction.
ડખોળવું. *vt.* ડહોળી નાખવું. To shake and mix together.
ડગ,-લું. *n.* પગલું. Step. ૨. અંતર. Distance.
ડગવું,-મગવું. *vt.* ઢચુપચુ થવું. To hesitate.
ડગડગો, *n.* અનિશ્ચિતતા. Hesitation. ૨. સંશય. Distrust. ૩. વહેમ. Doubt.
ડગમગ, ડગ, *a.* અસ્થિર. Unstable.
ડગેરૂં, *a.* ઘરડું; ડોસલું. Aged.
ડગલી,-લો *n.* અંગરખું; બદન. Coat.
ડગવું, *vt.* ડગમગવું. To totter; To tremble.
ડગળું,-ળી, *n.* જાડો મોટો કકડો. Thick flat piece.
ડગુમગુ, *a.* અસ્થિર. Unstable. Shaky; tottering.
ડઘાવું, *vt.* ગભરાટથી સ્તબ્ધ થઇ જવું. To be astonished with confusion.
ડચ, *n.* હોલેંડનો વતની; વલંદો. A man of Holland નકારસૂચક ઉદ્ગાર. Sound expressing negation.
ડચકારી, કારો, *n.* નકાર સૂચવતો ઉદ્ગાર; ડચ એવો અવાજ. Sound implying negation.
ડચકું, કિયું,-ક, *n.* પાણીમાં ગુંગળાતાં કે રડતાં કે મુશ્કેલીથી ગળતાં ગળાની બારીમાંથી થતો 'ડચક' એવો અવાજ, Sob; gurgling sound; sudden feeling of terror or grief.
ડચકો, *n.* લોંદો; Lump. ૨. ટુકડો. Piece.
ડચૂરો, *n.* ફાંસામણ. Chocking.
ડઝન, *n.* બારનો સમૂહ.
ડટ્ટો, *n.* ડાટો; ડૂચો. A stopper.
ડટળવું, *vt.* કરમાવું; અશક્ત થવું. To wither; To be very weak.
ડપકી, ડબકી, *n.* ડૂબકી. Dive. A plunge.
ડપકો, ડબકો, *n.* મોટો છાંટો. Drop. ૨. ડાઘો. Blot. ૩. ભય. Fear. ૪. શંકા. Doubt.
ડફ, *n.* એક વાદ્ય. Tambour. *ad.* ઝટ. Swiftly.
ડફણાવવું,-ટવું, *v.* ડફણા વડે મારવું. To beat with a
ડફણું, *n.* મોટી લાકડી Large stick, [stick.
ડફલાવવું. *vt.* હેરાન કરવું. To harrass.
ડફાંસ, *n.* ગપ; તડાકો. A fib. A swagger.
ડફોળ, *a.* મૂર્ખ; બેવકૂફ. Stupid; A fool.
ડબલું, *n.* પતરાનું લોટું. Tinpot.
ડબાડબ, ડબોડબ, *ad.* ડબડબ; ઝટપટ. Quickly.
ડબી, ડબ્બી. *n.* ડાબડી. Small box.
ડબુકવું, *vt.* ડૂબકું મારવું. To dive; To plunge.
ડબૂચો, *n.* ડૂચો. Cork; Stopper.
ડબુસું,-સો, *n.* વહાણના પાછળનો ભાગ. Hinder part [of a ship.

ડબો,-ડબ્બો, *n.* દાબડો. Box. ૨. રેલગાડીનો ડબ્બો. Railway carriage. ૩. ઘડિયાળનો ડબ્બો. Timepiece. ૪. રખડતાં ઢોર પૂરવાનો વાડો. Cattle-pound.
ડબોળવું,-વવું, *vt.* ઝબકોળવું. To plunge. ૨. અપવિત્ર
ડમકો, *n.* ડંકો. A drum.[કરવું. To make impure.
ડમખળ, *n.* ધાંધલ. Tumult.
ડમણિયું, *n.* નાની ગાડલી. Small cart.
ડમરો, *n.* એક સુગંધિદાર વનસ્પતિ. A sweet smell-
ડમાક, *n.* ભપકો. Show; Pomp. [ing plant.
ડમાકદાર, *a.* ભપકાદાર. Showy; Pompous.
ડર,*n.*ભય. Fear; Dread: ૨. બીક. Apprehension.
ડરકણુ,-કુ,-પી,-પોક, *a.* બીકણુ. Timid.
ડરવું, *vt.* બીવુ. To fear; To be afraid.
ડલ્લો, *n.* મિલ્કત. Property.
ડરામણી, *n.* ધમકી. Threat; Menace.
ડરામણું, *a.* ડર લાગે એવું. Fearful; Frightful.
ડરાવવું, *vt,* ધમકી આપવી. To intimidate; To
ડસકવું, *vt.* ડૂસકા ખાવાં. To sob. [terrify.
ડસડસવું, *vt.* ડૂસકાંથી રૂંધાવું. To be choked whith emotion
ડસવું, *vt.* દંશ દેવો; કરડવું. To sting; To bite.
ડહાપણ, *n.* શાણપણ; ડાહ્યાપણું. Wisdom; Prudence.
ડહોળવું, *vt,* હલાવવું, To shake. ૨. ખૂબ કામોમાં પડવું. To be engage in many things.
ડહોળું, *a.* હલાવેલું; ડહોળાયલું. Shaken.
ડળવું, *vt.* સડી જવું. To rot. લીન થઇ જવું. To be engrossed in. [water.
ડંકી, *n.* પાણી ખેંચવાનો પંપ. Pump to draw
ડંકો, *n.* મોટું નગારૂં. Large drum. ૨. ટકોરો. Stroke, ૩. ફતેહ. Success. [કીનો. Revenge.
ડંખ, *n.* ચટકો; દંશ. Sting. ૨. આંકડો. Fang. ૩.
ડંખવું, *vt.* કરડવું. To bite. ૨. દંશ દેવો. To sting. ૩. મનમાં ખટકવું. To feel in the heart.
ડંખીલું, *a.* ડંખવાળુ. Vindictive.
ડંગોરો, *n.* જાડો ધોકો. Thick club.
ડંડીકો, ડંડૂકો, *n.* નાનો ધોકો. Short club.
ડંડો, *n.* જાડો નાનો ડંગોરો. Short thick club.
ડંફાશ,-સ, *n.*ખોટી બડાશ.Vanity. Conceit; pride.
ડાકડમાળ, *n.* ઘરનો જૂનો પરચૂરણ સામાન. Old mis-
ડાક, *n.* ટપાલ. Post, [cellaneous furniture.
ડાકડમાક, *n.* ભપકો. Show. Pomp. Fuss.
ડાકણ,-ણી, ડાકિની, *n.* ભૂતડી. Witch ૨. મેલી વિદ્યા જાણનારી સ્ત્રી. Sorceress. [house.
ડાકબંગલો, *n.* મુસાફરી બંગલો. Traveller's rest-
ડાકલી,-ડાખલી, *n.* એક વાદ્ય; ડુગડુગિયું. Tabor.
ડાકુ, *n.* ધાડપાડુ. Robber.
ડાગવું, *vt.* નોંધવું. To register.
ડાગળી *n.* મગજ. Brain. ૨.સમજ શક્તિ. Understading. ૩.કકડો.Piece, ડાગળી છટકવી. *vt,*To be mad.

ડાગળો. *n.* ડૂચો; ડટ્ટો. Plug.
ડાઘ, *n.* કલંક. Stain. ૨. કીનો. Spite.
ડાઘાડુઘી, *n.* ડાઘાપડીને થતી અસ્વચ્છતા. Blots. [ful.
ડાઘી, ડાઘિયું,*a.*વિકરાળ.Ferocious. ૨. ખારીલું.Spite-
ડાઘુ, *n.* ખાંધિયો; મડદાને બાળવા લઈ જનારો. One who carries or accompanies a dead body.
ડાઘો, *n.* ડાઘ. Blot.
ડાચું, *n.* જડબું. Jaw-bone. ૨. મોં. Face.
ડાચાકૂટ, *n.* લવારો. Prattle.
ડાટ, *n.* નાશ; ખુવારી. Destruction. Ruin,
ડાટવું, *vt.* દાટવું. Bury. ૨. સંતાડવું. To conceal.
ડાટી. *n.* ધમકી. Threat. ૨. ભીડ. Crowd.
ડાટો, *n.* દાટો; મોં બંધ કરવાનું સાધન. Plug.
ડાબડો, *n.* ડબો. Box.
ડાબુ, *a.* જમણાથી ઉલટૂં. Left. ૨. અળખામણું. Not dear. ૩. અળગું. Distant.
ડાબોડી,-ડિયું, ડાબોડિયું, *a.* ડાબે હાથે કામ કરવાની. આદતવાળું. Left-handed.
ડાભ,-ડો, *n.* દર્ભ. Kind of grass.
ડામ, *n.*ગરમગરમ વસ્તુ ચામડી પર ચાંપી દેવી તે.Brand. ૨. લાંછન. Stain. [stand.
ડામચિયો, *n.* ગોદડાં વગેરે મુકવાની ઘોડી. Wooden
ડામર, *n.* કોલટાર. Coal-tar.
ડામવું, *vt.* ડામ દેવો. To brand. ૨. મહેણું મારવું. To taunt.
ડામાડોળ, *a.* અસ્થિર. Unstable. Unsettled.
ડામીજ,-સ, *a.* બદમાશ. Branded. Notorious.
ડાયરી, *n.* રોજનીશી; તે નોંધવાની ચોપડી. Diary.
ડાયરો, *n.* નાત. Caste ૨.જમણવાર. Feast. ૩.રાવણું; સમુદાય. Meeting.
ડારવું, *vt.*ધમકાવવું. To threaten.૨. મના કરવી. To
ડારો, *n.*ધમકી. Intimidation.Thread. [prohibit.
ડાલી, *n.* ટોપલી. Basket.
ડાહ્યલું, *a,* ચાંપલું. Overwise.
ડાહ્યું,-ડમરૂં. *a.* સમજુ. Wise. Prudent. Sensible.
ડાળ,-ળું,-ળી, *n.* શાખા. Branch. A bow.
ડાંખળી,-ળું, *n.* નાની શાખા. Small branch.
ડાંગ, *n.* લાંબી મજબૂત લાકડી. Cudgel.A bludgeon.
ડાંગર, ડાંગેર, *n.* ચોખા નીકળે છે તે ધાન્ય. Paddy.
ડાંડ ડાંડિયું, *a.* ઉદ્ધત. Rude. ૨. લુચ્ચું. Cunning.
ડાંડાઈ, ડાંગાઇ, *n.* લુચ્ચાઈ.Cunningness.Roguery.
ડાંડલો,*n.*વાળીનો આંકડો Bridge of the nose-ring.
ડાંડિયો, *n.* ડાંડ આદમી. Roguish person.
ડાંડલો,-લી, *n.* હાથો. Small handle. ૨. નાનો દંડો. Club. ૩. ફણગો. Small branch.
ડાંભવું, *vt.* ડામવું. To brand. ૨. દઝાડવું. To burn.
ડાંલ્લો, *n.* હાથો. Handle. ૨. ફણગો. Offshoot.
ડાંસ. *n.* એક જાતનો મચ્છર. Gnat.
ડિલ, *n.* શરીર. Body. ૨. મન. Mind,

ડિંગ, *n.* ખોટી બનાવટી વાત. Gossip. A fib.
ડિંગમાર, *n.* ગપ્પીદાસ. Gossiper.
ડિંડીમ, *n.* એક જાતનું નગારું, Tom-tom.
ડીચકું,-કી, *n.* ડીટું; ડેરવું. Top. The stem.
ડીટ,-ડી,ડીંટ,-ડી, *n.* સ્તનની ડીંટડી. Nipple. [fruit.
ડીટું, ડીંટું, ડીંટ, *n.* ડીચકું. The stem of a
ડીમચું, *vt.* ઢીમચું. A block of wood. A boil.
ડીંટવું, *vt.* ડીંટામાંથી તોડવું. To pluck.
ડીંડવાણું, *n.* ગેરવહીવટ. Mismanagement.
ડુક્કર, *n.* ભૂંડ. Hog.
ડુબાડવું,-વવું, *vt.* ડુબે એમ કરવું. To drown.
ડુબાડુબ, *a.* ડુબાડુબ થઇ રહેલું. Almost sunk.
ડુમકલાસ,*n.*ભારે વજન ઊંચકવાનું યંત્ર. Jack.[heap.
ડુંગર,-રો, *n.* પર્વત. Mountain. ૨. મોટો ઢગ. Big
ડુંગરાળ, જેમાં ઠેક ઠેકાણે ડુંગરા હોય એવું. Mountai-
ડુંગરી, *n.* ટેકરી, Hill. A hillock. [nous.
ડુંગળી, *n.* એક કંદમુળ. Onion.
ડુંગો, ડુંઘો, *n.* ચોર. Thief.
ડૂઘો, *n.* મોટો કડછો. Large spoon. [દેવો.To plug.
ડૂચવું, *vt.* ઠાંસીને ખાવું. To eat greedily. ૨. ડુચો
ડુચો, *n.* ડાટો. Gag. ૨. નકામા કાગળનો પિંડો. Rag.
ડૂબકી,-કું, *n.* પાણીમાં પેસવું-ડૂબવું તે. Plunge.
ડૂબવું, *vt.* ડૂબીને મરી જવું. To drown. ૨. પાણીની અંદર જવું. To sink. ૩.દેવાળું કાઢવું. To be bank-
ડુમચી,*n.*ઘોડાનો થાપો.Haunches of a horse.[rupt.
ડૂમો, *n.* ડચૂરો. Palpitation of the heart.
ડૂલવું, *vt.* ગરક થવું. To be merged in. ૨. ખુવાર થવું. To be ruined.[નીચે ઠરેલો કચરો. Sediment.
ડૂવો, *n.* રગડો. A thick liquid preparation. ૨.
ડૂસકું, *n.* રડતાં રહીરહીને ખેંચાતો શ્વાસ. Sob.
ડૂંટી, *n.* દૂંટી; નાભિ. Navel.
ડૂંડું, *n.* કણસલું. Ear of corn.
ડેફરાવું. *vt.* પેટ ઉપસવું. To have a swollen belly. ૨. ફીકા પડવું. To lookpale.
ડેફરૂં, *n.* મોટું ઉપસેલું પેટ. Swollen belly.
ડેરાવું, *vt.* ઊંઘથી ઘેરાવું. To be overpowered with
ડેરો, *n.* પડાવ. Camp. ૨. તંબુ. Tent. [sleep.
ડેલી, *n.* ખડકી;પડાળી. Front part of the house.
ડેલું, *n.* A house with big doors. [handle.
ડોઈ, *n.* લાંબા દાંડાનું વાસણ. Vessel with long
ડોક, ડોકી, *n.* ગરદન; ગળું. Neck.
ડોકરૂં, *a.* ઘરડું. Old.
ડોકવું, *vt.* ડોકિયું કરવું. To peep. To pry.
ડોકાબારી, *n.* મોટા દરવાજામાં રાખેલી નાની બારી. Wicket in a gate.
ડોકાવું,-વવું,*vt.*ડોકું બહાર કાઢીને જોવું.To peep into.
ડોકિયું, *n.* ડોકું બહાર કાઢીને જોવું તે. Looking at by raising the head.
ડોકું,-ચકું, *n.* માથું. Head. [pot.
ડોઘલી,-લું, *n,* ડોચકી; નાનું માટલું. Small earthen
ડોઝું,-ઝરૂં, *n.* પેટ. Belly.
ડોડવું, *n.* કણસલું. Ear of corn. ૨. જીંડવું; કાલું. Pod of cotton plant.
ડોડો, *n.* ફળફૂલના ગર્ભવાળો નવો ફૂટતો ગોટો. Unopened fruit-pod.૨.મકાઇનું ડૂંડું. Ear of maize plant. ૩. પહેરાવાળાને બેસવા માટે કાઢેલી ડેલી. Room for gate-keeper.
ડોબું, *n.* ભેંસ. Buffalo. *a.* મૂર્ખ. Stupid.
ડોબો, *n.* મૂર્ખ માણસ. Foolish person.
ડોલ,*n.*બાલદી. Bucket ૨.વહાણનો કૂવાસ્થંભ. Mast.
ડોલચી,-ચું, *n.* ચામડાની ડોલ. Leather bucket.
ડોલન, *n.* તાલ ધ્વનિથી ડોલાવે તેવો શબ્દાલંકાર.Rhythm. ૨. ડોલવાની ક્રિયા. Act of nodding.
ડોલંડોલા, *n.* આમથી તેમ ડોલવું તે. Wavering.
ડોલર,-રિયો, *n.* બટમોગરો. Kind of jasmine.
ડોલવું, *vt.* ઝૂલવું; આમતેમ હાલવું. To oscillate.
ડોલું, *n.* ઝોકું. Nap.
ડોશી, ડોસી *n.* ઘરડી સ્ત્રી. Old woman.
ડોસો, *n.* ઘરડો પુરુષ. Old man.
ડોળ, *n.* આકાર. Shape. ૨. બાહ્ય દેખાવ. Outward appearance. ૩. દંભ. Pretence.
ડોળઘાલુ,ડોળી,*a.*દંભી.Pretentious.Hypocritical.
ડોળડમાક,-દમાક, *n.* ભપકો. Show.
ડોળદાર, *a.* ઘાટીલું. Well-shaped.
ડોળવવું, *vt.* ઘાટ આપવો. To bring into shape.
ડોળવું, *vt.* હલાવવું. To agitate.
ડોળિયું, *n.* મહુડાના ડોળાનું તેલ. Mahuda oil.
ડોળી, *n.* ઝુલતીઝોળી-માંચી. Litter.
ડોળો, *n.* આંખનો કાચ-ગોળો. Eye-ball. ૨. આંખ. Eye. ૩, નજર. Sight.

‘ઢ’

ઢ, *n.* The 14th consonant of the Alphabet.
ઢ, *n.* મૂર્ખ માણસ. A fool. [ચૌદમો વ્યંજન.
ઢગ,-લો, *n.* ગંજ. Heap.
ઢગલાબાજી, *n.*ગંજીફાની એક રમત. Game of cards.
ઢગરો,-રૂં, *n.* ફૂલો; ધગડો. Hip.
ઢગલાબંધ, *a.* પુષ્કળ. Plentiful.
ઢગલી, *n.* નાનો ઢગલો. Small heap.
ઢગો. *n.* મૂર્ખ માણસ. Fool. ૨. બળદિયો. Ox.

ઢચુપચુ, *a.* અનિશ્ચિત. Wavering.
ઢણુકો, *n.* ઊંઘનું ઝોકું. Nap.
ઢપ.ઢબ, *n.* રીત. Mode. A style. A fashion.
ઢબછબ, *n.* રીતભાત. Manner.
ઢબુ, *n.* બેવડીઓ પૈસો. Double pice.
ઢબુડી, *n.* ઢીંગલી. Toy.
ઢબુડવું,-રવું, *vt.* ઢાંકવું. To cover. ૨. થાબડવું. To stroke gently to sleep. ૩. મારવું. To beat.
ઢબો, *n.* મૂર્ખ માણસ. Fool. ૨. નામર્દ. Coward.
ઢમકારો,-કો,-ઢમ, *n.* ઢોલનો અવાજ. Sound of drum-beating.
ઢમઢોલ, *a.* ફુલેલું-ઢોલજેવું. Swollen. Showy; Empty.
ઢરડવું, ઢસડવું, *vt.* ઘસડવું. To drag. To pull on.
ઢરડો, ઢસરડો. *n.* વેઠ. Drudgery. Hard labor.
ઢળકવું, *vt.* નમવું. To incline. To slope.
ઢળવું, *vt.* આડું જવું; એક બાજુ નમવું. To glide. To slip on a side ૨. નિશ્ચયમાંથી ડગવું. To yield.
ઢંકાવું, *vt.* ઢંકાય એમ કરવું. To be covered.
ઢંગ, *n.* રીત. Mode ૨. વર્તન. Behaviour. Habit.
ઢંગધડો, *n.* વિશ્વાસ પડે એવું વર્તન. Manners.
ઢંઢેરો, *n.* જાહેરનામું. proclamation. A public notice.
ઢાકઢોળ, *n.* ઘાટ; આકાર. Shape, The form.
ઢાલ, *n.* ઘા ઝીલવાનું ચામડાનું સાધન. Shield.
ઢાલગર, *n.* ઢાલ બનાવનાર, Shield-maker.
ઢાળ, *n.* ઢોળાવ; ઉતાર. Slope ૨. રીત. Mode. ૩. સંબંધ. Intercourse. ૪. અંદાજ. Estimate.
ઢાળકી, *n.* લગડી. Ingot. A solid piece of metal.
ઢાળકો, *n.* વર્તણુક. Behaviour. ૨. સમજણ. Intelligence.
ઢાળવું, *vt.* રેડવું. To pour. ૨. પાથરવું. To spread. ૩, અંદાજ કાઢવો. To estimate. ૪. ગાળીને ઢાળકી પાડવી; બીબાંમાં રેડવું. To mould.
ઢાળિયું, *n.* એકજ ઢાળવાળું છાપરૂ. Inclining one-side roof.
ઢાળો, *n.* આરામ. Rest, ૨. રીતભાત. Manners.
ઢાંકણુ,-ણું, *n.* વસ્તુને ઢાંકવા તેને બેસતો કરેલો ઘાટ. Lid. ૨. ઢાંકવાની વસ્તુ. Cover.
ઢાંકણી, *n.* ઘૂંટણ પરનું હાડકું. Knee-cap.
ઢાંકપછેડો, *n.* બહાનું. Excuse.
ઢાંકવું, *vt.* વસ્તુ પર પાથરવું. To cover. સંતાડવું. To hide.
ઢાંઢો, *n.* મોટો બળદ. Big ox.
ઢીબવું, *vt.* માર મારવો. To beat.
ઢીમ, *n.* સોનાની લગડી. Ingot of gold.
ઢીમચું, *n.* નાનું જાડું છોકરૂં. Short-statured child. ૨. માથું. Head.
ઢીમચું, *n.* ગાંઠ જેવો કઠણ સોજો. Big swelling.
ઢીમર, *n.* માછી; ખારવો. Fisherman.

ઢીમણું, ઢીમુ, *n.* વાગવાથી થયેલો સોજો. A thick swelling. A bump.
ઢીલ, *n.* વાર; વિલંબ. Delay. ૨. બેદરકારી. Carelessness. ૩. શિથિલતા. Laxity.
ઢીલું, *a.* મંદ. Dull. ૨. શિથિલ. Loose. ૩. નરમ. Weak.
ઢીંકણું, *a.* અમુક; ફલાણો. Certain. Some unknown.
ઢીંકવો, *n.* નદીમાં ખોદેલો ખાડો. Pit in river bed.
ઢીંકાપાટું, *n.* ગડદાપાટું; મસ્તી. Kicking.
ઢીંગલું, *n.* રમકડું. Toy. A doll; a puppet.
ઢીંચણ, *n.* ઘૂંટણ. Knee,
ઢીંચણપૂર, *a.* ઘૂંટણ સુધી આવે તેટલું. Knee-deep.
ઢીંચવું, *vt.* ખૂબ પીવું. To drink excessively.
ઢૂસ, *a.* નકામું. Useless.
ઢૂંકડું, *a*, નજીક. Near.
ઢૂંઢવું. *vt.* શોધવું. To search. To seek. To look-for
ઢૂંસો, *n.* જાડો કામળો. Thick blanket,
ઢેકવો, *n.* પાણી ખેંચવાનું યંત્ર. Machine for drawing water.
ઢેકાઢૈયા, *n.* ખાડા ટેકરા. ઊંચીનીચી જમીન. Unevenness of surface.
ઢેકો, *n.* ઉપસેલો ભાગ; ખુંધ. Protuberance, A knot
ઢેખલો, ઢેખાળો, *n.* ઈંટનો કકડો. Piece of brick.
ઢેડ, ઢેઢ, *n.* અસ્પૃશ્ય-તે જાતિનો માણસ. Untouchable.
ઢેડફજેતી,-તો, *n.* જાહેર ફજેતી. Public disgrace.
ઢેડવાડો, *n.* અસ્પૃશ્યોનું નિવાસસ્થાન. Quarters of untouchables. ૨. ગંદી જગા. Dirty place.
ઢેકું, ઢેફું, *n.* રોડું. Lump of earth.
ઢેબો, *n.* સોજો. Swelling.
ઢેર, ઢેયો, *n.* ઢગલો. Heap.
ઢેલ, *n.* મોરની માદા. Female Peacock.
ઢોચકું, *n.* સાંકડા મોંનો માટીનો ઘડો. Earthen pot, ૨. માથું, Head.
ઢોર, *n.* પશુ, Animal.
ઢોરઢાંકર,-ઢાંખર, *n.* ઢોર વિ.નો સમૂહ. Cattle.
ઢોલ, *n.* નગારૂં. Drum.
ઢોલક,-કી, *n.* નાનું નગારૂં; પખાજ. Small drum.
ઢોલડી,-ણી, *n.* નાનો ખાટલો. Small bed-stead.
ઢોલિયો, *n.* ખાટલો; પલંગ. Bedstead.
ઢોલી, *n.* ઢોલ વગાડનારો. Drum-beater.
ઢોલો, *n.* વર. Bridegroom. ૨. એદી માણસ. Idle person.
ઢોળ, *n.* ઓપ; ધાતુને રસવી તે. Gilding. Plaiting.
ઢોળવું, *vt.* રેડવું. To pour.
ઢોળાણ,-વ, *n.* ઢાળ. Slope. A declivity.
ઢોંગ, *n.* દંભ. Pretence. ૨. ખોટો દેખાવ. False show.
ઢોંગી, *a.* દંભી, Hypocritical.
ઢોઓ, *n.* બાયલો; નામર્દ. An impotent. A cuck-old.

'ણ'

ણ, ૧૫ મો મુર્ધસ્થાની અનુનાસિક વ્યંજન, (એ અક્ષરથી શરૂ થતો એક પણ શબ્દ નથી.) 15th consonant of the Alphabet.

'ત'

ત. *n.* ૧૬ મો વ્યંજન. 16th consonat of the Alphabet.
તક. *n.* અનુકૂળ પ્રસંગ. લાગ. Opportunity. Crisis.
તકતકવું, તગતગવું, *vt.* તેજ મારવું. To shine.
તકતી, તખતી, *n.* ચાર ખૂણાવાળી ચકતી. Plate. A small frame.
તકતો, *n.* આયનો; દર્પણ. Looking-glass.
તકદીર, *n.* કિસ્મત; નસીબ. Destiny. Fate; luck.
તકરાર, *n.* ઝગડો; ટંટો. Quarrel. A dispute. ૨. વાંધો. Objection.
તકરારી, *a.* તકરારને લગતું. Disputed. Contentious. ૨. તકરાર કરવાના સ્વભાવવાળું. Quarrelsome.
તકલાદી,-લેદી, *a.* નાજુક. Delicate. Not durable.
તકલીફ, *n.* કષ્ટ; તસ્દી. Hardship. Distress.
તકસીર, *n.* ભૂલ. Error. A fault. An offence.
તકાજો,-દો, *n.* ઉઘરાણી; માગણી. Demanding. A dunning. [To look with a desire.
તકાસવું, *vt*, ઇચ્છવું, To wish ૨. લાલચથી જોઈ રહેવું.
તકિયો, *n.* ઓશિકું. Pillow. A cushion. 2. ફકીરનું નિવાસસ્થાન, A Fakers house.
તકેદારી, *n.* જાપતો; દેખરેખ. Strict watch.
તક્ર, *n.* છાશ, Whey. [seat.
તખત, તખ્ત, *n.* રાજગાદી; સિંહાસન. Throne. A royal
તખલ્લુસ, *n.* ઉપનામ. Nom-de-plume.
તગડવું તગેડવું, *vt.* થકવવું; ખૂબ દોડવું. To exhaust.
તગારું. *n.* છાબડા ઘાટનું લોઢાનું પાત્ર. Shallow vessel.
તજ, *n.* એક તેજાનો. Cinnamon. [યુક્તિ. Plan.
તજવીજ, *n.* તપાસ. Inquiry. ૨. પ્રયત્ન. Effort. ૩.
તજવું, *vt.* છોડવું. ત્યજવું. To abandon. To desert.
તજાવવું, *vt.* છોડાવવું. To cause to abondon.
તટ, *n.* કિનારો. Bank. A shore.
તટસ્થ, *a.* નિષ્પક્ષપાત; નિરપેક્ષ. Impartial. Neutral.
તડ, *n.* ફાટ; ચીરો. Split. A breach. ૨. પક્ષ. Division.
તડકવું, *vt.* ફાટ પડવી. To crack. ૨. ડરવું. To be alarmed of
તડકાવવું, *vt.* ડરાવવું. ધમકી આપવી. To threaten.
તડકો,-કું, *n.* તાપ. સૂર્યનો ગરમ ગરમ પ્રકાશ. Sunshine.
તડતડવું, *vt.* ફાટવું. To crack.
તડપડાટ,-ફડાટ, *n.* બેચેની. Uneasiness. Struggling. ૨. ચપળતા. Activity. [Openly.
તડફડ,-ભડ, *ad.* ઝટ. Instantly. ૨. ખુલ્લે ખુલ્લું.
તડફડવું, તરફડવું, *vt.* વ્યર્થ પ્રયત્ન કરવો. To struggle. ૨. ઉંચાનીચા થવું, To fume and chafe.
તડફડિયાં, *n.* વ્યર્થ પ્રયત્નો. Vain efforts.
તડબુચ, તરબુચ, *n.* એક ફળ. Water-melon.
તડંતડા, *n.* બોલાચાલી. Sharp exchange of words.
તડાક, *ad.* એકદમ. Suddenly. [Sudden gain.
તડાકો, *n.* ગપાટો; જૂઠી વાત. Rumour. ૨. ઓચિંતો લાભ,
તડાકાખોર, *a.* તડાકા મારનારું. Gossiping. Boasting.
તડાકીદાસ, *n.* ગપ્પી. Idle tattler. A gossip.
તડાતડ, તડોતડ, *ad.* ઉપરાઉપરી. Repeatedly.
તડાતડી, *n.* બોલાબોલી. An altercation. ૨. પડાપડી. Rivalry.
તડાતુમ, *ad.* ફુલીને તૂટું તૂટું થાય એમ. Swollen.
તડાપીટ,-ઝીક, *n.* ખુબ મારપીટ. Beating repeatedly
તડામાર, *ad.* ઝપાટાબંધ. Rapidly. [and severely.
તડામાર,-રી. *n.* ઉતાવળ. Haste.
તડિંગો, *a.* જાડો હૃષ્ટપુષ્ટ. Fat and strong.
તડી, *n.* મારપીટ. Beating. ૨. ઝડી. Shower.
તડૂકવું, *vt.* ગર્જના કરવી; ધાંટો કાઢવો. To roar. To
તડૂકો, *n.* તડૂકવાનો અવાજ. Sudden. [bellow,
તડોવડ,-ડી, *n.* સમાનતા. Equality.
તણખ,-ખ, *n.* બળતરા સાથે સણકાની વેદના. Twitching
તણખલું, તરખલું. *n.* તરણું; ઘાસની સળી. Straw. [pain.
તણખો, *n.* દેવતાની ચિણગારી. Spark.
તણાવું, *vt.* ખેંચાવું. To be drawn away.
તતકાલ, ક્ષણ, ખેવ, *ad.* તરત જ; તેજ વખતે. Imme-
તતડવું, *vt.* તડતડવું. To crackle. To crack. [diately.
તતડાવવું, *vt.* ધમકાવવું. To threaten. To chide.
તતઃ *ad* પછી. Then.
તતુડી,-ડું, *n.* નાનું રણશિંગું. Small bugle.
તત્કાલ,-કાળ, *ad.* તરત જ. Immediately.
તત્ક્ષણ, *ad.* તેજ પળે. At that very moment.
તત્વ. *n.* સાર; રહસ્ય. Essence. ૨. સત્ય. Reality. Truth. ૩. ગુણ. Property.
તત્વજ્ઞ, *a.* તત્વ ગ્રહણ કરનારું. Adopting the truth.

તત્વજ્ઞ,-જ્ઞાની,-વેત્તા, *n.* ફિલસુફ. Philosopher. *a.*
તત્વને જાણનારૂં. Knowing the truth.
તત્વજ્ઞાન,-દર્શન, *n.* ફિલસુફી, Philosophy.
તત્વદૃષ્ટિ,*n.*તત્વગ્રાહીદૃષ્ટિ. Philosophical knowl-d-
તત્પર, *p.* તૈયાર. Ready.૨. પરાયણ.Intent. [ge.
તત્પરતા, *n.* તૈયારી. Readiness. Intentness,
તત્ર, *ad.* ત્યાં. There.
તત્રસ્થ, *a.* ત્યાં આવેલું. Belonging to that place.
તથા, *conj.* અને. And. *ad*,તે પ્રમાણે. So. *n.* તમા.
તથાગત, *n.* બુદ્ધ. Buddha. [Care.
તથાપિ, તદાપિ, *conj.* તોપણ. Nevertheless.
તથાસ્તુ,*ad.*એવું હો ! Amen. ૨. તેમ થાઓ.So be it.
તદનંતર, *ad.* ત્યાર પછી. Thereupon.
તદનુસાર, *ad.* તે પ્રમાણે. Accordingly.
તદબીર, *n.* યુક્તિ. Device. Contrivance.
તદર્થે, *a.* તેને ખાતર. For the sake of that.
તદુપરાંત,-પરિ,*ad.*તે ઉપરાંત.Moreover.૨.વળી.Also.
તદ્દન, *ad.* સાવ; છેક. Wholly. Fully.
તદ્રૂપ, *a.* તદાકાર. Having the same form; ab-
તન, *n.* પુત્ર. Son. ૨. શરીર, Body. [sorbed in
તનખો. *n.* પગાર. Pay.
તનબદન, *a.* અતિપ્રિય. Very dear; Intimate.
તનમનાટ, *n.* આતુરતા, Eagerness. ૨. આવેશ.
તનય,તનુજ, *n.* પુત્ર. Son. [Excitement.
તનયા,તનુજા, *n.* પુત્રી. Daughter.
તનુ, *a.* પાતળું; કૃષ. Lean; Delicate. ૨. થોડું. Lit-
tle; Scanty. ૩. નાનું. Small,
તનુ,તનૂ, *n.* શરીર. Body. [by.
તન્મય, *a.* એકાગ્ર; લીન. Absorbed in; Engrossed
તન્મયતા, *n.* એકાગ્રતા. Absorption.
તપ,-શ્ચર્યા, *n.* તપશ્ચર્યા; ઇંદ્રિયદમન. Penance; Aus-
તપખીર, *n.* છીંકણી; Snuff. [terity.
તપખીરીયું,*a.* તપખીરના રંગનું Dark-grey; Brown.
તપવવું,તપાવવું, *vt.* ગરમ કરવું. To heat; To warm.
તપવું. *vi.* ગરમ થવું. To be hot; To be angry. તપ
કરવું. To penance. ૨. ખોટી થવું. To tarry.
તપસી,તપસ્વી, *n.* તપ કરનાર. Ascetic.
તપસીલ, તફસીલ, *n.* વિગત. Details.
તપસ્યા, *n.* તપ. Religious mortification.
તપાસ,-ણી, *n.* તપાસવું તે. An inquiry; an inspe-
ction; Investigation.
તપાસવું, *vt.* તપાસ કરવી. To investigate. ૨ શોધવું.
To search. ૩. સંભાળવું. To be careful about.
તપેલી,-લું, *n.* રાંધવાનું ધાતુનું વાસણ. Cooking pot.
તપેશરી, *n.* તપસ્વી, An ascetic.
તપોબળ,-બલ, *n.* તપનું બળ; તપનો પ્રભાવ. Power
acquired by religious austerities.
તપોભૂમિ,-વન, *n.* તપસ્વીઓનું નિવાસસ્થાન. Reside-
nce of ascetics.

તફડંચી,-બાજી, *n.* ઉચાપત. Misappropriation.
તફડાવવું. *vt.* ઉચાપત કરવી. To misappropriate.
તફાવત, *n.* ફરક; ઓછાવત્તાપણું, Difference. Vari-
તબક,*n.* તાસક. Tray. ૨. માળ;મજલો.Story. [ance.
તબક્કો, *n.* મજલો; માળ. Storey. ૨. સ્થિતિ; દશા.
Condition. ૩. વિભાગ Division.૪.પાયરી;Stage.
તબલચી,*n.* તબલાં નરઘાં વગાડનાર. A drum-beater.
તબલીઘ,-લીગ, *n.n.* ધર્માંતર, Change of religion.
૨, શુદ્ધિ. Purification.
તબલું, *n.* નરઘું; એક વાદ્ય. A kind of drum.
તબિયત, મિજાજ. Temper. ૨. શરીરની હાલત. State
of the body.
તબીબ. *n.* વૈદ્ય; હકીમ. Physcian. Doctor.
તબીબી, *a.* વૈદ્ય-વૈદ્યોને લગતું. Medical. [Stable.
તબેલો *n.* ઘોડો, બળદ, ગાડી વિ. ને રાખવાનું સ્થાન,
તમ, *n.* અંધારૂં Darkness. ૨. ગુસ્સો. Anger.
તમણું, *a.* ત્રણગણું Threefold.
તમતમું, *a.* બહુ તીખું. Pungent. Acrid.
તમતમાટ,*a.*તમતમું. Pungent. *n.* તીખાશ. Acridity.
તમન્ના, *n.* ઇચ્છા. Desire.
તમરૂં, *n.* રાતે બોલતું એક જીવડું. Insect.
તમંચો, *n.* પીસ્તોલ. Revolver.
તમા. *n.* પરવા. દરકાર. Care; Regard; concern.
તમાકુ, *n.* તંબાકુ. Tobacco.
તમાચો, *n.* લપડાક; થપ્પડ. A slap on the cheek.
તમામ, *a.* બધું. Whole. ૨. પૂર્ણ. Completed.
તમાશો,-સો, *n.* દેખાવ; ખેલ. Spectacle; Sight-
તમાશગીર,-બીન, *n.* પ્રેક્ષક. Looker on. [show.
તમે, તમો, *pro.* બીજો પુરૂષ. You.
તમોગુણ, *n.* ક્રોધ. Wrath.
તમોગુણી *a.* ક્રોધી; Hot-tempered. Angry. [ness.
તમ્મર, તમરી. *n.* આંખે આવતા ચક્કર. અંધારાં. Giddi-
તર, *a*, ભરપુર. Rich. ૨. તૃપ્ત Satisfied. ૩. પૈસાદાર.
Wealthy. *n.* નાની ખાડી. Passage. ૨. મલાઈ.
Cream of milk. ૩. તરાપો. Raft.
તરકટ, *n.* પ્રપંચ. Fraud; Forgery. Trickery.
તરકારી, *n.* શાકભાજી. Vegetables.
તરકીબ, *n.* યુક્તિ A plan; a devise. [uble.
તરખટ, *n.* સંભાળ. Care. ૨. ભાંજગડ; પંચાત. Tro-
તરછટ *ad.* સાવ; છેક. Quite. [hate,
તરછોડવું. *vt.* તુચ્છકારવું, To scorn. ૨. ધિક્કારવું, To
તરજુમો, *n.* ભાષાંતર. Translation. A version.
તરડ, *n.* ફાટ; ચીરો. Crack; A split. [split.
તરડવું,-ડાવું, *vt.* ફાટ પાડવી. To crack. To have a
તરણ, *n.* હોડી Raft. ૨. તરવાની ક્રિયા. Swimming
તરણતારણ, *n.* ઉદ્ધારનાર. Saviour. [૩. તૃણ.Straw.
તરણું, *n.* તૃણ; તરખલું. A straw.
તરત, *ad.* ઝટ; એકદમ. Immediately,
તરપલું, *a.* દૂબળું; પાતળું. Thin. Lean; weak.

તરફ, *n.* બાજુ; પક્ષ. Side. Party. *prep.* બાજુ; અણી. Towards. [vain.
તરફડવું, *vt.* તડફડવું. To struggle; to exert in
તરફદારી, *n.* પક્ષાપક્ષી. Partiality. ૨. ઉપરાણું Espousal of a cause.
તરફી, *a.* તરફદારી કરતું. Partial. [Partiality.
તરફેણ. *n.* પક્ષ. Party. ૨. બાજુ. Side. ૩. તરફદારી.
તરફોડો, *n.* ધમપછાડો. Pretended anger.
તરબતર *ad.* થી ભરપૂર. Full of.
તરબોળ, *a.* તદ્દન પલળી ગયેલું. Completely wet.
તરભટ, *n.* તકરાર; કજિયો. Quarrel.
તરભટવું, *vt.* તકરાર કરવી; ચરભટવું. To quarrel.
તરભેટ,-ટો, *n.* જ્યાં ત્રણ હદ એકઠી થતી હોય તેવી જગ્યા. A place where three limits meet.
તરલ, *a.* અસ્થિર. Unsteady. ૨. ચપળ. Active.
તરલતા, *n.* અસ્થિરતા. Unsteadiness. ૨. ચપળતા. Activity.
તરવરાટ, *n.* અધિરાઇ. Impatience. [mitar.
તરવાર, તલ્વાર, *n.* સમશેર; ખડગ. Sword; A sci-
તરવું, પાણીપર રહેવું. To swim. To float over. ૨ પાર ઉતરવું. To cross.
તરશ,-સ, *n.* પ્યાસ; Thirst. ૨. તીવ્ર ઇચ્છા. Eager desire; Longing.
તરસ્યું,-સ્યું, *a.* પ્યાસું. Thirsty. Dry; Parched.
તરસ, *n.* ઝરખ; જનાવર. Hyena.
તરસવું,-સાવું, *vt.* તલસાવું; આતુર રહેવું. To long.
તરસાજો, *n.* અંદાજ. Estimate.
તરંગ *n.* મોજું; પાણીની લહેર. Wave.2.બુટ્ટો; કલ્પના.
તરંગિણી. *n.* નદી. River. [Fancy.
તરંગી, *a.* મનના તરંગો પ્રમાણે વર્તનારૂં. Fanciful.
તરાક, *n.* ત્રાક, A spindle.
તરાજુ, *n.* ત્રાજવું. A balance.
તરાડ, *n.* ફાટ. ચિરાડો. Cleft; split.
તરિ, તરી, *n.* હોડી. Boat.
તરિયો, *n.* એકાંતરીયો તાવ Intermittent fever.
તરી, *n.* મલાઇ; તર. Cream. ૨. કાંપ. Black clay. ૩. હોડી. Boat. ૪. જળમાર્ગ. Waterway.
તરીકે, *prep.*પેઠે;પ્રમાણે.As.૨.ની પ્રમાણે.By way of.
તરીકો, *n.* ઉપાય. Remedy. ૨. માર્ગ Way ૩. રીત.
તરૂ, *n.* ઝાડ. Tree. [Method.
તરૂવર. *n.* મોટું ઝાડ. Big tree
તરૂણ, *a.* જુવાન. Young; youthful; juvenile.
તરૂણાવસ્થા, *n.* જુવાની. Youth,
તરૂણી, *n.* યુવાન સ્ત્રી Young woman [Pattern.
તરેહ, *n.* રીત. Manner. ૨. ભાત. Model; Sort. A
તરેહવાર,-દાર,*a.*ભાતભાતનું Assorted; Variegated.
તર્ક, *n.* અનુમાન. Inferring. ૨. વિચારક્રિયા Reasoning.
તર્કબાજ, *a.* તર્કમાં કુશળ. Shrewd, Penetrating.
તર્કવિતર્ક *n.* ગમેતેમ વિચારો દોડાવ્યાં કરવા તે. Fanciful thoughts. [ing
તર્કશક્તિ, *n.*તર્ક કરવાની શક્તિ. Power of reason-
તર્કશાસ્ત્ર, *n.* ન્યાયશાસ્ત્ર Logic. [Censuring.
તર્જન,-ના, *n.* ધમકી. Threatening. 2. તિરસ્કાર.
તર્જની, *n,* અંગુઠા પાસેની આંગળી. Fore-finger.
તર્પણ, *n.* તૃપ્તિ. Act of satisfying. Libations.
તર્પવું, *vt.* તર્પણ કરવું. To satisfy. To gratify.
તલ,તલિ, *n.* એક તેલી બી-તેનો છોડ.Oily seed.Seamum.2.એને મળતો ચામડીપરનો ડાઘો. Mole.
તલ, તળ, *n.* તળિયું. Bottom. Depth. ૨. તળેટી, Foot of a mountain ૩.સપાટી. Surface.
તલખાં,-સાટ, *n.* ઝંખના; વ્યાકુળતા, Eagerness.
તલપ, *n.* કુદકો; છલંગ. Jump. ૨. ઉત્કટ ઇચ્છા. Eager-desire. [તલસવું. To long for.
તલપવું, *vt.* એકદમે કૂદકો મારવો. To jump. ૨.
તલપાપડ, *a.* આતુર;અધિરૂં. Restless. Impatient.
તલભર,-ભાર,-માત્ર, *ad.* સહેજ પણ. Even a little.
તલબ, *n.* ઉત્કટ ઇચ્છા, Eager desire. It-ching.
તલવટ, *n.* ઉંબરો; Threshold. તલની એક મિઠાઇ, Sweet made of seasum.
તલવાર, *n.* તરવાર. A sword. A scabbard.
તલસવું,-ખવું, *vt.* અતિ આતુર થવું. To long for.
તલાક,-તલ્લાક, *n.* છૂટાછેડા;ફારગતી.Divorce. Separation. [age accountant.
તલાટી, *n.* મહેસુલ વસુલ કરનાર સરકારી મહેતો. Vill-
તલાવ, તળાવ, *n.* જળાશય. Pond. ૨. નાનું સરોવર. Small lake.
તલાશ,*n*,શોધ; તપાસ.Search. Inquiry. Scrutiny.
તલ્લીન, *a.* ગરક; લીન. Engrossed, Absorbed in.
તલ્લીનતા, *n.* તલ્લીન હોવું તે, Absorption.
તવ, *pro.* તારૂં.Thy;thine.*ad.*ત્યારે.At that time.
તવંગર, *a.* પૈસાદાર; શ્રીમંત. Wealthy. Rich; opulent. [આફત. Calamity. Evil.
તવાઇ, *n.* કમબખ્તી. Misfortune. Distress ૨.
તવારીખ, *n.* ઇતિહાસ. History. Annals.
તવારીખનવીસ, *n.* ઈતિહાસ લખનારો. Historian.
તવાવું, *vt.* ગરમ થવું. To be heated. ૨. ઝુરવું. To pine away. To be emaciated.
તવો, તવી, *n.* લોઢી. A circular iron-pen.
તસતસવું, *a.* બહુ કઠણ. Tight. Close. Fit.
તસબી,-વી, *n.* માળા; બેરખો. Rosary. A string.
તસવીર, *n.* છબી; ચિત્ર. Picture. A portrait.
તસુ, *n.* ઇંચ. Inch.
તસ્કર, *n.* ચોર. Thief. A robber.
તસ્કરવું, *vt.* ચોરવું.To steal.To robb.To pilfer.
તસ્દી, *n.* શ્રમ; મહેનત. Trouble Pains. inConvenieuce.
તહ, *n.* સુલેહ; શાંતિ. Peace. A truce,

તહકૂબી, *n.* મોકૂફી. Suspension. Stoppage.
તહનામું, *n.* સુલેહના કોલકરાર. Treaty. Formal agreement. [Land revenue.
તહસીલ, *n.* તાલુકો. District. ૨. જમીન મહેસુલ.
તહસીલદાર, *n.* જમીનમહેસુલ વસુલ કરનાર અમલદાર. [Revenue colloector.
તહાં, તહીં, *ad.* ત્યાં. There.
તહેનાત, *n.* ચાકરી; તાબેદારી. Service. Obedience.
તહેવાર, *n.* ટાણું; ખુશાલીના દિવસ. Holiday.
તહોમત, *n.* આળ. Allegation. ૨. આરોપ. Charge.
તહોમતદાર, *n.* આરોપી. Accused. [Accusation.
તહોમતનામું. *n.* આરોપ મૂક્યા બાબતનું લખાણ. Charge -sheet. [Foundation.
તગ, *n.* મૂળ. Root, ૨. જન્મસ્થાન. Origin. ૩. પાયો.
તગપદ, *n.* મૂળ જગ્યા. Original place. 2. સપાટ જમીન. Level surface.
તગપદું. *a.* સ્થાનિક. Local. ૨. ગામઠી. Native.
તળવું, *vt.* તેલમાં પકવવું. To fry.
તળાઈ, *n.* રૂ ભરેલું ગાદલું Bedding. A mattress.
તળાંસવું, *vt.* ચંપી કરવી. To massage. To shampoo.
તળિયું, *n.* છેક નીચેનો ભાગ. Bottom, ૨. પગનું તળિયું. Sole of the foot. ૩. તડબૂચ. Water-melon.
તળિયાઝાટક, *a.* પૂરેપૂરું ખલાસ. Quite empty.
તળિયારું, *n.* તળિયું. Bottom.
તળે, *ad.* નીચે. Below. ૨. તળિયે. At the bottom.
તળેટી, *n.* પર્વતના નીચેના ભાગનો પ્રદેશ. Foot of a mountain.
તંગ, *a.* ભિડાતું. Tight. Straitened. ૨. કંટાળેલું. Tired. *n.* ઘોડાનું જીન ખસી ન જાય તે માટે બાંધેલો પટો. Horse-belt.
તંગડી, *n.* પગ. Leg. ૨. નાનો લેંઘો. Short trousers.
તંગાશ, *n.* ઓછપ; અછત. Scarcity. Want.
તંગિયો, *n.* તંગડી. Tight trousers.
તંગી, *n.* તાણ; અછત. Want. Scarcity. Poverty.
તંત, *n.* ચર્ચા; વાદવિવાદ. Discussion. ૨. કેડો. Pursuit. ૩. મમત; જીદ. Obstinacy.
તંતરવું, *vt.* છેતરવું. To cheat. ૨. ભોળવવું. To seduce.
તંતુ, *n.* તાર. Thread. ૨. રેસો. Fibre.
તંત્રી, *n.* વર્તમાન પત્રનો અધિપતિ. Editor. ૨. ધનુષ્યની દોરી; પણછ. Bow-string.
તંદુરસ્ત, *a.* નિરોગી. Healthy. Hale; Vigorous.
તંદુરસ્તી, *n.* નિરોગીપણું; આરોગ્ય. Health. Vigor.
તંદ્રા, *n.* આળસ. Lassitude. 2. સુસ્તી; ઘેન. Sleepiness. Drowsiness. [વિ. બને છે. Tobacco.
તંબાકુ,-કૂ, *n.* એક છોડ, જેના સુકવેલા પાંદડામાંથી છીંકણી
તંબુ, *n.* છત્રી ઘાટનું લૂગડાંનું ઘર. Tent.
તંબૂરો, *n.* એક તંતુ વાદ્ય. String instrument.
તંબોળ, *n.* નાગરવેલનું પાંદડું; પાન. Betel leaf.
તંબોળી, *n*, પાન વેચનારો. Seller of betel leaves.
તાઈ, *n.* વણકર. Weaver. ૨. પિંજારો. Carder.

તાઉસ, *n.* મોર. Peacock. એક વાદ્ય. Musical instrument. [નેમ. Aim. ૩. છાશ. Whey.
તાક, તાકડો, *n.* લાગ. Opportunity. ૨. ચોટ;
તાકવું, *vt.* એકી નજરે જોઈ રહેવું. To stare. ૨. નિશાન તાકવું. To aim at. ૩. ઈચ્છવું. To wish.
તાકત, તાકાત; *n.* શક્તિ. Strength. Power. Ability.
તાકીદ, *n.* ઉતાવળ. Haste. ૨. ચેતવણી. Injunction.
તાકું, *n.* ગોખલો; છાજિયું. Recess in a wall.
તાકો, *n.* થાન. Whole piece of cloth.
તાકોડી, તાકોડી, *n.* તાકીને નિશાન પાડનારો. Marksman.
તાગ, *n.* છેડો, અંત. End. ૨. ઊંડાણ. Depth.
તાગડો, *n.* તાંતણો. Thread. ૨. લાગ. Opportunity.
તાગવું. *vt.* માપ કાઢવું. To find the measure of. ૨. પરવારવું; છૂટા થવું. To be free from. ૩. તજવું. To abandon.
તાજ, *n.* રાજમુગટ. Crown. A diadem.
તાજખાનું, *n.* સંડાસ. Privy room.
તાજગી, *n.* તાજાપણું; સ્ફુર્તિ. Freshness. Health.
તાજવું, *n.* ત્રાજવું. Balance. Scales.
તાજાકલમ, તાજેકલમ, *n.* નીચે ઉમેરેલું લખાણ. Post-script. (P.S.)
તાજિયો. *n.* તાબુત. Monument.
તાજુબ, *a.* સ્તબ્ધ. Astonished. Bewilderod.
તાજુબી, *n.* આશ્ચર્ય. Astonishment. Wonder.
તાજું, *a.* તરતનું. Fresh. ૨. નવું. New. ૩. પૈસાથી તર. [Rich.
તાજેતર, *a.* તરતનું. Recent.
તાટ, *n.* છાબડ. Tray. ૨. ગુણપાટ. Gunny.
તાડ, *n.* એક જાતનું ઝાડ. Palm tree.
તાડન, *n.* માર. Beating. Striking.
તાડનીય, *a.* મારને યોગ્ય. Punishable.
તાડવું. *vt.* મારવું. To beat. ૨. ગર્જવું. To roar.
તાડી. *n.* તાડનો કેફી રસ. Juice of t e palm tree.
તાડૂકો, *n.* ગર્જના; તડૂકો. Roaring.
તાણ, *n.* અછત. Want. ૨. ખેંચ. Strain. ૩. આગ્રહ; Pressure. ૪. રગોનું ખેંચાણ. Convulsion. ૫. પાણી વહેણનું જોર. Strong current.
તાણંતાણ,-તાણા, તાણાતાણ, *n.* ખેંચાખેંચ. Pulling about. [great difficulty.
તાણીતોડી,-તૂશી,-ને, *ad.* મારી મચડીને. With
તાણો, *n.* વણાટમાં ઊભો તાર. Lengthwise thread. [Warp.
તાત, *n.* બાપ; પિતા. Father.
તાતું, *a.* ગરમ; તપેલું. Hot. Warm. ૨. ગરમ સ્વભાવનું. Peevish. ૩. તાજું. Fresh. Recent.
તાતુંમાતું, *a.* હૃષ્ટપુષ્ટ. Hale and healthy.
તાત્કાલિક,-કાળિક, *a.* તરતનું. Immediate.
તાત્પર્ય, *n.* અર્થ; મતલબ. Meaning. ૨. હેતુ. Purpose.
તાદૃશ. *a.* આબેહૂબ; તેના જેવું જ. Exact.
તાન, *n.* ગાયનમાં લેવાતા પલટા; આલાપ. Tuning the voice. ૨. તોફાન. Tumult. ૩, લગની. Absorption.
તાપ, *n.* તડકો; ગરમી. Heat. ૨. તાવ. Fever. ૩. દુઃખ.

તાપડું, *n.* શણનું જાડું કપડું. Gunny cloth. [Agony.
તાપણી,-ણું, *n.* તાપવા માટે કરેલો અગ્નિ. Fire-side.
તાપવું, *vt.* અગ્નિથી ટાઢ ઉડાડવી. To warm oneself.
તાપસ, *n.* તપસ્વી. Hermit. An ascetic.
તાપોડિયું, *n.* તાપને લીધે થતો ફોલ્લો, Eruption on
તાબડતોબ, *ad.* તરતજ. Immediately. Quickly.
તાબૂત. *n.* જનાજો; તાજિયો. Coffin. monument.
તાબે, *ad.* તાબામાં; કબજામાં. Under the rule of.
તાબેદાર, *a.* હુકમમાં રહેનારૂં. Obedient. ૨. પરાધીન. Dependent.
તાબેદારી, *n.* તાબેદારપણું, Obedience. Allegiance.
તામસ, *n.* ગુસ્સો. Rage. Anger. Wrath.
તામસી, *a.* ક્રોધી. Angry. Wrathful.
તામ્ર, *n.* તાંબુ. Copper. [plate-inscription.
તામ્રપટ,-પત્ર, *n.* તાંબાનું પતરૂં-તે પરનો લેખ. Copper-
તાયફો, *n.* ટોળી; સમૂહ. Band. A tribe. ૨. રામજણી એને તેના સાથીઓ. Dancing girl with her companions.
તાર, *n.* ધાતુને ખેંચીને બનાવેલો તાર. Wire. ૨. દોરો; રેસો. String. ૩, તલ્લીનતા. Absorption. ૪. તાર મારફતનો સંદેશો. Telegram. [A star.
તારક, *n.* તારનાર. A deliverer. A saviour. ૨. તારો.
તારકસ, *n.* ધાતુના તાર ખેંચનારો. Wire-drawer.
તારકસબ, *n.* સોના ચાંદીના તાર અને કસબ. Gold and silver embroidery.
તારણ, *n.* ઉદ્ધાર. Deliverance. Rescue. ૨. સાર. Summary.
તારણહાર, *n.* તારનાર; ઉદ્ધારક. Deliverer. A saviour.
તારલો,-લિયો, *n.* તારો. Star
તારવવું, *vt.* ઊંચે આણવું. To raise. ૨. હીસાબ તપાસીને નફોતોટો કાઢવો. To examine the accounts.
તારવણી, *n.* હીસાબ તારવવો તે. Examination of accounts. [To raise.
તારવું. *vt.* બચાવવું; ઉગારવું. To save. ઊંચે આણવું.
તારાજ, *a.* ખેદાનમેદાન. Ruined. Destroyed
તારામૈત્રક,-મૈત્રી,-લગ્ન, *n.* આંખેઆખ મળતાં થતો પ્રેમ; નેત્રપલ્લવી. Spontaneous love.
તારીખ, *n.* એક દિવસ. Date. [mary.
તારીજ, *n.* જમા ઉધારનું તારણ. Abstract. A sum-
તારીફ, *n.* વખાણ; પ્રશંસા. Praise. Eulogy.
તારૂણ્ય, *n.* જુવાની. Youth.
તારો, તારિકા, *n.* આકાશમાં ઝબકતો ગોળો. Star. 2. આંખની કીકી. Pupil of the eye. ૩. હોશિયાર તરનારો. Expert swimmer.
તાર્કિક, *a.* તર્કને લગતું. Logical. *n.* તર્કશાસ્ત્રી. Logician.
તાલ, *n.* ગાયનના ઠેકનું માપ. Musicial time. ૨. મજા. Fun. ૩. પ્રપંચ. Artifice. ૪. તાડ. Palm tree. માથાની ટાલ. Baldness of the head.
ટાલકી,-કું, *n.* તાળવું; ટાલકું. Palate. ૨. ખોપરી, Skull.
તાલબદ્ધ,-બંધ, *ad.* તાલ પ્રમાણે; Rhythmically.
તાલાવેલી, *n.* આતુરતા. Impatience. Eagerness.
તાલીમ, *n.* કેળવણી. Training. ૨. શિસ્ત Discipline.
તાલીમબાજ, *n.* કસરતી. Athlete. ૨. બદમાશ. Vagabond.
તાલુ, *n.* તાળવું. Palate. The roof of the mouth.
તાલુકદાર, *a.* નાના ગરાસનો ધણી. Estate holder.
તાલુકો, *n.* પરગણું. Divison. A district.
તાલુસ્થાની. તાલવ્ય, *a.* તાળવાનું. Palatal.
તાલેવર,-વંત,-વન. *a.* નસીબવાન. Fortunate. ૨. શ્રીમંત. Wealthy.
તાવ, *n.* જ્વર. Fever. ૨. એક કાગળ. Sheet of paper.
તાવડી.-ડો, *n.* પેણી; કઢાઇ. Shallow pan.
તાવવું, *vt.* ઓગાળવું. To melt. ૨. કસવું. To test. ૩. ગરમ કરવું. To heat.
તાવીજ, *n.* માદળિયું. Charm. [ગરમ કરવું. To heat.
તાસ, *n.* કલાક. Hour. ૨. ઝાલર. Gong. ૩. સ્વાદ. Flavour. ૪. તાસક. Dish.
તાસક, *n.* ધાતુની છાછરી થાળી. Plate.
તાસીર, *n.* અસર; છાપ. Effect ૨. ઘાટ. Form.
તાસીરો, *n.* તાલ; ઘાટ. Artifice.
તાળવું, *n.* માથાનું તાલકું. Palate. ૨. મોંની બખોલનો ઉપલો ભાગ. Roof of the mouth.
તાળી, *n.* બે હાથે અફાળી કરાતો અવાજ. Clapping [of the hands.
તાળું, *n.* કુલુપ. Padlock.
તાળો. *n.* મળતાપણું. Agreement Verification.
તાંત, *n.* દોરી; ચીકણા પદાર્થનો તંતુ. Fibre.
તાંતણો, *n.* દોરો, Thread.
તાંતો. *n.* તંતુ. Thread. ૨. હાર. Row
તાંદળજો, *n.* એક વનસ્પતિ-ભાજી, Kind of vegetable.
તાંદુલ, તંદુલ, *n.* ચોખા. Rice.
તાંબટ,-ડું, *a.* સહેજ રાતું. Reddish.
તાંબડી, *n.* તાંબાની વટલોઇ. Copper pot.
તાંબાકુંડી, પહોળા મોંનું તાંબાનું વાસણ. A copper vessel for water to bathe.
તાંબાનાણું, *n.* તાંબાનો સિક્કો. Copper-coin.
તાંબુ, *n.* તામ્ર. Copper.
તાંબુલ, *n.* નાગરવેલનું પાન. Betel leaf.
તાંહીં, *ad.* ત્યાં There.
તિક્કડ, *n.* જાડો રોટલો. Thick bread.
તિજોરર, *n.* કોષાધ્યક્ષ; ખજાનચી. Treasurer.
તિજોરી, *n.* ખજાનો; કોષ. Treasury. A safe-box.
તિતાલી, *a.* ક્રોધી. Wrathful.
તિતિક્ષા, *n.* સહનશીલતા. Forbearance. Patience.
તિથિ, *n.* મિતિ. Lunar day. સંવત્સરીનો દિવસ. Date.
તિમિર, *n.* અંધકાર. Darkness; obscurity.
તિરકસ,-કસિયું, *a.* વાંકું; તીરછું. Oblique; slant.
તિરસ્કાર, *n.* તુચ્છકાર; ધિક્કાર. Contempt. Hatred.
તિરસ્કારપૂર્વક, *ad.* તિરસ્કારથી. Disdainfully.
તિરસ્કારવું, *vt.* ધિક્કારવું. To show contempt, To hate,

તિરોભાવ, *n.* અદૃશ્યતા. **Disappearance. Absence.**
તિરોભૂત,-હિત. *a.* અદૃશ્ય. **Invisible.**
તિલક, *n.* ટીલું. Mark on the for-head.
તિલસ્માત, *n.* ચમત્કાર. Miracle.
તિલાટ, *n.* ગાદીનો વારસ Heir-apparent.
તિસ્મારખાં, *n.* બડાઇખોર. A swaggering boaster.
તીકમ, *n.* જમીન ખોદવાનુંએક ઓજાર Pick-axe.
તીક્ષ્ણ, *a.* બારીક ધારવાળું. Sharp. ૨. ચકોર બુદ્ધિનું. Intelligent. ૩. તીખું; આકરૂં, Pungent.
તીક્ષ્ણતા, *n.* બારીક ધાર. Sharpness.
તીખું, *a.* ધમધમાટ. Pungent. ૨. પાણીદાર. Sharp. [૩. ઉગ્ર. Hot.
તીખાશ, *a.* તીખાપણું. Pungency.
તીખાં, *n.* મરી. Peppper. ૨. મરચાં. Chillies.
તીડ, *n.*એક જાતનો પાંખાળો જીવ. A locust.
તીણું, *a.* અણીદાર. Pointed. Sharp. ૨. સૂક્ષ્મ પણ તીવ્ર. Shrill.
તીતીઘોડો,*n.*એક જાતનું પાંખાળું જીવડું.Grass-hopper.
તીર, *n.* કિનારો. Bank. ૨. બાણ. Arrow.Prop.
તીરચ્છું, *a.* વાંકું;આડું. Oblique. Slanting.
તીરંદાજ,-બાજ, *n.* નિશાનબાજ. Archer.
તીરંદાજી,-બાજી, *n.* નિશાનબાજી. Archery.
તીર્થ,*n.* પવિત્ર સ્થાન. Holy place of pilgrimage.
તીર્થંકર, *n.* જૈનધર્મનો પ્રવર્તક. Jain saint.
તીર્થયાત્રા, *n.* તીર્થોની યાત્રા. Pilgrimage.
તીવ્ર, *a.* સખત; આકરૂં. Strong. Smart.
તુક્કો, *n.* મશ્કરી. Joke. ૨. મનનો તરંગ.Idea.
તુકમ,-ખમ, *n.* વીર્ય. Semen. ૨. બીજ.Seed. ૩. વંશ. Birth. Descent.
તુચ્છ, *a.* હલકું. Low.૨. નજીવું. Trifle. Worthles.
તુચ્છકાર,-કારો,*n.*તિરસ્કાર;અનાદર.Contempt.Scorn.
તુચ્છારવું, *vt.* તુચ્છકાર કરવો. To scorn. To treat [with contempt.
તુજ, *pro.* તારૂં. Thine.
તુતંગ, *n.* વત. A false charge.
તુમાખી, *a.* મિજાજી. Arrogant.
તુમાર, *n.* પત્ર વ્યવહાર. Correspondence.
તુમુલ, *a,* ઘોંઘાટવાળું. Noisy.૨. દારૂણ. Violent.
તુરગ, તુરંગ *n.* ઘોડો. Horse.
તુરત,તુરંત. *ad.* તરત જ. Immediately.
તુરંગખાનું, *n.* જેલખાનું. Prison.
તુરંગ, *n.* ઘોડો. Horse. ૨. વિચાર. Idea.
તુરાશ, *n.* ફિકાશ. Astringency.
તુલના, *n.*સરખામણી.Comparison. Match.
તુલનાત્મક,-વાચક, *a.*સરખામણી કરતું.Comparative.
તુલસી, તુળસી, *n.* એક પવિત્ર વનસ્પતિ. Holy basil.
તુલા,*n.*ત્રાજવું;કાંટો.Balance.૨. સમાનતા.Equality.
તુલ્ય, *a.* સરખું. Like. Equal to.
તુષાર,*n.*હીમ; બરફ. Snow.Ice.Hail.૨.ઝાકળ.Dew.
તુષ્ટ,-તુષ્યમાન, *a.* સંતુષ્ટ; પ્રસન્ન થયેલું. Satisfied. Gratified,
તુંકારવું, *vt.* તુચ્છકારવું. **To show contempt.**
તુંકાર,-રો, *n.* તુચ્છકાર. **Disrespect.**
તુંગ, *a.* ઊંચું.High.૨. ટોચ; શિખર. Summit. ૩. પર્વત. Mountain.
તુંડ, તુંડું, તુંદ, તુંદું, *a.* ઉદ્ધત. Rash.Insolent.
તુંડાઈ, *n.* ઉદ્ધતાઈ.Insolence.Haughtiness.
તુંડ, *n.* મોં. Face. ૨. ચાંચ. Beak.
તુંબ,-ડી, *n.* પાણી ભરવાનું પાત્ર. Gourd.
તુંબિ, તુંબી, *n.* તુંબડી. A gourd.
તૂટ, *n.* ભંગાણ. Break.૨. અણબનાવ. Disunion. ૩. ખોટ. Want.
તૂટક, *a.* ખંડિત.Disconnected.૨. અપૂર્ણ. Incomplete. *ad.* કકડે કકડે. In pieces.
તૂટવું, *vt.* ભાગવું. To break ૨. દેવાળું કાઢવું, To go into bankruptcy. [darn.
તૂણવું, *vt.* રફુકરવું. To repair by threading. To
તૂત, *n.* ગપ; બનાવટી વાત. Fabrication.Fraud.
તૂતક, વહાણનો ઉપલો ભાગ. Deck.
તૂતૂ. *n.* કુતરાને બોલાવવાનો શબ્દ. A call to a dog.
તૂરાટ,-શ, *n.* તૂરો સ્વાદ. Astringent taste.
તૂરી, *n.* એક વાદ્ય; રણશીંગું. Clarion.૨. ઘોડો. Horse.
તૂરૂં, *a.* આંબળાના જેવા સ્વાદનું. Astringent.
તૂલું,*a.*નિષ્કપટી;ભોળું. Innocent. Simple-hearted.
તૃણ, *n.* ઘાસ; તરણું. Straw; Grass.
તૃણવત્, *a.* નકામું. Worthless.
તૃપ્ત, *a.* ધરાયેલું; સંતુષ્ટ. Contented. Satiate.
તૃપ્તિ, *n.* સંતોષ, Contentment. Satisfaction.
તૃષા, *n.* તરસ; Thirst.
તૃષાતુર,-ર્ત,-ર્ત,-ણું,-ક્ષું,*a.*પ્યાસું; તરસ્યું.Thirsty.
તૃષ્ણા, *n.* કામના. Desire, ૨. તરસ. Thirst,
તેજ, *n.* પ્રકાશ. Light. ૨. પરાક્રમ. Force. *a.* તીક્ષ્ણ ધારવાળું. Sherp-edged. ૨. ઉગ્ર. Active.
તેજસ્વી, *a.* પ્રકાશવાળું. Brilliant. Majestic. 2. પરાક્રમવાળું. Heroic.
તેજ:પુંજ, *n.* પ્રકાશનો ઢગલો. Mass of light.
તેજાનો, *n.* તજ, લવીંગ; ગરમ મશાલો. Spicies.
તેજાબ, *n.* એસીડ. Acid.
તેજી, *n.* ચળકાટ. Brilliance. ૨. ભાવમાં વધારો.Rise in prices. ૩. સ્ફુર્તિ. Smartness. ૪. ચડતી;આબાદી. Prosperity.૫.ઘોડો.Horse. *a.* તેજ.Sharp.
તેજીમંદી, *n.* વેપારમાં થતી ચઢ ઉતર. Rise and fall.
તેજોમય, *a.* તેજથી ભરેલું. Luminous. Radiant.
તેટલું, *aa.* અમુક બરાબર. That much.
તેટલામાં, *ad.* દરમિયાન. Meanwhile.
તેડવું, *vt.* નોતરવું. To call; કેડે બેસાડવું.To carry, [a child.
તેડાવવું, *vt.* બોલાવવું. To send for.
તેડું, *n.* નોતરૂં. Invitation. A call.
તેતર,-રો, *n.* એક પક્ષી. Partridge.
તેથી,-કરીને, *ad*, માટે; તે કારણે. Therefore,

તેમ, *ad*. તે પ્રમાણે. Accordingly.
તેરીખ, *n*. વ્યાજનો દર. Rate of interest.
તેલ, તૈલ, *n*. બીયાંમાંથી કઢાતો ચીકણો પ્રવાહી પદાર્થ. Oil. ૨. સત્વ. Essence.
તેલિયું, *a*. તેલવાળું. Oily. ૨. ચીકણું. Greasy.
તેલી, *n*. ઘાંચી. Oilman. તેલવાળું. *a*. Oily.
તેવડું, *ad*, તેના જેવડું. As large as that.
તે વાર, તે વારે, *ad*. ત્યારે. Then.
તેવામાં, *ad*. તે વખતે. At that time.
તૈયાર, *a*. તત્પર; સજ્જ. Ready. Prepared.
તૈયારી, *n*. તત્પરતા. Readiness. Preparation.
તો, *conj*. એવું જો હોય. In that case,
તોખાર, *n*. ઘોડો. Horse.
તોછડું, *a*. અસભ્ય; ઉદ્ધત. Rude. ૨. ટૂંકું. Short.
તોટો, *n*. નુકશાન; ખોટ. Loss.
તોડ, *n*. નિકાલ; ફડચો. Settlement,
તોડવું, *vt*. ચૂંટવું. To pluck. ૨. ભાંગવું. To break. ૩. ભંગ કરવો. To infringe.
તોડો, *n*. પગનું સાંકળું. Anklet. ૨. હજાર રૂપિયાની થેલી. Bag contraining 1000 rupees. ૩. મિનારો. Minaret.
તોતડાવું,-ળાવું, *vt*. બોલતાં જીભ ચોટવી. To stammer
તોતડું,-ડું,-ળું, *a*, બોલતાં તોતડાતું. Stammering.
તોતો, *n*. પોપટ. Parrot. ગપ. Gossip.
તોપ, *n*. દારૂગોળો ફેંકવાનું સાધન. Cannon. ૨. મોટી
તોપખાનું, *n*. તોપ રાખવાની જગા. Arsenal.
તોપચી, *n*. ગોલંદાજ; તોપ ફોડનારો માણસ.. A gunner.
તો પણ, *conj*. છતાં. Nevertheless.
તોફા, *a*. સર્વોત્તમ. Unique. Excellent. Precious.
તોફાન, *a*. મસ્તી. Mischief. ૨. લડાઇ. Quarrel.
તોફાની, *a*. મસ્તીખોર. Mischievous.
તોબરો, *n*. ઘોડાને ચંદી ખવડાવવાની ચામડાની થેલી. Horse's mouth bag.
તોબા, *n*. Penitence; Deprication. Cream.
તોર, *n*. અહંકાર. Arrogance. Conceit. ૨. મલાઈ.
તોરણ, *n*. શોભા માટે ફુલ પત્તા વિ. નો હાર. Ornamental. arch.
તોરી. *a*. ગુમાની. Arrogant; Proud. *n*. ઘોડો. Horse.
તોરો, *n*. છોગું; કલગી. Nosegay. ૨. ગુમાન. Pride.
તોલ, *n*. વજન; કાટલું. Weight. ૨. પ્રતિષ્ઠા. Reputation.
તોલદાર, *a*. વજનદાર. Heavy; weighty.
તોલાટ,-ળાટ *n*. તોળનારો. One who weighs.
તોલું, *n*. દસ શેર વજન. Weight of 10 seers.
તોલે, *ad*. સરખામણીમાં. In comarison.
તોલો, *n*. રૂપિયાભાર. One rupee in weight.
તોશાખાનું, તોષાખાનું, *n*. તિજોરી; ભંડાર. Treasure.
તોષવું, *vt*. સંતોષવું. To satisfy.
તોસદાન, *n*. દફતર. School-bag ૨. દારૂગોળો રાખવાની ખલેચી. A pouch; Cartridge box.
તોળવું *vt*. વજન કરવું. To weigh ૨. વિચાર કરવો. To consider.
ત્યક્તા, *n*. પતિએ જેને તજી દીધી હોય તેવી સ્ત્રી. Abandoned woman.
ત્યમ, *ad*. તે પ્રમાણે, તેમ. In that manner.
ત્યાગ, *n*. તજવાની ક્રિયા. Sacrificing; Abandonment.
ત્યાગી, *n*. સંન્યાસી. Ascetic. A hermit.
ત્યાજ્ય, *a*. તજવા જેવું. Detestable; Fit for abondoning
ત્યારે, *ad*. તે વખતે. Then. At that time.
ત્યાં, *ad*. તે ઠેકાણે. There. તે ઠેકાણે. In that place.
ત્યાંલગી,-સુધી, *ad*. તે સમય સુધી. Upto that time.
ત્રમઝટ,-ઝીક, *ad*. પુષ્કળ; ધોધમાર. Abundantly.
ત્રય, *a*. ત્રણનો સમૂહ. Three. *n*. Group of three.
ત્રસ્ત, *a*. ડરેલું; બીકણ. Frightened. Afraid.
ત્રાક, *n* તરાક. Spindle. A strand.
ત્રાગ,-ડો, *n*. તાંતણો; દોરો. Thread.
ત્રાગું, *n*. બળજબરી. Compulsion. ૨. જીદ. Obstinacy.
ત્રાજવું, ત્રાજુડું, *n*. તાજવું. Balance. Scales,
ત્રાડ,-ન, *n*. ગર્જના. Roaring.
ત્રાડવું, *vt*. ગર્જના કરવી. To roar.
ત્રાતા, *n*. બચાવનાર. Protector.
ત્રાપો, *n*. તરાપો. Reft.
ત્રાસ, *n*. બીક. Fear. ૨. જુલમ, Oppression; Trouble. ૩. કંટાળો. Disgust.
ત્રાસદાયક.-દાયી, ત્રાસ આપનારૂં. Annoying Troublesome.
ત્રાસું, ત્રાંસું, *a*. વાંકું. Oblique.
ત્રાહિત, *a*. અજાણ્યું. Stranger, ૨. તટસ્થ. Disinterested.
ત્રિ, *a*. ત્રણ. Three.
ત્રિક, *n*. ત્રણનો સમૂહ. Triad.
ત્રિકાલ,-ળ, *a*. ત્રણ કાળ. Three times.
ત્રિકાલજ્ઞ,-જ્ઞાની,-દર્શી, *a*. ત્રણે કાળ જાણનારૂં. Omniscient.
ત્રિકોણ, *n*. ત્રણ ખૂણાવાળી આકૃતિ. Triangle.
ત્રિકોણમિતિ *n*. ત્રિકોણનું ગણિત. Trigonometry.
ત્રિકોણાકાર,-કૃતિ, *a*. ત્રિકોણનાઆકારનું. Triangular.
ત્રિજ્યા, *n*. Radius.
ત્રિદંડી, *n*. સન્યાસી. Ascetic.
ત્રિદોષ, વાત, પીત અને કફ એ ત્રણે દોષનો પ્રકોપ સનેપાત. Pneumonia.
ત્રિનયન, ત્રિનેત્ર, ત્રિપુરારી, ત્રિલોચન, *n*. મહાદેવ. The God Shiva.
ત્રિપથ,-ભેટો, *n*. ત્રણ રસ્તા જ્યાં મળે તે સ્થળ. A place where three roads meet.
ત્રિપદી,-પાઇ,-પાદ, *n*. ત્રિપાઈ. Tripoy. *a*. ત્રણ પગપદવાળું. Three-footed.
ત્રિપુટી, *n*. ત્રણનો સમૂહ. Trio.
ત્રિપુંડ, *n*. ત્રણ લીટીનું ચિહ્ન. Mark of three lines.
ત્રિપુરારિ, *n*. મહાદેવ. The God Shiva.
ત્રિફળા, *n*, હરડાં, બેડાં અને આમળાં. The three myrobalans.
ત્રિભુવન, *n*. ત્રણ ભુવન.. The heaven, the earth and the netherland.

ત્રિયા. *n.* સ્ત્રી. Woman.
ત્રિરાશી, *n.* આપેલી ત્રણ સંખ્યા પરથી ચોથી કાઢવાની રીત. Rule of three.
ત્રિવિધ, *a.* ત્રણ પ્રકારનું. Of three sorts or kinds.
ત્રિશુલ,-શુળ, *n.* ત્રણ અણીઓ વાળું એક હથિયાર. [Trident.
ત્રિજ, *n.* ત્રીજો દિવસ. Third day.
ત્રિજું, *a.* ક્રમમાં બીજા પછીનું, Third.
ત્રુટવું, *vt.* તૂટવું. To break.
ત્રુઠવું, *vt.* પ્રસન્ન થવું. To be pleased.
ત્રેવડ, *n.* કરકસર. Economy. ૨.તજવીજ. Provision.
ત્રેવડું. *a.* ત્રણગણું. Triple. [terly.
ત્રૈમાસિક, *a* ત્રણ મહિને થતું-તેવું નિકળતું છાપું. Quar-
ત્વચા, ત્વક, ત્વક્, *n.* ચામડી. Skin.
ત્વરા. *n.* ઝડપ; ઉતાવળ. Haste.
ત્વરિત, *a.* ત્વરાવાળું. Hasty. [the Gods.
ત્વષ્ટા, *n.* દેવોનો શિલ્પી; વિશ્વકર્મા. Architect of

'થ'

થ, *n.* ૧૭ મો વ્યંજન. The 17th consonant of the Alphabet.
થકવવું, થકાવવું, *vt.* થાકી જાય એમ કરવું. To tire; [To exhaust.
થકું, *ad.* -ની વતી; -ને લીધે. For.
થડ, થડિયું, થડું, *n.* ઝાડનો મૂળ જાડો ભાગ. Trunk. A stem. ૨. પ્રારંભસ્થાન. Original stock.
થડક, થરક, *n.* બીક. Terror. ૨. ધ્રુજારી. Trembling,
થડકવું, થડકાવું, *vt.* બોલતાં જીભ અટકવી. To stammer. ૨. ધડકવું. To throb. ૩. ભયથી કંપવું. To be frightened,
થડથડવું, *vt.* થડથડ એવો અવાજ થવો. To creak.
થડમાં, *ad.* નજીક, Near.
થડાથડ, થડોથડ, *ad.* અથડાવાનો અવાજ. Clashingly,
થડી, થપ્પી, *n.* ઢગ; ગંજ. Heap.
થથરવું, થરથરવું. *vt.* ધ્રુજવું. To tremble.
થથરાટ, થરથરાટ, *n.* ધ્રુજવું તે. Trembling. [think.
થથેડવું, થાથડવું, *vt.* જાડો થર થાય એમ લપેટવું. To daub.
થનગનવું,-થનવું, *vt.* થનથન નાચવું કે ચાલવું. To pre- [sent airs.
થનથનાટ, *n.* જુસ્સો; Restless state.
થપડાક, થપાટ, થપ્પટ, *n.* તમાચો. Slap. A smack.
થયું, *int,* બસ. Enough. *vt.* બનવું 'થવું'નું ભૂતકાળ. Happened.
થર, *n.* પોપડો. Layer. A stratum. ૨.પડ. Fold.
થરકવું, *vt.* બીકથી કંપવું. To tremble. To fear; to dread. [gly.
થરથર, *ad* ધ્રુજ-કંપે એવું. Tremblingly. Shakin-
થવું, *vt.* હોવું. To be. ૨. બનવું. To happen.
થંભ, *n.* થાંભલો. Pillar. A post. A prop.
થંભવું, *vt.* થોભવું To pause. To stop. ૨. વિસામો ખાવો. To rest. [Rest. Repose.
થાક,-લો, *n.* શ્રમ. Fatigue. Exhaustion. ૨.આરામ.
થાકવું, *vt.* કામ કર્યાને લીધે શિથિલ થવું. To be tired.
થાણું, *n.* પડાવ. Station, A post. A garrison.
થાન, *n.* તાકો. Long piece. ૨. સ્તન. Nipple. [seat.
થાનક, *n.* રહેઠાણ. Residence. સ્થાન. A place. A
થાપ, *n.* થાપટ. Slap. ૨. છેતરપિંડી, Fraud. ૩. થેપ. Coating with mud
થાપડી, *n.* કડીયાની ડીપણી. Wooden trowel.
થાપણ, *n.* મૂડી; પુંજી. Capital. Funds. ૨. લીંપણ. Coating. [To coat
થાપવું, *vt.* સ્થાપવું. To establish. To fit. ૨.થેપ કરવો.
થાપો, *n.* પૂંઠનો ભાગ. ઢગરો. Hip. The thigh.
થાબડવું, *vt.* પંપાળવું; ધીમે ધીમે ઠોકવું. To pat. To tap on the back.
થાળ, થાળી, *n.* મોટી થાળી. Tray. Tray-plate.
થાળું, *n.* કુવાના મોં ઉપર ચણીને બનાવેલી જગા; ઘંટીનું ચોકડું. Basin of a well or a grinding mill.
થાંથું, *a.* મંદ; સુસ્ત. Dull. Tardy. ૨. ગંદું. Dirty.
થાંભલો, *n.* સ્તંભ; લાકડાનો ઉભો ટેકો. Pillar. Post.
થી, *prep.* માં; માંથી. From. ૨.કરતાં. Than. ૩.થકી. By.
થીજવું, *vt.* ઠરી જવું; જામવું. To congeal.
થીનું, *a.* ઘટ્ટ; ઠરી ગયેલું. Congealed.
થીંગડું, *n.* ફાટી જગા પર મૂકેલો બીજો કકડો. Patch. [A clout.
થૂ, થૂથૂ, *ad.* થૂંકવાનો અવાજ. Spitting.
થુલુ, *n.* લોટને ચાળવાથી નીકળેલો ભૂકો. Chaff.
થૂંક, *n.* મોંમાંથી નીકળતી લાળ. Saliva. Spittle.
થૂંકદાની, *n.* થૂંક વગેરે ઝીલવાનું પાત્ર. Spittoon.
થૂંકવું, *vt.* થૂંક બહાર ફેંકવું. To spit. To eject-from [the mouth.
થેપ,-ડો, *n.* જાડું લીંપણ, Thick coating.
થેપવું, *vt.* લીંપવું; થેપ કરવો. To coat.
થેલી, *n.* કોથળી. Purse. A wallet.
થેલો, *n.* કોથળો. A large bag.
થોક, *n.* ટોળું. ૨. Group. ભારો. Bundle. A collection.
થોકબંધ, *a.* પુષ્કળ. Abundant.
થોડાબોલું, *a.* થોડું બોલનારૂં. Reserved.
થોડું,-ક, *a.* અલ્પ. Little. Not much.
થોડેથોડે. *ad.* ધીમેધીમે. Slowly.
થોથર, *n.* મોં પરનો સોજો. Swelling. Inflamation.
થોથું, *a.* નકામું પુસ્તક. Any worthless book. 2. બુઠું તીર. Bladeless arrow. [to delay.
થોભવું, *vt.* અટકવું. To stop. ૨. રાહ જોવી. To wait
થોભા, થોભિયા, *n.* મૂછના વાળના ગુચ્છા. Whiskers.
થોર, થોરિયા, *n.* થુવેર Thorny plant.
થોંટ, *n.* લપડાક. A slap on any part of body.

'द'

દ, *n*. The 18th consonant of the Alphabet. ૧૮મો વ્યંજન. *a*. પ્રત્યય છે. જેમકેઃ સુખદ, દુઃખદ. Suffix.
દક્ષ, *a*. પ્રવીણ;ચતુર. Skilful.Expert. Clever.
દક્ષતા, *n*. પ્રવિણતા. Ability. Cleverness.
દક્ષિણા,દક્ષણા,દખણા,*n*.દાન. Charitable donation.
દક્ષિણ, *n*. દક્ષિણ દિશા, South. ૨, જમણું. Right.
દખણાતુ, દક્ષિણાતું, *a*. દક્ષિણ દિશા તરફનું.Southern.
દખમું, *n*.પારસીઓનાં શબ ઠેકાણે પાડવાનું સ્થળ. Towar ef silence.
દખલ, *n*.વાંધો;હરકત.Obstruction Interruption.
દખલગીરી. *n*. દખલ કરવી તે. Interference. Interruption.
દગદગો, *n*. શંકા; વહેમ, Suspicion.Doubt. Hesitation.
દગલબાજ, *a*. દગાબાજ. Treacherous, Perfidious. Deceitful,
દગલબાજી, *n*. દગાબાજી. Treachery.Perfidy.
દગાખોર, *a*. દગલબાજ. Treacherous.
દગાખોરી,-બાજી, *n*. છળ; કપટ.Deceit. Treachery. Perfidy.
દગો,-ફટકો, *n*. કપટ. Deceit. Fraud. Perfidy.
દગ્ધ, *a*. બળેલું; દાઝેલું. Burnt. Blasted.
દઝાડવું, *vt*. દાઝે તેમ કરવું. To brand. To burn.
દટંતર. *n*. *n*. મહાપ્રલય. Castastrophe.
દટ્ટો, *n*. દાટો. Cork. A stopper.
દડ, *n*. ઝીણી રજ. Sand.
દડદડ, *ad*. ખળખળ. Flowing unceasingly.
દડદડવું, *vt*. દડદડ વહેવું, To flow unceasingly.
દડબડ,-દડબડ, *ad*. દોડવાનો અવાજ. Trampling.
દડબવું, *vt*. ઠાંસીને ભરવું. To fill tightly.
દડબું, *n*. ઢેફું. Clod. A lump of anything.
દડમજલ. *n*. ઝડપી કૂચ. A rapid march without a halt. *ad*. અટક્યા વિના. Without a halt.
દડિયો, *n*. પડિયો. Bowl made of leaves.
દડી, *n*. નાનો દડો. Small ball.
દડો, દડુલો, *n*. રમવાની ગોળાકાર વસ્તુ. Ball.
દત્તક, *n*. શાસ્ત્રવિધિ પ્રમાણે પોતાનો કરેલો બીજાનો પુત્ર. Adopted son.
દત્તકવિધાન, *n*. દત્તક લેવાનો વિધિ. Ceremony of adoption.
દદડવું, *vt*. દડદડવું. To flow unceasingly,
દદૂડો, *n*. પડતી મોટી ધાર. An outpour, A water current.
દધિ, *n*. દહીં.Curd.૨.સમુદ્ર.Sea.Ocean.
દપટવું,-ટાવવું દપેટવું, *vt*.સંતાડી રાખવું.To appropriate secretly. ૨. સંઘરવું. To store.
દફણાવવું, *vt*. દાટવું, To bury. ૨. મારવું.To beat.
દફતર, *n*. કામકાજનાં કાગળિયાં વિ. Record ૨. કાર્યાલય. Office. ૩. ચોપડીઓ રાખવાની થેલી.Book packet.
દફતરખાનું, *n*. દફતર રાખવાની જગા.Record-room.
દફન, *n*. મુડદાને દાટવું તે. Burial. Internment.
નાદર, *a.* અસાધારણ; ઉત્તમ. Extraordinary.
નાદાન, *a.* અણસમજુ; મૂર્ખ. Foolish. Childish.

નાદાર, *a.* દેવાળિયું. Bankrupt. Pauper. 2. લાચાર.
નાદારી, *n.* દેવાળું. Insolvency. Poverty. [Helpless.
નાદુરસ્ત, *a.* માંદું. Sick. Ill.
નાદુરસ્તી, *n.* માંદગી. Sickness. Illness.
નાનકડું-ડિયું, નાનેરું, *a.* નાનું. Small.
નાનખટાઈ, *n.* એક ખાદ્ય પદાર્થ. Eatable.
નાનપ,-મ, *n.* નાનાપણું; હલકાઈ. Inferiority.
નાનાપ્રકાર,-રૂપ-વિધ, *a.* વિધવિધ પ્રકારનું. Of various
નાની, *n.* માની મા. Grandmother. [forms.
નાનું, *a.* નાની ઉમરનું. Young. ૨. કદમાં હલકું. Small ૩. ઉતરતું. Inferior.
નાનુંસૂનું, *a.* નજીવું; સાધારણ. Very small.
નાન્યતર, *a.* નપુંસક લિંગનું. Neutral. Neuter.
નાપસંદ, *a.* અણગમતું; અમાન્ય. Unacceptable.
નાપસંદગી, *n.* અણગમો. Dispproval. Dislike.
નાપાક, *a.* અપવિત્ર. Unholy. Impure. Unclean.
નાપાયાદાર,-યેદાર *a.* પાયો કે આધાર વગરનું. Having no foundation.
નાપિક,-ત, *n.* હજામ; વાળંદ. Barber.
નાફરમાન, *a.* હુકમનો અનાદર કરનાર. Disobedient. Insubordinate.
નાફરમાની, *n.* હુકમની અવજ્ઞા. Disobedience.
નાબુદ. *a.* નિર્મૂળ; સમૂળું ખલાસ. Vanished. Lost. extinct. [Centre.
નાભિ,-કમળ, *n.* ડૂંટી. Navel. ૨ કેન્દ્ર. મધ્યભાગ.
નામ, *n.* વસ્તુની સંજ્ઞાનો શબ્દ. Name. ૨. કીર્તિ Reputation; Renown.
નામકર, નામુકર, *a.* નાકબૂલ. Denying. Disowning.
નામકરણ, *n.* બાળકનું નામ પાડવાની વિધિ. The ceremony of giving a name to an infant.
નામચીન,-જાદું, *a.* પ્રસિદ્ધ. Famous. Renowned.
નામના, *n.* કીર્તિ. Fame. Renown.
નામનું,-માત્ર, *a.* માત્ર દેખાડવાનું જ. Nominal.
નામરાશી, *a.* એક નામવાળો. Namesake.
નામવું, *vt.* રેડવું. To pour out.
નામર્દ, *a.* બાયલું. Coward. [tency.
નામર્દાઇ,-દી, *n.* બાયલાપણું. Cowardice: Impo-
નામંજુર, *a.* નાકબૂલ. Unacceptable. Rejected.
નામંજુરી, *n.* નામંજૂર થવું તે. Rejection. Refusal.
નામાંકિત, *a.* પ્રખ્યાત. Famous; Renowned.
નામીચું, *a.* પ્રખ્યાત. Renowned; Illustrious.
નામુનાસબ,-સિબ, *a.* ગેરવાજબી. Improper. Un-
નામું, *n.* જમે ઉધારનો હિસાબ. Account. [becoming.
નામોશી, *n.* હીણપત. Disgrace; A shame.
નાયક, *n.* નાટક કે વાર્તાનું મુખ્ય પાત્ર. Hero. ૨. આગેવાન. Leader.
નાયકણ,-ણી, *n.* વેશ્યા. Harlot. A dancing girl.
નાયબ, *n.* હાથ નીચેનો મદદનીશ. Deputy.
નાયિકા, નાયકા, *n.* મુખ્ય સ્ત્રીપાત્ર. Heroine. ૨. રામજની. Dancing girl.
નાર, *n.* સ્ત્રી. Woman. A female.
નારકી,-ય, *a.* નરકનું Hellish. Impious.
નારંગી, *n.* એક ફળ. Orange.
નારાજ, *a.* નાખુશ. Displeased. Discontented.
નારાજી, *n.* નાખુશી. Displeasure. Dis-satisfaction.
નારાયણી. *n.* દુર્ગા; લક્ષ્મી. Goddess.
નારિયેળી, નાળિયેરી, *n.* નારિયેળનું ઝાડ. Cocoa-nut tree.
નારી, *n.* સ્ત્રી. Woman. A female. [જાતિ. Women.
નારીજાતિ, *n.* સ્ત્રીલિંગ. Feminine gender. ૨. સ્ત્રી
નાલાયક, *a.* અયોગ્ય. Unworthy. Unfit. [petancy.
નાલાયકી, *n.* અયોગ્યતા. Unworthiness. Incom-
નાલેસી,-શી, *n.* નિંદા; બદગોઇ. Slander. A calumny.
નાવ,-ડી,-ડું, *n.* હોડી. Boat. Canoe.
નાવણ, *n.* સ્નાન. Bath. 2. રજ; આર્તવ. Menstrual
નાવલિયો,-લો, પતિ. Husband. [discharge.
નાવાકેફ, *a.* અજાણ. Ignorant. Unacquainted.
નાવિક, *n.* વહાણવટી; સુકાની. Sailor. A navigator.
નાશ, *n.* સંહાર; પાયમાલી. Destruction. Ruin. Annihilation.
નાશકારક, *a.* નાશ કરે એવું. Destructive. Ruinous.
નાશવંત,-વાન. *a.* નાશ પામે તેવું; નશ્વર. Perishable.
નાસ, *n.* નાક વાટે વરાળ કે ધૂણી લેવી તે. Inhalation.
નાસભાગ, નાસાનાસ, *n.* દોડાદોડ. Hurried retreat.
નાસવું, *vt.* દોડવું. To run. 2. જતા રહેવું; ભાગવું. To
નાસિકા, નાસા, *n.* નાક. Nose. [flee.
નાસીપાસ, નાશીપાસ, *a.* નિરાશ. Disappointed.
નાસીપાસી, *n.* નિરાશા. Disappointment.
નાસ્તિ, *n.* ન હોવું તે; અભાવ. Non-existence.
નાસ્તિક, *n.* ઈશ્વર નથી એવું માનનાર. Atheist.
નાસ્તિકતા,-પણું,-ક્ય, *n.* નાસ્તિક હોવું તે. Atheism.
નાસ્તો, *n.* હાજરી; શીરામણ. Breakfast.
નાહક, *ad.* વગર કારણે. Uselessly. Unjustly.
નાહવું, *vt.* સ્નાન કરવું. To bathe. To wash.
નાહિંમત, *a.* કાયર. Coward. Timid.
નાળ, *n.* ગર્ભમાં ડૂંટી સાથે જોડાયેલી રગોની લાંબી નળી. Umbilical cord. ૨. પરનાળ. Water-pipe. ૩. ઘોડાના પગને જડવામાં આવતી લોખંડની જાડી પટ્ટી. Horse-shoe ૪. ગલી. Lane. ૫. ભૂંગળી. Tube ૬. બંદૂકની નળી. Barrel of a gun.
નાળબંદ,-બંધ, *n.* નાળ જડનારો. Shoer of horses.
નાળિયેર, *n.* શ્રીફળ. Cocoanut.
નાળું, *n.* વહેળો; Stream. A rivulet.
નાંખવું, *vt.* ફેંકવું. To throw. ઉલેટવું. To fling.
નાંગર,-ળ, *n.* લંગર. Anchor.
નિકટ, *a.* પાસે; નજીક. Near.
નિકટવર્તી, *a.* પાસે રહેલું. Situated near.
નિકંદન, *n.* નાશ. Ruin. Destruction.
નિકા,-હ, *n.* લગ્ન. Marriage. Wedding.

નિકાલ, *n.* ફેંસલો. Settlement. Decision. Issue.
નિકાશ,-સ, *n.* માલનું પરદેશ જવું તે. Export.
નિકૃષ્ટ, *a.* અધમ; હલકું. Low. ૨. પાસે. Near.
નિકેત,-ન, *n.* રહેઠાણ; ઘર. Residence. An abode.
નિક્ષેપ, *n.* ફેંકવું તે. Dispersion. ૨. થાપણ. Deposit.
નિખર્વ, *a.* સો અબજ. Hundred thousand millions.
નિખારવું, *vt.* ખેળ કાઢવી. To bleach.
નિખાલસ, *a.* શુદ્ધ દિલનું. Frank. Guileless
નિખિલ, *a.* બધું. Whole. [અંત. End.
નિગમ, *n.* વેદશાસ્ત્ર. Scriptures. ૨. ઈશ્વર. God. ૩.
નિગમન, *n.* સાર. Deduction. Conclusion.
નિગાહ. નિધા, *n.* દૃષ્ટિ; નજર. Look. ૨. સંભાળ. Care. Regard. ૩. મહેરબાની. Favour.
નિગાહદારી,-બાની, *n.* મહેરબાની. Favour.
નિગ્રહ, *n.* અટકાવ; નિરોધ. Restraint; Check.
નિઘંટુ, *n* શબ્દકોષ. Vocabulary.
નિચોડ, *n.* સાર; તાત્પર્ય. Essence.
નિચોવવું, *vt.* દબાવીને પાણી બહાર કાઢવું. To squeeze ૨. કસ રહે નહિ તેમ કરવું. To extort.
નિજ, *v.* પોતાનું. Own. [himself.
નિજાનંદ, *n.* આત્માનંદ. One who finds joy in
નિતરામણ, *n.* નિતરેલું પાણી કે પ્રવાહી. Oozed water.
નિતંબ, *n.* કૂલો; થાપો. Hip. The posteriors.
નિતારવું, *vt.* નિતરે એમ કરવું. To make to ooze.
નિત્ય, *a.* શાશ્વત; રોજનું. Constant. Perpetual. *ad.* દરરોજ. Daily.
નિત્યકર્મ,-નિયમ, *n.* રોજનું કાર્ય; Daily duties.
નિત્યતા,-ત્વ, *n.* શાશ્વતપણું. Constancy. Undestructibility.
નિદર્શન, પુરાવો. Evidence. ૨. ઉદાહરણ. Example. ૩. ઉપદેશ. Teaching.
નિદાન, *n.* મૂળ કારણ. Original cause. ૨. રોગોની તપાસ. Pathology. પરિણામ. Result. *ad.* ઓછામાં ઓછું. At least. ૨. છેવટે. After
નિદાનશાસ્ત્ર, *n.* રોગ તપાસવાનું શાસ્ત્ર. Pathology.
નિદ્રા, *n.* ઊંઘ. Sleep.
નિદ્રારોગ, *n.* નિદ્રા ન આવવી તે રોગ. Insomnia.
નિદ્રાવશ. નિદ્રિત, *a.* ઊંઘતું. Sleeping. Asleep.
નિધણિયું, *a.* નિધણિયાતું. Having on owner. Un-
નિધન. *n.* મૃત્યુ. Death. Destruction. [claimed.
નિધિ, નિધાન, *n.* ભંડાર. Treasure.
નિપજાવવું, *vt.* ઉત્પન્ન કરવું. To produce.
નિપાત, *n.* નિપતન. Falling down. ૨. વિનાશ. Ruin. ૩. મૃત્યુ. Death.
નિપુણ, *a.* પ્રવીણ. Expert, Proficient. Clever.
નિપુણતા, *n.* પ્રવીણતા. Proficiency.
નિબંધ, *n.* મુદ્દાસર લેખ. Essay. ૨. કાયદો. Treatise. ૩. ધારો. Law. ૪. બંધન. Restraint.
નિભાડો.-માડો, *n.* કુંભારની ભઠ્ઠી. Kiln.

નિભાવ, *n.* ભરણપોષણ. ટકાવ. Maintenance. Endurance. [To excuse.
નિભાવવું, *vt.* નિભાવ કરવો; ચલાવી લેવું. To maintain.
નિમક, નમક, *n.* મીઠું. Salt. [Faithless.
નિમકહરામ, *a.* લૂણહરામ; કૃતઘ્ન. Ungrateful;
નિમકહરામી, *n.* લૂણહરામી. Ingratitude; Unfaithfulness.
નિમકહલાલ, *a.* કૃતજ્ઞ. Faithful. Grateful; Loyal.
નિમગ્ન, *a.* લીન; એકતાર. Absorbed; Immersed.
નિમણૂંક, *n.* જગા કે કામ પર નિમાવું કે નિમવું તે. Appointment. ૨. પગાર. Salary.
નિમતાનદાર, *n.* અન્વેષક. Auditor.
નિમંત્રણ, *n.* નોતરું. Invitation.
નિમંત્રવું, *vt.* નોતરવું. To invite.
નિમંત્રિત, *a.* નોતરેલું. Invited.
નિમાળો, *n.* વાળ. Hair. [Pretext.
નિમિત્ત, *n.* કારણ. Cause. ૨. હેતુ. Motive. ૩. બહાનું.
નિમિષ, નિમેષ, *n.* પળ. Moment. ૨. આંખનો પલકારો. Twinking of the eye.
નિમ્ન, *a.* ઊંડું. Deep. ૨. નીચે. Below.
નિયતિ, *n.* ભાગ્ય. Luck. ૨. નિયમ. Rule.
નિયમ, *n.* ધારો. Rule. ૨. રીત. Custom. ૩. ઠરાવ. Resolution.
નિયમન, *n.* નિયંત્રિત કરવું તે. Controlling Regulating. [dically.
નિયમસર, *ad.* નિયમ પ્રમાણે. Regularly. Metho-
નિયમિત, *a.* નિયમબદ્ધ. Regular. મુકરર કરેલું. Fixed.
નિયંતા, *n.* ઇશ્વર. God. ૨. નિયમમાં રાખનાર. That wich restrains.
નિયંત્રણ,-ણા *n.* નિયમન. Restraint; Control.
નિયામક, *n.* વ્યવસ્થા કરનાર. Director. નિયમમાં રાખનાર. Manager; Governor.
નિયુક્ત, *a.* નિમાયેલું. Appointed.
નિયોગ, *n.* હુકમ. Order. Precept; Command.
નિયોજન *n.* કોઈ કામમાં યોજવું તે. Prescribing.
નિરક્ષર, *a.* અભણ. Uneducated. [Appointment.
નિરત, *a.* લીન; મગ્ન. Engaged.
નિરપરાધ,-ધી, *a.* નિર્દોષ. Innocent. Faultless.
નિરપેક્ષ,-ક્ષી, *a.* નિસ્પૃહ. Disinterested. ૨. સ્વતંત્ર. Independent.
નિરભિમાન,-ની *a.* અભિમાન વગરનું. Prideless.
નિરભ્ર, *a.* વાદળાં વગરનું Cloudless. Absolute.
નિરર્થ -ક, *a.* નકામું. Useless. Unnecessary.
નિરવધિ, *a.* પાર વગરનું. Endless.
નિરવયવ,-વી,-રિંદ્રિય, *a.* અખંડ. Inorganic.
નિરહંકાર,-રી, *n.* નિરભિમાની. Devoid of pride or vanity. [Unrestrained; Free.
નિરંકુશ, *a.* અંકુશ વગરનું; Unchecked. ૨. ઉચ્છૃંખલ.
નિરંતર, *a.* સતત; હંમેશ. Continuous.

નિરાકરણ, *n.* નિવેડો. Adjustment; Settlement.
નિરાકાર, *a.* આકાર વગરનું. Formless, Shapeless.
નિરાધાર,-શ્રય, *a.* આધાર વગરનું. Helpless. Supportless.
નિરાલંબ, *a.* આધાર વગરનું. Supportless; Forlorn.
નિરાશ, *a.* નાઉમેદ; આશાભંગ. Disappointed.
નિરાશા, *n.* નાઉમેદી. Disappointment.
નિરાશાવાદ, *n.* આશાવાદથી ઊલટું તે. Pessimism.
નિરાળું, *a.* જુદું. Different. ૨. અલગ. Separate.
નિરાંત, *n.* જંપ; ફુરસદ. Ease; Comfort.
નિરીક્ષક, *n.* નિરીક્ષણ કરનાર. Observer.
નિરીક્ષણ,-ક્ષા, *n.* અવલોકન. Observation.
નિરીશ્વરવાદ, *n.* ઇશ્વર નથી એવો વાદ. Atheism.
નિરીશ્વરવાદી, *n.* નાસ્તિક. Atheist.
નિરુત્તર, *a.* જવાબ વગરનું. Answerless; Silent.
નિરુત્સાહ, *n.* નાઉમેદી. Disappointment. [lent.
નિરુત્સાહી. *a.* ઉત્સાહ વગરનું. Disapointed; Indo-
નિરુદ્યમ,-મી,-ઉદ્યોગ,-ગી. *a.* આળસુ. Idle; Unem-
નિરુપદ્રવ,-વી, *a.* શાંત. Calm; Harmless [ployed.
નિરુપમ, *a.* અદ્વિતીય; અનુપમ. Unique; Matchless.
નિરુપયોગી, *a.* નકામું. Useless. Unsuitable; Worthless.
નિરુપાય, *a.* લાચાર. Helpless. Irremediable.
નિરૂપણ, *n.* વર્ણન. Description. ૨. અવલોકન. Observation. [straint.
નિરોધ, *n.* રોકાણ; નિગ્રહ. Hindrance. Check. Re-
નિરોધક,-ધી, *a.* રોકનારૂં. Hindering. Opposing.
નિર્ગમ,-ન, *n.* બહાર જવું તે. Departure.
નિર્ગમવું, *vi.* બહાર જવું. To depart. ૨. ગુજારવું To pass out. [thless. Useless.
નિર્ગુણ,-ણી, *a.* કૃતઘ્ન. Faithless ગુણ વગરનું. Wor-
નિર્જન, *a.* ઉજ્જડ. Barren. Deserted.
નિર્જીવ, *a.* જીવ વગરનું; અચેતન. Inanimate. ૨. નબળું. Weak. Feeble.
નિર્ઝર, *n.* ઝરો. Stream. ૨. ધોધ. waterfall.
નિર્ઝરિણી,-રી, *n.* નદી. River.
નિર્ણય, *n.* નિશ્ચય; ફેંસલો. Decision.
નિર્ણાયક, *a.* નિર્ણય કરનાર, Decisive. Conclusive.
નિર્ણિત, *a.* નક્કી કરેલું, Settled. Decided.
નિર્દય, *a.* ક્રૂર. Cruel.
નિર્દિષ્ટ, *a.* બતાવેલું. Indicated. વર્ણવેલું. ૨. Specified.
નિર્દેશ, *n.* હુકમ. Order, ૨. ઉલ્લેખ. Reference.
નિર્દોષ,-ષી, *a.* નિરપરાધી; દોષરહિત. Innocent.
નિર્ધન.-ની, -નિયું, *a.* ગરીબ. Poor. Indigent.
નિર્ધાર, *n.* નિશ્ચય. Determintion.
નિર્ધારવું, *vt.* નિશ્ચય કરવો. To determine. To settle.
નિર્બલ -ળ, *a.* બળ વગરનું. Weak. Powerless.
નિર્ભય, નિર્ભીત, *a.* નીડર. Fearlesr. Bold.
નિર્ભાગી, -ગિયું, *a.* કમનસીબ. Unlucky.

નિર્મલ,-ળ, *a.* સ્વચ્છ; પવિત્ર. Pure. Clear; clean.
નિર્માણ, *n.* રચના; સર્જન. Creation. ૨. નસીબ; Luck.
નિર્મિત. *a.* નિયત, Predestined ૨. રચાયેલુ. Created.
નિર્મૂલ,-ળ. *a.* મૂળ વગરનું. Groundless. Eraticated.
નિર્મોહ,-હી, *a.* મોહ વગરનું. Free from illusion.
નિર્લજ્જ, *a.* લાજ વગરનું; અવિવેકી. Shameless. Immodest. [nnected.
નિર્લિપ્ત,-લેપ, *a.* અનાસક્ત; લેપાયા વગરનું. Unco-
નિર્વંશ, *n.* નખોદ. Extinction. *a.* બીનવારસ. Heirless.
નિર્વાણ, *n.* મોક્ષ. Salvation 2. અંત; મરણ. End.
નિર્વાહ, *n.* ગુજારો. Maintenance. Support.
નિર્વિકાર-રી, *a.* વિકાર વિનાનું. Immutable. Unchageable.
નિર્વિઘ્ન, *a.* વિઘ્ન વગરનું. Unobstructed.
નિર્વિવાદ,-દિત, *a.* ચોક્કસ. Exact. બિનતકરારી. Undis-
નિર્વીર,-ર્ય, *a.* વીર્યહીન; નબળું. Impotent. [puted.
નિર્વૃત્તિ, *n.* સંતોષ. Satisfaction. ૨. પૂરૂં થવું તે. Ful-
નિર્વ્યસની, *a.* વ્યસન વગરનું. Viceless. [filment.
નિલય, *n.* રહેઠાણ. Abode. Dwelling.
નિવડવું, *vi.* થવું. To turn out. To prove to be. To come up.
નિવાપ,-પાંજલિ, *n.* શ્રદ્ધાંજલિ. Offering.
નિવાર,-ણ, *n.* વારવું તે. અટકાવ. Preventing. Prevention. Restraint.
નિવારવું, *vt.* દૂર કરવું, To prevent.
નિવાસ,-સ્થાન, *n.* રહેઠાણ. Residence. Abode.
નિવાસી, *n.* રહેનાર. Resident. A dweller.
નિવૃત્ત, *a.* નિવૃત્તિ પામેલું. Retired.
નિવૃત્તિ, *n.* પ્રવૃત્તિમાંથી મુકત થવું તે. Retirement.
નિવેડો, *n.* ફેંસલો, છેવટ. Decision. Adjustment.
નિવેદન, *n.* અરજ; અહેવાલ. Representation.
નિવેશ, *n.* પ્રવેશ; પ્રવેશદ્વાર. Entrance. ૨. પડાવ. Camp.
નિશદિન,-વાસર, *ad.* રાત દિવસ. Day and night.
નિશા, નિશ, *n.* રાત્રિ. Night.
નિશાચર, *n.* ભૂત; પિશાચ. Goblin. ૨. ચોર. Thief. ૩. ઘુવડ. Owl. ૪. વાગળું. Bat. [War-drum.
નિશાન, *n.* ચિહ્ન. Sign. ૨. વાવટો. Flag. ૩. નોબત.
નિશાનબાજી, *n.* નિશાન તાકવાની રમત-તેનો અભ્યાસ. Target-practice.
નિશાની, *n.* ચિહ્ન; સંજ્ઞા, Sign. A mark. A badge.
નિશાળ, *n.* શાળા. School.
નિશાળિયો, *n.* વિદ્યાર્થી. Student. A school-boy.
નિશ્ચય, *n.* સંકલ્પ; નિર્ણય. Resolve. Determination. *ad.* નક્કી; Certainly.
નિશ્ચયપૂર્વક, *ad.* ખાતરીપૂર્વક. Positively.
નિશ્ચયાત્મક, *a.* ચોક્કસ. Positive. Determinate.
નિશ્ચિંત, *a.* ચિંતા વગરનું; બેફિકર. Free from an-
નિશ્ચેતન, *a.* જડ; મૃત. Inanimate. [xieties. Sure.

નિશ્વાસ,-ન, n. નિસાસો. Sigh. Soobing. [diction.
નિષેધ, n. મના, બાધ; મનાઇ. Prohibition. Inter-
નિષેધક. a. મના કરતું. Forbidding. Prohibiting.
નિષ્કપટ.-ટી, a. કપટ વગરનું; નિખાલસ. Frank. Candid.
નિષ્કર્ષ, n. સાર, Essence. [less. Clean.
નિષ્કલંક. a, કલંક વગરનું; નિર્દોષ. Stainless. Spot-
નિષ્કંટક, a. અડચણ વગરનું. Free from hindrance.
નિષ્કામ,-મી, a. ઇચ્છા વગરનું. Free from desires.
નિષ્કામવૃત્તિ, n. કામના ફળની ઈચ્છાના અભાવવાળી વૃત્તિ. Unselfishness.
નિષ્કારણ,-પ્રયોજન, a. વિના કારણે. Without any
નિષ્ક્રય, n. બદલો. Exchange. ૨. વેચાણ. Sale. [reason.
નિષ્ઠા, n. શ્રદ્ધા; વફાદારી. Trust. Faith. ૨. આશય. Aim. ૩. લીનતા. Devotion.
નિષ્ઠુર, a. ક્રૂર Cruel. Inhuman. ૨. કઠોર. Hard.
નિષ્ણાત, a. & n. પ્રવીણ. Expert.
નિષ્પક્ષ,-પાતી, a. પક્ષપાત રહિત, Impartial.
નિષ્પાપ.-પી,-પ્રપંચ, a. પાપ વગરનું. Sinless. Guileless.
નિષ્પ્રાણ, a. મૃત. Dead. ૨. જોર વગરનું. Powerless.
નિષ્ફલ,-ળ, a. ફળ વગરનું. Fruitless. Abortive ૨. નકામું. Vain. [પરવા. Care. ad. મારફતે. Through.
નિસબત,-સ્બત, n. સંબંધ. Relation. Connection.
નિસરણી, n. સીડી; દાદર. Stair-case.
નિસર્ગ, n. સ્વભાવ. Nature. ૨. કુદરત. Creation.
નિસાસો, n. નિશ્વાસ. Sigh. A groan.
નિસ્તબ્ધ, નિઃસ્તબ્ધ. a. સ્થિર; જડ. Immobile.
નિસ્તેજ, a. ઝાંખું; તેજહીન. Pale. [Indifferent.
નિસ્પૃહ,-હી, નિઃસ્પૃહ, a. સ્પૃહા વગરનું. Unselfish.
નિહંતા, n. હણનારો; ઘાતક. Killer.
નિહાળવું, vt. ધારીધારીને જોવું. To observe minutely.
નિંદવું, vt. નિંદા કરવી. To slander. To revile.
નિંદા, n. બદબોઈ, વગોવણી. Slander. Calumny.
નિંદાપાત્ર,-સ્પદ, a. નિંદ્ય. Vile
નિંદાખોર, n. નિંદા કરનાર. A slanderer. An abuser.
નિંદ્ય, a. નિંદાને લાયક; ખરાબ. Censurable.
નિઃશંક,-સંશય,-સંદેહ, a. & ad. શંકા-ભય વગરનું. Undoubtedly.
નિઃશેષ, a. સંપૂર્ણ. Whole. ad. બિલકુલ, Wholly.
નિઃસત્વ, a. સત્વહીન-માલ વિનાનું. Sapless. Pithless.
નિઃસંતાન, a. સંતાન વગરનું. Childless.
નિઃસ્વાદ, a. સ્વાદ વગરનું. Tasteless. Insipid.
નિઃસ્વાર્થ,-ર્થી, a. સ્વાર્થ રહિત. Unselfish.
નીક, n. પાણી જવાનો રસ્તો. Drain.
નીકળવું, vt. બહાર આવવું. To come out.
નીઘરવું,-ળવું, vt. ડૂંડામાં દાણા આવવા. To ripen.
નીચ. a. અધમ; હલકું. Mean. Base.
નીચતા,-પણું, n. અધમતા. Meanness.
નીચાણ. n. ઢોળાવ. Slope. Declivity.
નીચું, a. નીચ. Low. ૨. ઓછી. ઉંચાઇનું Not high.
નીચે, ad. હેઠે. Beneath.
નીડર, a. નિર્ભય. Fearless. Bold.
નીતરવું, vt. ટપકવું, To ooze. ૨. ઠરવું. To subside.
નીતિ, n. સદાચાર. Ethics. ૨. ચાલચલગત. Behaviour. ૩. રાજનીતિ. Polity. ૪. ધોરણ; પદ્ધતિ. Policy.
નીતિજ્ઞ,-નિપુણ,-વેત્તા, a. નીતિ જાણનાર. Well-versed in ethics.
નીતિમાન,-યુક્ત, a. નીતિવાળું. Moral. Just.
નીતિશાસ્ત્ર, n. આચરણના નિયમનું શાસ્ત્ર. Moral philosophy.
નીદવું, n. ખેતરમાં અનાજના છોડને હરકત કર્તા હોય તે કાઢી નાંખવું. To weed.
નીપજ, n. પેદાશ. Produce. Gain. [To gain.
નીપજવું vt. પેદા થવું. To result. ૨. નફો મેળવવો.
નીમ, a. અડધું. Half
નીમવૈદ્ય,-હકીમ. n. ઉંટવૈદ્ય. Quack.
નીમવું, vt. સ્થાપવું; નિયોજવું. To appoint; To fit.
નીમે, ad. અડધે ભાગે. By half.
નીર, n. જળ; પાણી. Water. ૨. કસ. Lustre.
નીરખવું, vt. બરાબર જોવું. To inspect.
નીરવ, a. શાંત. Calm. [before cattle.
નીરવું, vt. ઢોરને ઘાસ નાખવું. To place grass
નીરો n. તાજી તાડી. Toddy-juice. [desease.
નીરોગ,-ગી, a. તંદુરસ્ત. Healthy. Free from
નીલ, a. કાળું. Black. ૨. આસમાની. Azure.
નીલમ. -ણી n. નીલ રંગનું રત્ન, Sapphire.
નીલું, a. લીલું. Green. ૨. વાદળી. Blue; Dark-green.
નીવડવું, vt. નીમડવું. To turn out.
નીસરવું, vt. નીકળવું. To come out. To issue.
નીંદ,-ર, n. ઉંઘ; નિદ્રા. Sleep. [weed.
નીંદવું, vt. ખેતરમાંથી નકામું ઘાસ ખોદી કાઢવું. To
નુકતો, n. બિંદુ Dot. ૨. કોયડો. Puzzle. ૩. મુદ્દો; તર્ક.
નુકશાન, n. હાનિ. Loss; injury. [Fancy.
નુકશાનકર્તા,-કારક,-કારી. a. હાનિ કરનારૂં. Injurious.
નુકશાની, n. હાનિ. Loss. Injury. ૨. નુકશાનનું વળતર. Compensation. a. નુકશાનવાળું. Damaged.
નુગરૂં, a. નગરૂં, Faithless. Ungrateful.
નૂતન,-ર, a. નવું. New, Fresh; Recent.
નૂપર, નેપુર, -વર, n. ઝાંઝર, Anklet.
નૂર n. તેજ; પ્રકાશ. Light. Lustre. ૨. ભાડું. Fare.
નૃદેવ,-પ,-પતિ.-પાલ, n. King. રાજા.
નૃત્ય,-ત્ત, n. નાચ, Dance. A ball.
નાચનાર, n. નાચ કરનાર. Dancer. [school.
નૃત્યશાલા,-શાળા, n. નૃત્ય શીખવતી શાળા. Dancing
નૃદેહ, n. માનવદેહ. Human body. [thropology.
નૃવંશવિદ્યા, n. જાતિઓના ગુણધર્મ ચર્ચતું શાસ્ત્ર, An-
નૃશંસ, a. ક્રૂર; નીચ. Merciless; Cruel.
ને, ind. અને, And. [Just.
નેક, a, પ્રમાણિક. Honest. virtuous. ૨. ન્યાયી.

નેકનામી, *n.* કીર્તિ Fame.
નેકી. *n.* પ્રમાણિકપણું. Honesty. Probity. ૨. પવિત્રતા. Piety. Chastity.
નેજું, નેજો, *n.* વાવટો. Banner. ૨. ભાલો. Lance.
નેડો, *n.* સ્નેહ. Attachment.
નેણ, -ન. -ત્ર, *n.* આંખ; નયન. The eye.
નેતર, *n.* એક જાતનો વેલો અને તેની સોટી. Cane.
નેતરૂં, *n.* વલોણાનું દોરડું. Rope for churning.
નેતા, *n.* આગેવાન, Leader. A manager.
નેત્રવિદ્યા, *n.* આંખ વિષેનું શાસ્ત્ર. Opthalmology.
નેત્રવૈદ્ય. *n.* આંખનો વૈદ્ય. Ophtalmic surgeon.
નેપથ્ય, *n.* રંગભૂમિનો પડદો; પડદા પાછળનો ભાગ, Curtain. ૨. પોશાક. Dress.
નેપાળો, *n.* રેચક બીયાંવાળી એક વનસ્પતિ. Croton.
નેમ, *n.* હેતુ; નિશાન. Aim. Intention.
નેવ, -વું, *n.* નળિયું. Tile. The eves of a roof.
નેશ, *a.* અપશુકનિયું. Inauspicious. ૨. કમનસીબ. Unlucky.
નેશ,-ડો, *n.* ભરવાડનું ઝૂપડું-ઝૂપડાં. Shepherd's hut.
નેસ્તી, *n.* મોદી. Grocer. A corn-seller.
નેહ, -ડો, *n.* સ્નેહ. Attachment.
નેળ, *n.* સાંકડી ગલી. Narrow lane. ૨. હુકાની નળી. Tube of hubble-bubble.
નૈપુણ્ય, *n.* નિપુણતા. Proficiency. Skill.
નૈયત, *n.* દાનત; હેતુ. Intention. Moral inclination.
નૈયાયિક, *a.* ન્યાયને લગતું. Pertaining to logic.
નૈર્ઋત્ય, *n.* પશ્ચિમ અને દક્ષિણ દિશા વચ્ચેનો ખૂણો. South-west.
નૈવેદ,-દ્ય, *n.* પ્રસાદ. Offering of eatable to an idol.
નૈષ્ઠિક, *a.* નિષ્ઠાવાળું. Devoted to religious rites.
નૈસર્ગિક, *n.* કુદરતી. Natural. Innate.
નોક,-ખ, અણી; છેડો. Point. ૨. ટેક;વટ. Self-respect.
નોકર, *n.* ચાકર; દાસ. Servant. A domestic.
નોકરશાહી, *n.* અમલદારી રાજ્ય. Beaurocracy.
નોકરી, *a.* ચાકરી; સેવા. Service. Employment.
નોખું, *a.* જુદું. Separate. Distinct.
નોતરવું, *vt.* આમંત્રણ કરવું.To invite to dinner.
નોતરૂં, *n.* આમંત્રણ. Invitation.
નોધારૂં, *a.* આધાર વગરનું.Helpless. Supportless.
નોબત, *n.* મોટું નગારૂં. Large drum.
નોળિયો, *n.* એક નાનું ચોપગું પ્રાણી. Mangooze.
નોંધ, *n.* ટાંચણ. Entry;notes.A memorandom.
નોંધણી, *n.* નોંધવાની ક્રિયા. Registration.
નોંધવું, *vt.* નોંધકરવી. To register. To enter in a book.
નોંધાઇ, *n.* નોંધણી કરવાની ફી. Registration fees.
નૌકા, નૌ, *n.* હોડી. Boat. Ship.
નૌકાગમન, *n.* નૌકાની સફર. Navigation.
નૌકાપતિ,-ધિપતિ, *n.* નૌકાસૈન્યનો ઉપરી. Admiral. ૨. કપ્તાન. Captain.
નૌકાફોજ,-સૈન્ય, *n.* દરિયાઈ લશ્કર. Navy.
નૌતમ, *a.* નૂતન. New. Recent. Fine.
ન્યાત, *n.* જ્ઞાતિ. Caste. A sect.
ન્યામત, *n.* સુખ.Comfort.૨. દુર્લભ ચીજ.Dainty.
ન્યાય, *n.* ઇન્સાફ. Justice. ૨. કહેવત. Maxim. ૩. ન્યાય શાસ્ત્ર. Logic.
ન્યાયમંદિર,-સભા, *n.* વરિષ્ઠ અદાલત. High-court.
ન્યાયમંત્રી, *n.* ન્યાયખાતાનો મંત્રી. Legal.Remembrancer
ન્યાયશાસ્ત્ર,*n.*પ્રમાણશાસ્ત્ર..Science of Logic.
ન્યાયી, *a.* વાજબી. Just. Upright.
ન્યારૂં, *a.* જુદું. Separate. ૨. અજાયબ.Strange.
ન્યાલ, *a.* પૈસાદાર. Rich. ૨. નિહાલ. Satisfied.
ન્યૂન, *a.* ઓછું; ઊણું. Less.
ન્યૂનતા, *n.* ઓછપ. Deficiency. A deficit.
ન્યૂનાધિક, *a.* ઓછુંવત્તુ, More or less.

'प'

પ, ૨૧ મો વ્યંજન. The 21st consonant of the Alphabet.
પકડ, *n.* પકડવું તે. Grip.૨.પકડવાનું ઓજાર. Pincers.
પકડવું,*vt.*ઝાલવું. To catch. ૨.કેદ પકડવું.To arrest.
પકવવું,-કાવવું, *vt.* રાંધવું. To cook. ૨. ભઠ્ઠીમાં શેકવું. To bake. ૩. પાકે એમ કરવું. To ripen.
પક્કું, *a.* પાવરધું. Competent. ૨. ખંધું. Shrewd. ૩. દૃઢ. Durable.
પક્કાઈ, *n.* ખંધાઈ. Shrewdness; Cunning.
પક્વ, *a.* પાકું. Ripe. ૨. રંધાયેલું. Cooked.
પક્ષ, *n.* તરફેણ. Side. ૨. તડ; પાંખ. Wing ૩. પખવાડિયું. Fortnight.
પક્ષકાર, *n.* પક્ષ કરનાર. Partisan. A party.
પક્ષપાત, *n.* વગ; તરફદારી. Partiality.
પક્ષપાતી, *a.* એકતરફી. Partial.
પક્ષાઘાત, *n.* લકવો. Paralysis.
પક્ષી *n.* પંખી. Bird. A fowl.
પખવાડું,-ડિયું, *n.* પંદર દિવસનો કાળ. Fortnight.
પખાલ, *n.* પાણી ભરી લાવવાની ચામડાની ગૂણ કે થેલી. Leathern water-bag.
પખાલચી,-લી, *n*, ભીસ્તી. Watter-carrier.
પખાળવું *vt*, પાણી વડે ધોવું. To wash.
પખું, *n.* પક્ષ; ઓથ. Side. A party. A divison.
પગ, *vt* પ્રાણીનો ચાલવાનો અવયવ, Leg.

પગચંપી, *n.* પગ ચાંપવા તે. Massage.
પગથિયું, *n.* નીસરણીનો ટપ્પો. A step.
પગથી,-વાટ, કેડી,-રસ્તો, *n.* પગે ચાલનારાઓ માટેનો માર્ગ. Foot-path.
પગપાળું, *a.* પગે ચાલતું. Pedestrian.
પગરખું, *n.* ખાસડું, Shoe. [sion,
પગરણ, *n.* પ્રારંભ Beginning. ૨. સારું ટાણું. Occa-
પગરવ -વો, *n.* અવરજવર. Frequent walking. ૨. પગના ચાલવાનો અવાજ. Sound of feet.
પગલું; *n.* ડગલું; પગના તળિયાની છાપ. Step.
પગાર, *n.* વેતન; દરમાયો. Salary. Pay.
પગારપત્રક, *n.* પગારની આકારણીનું પત્રક. Pay-sheet.
પગી, *n.* પગલું પારખીને ચોરની ભાળ કાઢનાર. Thief-catcher. ૨. ચોકિયાત. Guard.
પગેરૂં, *n.* ચોરનું પગલું. Foot-mark.
પગેલાગણું,-પડણું, *n.* નમસ્કાર. Salutation.
પચપચું, *a.* ગદગદું. Watery.
પચરંગ.-ગી,-ગિયું, *a.* પાંચ રંગવાળું. Five-coloured.
પચવું, *vi.* હજમ થવું. To undergo digestion. To digest. ૨. ભોગવવુ. To enjoy.
પચાવ,-વો. *n.* પચવું તે. Digestion. [setter.
પચ્ચીગર, *n.* જડિયો; વીંટીમાં નંગ બેસાડનાર. Gem-
પચ્છમ. *a.* પાછળનું Later. ૨. પશ્ચિમ. The west.
પછડાવું, *vt.* અફળાવું; કુટાવું. To be struck against.
પછવાડે, *ad.* પાછળ; પૂંઠે. To the rear. Behind.
પછાડવું, *vt.* અફાળવું; પટકવું. To dash on the ground.
પછાડા, *n.* ફોગટ. પ્રયત્ન -ફાંફાં. Vain efforts.
પછાતવર્ગ, *n.* સંસ્કારમાં પાછળ રહી ગયેલો લોકસમૂહ. Backward class.
પછી.-છે, *ad.* પાછળ.-થી. Afterwards.
પછીત, *n.* ઘરની પાછલી ભીંત. The back wall.
પજવણી, *n.* પજવવું તે; હલાકી. Harassment.
પજવવું, *vt.* ત્રાસ આપવો; હેરાન કરવું. To harass.
પજુસણ, *n.* જૈનોનું એક પર્વ. Jain holidays.
પટ, *n.* વસ્ત્ર. Cloth. ૨. ખાનાં ચિતરેલું પાટિયું. Chequered board. ૩. પડદો. Curtain. ૪. નદીની પહોળાઇ; વિસ્તાર. Breadth. *ad.* ઝટ. Quickly.
પટકવું, *vt.* પછડાવું ફેંકવું. To knock down. To dash.
પટકૂળ, *a.* રેશમી વસ્ત્ર. Silken garment.
પટપટ, *ad.* ઝટઝટ. Quickly. *n.* લવારો. Babbling.
પટરાણી, *n.* રાજાની મુખ્ય રાણી. The eldest queen.
પટલ, *n.* ઢાંકણ; પડદો; આંખનો પડદો. Covering. ૨. ટોળું. Mass. [Landholder.
પટાદાર, *a.* પટાપટાવાળું. Striped. *n.* જમીનદાર.
પટાબાજી, *n.* દાવપેચ. Art of fighting.
પટામણું, *a.* ફોસલાવનારૂં. Flattering. Coaxing.
પટારો, *n.* મોટી પેટી. Big box.
પટાવવું, *vt.* ફોસલાવવું. To cheat. To cajole.
પટાવાળો, *n.* ચપરાસી; નોકર, Peon, A sepoy.

પટી, પટ્ટી, *n.* પાતળો લાંબો કકડો. Shred.
પટેલ,-લિયો, *n.* ન્યાત કે ગામનો આગેવાન. Headman of a village or caste.
પટો, પટ્ટો, *n.* સનદ; દસ્તાવેજ. Deed. ૨. કમરબંધ. Belt. ૩. કપડાનો લાંબો ચીરો. Stripe of cloth.
પટોપટ, *ad.* એક પછી એક. One after another.
પટોળું, *n.* સુંદર રેશમી વસ્ત્ર. Fine silken garment.
પટ્ટણ,-ન,-ત્તન, *n.* શહેર, City.
પટ્ટાભિષેક, *n.* રાજ્યાભિષેક. Coronation.
પઠન, *n.* ભણતર. Studying. [Fold.
પડ, *n.* થર. Layer. ૨. ઢાંકણ. Covering ૩. વળ.
પડકાર,-રો, *n.* આહ્વાહન; મોટેથી સંબોધન. Call.
પડકારવું, *vt.* આહ્વાહન કરવું. To call; To encourage.
પડખું, *n.* પાસુ; પક્ષ. Side. Vicinity. ૨. મદદ. Help.
પડઘો, *n.* સામો અવાજ; પ્રતિઘોષ. Echo. A reso-
પડછાયો; *n.* ઓળો- પ્રતિબિંબ. Shadow. [nance.
પડતર, *n.* બેઠેલી કિંમત. Cost *a.* ખેડ્યા વિનાનું. Uncultivated.
પડતી, *n.* પતન; અવદશા. Fall. Decline.
પડથારો -રથાર, *n.* પહોળી ઓટલી. Portico. ૨. છોબંધ ભોંયતળિયું. Level ground.
પડદો,-રદો, *n.* આંતરો. Curtain ૨. ઓઝલ. Veil. ૩. ગુપ્ત વાત. Privacy.
પડપૂછ, *n.* પૂછપરછ. Inquiry. Investigation. [cost.
પડવું, *vt.* નીચે ગબડવું. To fall. ૨. કિંમત બેસવી. To
પડળ, *n.* આંખને છાવરી લેતું પડ, છારી. Coating over the eye. [Crowding.
પડાપડી, *n.* સ્પર્ધા. Rivalry. ૨. ઉપરાઉપરી પડવું તે.
પડાવ, *n.* મુકામ; છાવણી. Camp. Encampment.
પડાવવું, *vt.* ઝૂંટવી લેવું. To snatch away.
પડાળી,-ળ, અડાળી. One-sloped roof.
પડી,-કી, *n.* નાનું પડીકું. Small package.
પડીકું, -ડો *n.* કાગળમાં લપેટી કરેલું બાંધણ. Package.
પડોશ, *n.* પાડોશ. Neighbourhood;.
પડોશી *n.* A neighbour. પાડોશી. [Also.
પણ, *n.* પ્રતિજ્ઞા; ટેક. Vow. *conj.* પરંતુ. But. ૨. વળી.
પણછ, *n.* ધનુષ્યની દોરી. String of a bow.
પણી, *n.* ભાજીની ઝૂડી. Bundle.
પત,-તીજ, *n.* આબરૂ. Credit. Reputation ૨. વિશ્વાસ. Trust. ૩. ગળતો કોઢ. Leprosy.
પતન, *n.* પડવું તે. To fall.
પતરાજ,-જી, *n.* બડાઈ. Boast. Brag-ging.
પતરાજીખોર, *a.* શેખીખોર. Vain. Boastful.
પતરાળી,-ળું,-વળ-વળી, *n.* પાંદડાની પાતળ. Plate made of leaves. 2. ભાણું. Dish. [piece of metal.
પતરી, *n.* ધાતુનો નાનો કકડો. Thin and small
પતરૂં, *n.* ટીનનો મોટો સપાટ આકાર. Tin sheet.
પતવવું, તાવવું, *vt.* પતે એમ કરવું. To settle.
પતવું, *vt.* પૂરૂં થવું; નિકાલ આવવો. To end.

પતંગ, *n.* કનકવો. Paper-kite.
પતંગિયું, *n.* કુદું. Butter-fly; A moth.
પતાકા, *n.* ધ્વજા. Flag. An ensign.
પતાવટ, *n.* તોડ; પતાવણી. Settlement.
પતાસું, *n.* ખાંડની એક બનાવટ. Sugar-cake.
પતિ, *n.* ધણી. Husband, ૨, માલિક. Master,
પતિત, *a.* પડેલું; પાપી. Fallen; Wicked.
પતિતપાવન, *a.* પતિતને પાવન કરનારૂં. Purifying the wicked. *n.* ઇશ્વર. God.
પતિવ્રત, *n.* શિયળ; પતિભક્તિ. Chastity.
પતીજ, *n.* ખાતરી. Reliance. Trust. Faith.
પતેતી, *n.* પારસીઓના બેસતા વર્ષનો તહેવાર. New Year day of the Parsees.
પત્તુ, *n,* પાંદડું. Leaf. ૨. લખવાનું કે રમવાનું પત્તુ. Card.
પત્તો, *n.* ભાળ; ખબર, Trace. ૨. ઠામઠેકાણું. Address.
પત્ની, *n.* વહુ. Wife. [Paper.
પત્ર. *n.* કાગળ. Letter. 2. પાંદડું. Leaf. ૩. છાપું.
પત્રક, *n.* નોંધપોથી, Register.
પત્રકાર, *n.* છાપામાં લખવાના ધંધાવાળો. Journalist.
પત્રવ્યવહાર, *n.* કાગળ પત્ર લખવા તે. Correspondence.
પત્રિકા, *n.* ચિઠ્ઠી. Note. ૨, નાનું છાપું. Slip.
પથ, *n.* માર્ગ. Path. A road, A way.
પથરી. નાનો પત્થર; કાંકરી. Small-stone. ૨. મૂત્રમાર્ગનો એક રોગ. Stone in bladder,
પથારી, *n.* બિસ્તરો, Bedding. ૨. માંદગી. Sickness.
પથારીવશ, *a.* માંદું. Sick. Ill.
પથિક. *n.* વટેમાર્ગુ. Way-farer. A traveller.
પથ્થર, -થરો, *n.* પાષાણ. Stone ૨. મૂર્ખ. Stupid.
પથ્ય, *n.* કરી; પરેહજી, Diet. Regimen. *a.* હિતકર. Beneficial. Healthy.
પદ *n.* પગ. Foot. ૨. દરજ્જો. Rank. ૩. મૂળ. Root 4. કવિતાની કડી. Line of a verse.
પદક, *n.* ચાંદ. Medal. A locket.
પદચ્છેદ, *n.* પદનું વ્યાકરણ. Analysis.
પદબંધ, *n.* પદોમાં સળંગ કાવ્યની રચના. Versification.
પદભ્રષ્ટ, *n.* પદચ્યુત. Dethroned. Deposed.
પદર. *a.* પોતાનું. Self. ૨. આધાર. Support. ૩. લૂગડાનો છેડો. End of a garment. [Degree.
પદવી, *n.* દરજ્જો. Rank. ૨. ઇલકાબ. Title. ૩. ઉપાધિ.
પદવીદાન સમારંભ, *n.* પદવીઓ આપવાની વિધિનો મેળાવડો. Convocation.
પદાર્થ, -રથ, *a.* ચીજ; વસ્તુ. Thing. ૨. તત્વ, Matter.
પદાર્થવિજ્ઞાન, *n.* ભૌતિક પદાર્થના ગુણધર્મની મીમાંસા કરતું શાસ્ત્ર. Physics.
પદેડવું, -દાડવું, *vt.* થકવવું. To tire. ૨. બગાડવું. To soil.
પદ્ધતિ, *n.* રીત, Method. Mode. Manner.
પદ્મ, *n,* કમળ. Lotus.
પદ્મિની, *n.* કમળનો છોડ. Lotus plant. ૨. અત્યંત સુંદર સ્ત્રી. Most beautiful woman,

પદ્ય, *n.* કવિતા. Verse. Poetry. ૨. છંદબદ્ધ રચના. Metrical composition. [tion.
પદ્યબંધ, *n.* પદ્યમાં કરેલી રચના. Poetical composi-
પધરાવવું, *vt.* માનથી તેડી આણવું કે પહોંચાડવું. To invite respectfully. ૨. બીજાને ગળે વળગાડવું. To sell off by cheating. [tion.
પધારવું, *vt.* આવવું કે જવું. To come or go.
પનઘટ, *n.* પાણીનો ઘાટ. Place for drawing water.
પનાઇ, *n.* હોડી. Boat.
પનાહ, *n.* રક્ષણ. Protection. [carrying water.
પનિયારી, -હારી, *n.* પાણી ભરવા જતી સ્ત્રી, Woman
પનીર, *n.* એક ખાદ્યપદાર્થ. Cheese.
પનો, *n.* કાપડની પહોળાઇ. Breadth of cloth.
પનોતી, *n.* પડતી દશા. Ill-fate. Evil destiny.
પનોતું, *a.* શુભ; મંગળકારી. Auspicious.
પપનસ, *n.* એક ફળ. Pumelo.
પપૈયા, *n.* પપૈયાનું ઝાડ. Papaya plant. ૨. ચાતક; બપૈયો. Pied-crested cuckoo. ૩. ફોલ્લો. Boil.
પમરાટ, *n.* સુવાસ. Scent. Fragrance.
પય, *n.* પાણી. Water. ૨. દૂધ. Millk.
પયગંબર, *n.* નબી. Prophet.
પયગામ, *n.* સંદેશો. Message. A letter.
પયોધર, *n.* સ્તન. Breast. ૨. વાદળ, Cloud.
પર, *a.* પારકું; અન્ય. Alien. ૨. દૂર. Distant. ૩. શ્રેષ્ઠ. Best. *ad.* ઉપર. Above. [person.
પરકીય, *a.* બીજાનું; પારકું. Belonging to another
પરકીયા, *n.* પારકાની સ્ત્રી. Wife of another person. ૨. રખાત. Mistress.
પરખ, *n.* પરીક્ષા. Test. An exmination.
પરખવું, *vt.* પરીક્ષા કરવી; પારખવું. To test.
પરગજુ, -માથી, *a.* પરોપકારી. Benevolent.
પરગણું, *n.* તાલુકો. District. A province.
પરગામી, -જન, *n.* પરદેશી. Foreigner. An outsider.
પરચૂરણ, રણ, *a.* ફુટકળ. Miscellaneous. *n.* ખુરદો. Cha-
પરચો; -તો. *n.* પ્રતાપ. Awe. ૨. ચમત્કાર. Miracle. [nge.
પરછંડ, *a.* હૃષ્ટપુષ્ટ. Robust. ૨. કદાવર. Bulky.
પરઠ, -ણ, પઠણ, *n.* કરાર; કબૂલાત. Agreement.
પરઠવું, *vt.* નક્કિ કરવું. To settle. ૨. કરાર કરવો. To contract.
પરણવું, *vt.* લગ્ન કરવું. To marry. To wed.
પરણેત, -તર, *n.* લગ્ન. Marriage. ૨. પત્ની. Wife.
પરતંત્ર, -વશ, *n.* પરાધીન. Dependent. Subservient.
પરતંત્રતા, *n.* પરાધીનતા. Dependence. Slavery.
પરદારા, -રૂ, -નાર, -સ્ત્રી, *n.* પારકાની સ્ત્રી. Wife of another man.
પરદારાગમન, *n.* વ્યભિચાર. Debauchery.
પરદુઃખ, *n.* પારકાનું દુઃખ. Sorrows of others.
પરદુઃખભંજન, -હાર, *n.* બીજાનું દુઃખ દૂર કરનાર. Philan-
પરદેશ, *n.* પારકો દેશ. Foreign country. [thropist,

પરદેશી, *a.* પરદેશનું. Foreign. *n.* ત્યાંનો વતની. Foreigner.
પરધર્મ, *n.* સ્વધર્મ નહિતે. Religion not one's own.
પરધર્મી, *a.* બીજા ધર્મવાળું. Belonging to other, religion.
પરનાળ,-ળું, *n.* નેવાનું પાણી ઝીલવાની નીક. [Water-pipe. Drain.
પરપોટો, હવાથી પ્રવાહીમાં થતો ફુગ્ગો. Bubble.
પરબ, *n.* રસ્તામાં મુસાફરને પાણી પીવાની જગા. Water-place.
પરબીડિયું, *n.* કાગળની કોથળી. Envelope.
પરબ્રહ્મ, *n.* પરમાત્મા. The Supreme Being.
પરભવ, *n.* બીજો અવતાર, Next life.
પરભાર્યું,-રે,-બારે, *a.* બીજાનું. Another's. *ad.* બારોબાર. Directly.
પરભોગી, *a.* બીજાવડેભોગવાતું. Enjoyed by another.
પરમ, *a.* ઉત્તમ. Best.
પરમગતિ,-પદ, *n.* મોક્ષ. Salvation.
પરમાણુ, *n* ઝીણામાં ઝીણો અણુ. Atom.
પરમાણુ, *n.* માપ. Measure. Size.
પરમાત્મા, *n.* ઈશ્વર. God.
પરમાર્થ, *n.* પરોપકાર. Benevolence. Charity.
પરમિયો, *n.* પ્રમેહ; એક રોગ. Gonorrhoea.
પરમેશ,-શ્વર, *n.* ઈશ્વર. God.
પરરાજ્ય, *n.* વિદેશીનો અમલ. Foreign rule.
પરલક્ષી, *a.* બીજાને લક્ષ કરતું. Objective.
પરલોક, *n.* મૃત્યુ પછીનો સ્વર્ગ વગેરે બીજો લોક. The other world.
પરલોકવાસી, *a.* મરહૂમ. Late ૨. મરણ પામેલું. Dead,
પરવ, *n.* તહેવાર; પર્વ. Festival. A holiday.
પરવડવું, *vt.* પાલવવું. પોસાવું. To afford. To suit.
પરવરવું, *vt.* જવું. To depart. To go.
પરવરશી,-ન. ગુજરાન. Nourishing. Maintenance.
પરવશ, *a.* પરાધીન. Dependent.
પરવા, *n.* દરકાર. Care. ૨. ગરજ, Concern.
પરવાનગી, *n.* રજા. Permission. Leave.
પરવાનો, *n.* રજાનો લેખી હુકમ. Passport ૨. છૂટ. Freedom.
પરવારવું, *vt.* કામ આટોપી નવરૂં થવું. To be free.
પરવાળું, *n.* પ્રવાલ. Coral.
પરશુ, *n.* કુહાડી. Axe.
પરસાળ,-ડસાળ, *n.* ઘરનો આગલો ખંડ. Front portion of a house.
પરસેવો, *n.* પસીનો. Perspiration. Sweat.
પરસ્પર, *ad.* એક બીજાને; અરસપરસ. Mutually.
પરહરવું *vt.* તજવું To forsake To abandon.
પરહેજ, *a.* બંધનમાં પડેલું. Arrested. ૨. પરહેજી પાળતું Continent.
પરહેજગાર, *n.* સંયમી Devout. Abstinent.
પરહેજી, *n.* ફરી. Diet. Regimen. ૨. કેદ. Restraint.
પરંતુ, *conj.* પણ. But.
પરંપરા, *n.* હાર; શ્રેણી. Regular succession. ૨. ઘણા કાળથી ચાલતો આવેલો રિવાજ. Tradition.

પરા, *n.* ઉત્તમ-શ્રેષ્ઠ. સ્થિતિ. The best State.
પરાકાષ્ઠા, *n.* છેલ્લી હદ. Uttermost extremity.
પરાક્રમ, *n.* બહાદુરી. Bravery. Heroism. ૨. શૂરાતન. Valour.
પરાક્રમી, *a.* શૂરવીર. Mighty. Valiant.
પરાગ, *n.* ફુલમાંની રજ. Pollen of flower.
પરાજય,-ભવ, *n.* હાર. Defeat
પરાણે, *ad* બળાત્કારે. Forcibly. Against the will.
પરાણો,-ણી, *n.* આરવાળી લાંબી લાકડી. Goad.
પરાધીન, *a.* પરવશ. Dependent.
પરાપૂર્વ, *n.* બહુ જૂનો સમય. Verv old times.
પરામર્શ, *n.* વિચાર, Reflection. Reasoning. 2. અનુમાન. Deduction. ૩. સ્મૃતિ. Recollection.
પરાયણ, *a.* લીન. Adhering. Devoted.
પરાયું. *a.* પારકું. Not one's own. [For another.
પરાર્થ, *n.* પરોપકાર. Benevolence. *a.* બીજાને માટેનું
પરાવલંબન, *n.* પારકાપરઆધારરાખવોતે. Dependence.
પરાવલંબી, *a.* પારકા પર આધાર રાખતું. Dependent.
પરાશ,-ત, *n.* છાશ ઉપરનું પાણી. Water floating on the surface of whey.
પરાસ્ત,-જિત, *a.* હારેલું. Defeated.
પરિક્રમણ,-ક્રમ,-ક્રમા, *n.* પ્રદક્ષિણા. Circumambulation.
પરિગ્રહ, *n.* સ્વીકાર. Acceptance.
પરિઘ, *n.* વર્તુળનો ઘેરાવો. Circumference of a circle.
પરિચય, *n.* ઓળખાણ. સહવાસ. Acquaintance.
પરિચારક,-જન, *n.* નોકર. Servant. Attendant.
પરિચર્યા. *n.* સેવા. Service,
પરિચારિકા,-રિણી, *n.* દાસી. Maid-servant,
પરિચિત, *a.* ઓળખીતું, Familiar. Intimate.
પરિણત. *a.* પાકું થયેલું. Matured. ૨. ઝૂકેલું. Stooping. ૩. અંત પામેલું. Ended.
પરિણમવું, *vt.* પરિણામઆવવું. To result. ૨. અંત આવવો. [To end.
પરિણામ, *n.* નતીજો; ફળ. Result, Conseqence ૨. અંત. End.
પરિણીત, *a.* પરણેલું. Married.
પરિતાપ, *n.* દુઃખ Pain. Sorrow. ૨. તાપ. Heat.
પરિત્યાગ, *n.* છોડી દેવું તે. Abandonment.
પરિધાન, *n.* વસ્ત્ર. Clothes. Garment. ૨. પહેરવું તે. Wearing,
પરિપક્વ, *a.* પાકેલું. Ripe.
પરિપાલન;-ના, *n.* રક્ષણ. Protection. ૨. પાલન, Nourishing.
પરિપુષ્ટ, *a.* સારી રીતે પોષણ પામેલું. Nourished. [Fleshy.
પરિપૂર્ણ,-રિત, *a.* ભરપૂર. Quite filled. Perfected.
પરિભ્રમણ, *n.* ભ્રમણ; ગોળ ફરવું તે. Turning round.
પરિમલ,-ળ, *n.* સુગંધ. Perfume. Scent. Fragrance.
પરિમાણ, *n.* માપ. Measure. Magnitude.
પરિમિત, *a.* મર્યાદિત, Moderate. ૨. અલ્પ. Little. ૩. માપેલું. Measured.
પરિમેય, *a.* માપી શકાય તેવું. Measurable. ૨. મર્યાદિત. Limited. *n.* માન. Magnitude,

પરિવર્ત,ર્તન, *n.* ફેરફાર. Change. ૨. ક્રાંતિ. Revolution. ૩. ગોળ ફરવું તે. Turning round.
પરિવર્તક, *a.* ફેરફાર કરતું. Changing.
પરિવાર, *n.* કુટુંબકબીલો. Family. Progeny.
પરિવ્રાજક, *n.* સન્યાસી. Ascetic.
પરિશિષ્ટ, *n.* પુરવણી. Appendix. A supplement.
પરિશીલન, *n.* સેવન. Study.
પરિશ્રમ, *n.* મહેનત. Labour. Trouble
પરિષદ, *n.* સભા. Conferance. A meeting.
પરિસીમા, *n.* હદ; સીમા. Boundary. Limit. [tances.
પરિસ્થિતિ, *n.* આજુબાજુની સ્થિતિ-સંયોગ. Circums-
પરિહાર, *n.* ત્યાગ. Clearing away. Averting.
પરિહાસ, *n.* મશ્કરી. Ridicule. Jest. Joke.
પરી, *n.* દેવતાઇ સુંદરી. Fairy. ૨. A beautiful woman.
પરીક્ષક, *n.* પરીક્ષા કરનાર. Examiner. A judge.
પરીક્ષા, *n.* તપાસ. કસોટી, Examination. Trial.
પરીક્ષાપત્ર,-ક. *n.* પ્રશ્નપત્ર. Question-paper.
પરૂ, *n.* પાચ. Pus.
પરૂ, *n.* ઉપનગર. Suburb. *a.* દૂર; અલગ. Distant.
પરેશાન, *a.* હેરાન; વ્યાકુલ. Perplexed. ૨. ધૂર્ત; ચતુર. Cunning.
પરેશાની, *n.* મુસીબત; વ્યાકુલતા. Perplexity.
પરોક્ષ, *a.* અપ્રત્યક્ષ; ગેરહાજર. Indirect. Invisible.
પરોઢ, *n.* પ્રભાત. સવાર. Day-break. Dawn.
પરોઢિયું, *n.* મળસકું. Early morning. Dawn.
પરોણાગત,-ચાકરી, *n.* આતિથ્ય; મેહમાનગીરી. Hospitality.
પરોણો; *n.* મહેમાન Guest. 2. આર. A goad.
પરોપકાર.-કૃતિ, *n.* પારકાનું ભલું કરવું તે. Benevolence.
પરોપકારી, *a.* પરોપકાર કરનારૂં. Benevolent. Philanthropist.
પરોવવું, *vt.* સોયમાં દોરો ઘાલવો. To thread a needle. ૨. જોડવું. To connect. લગાડવું. To employ.
પર્ણ, *n.* પાંદડું. Leaf.
પર્ણકુટિ,-ટી, *n.* ઝૂપડી. A hut made of leaves.
પર્દેનશીન,-પોશ, *a.* પડદામાં રહેનારૂં. Veiled.
પર્યટન, *n.* મુસાફરી. Journey. Roaming.
પર્યવસાન, *n.* અંત. End. A termination.
પર્યંત, *ad.* લગી; સુધી. Till. *n.* અંત. End.
પર્યાય, *n.* રીત. Manner, ૨. યુક્તિ. Device. ૩. સમાનાર્થ શબ્દ. Synonym.
પર્વ, *n.* પ્રકરણ; ગ્રંથનો ભાગ. Chapter. ૨. તહેવાર. [A festival.
પર્વત, *n.* પહાડ. Mountain.
પલ,-ક. *n.* ક્ષણ. Moment. A minute.
પલકવું. *vt.* ઝબકવું. To sparkle. To shine.
પલકારો, *n.* *n.* અણસારો. Twinkling of an eye.
પલટણ,-ન. *n.* લશ્કરની ટુકડી. Regiment of soldiers.
પલટવું. *vt.* બદલવું. To change. To turn up.
પલટો, *n.* ઉથલો. ફેરફાર. Change.
પલળવું, *vt.* ભીનું થવું. To be wet. ૨. પીગળવું. To be persuaded.
પલંગ, *n.* મોટો ખાટલો. Big cot. [૨. સવારી. Ride.
પલાણ, *n.* ઘોડાની પીઠ પર નાખવાનો સામાન. Saddle.
પલાણવું. *vt.* સવારી કરવી. To mount. To ride.
પલાયન, *n.* નાસી જવું તે. Flight; Elopement.
પલાળવું, *vt.* ભીંજવવું. To wet. ૨. મન પોચું કરવું, To persuade. [tting.
પલાંઠી, *n.* પગ વાળીને ચપટ બેસવાની એક રીત. Squa-
પલીત, ભૂતપ્રેત. Ghost.
પલીતો, *n.* જામગરી. Priming wick.
પલોટવું,-ળોટવું. *vt.* કેળવવું To train; To break.
પલ્લવ. *n.* કળી; કુંપળ. Budsprouting. ૨, છેડો. A skirt.
પલ્લું; *n.* ત્રાજવાનું કેળીયું. ૨. One of the scales of a balance. ૨. વર તરફથી કન્યાને અપાતું સ્ત્રીધન. Money conferred on the bride by the bridgeroom. [તરંગ Whim.
પવન, *n.* વહેતો વાયુ. Wind; Breaze. ૨. મગજનો
પવનચક્કી, *n.* પવનથી ચાલતી ચક્કી. Windmill.
પવનવેગી. *a.* પવનના જેટલા વેગવાળું. Speedy.
પવાડો, *n.* વીરનું પ્રશસ્તિકાવ્ય. Epic poem.
પવાલી,-લું, *n.* પ્યાલો. Cup. ૨. મોટું વાસણ. Metallic vessel.
પવિત્ર, *a.* પાવન. શુદ્ધ. Pure. Sacred; holy.
પવિત્રતા, *n.* શુદ્ધતા; ચોખ્ખાઈ. Purity; Holiness.
પવૈયો, *n.* હીજડો. Eunuch.
પશમ, *n.* રૂંવાડી; વાળ. Hair.
પશુ, *n.* જાનવર; ચોપગું પ્રાણી Animal. A beast.
પશુવૃત્તિ, *n.* પાશવતા. Beastliness.
પશુવૈદક, *n.* પશુઓ માટેનું વૈદ. Veterinary science.
પશુશાસ્ત્ર, *n.* પ્રાણિશાસ્ત્ર. Zoology.
પશ્ચાત્તાપ, *n.* ખેદ; પસ્તાવો. Repentance. Remorse.
પશ્ચિમ, *n.* આથમણી દિશા. West.
પસ,-લી, *n.* ખોબો; પોશ. Handful,
પસરવું, *vt.* ફેલાવું. To spread. To scatter.
પસંદ, *a.* ગમતું; સ્વીકારેલું. Approved. Chosen.
પસંદગી, *n.* પસંદ કરવું તે. Approval. Choice.
પસાયતું, *n.* બક્ષિસ તરીકેની જમીન. Land of gift.
પસારવું, *vt.* ફેલાવવું To spread. ૨. લંબાવવું. To Lengthen.
પસીનો, *n.* પરસેવો. Perspiratfon.; Sweat. [gthen.
પ્રસ્તાનું, *n.* પ્રસ્થાન. Departure.
પસ્તાવો, *n.* પશ્ચાત્તાપ; ખેદ. Repentance. Penitence.
પસ્તાવું, *vt.* પસ્તાવો કરવો. To repent. To grieve.
પસ્તાળ, *n.* વાણીના પ્રહાર. Shower of scolding.
પસ્તી, *n.* નકામા રદ્દી કાગળ. Refuse of papers.
પહાડ, *n.* પર્વત. Mountain. [Strong.
પહાડી, *a.* પહાડનું. Mountainous. ૨. મજબૂત,
પહાણ,-ણો. *n.* પર્વત. Stone.

પહાણી, *n.* તપાસણી. Survey.
પહેરણ, *n.* કુડતું; અંગરખું. Shirt.
પહેરવું, *vt.* શરીર પર ધારણ કરવું. To wear. To put on.
પહેરવેશ, *n.* પોશાક. Dress. Costume.
પહેરામણી, *n.* બક્ષીસ. Dowry. Marriage portion.
પહેરેગીર, *n.* ચોકીદાર. Guard. Sentry.
પહેરો *n.* જાપતો; ચોકી. Watch; Guard.
પહેલ,*n.* પારો. Inundation. ૨.પ્રારંભ. Beginning.
પહેલવાન, *n.* કુસ્તીબાજ. મલ્લ.Athlete; A wrestler.
પહેલાં *ad.* અગાઉ; પૂર્વે. Formerly.
પહેલું, *a.* પ્રથમ. First. મુખ્ય. Chief.
પહોંચ, *n.* પાવતી; રસીદ. Receipt. ૨. સમજશક્તિ Understanding. ૩. સામર્થ્ય. Capacity.
પહોંચવું, *vt.* જવું; પૂગવું. To reach. ૨. મળવું. To receive. ૩. ટકવું. To withstand.
પહોંચાડવું. *vt.* મોકલવું. To send.
પહોંચેલું, *a.* ધૂર્ત. Cunning. Far-seeing.
પહોર, *n.* પ્રહર; ત્રણ કલાક. Period of three hours.
પહોળાઈ, *n.* પનો; મોકળાશ. Breadth. Width.
પહોળું, *a.* પનાદાર; મોકળું. Broad. Wide.
પહોંચી, *n.* હાથના કાંડાનું એક ઘરેણું. Wristlet.
પહોંચો, *n.* હાથનું કાંડું. Wrist.
પહુઆ, *n.* પૌંઆ. Pounded parched rice.
પળ, *n.* ક્ષણ. Moment. ૨૪ સેકંડ; 24 seconds.
પળવું,*vt.*જવું. To go.૨.પોષણ થવું.To be nourished.
પળિયું, *n.* ધોળો થયેલો વાળ. White or grey hair.
પળી, *n.* ઘી તેલ કાઢવાનું એક લોઢાનું સાધન. Laddle.
પળોટવું, *vt;* કેળવવું. To train. To break.
પંક, *n.* કાદવ. Mud. Mire; Dirt.
પંકજ, *n.* કમળ. Lotus. Waterlily.
પંકાવું *vt.* પ્રખ્યાત થવું; વખણાવું. To be famous.
પંક્તિ, *n.* લીટી, Line. ૨. હાર; પંગત. Row. Rank.
પંખી, *n,* પક્ષી. Bird.
પંખો *n.* વીંઝણો. Fan.
પંગત, *n.* હાર; પંક્તિ. A row. A line; A rank.
પંગુ. -લ, *a,* પાંગળું. Lame. Crippled.
પંચ, *a.* પાંચ. Five. ૨. નિમાયેલા પાંચ માણસો. An assembly of five person. ૩. જ્યુરી. Jury.
પંચક્યાસ, *n.* પંચથી જાહેર તપાસ. A decesion arrived at by a body of arbitrators.
પંચત્વ, *n.* મૃત્યુ. Death,
પંચમુખ,-મુખી-વક્ત્ર,-વદન *n.* મહાદેવ. Shiva.
પંચવર્ણું,*a.*રંગબેરંગી Of various colours.
પંચવાણી,-વાયકા,*n.*લોકવાયકા.General talk of the town.
પંચાત, *n.* પંચ, Arbitration. A jury. ૨, તપાસ. Investigation. ૩. ફેંસલો. Judgment. ૪. ગૂંચવણ; મુશ્કેલી. Difficulty.
પંચાતનામું, *n.* પંચોએ આપેલો ચૂકાદો.Award given by arbitrators.
પંચાતી. *a.* ગૂંચવાડો. Difficulty. A dispute.
પંચાયત, *n.* મંડળ. Board. Arbitration.
પંચાળ,-લ, *n.* લુહાર. Blacksmith.
પંચાંગ *n.* ટીપણું. Almanac. A calender.
પંજેટવું, *vt.* પંજેટીથી એકઠું કરવું. To harrow.
પંજેટી, *n.* ખેતીનું એક ઓજાર; ખંપાળી. Harrow.
પંજો, *n.* પશુનો નહોરવાળો અવયવ. Claw. A paw. ૨.પાંચ આંગળાં અને હથેળીથી બનેલો અવયવ. Hand opened out.
પંડ, *n.* શરીર. Body. ૨. પોતાની જાત. Self.
પંડિત, *n.* વિદ્વાન્; સાક્ષર. Scholar. Learned,
પંડિતાઈ, *n.* વિદ્વતા. Learning.
પંડોપંડ, *ad.* જાતેજ. Personaly.
પંથ, *n.*માર્ગ;રસ્તો. Path. ૨. ધર્મનો સંપ્રદાય. Sect.
પંથક, *n.*મુસાફર. Traveller. ૨. કાસદ. Messenger.
પંથી, *n.* મુસાફર. Traveller.
પંપાળવું, *nt.* વહાલથી હાથ ફેરવવો; લાડ લડાવવાં. To fondle.
પા, *a.&n.* ચોથા ભાગનું. One fourth.
પાઇ, *n.* તાંબાનો એક સિક્કો; પૈસાનો ત્રીજો ભાગ. Pie.
પાક, *a.* પવિત્ર.Holy.૨. પ્રમાણિક.Honest. *n.*નિપજ. Produce. ૨. ખેતીની નિપજ. Harvest. ૩. રસોઇ. Cooked food.
પાકટ,-લ, *a.* પુખ્ત. Mature. ૨. પાકું. Ripe.
પાકવું, *vt.* પરિપકવ થવું. To mature ૨. નિપજવું. To produce; to become. ૩.મુદત થવી. To be due.
પાકશાસ્ત્ર, *n.* રસોઇનું શાસ્ત્ર. Art of cooking.
પાખી, *n.* હડતાળ; પાખી. Non-business day.
પાકીટ, *n.* ચામડાની એક બનાવટ. Leather-bag.
પાકું, *a.* પરિપકવ. Ripe ૨. પુખ્ત. Matured. ૩. પહોંચેલ. Cunning. ૪. અડગ. Firm.
પાખંડ, *n.*ઢોંગ.Hypocracy.False pretence.
પાખંડી, *a.* ઢોંગી. Hypocrite, An imposter.
પાગ,-ડી, *n.* પાઘડું. Turban.
પાગડું,-ડું, *n.* પેંગડું. Stirrup.
પાગરણ, *n.* પથારીનો સામાન.Bedding.
પાગલ, *a,* ઘેલું. Mad.
પાઘ,-ડી, *n.* પાગડી, Turban.
પાચ, *n.* પરૂ. Pus.
પાચક, *a.* પાચનક્રિયાને મદદ કરનારૂં. Digestive.
પાચનશકિત, *n.* ખાધેલું પચાવવાની શક્તિ. Digestive power.
પાછલું, *a.* પાછળનું. Later. ૨. પહેલાનું. Former.
પાછળ, *ad.* & *prep.* પછવાડે. Behind.
પાછું, *ad.* ફરીથી. Back. Again.
પાછોતર,-રૂં, *a.* મોસમના પાછલા ભાગનું. Belonging to the later part of the season.
પાજ, *n.* પાળ; સેતુ. Bridge.
પાજી, *a.* હલકટ. Mean. wicked ૨. કંજૂસ. Miser.
પાટ, *n.* બાજઠ; મોટો પાટલો, Bench, ૨. રાજગાદી

પાટડો, *n.* ભારોટિયું, Large beam. [Throne.
પાટનગર, *n.* રાજધાની. Capital. Metropolis.
પાટલી, *n.* બાંક; સાંકડી પાટ. Bench. ગેડ. Fold of a garment.
પાટલો,*n.* લાકડાનું આસન. Plank. ૨. ગાંસડી. Bale.
પાટવી, *a.* સૌથી મોટું. The eldest.
પાટિયું, *n.* લાકડાની લાંબી પાતળી પટી. Board.
પાટીદાર, *n.* ખેડૂત.A hereditary cultivator.
પાટું, *n.* લાત. Kick.
પાટો, *n.* લુગડાનો ચીરો. Bandage. ૨. જેના પર આગગાડી દોડે છે તે લોઢાનો પાટો. Rail of a railway.
પાઠ,*n.*ભણી જવું તે.Reading.૨.બોધ; શીખ.Lesson.
પાઠવવું, *vt.* મોકલવું. To send.
પાઠશાલા,-ળા, *n.* નિશાળ; શિક્ષણશાળા. Academy.
પાઠું.*n.*પીઠનું ગુંમડું.An anthrax.A fatal tumor.
પાડ, *n.* ઉપકાર. Obligation. Favor,
પાડપાડોશી,-ડાપાડોશી, *n.* પાડા પાડોશમાં રહેનાર.
પાડવું, *vt.* પડે એમ કરવું. To fell. [Neighbour.
પાડાખાર, *vt.* સખ્ત વેર. Bitter enmity.
પાડું,-ડરૂં, *n.* ભેંસનું બચ્ચું. Young of a buffalo.
પાડો, *n.* ભેંસનો નર. Male buffalo.
પાણકોરૂં, *n.* ગજિયું; ખાદી. Rough thick cloth.
પાણિ. *n.* હાથ. Hand.
પાણિગ્રહણ, *n.* લગ્ન. Marriage. Wedding.
પાણી, *n.* જળ. Water. ૨. પ્રવાહી. Liquid.૩. તેજ. Light. ૪, શૂરાતન. Energy. Spirit. Pluck.
પાણીચું.*a.*પાણીથી ભરેલું. Full of water. ૨. બરતરફી Dismissal. [Cocoanut.
પાણીછલ્લું, *a.* શરમિંદું. Humiliated *n.* નાળિયેર.
પાણીદાર, *a.* તેજ. Sharp. Mettled.
પાણીપંથું,*a.*પાણીના જેવી ગતિ વાળું.Swift in going.
પાણીપોચું, *a.* ગદગદું. Viscid.
પાણીફેર,-બદલો,*n.*સ્થાનાંતર, હવાફેર. Change of air.
પાતક, *n.* પાપ. Sin. Wickedness.
પાતકી, *a.* પાપી. Sinful. Guilty. Wicked.
પાતર, *n.* ગણિકા; વેશ્યા. Harlot. A prostitute.
પાતરૂં, *n.* પાંદડું. પતરવેલિયું. Leaf.
પાતળિયો, *n.* પાતળો પણ નિરોગી માણસ. Slender but healthy man.
પાતળું, *a.* જાડું નહિ એવું. Thin. Lean.Slander.
પાતાલ,-ળ, *n.* પૃથ્વીને તળિયે આવેલો પ્રદેશ.Infernal region. ૨, નાગલોક. Abode of snakes.
પાતિવ્રત્ય,*n.*પતિવ્રતાનોધર્મ.Chastity.Moral purity.
પાત્ર, *a.* યોગ્ય. Deserving. Eligible. ૨. લાયક. Worthy. *n.* વાસણ.Vessel. ૨.નાટકમાં વેશ લેનાર, Actor. [ttress.
પાથરણ,-ણું, *n.* શેતરંજી: જાજમ, Carpet. A ma-
પાથરવું, *vt.* ફેલાવવું, બિછાવવું, To spread. To scatter,
પાદ, *n.* વાછૂટ. Breaking of wind.૨.પગ. Foot. ૩. ચોથો ભાગ. Quarter. ૪, કવિતાનું ચરણ, Line of a verse. [village.
પાદર,-ધર, *n.* ભાગોળ આગળનું મેદાન.Confines of a
પાદરી, *n.* ખ્રિસ્તી ધર્મોપદેશક.Christian cleryman.
પાદવું, *vt.* વાછૂટ કરવી. To break wind,
પાદશાહ, *n.* સમ્રાટ. Emperor. A monarch.
પાદશાહી, *a.* પાદશાહનું. Kingly. Royal. *n.* પાદશાહનુંરાજ્ય.Kingdom of an emperor.Royalty.
પાદુકા, *n.* ચાખડી; પાવડી. Wooden shoe.
પાધરૂં, *a.* સીધું. Straight. Direct. *ad.* તરત, Immediately.
પાન, *n.* પીવું તે, Drinking. ૨. પાંદડું. Leaf. ૩. પૃષ્ઠ. Page. ૪. નાગરવેલનું પાંદડું. Betal-leaf.
પાનખર, *n.* જેમાં પાન ખરે છે એ ઋતુ, Autumn.
પાનદાન,-દાની,-દાનિયું, *n.* પાનપેટી. A casket to hold betal-leaves
પાની. *n.* પગનું તળિયું. Heel.
પાનું, *n.* પાંદડું. Leaf.૨. પૃષ્ઠ. Page.૩. ગંજીફાનું પતું. Single card out of a pack. ૩. ચપ્પું કે છરીનું ફળ. Blade of a cutting instrument. ૫. લીલા રંગનું રત્ન, Emerald.
પાનો, *n.*જુસ્સો. Encouragement. વાત્સલ્યથી માની છાતીમાં દૂધ ઉભરાઇ આવવું તે. Filling of milk into a mother's udder. [morality.
પાપ,-પાચરણ. *n.* ધર્મ વિરૂદ્ધ કૃત્ય,Sin. Crime. Im-
પાપડ, *n.* એક ખાવાની વાની. Wafer-cake.
પાપડખાર,-ડિયોખાર, *n.* સંચોરો. Impure carbonate of soda. [Depraved.
પાપી, -પાત્મા. *a.* પાપ કરનારૂં. Sinful. Wicked;
પામર, *a.* કંગાલ; રાંક. Miserable; Wretched.
પામવું, *vt.* પ્રાપ્ત કરવું, To get. ૨.સમજવું;કળી જવું, [To know.
પાય, *n.* પગ. Leg. The foot.
પાયખાનું, *n.* જાજરૂ. Privy. [Stable.
પાયગા,-ઘા, *a.* ઘોડેસ્વાર ટુકડી. Cavalry. ૨. ઘોડાર.
પાયજામો, *n.* સુરવાળ, Trousers. Long drawers.
પાયતખ્ત, *n.* રાજધાની; પાટનગર. Capital; The Metropolice. [diers.
પાયદળ, *n.* પગપાળું લશ્કર. Infantry. Foot sol-
પાયદસ્ત, *n.* પારસીની મરણયાત્રા. Funeral parade
પાયમાલ, *a.* ખુવાર. Ruined. [of the Parsees.
પાયમાલી, *n.* ખુવારી. Ruin. Destruction.
પાયરી, *n.* દરજ્જો. Rank. Dignity. ૨. પગથિયું. Step; Grade.
પાયો, *n.* મૂળ. Foundation. ૨. ટેકો, Support. ૩. પગ. Leg. ૪. ધોકણું. Washing club.
પાર; *n.* અંત. End.૨.સીમા. Limit.૩.કાંઠો. Bank.
પારકું, *a.* બીજાનું. Not one's own. Foreign.
પારખવું, *vt.* પરીક્ષા કરવી. To test. To examine.

પારખું, *n.* પરીક્ષા. Test. Trial. Examination.
પારણું *n.* ઘોડિયું. Cradle. ૨. ઉપવાસ ભાગવાનું ભોજન. Breaking a fast.
પારદર્શક, *a.* જેની આરપાર દેખાય એવું. Transparent.
પારધી, *n.* શિકારી. Hunter. A fowler.
પારલૌકિક, *a.* પરલોકને લગતું. Relating to the next world.
પારસમણિ, *n.* સ્પર્શથી લોઢાને સોનું બનાવનાર પદાર્થ. Philosopher's stone.
પારસી, *n.* જરથુસ્તને માનનાર; પારસદેશનો મૂળ વતની. Zorostrian.
પારંગત, *a.* પ્રવીણ; માહિતગાર. Well-versed.
પારાવાર, *a.* પુષ્કળ. Abundant.
પારાશીશી, *n.* ગરમી માપવાની શીશી. Thermometer.
પારિતોષિક, *n.* ઇનામ. Reward. A present.
પારેખ, *n.* પરીક્ષા કરી જાણનાર. Tester.
પારેવું.-વડું. *n.* કબુતર. Pigeon.
પારો. *n.* એક ખનિજ પ્રવાહી ધાતુ. Mercury. ૨. માળાનો મણકો. Bead. ૩. અવાળુ. Gum.
પાર્થિવ, *a.* પૃથ્વીનું. સંસારી. Earthly. ૨. નશ્વર. Motal *n.* રાજા. King. ૨. માટીના મહાદેવ. પાર્શ્વ. Shiva made of clay.
પાર્શ્વ, *a.* પડખાનું, Of the side of the body.
પાર્ષદ, *n.* દેવનો સેવક. Attendent of a God.
પાલ, -ળ, *a.* પાળનારૂં. Protector. નાનો તંબુ, Tent.
પાલક, *n.* રક્ષક. Protector. A guardian.
પાલખ, *n.* ઉંચે કડિયાકામ માટે બાંધેલ આધાર, Scaffolding.
પાલખી, *n.* સુખપાલ. Palanquin. Litter.
પાલણું,-ળણું, *n.* ઘોડિયું. Cradle.
પાલન, *n.* પાળવું તે. Noursing. Maintenance.
પાલનહાર, *n.* પાલન કરનારો. One who nourishes.
પાલવ, n. પહેરેલા સાલ્લાનો છેડો. Skirt of a garment.
પાલવવું, *vt.* ઉછેરવું. To nourish. ૨. નિભાવવું To maintain. ૩. પરવડવું To afford.
પાલો, *n.* ઢોરને ખાવાનાં પાંદડાં. Leaves.
પાવડી, *n.* ચાખડી. Wooden shoe.
પાવડો, *n.* માટી કે કચરો ઉસરડવાનું કે ભરવાનું એક સાધન. Spade.
પાવતી, *n.* પહોંચ. Receipt.
પાવન, *a.* પવિત્ર. Holy. ૨. શુદ્ધ. Pure.
પાવરધું, *a.* કુશળ. Well-versed. Clever.
પાવલી, *n.* ચારઆની. Four anna piece.
પાવું, *vt.* પિવડાવવું; To give to drink. ૨. જળ સિંચવું. ૨. To water.
પાવો *n.* એક જાતની વાંસળી. Flute. A pipe of flute.
પાશ, *n,* ફાંસો. ગાળો. Noose; A knot.
પાશેર, *n.* શેરનો ચોથો ભાગ. Quarter of a seer.
પાશ્ચાત્ય, *a.* પશ્ચિમનું. Western.
પાષાણ. *n.* પત્થર. Stone. A rock.
પાસ. *a.* ફતેહમંદ. સફળ. Successful. ૨. મંજુર; પસંદ. Approved. *n.* મંજુરીની ચીઠ્ઠી. Passport.
પાસવાન. *n.* હજુરિયો; નોકર. Attendent.
પાસું, *n.* બાજુ; પક્ષ; પડખું. Side.
પાસે, *ad.* નજીક, Near. કબજામાં. In one's possession.
પાસો, *n.* ચોરસ કકડો. Die.
પાળ, *n,* ધાર; કિનાર. Edge. A bank.
પાળવું, *vt.* ઉછેરવું. To nourish. ૨. રક્ષણ કરવું. To protect. ૩. ભરણપોષણ કરવું. To maintain. ૪. -ની પ્રમાણે વર્તવું. To carry out.
પાળિયો, *n*; સ્મરણસ્તંભ. Monument.
પાળી, *n.* છરી. Knife. ૨. વારો. Turn.
પાળું, *a.* પગે ચાલનારૂં. Pedestrian.
પાળો. *n.* પગપાળો મુસાફર. Pedestrian; ૨. પેદળ સિપાઇ. Foot soldier.
પાંઉ, *n.* રોટી. Loaf
પાંખ, *n.* પક્ષિનો ઉડવાનો અવયવ. Wing. ૨. બાજુ. Side. ૩. આશ્રય. Shelter.
પાંખડી, *a.* કળી ખીલતાં છૂટો પડતો ભાગ. Petal.
પાંખડું, *n.* શાખા. Sub-branch.
પાંખિયું, *n.* પક્ષ; તડ. Side. ૨. ડાળી; શાખા. Branch.
પાંખું *a.* છૂટું; અલગ. Separate. *n.* ચપ્પુનું પાનું. Blade of a knife.
પાંગરણ, *n.* ચાદર. Bed-sheet.
પાંગરવું, *vt.* અંકુર ફુટવા. To blossom.
પાંગરૂં,-રો, *n.* લટકતી દોરી. Loose string.
પાંગળું, *a.* પગે અપંગ. Lame. ૨. અશક્ત. Weak. ૩. આધાર વિનાનું. Unsupported.
પાંગોડું, *n.* ખભાનો સાંધો. Arm. Shoulder-joint.
પાંજરું, *n.* પિંજરૂં. Cage.
પાંજરાપોળ, *n.* અશક્ત અને ઘરડાં ઢોરને રાખવાનું ધર્માદાસ્થાન. An asylum for old and unserviceable animals.
પાંડરૂં,-ડુર, *n.* ધોળું, ફિક્કું. White.
પાંડિત્ય, *n.* પંડિતાઇ. Profound scholarship.
પાંડુ, *a.* ફિક્કું. Pale. *n.* પાંડવોનો પિતા. Father of the Pandavas.
પાંતી, *n.* પક્ષ. Side. ૨. રીત. Practice. ૩. ભાગ. Part.
પાંથી, *n.* સેંથી. The straight line left by combing hairs of the head.
પાંદડું *n.* પર્ણ, પાન. Leaf.
પાંપણ, *n.* પોપચાંની કિનારી પરના વાળ. Eyelash.
પાંશરૂં,-સરૂં,-દોર, *a.* સિધું. Straightforward.
પાંસળી,-ળું, *n.* છાતીનું હાડકું. Rib.
પિકદાની *n.* થુંકદાની. Spittoon. A spit-box.
પિગળાવવું, *vt.* પિગળે એમ કરવું. To melt. To fuse.
પિચકારી, *n.* પાણીની સેડ-તે છોડવાનું સાધન Syringe.
પિચોટી, *n.* આંબોઈ. The navel-string.
પિછાણ,-ન, *n.* ઓળખાણ. Familiarity. ૨. માહિતી. Knowledge.
પિછાણવું, *vt.* ઓળખવું. To recognise; To know.
પિછોડી, *n.* પછેડી. Covering for the shoulders.
પિતા,-તુ *n.* બાપ. Father,

પિતામહ, *n.* દાદા. Grandfather.
પિતૃ, *n.* બાપ. Father. ર. પૂર્વજો. Ancestors.
પિતૃઘાત, -હત્યા, *n.* પિતાનો વધ. Parricide.
પિતૃભક્તિ, *n.* પિતા પ્રત્યેનો ભક્તિભાવ. Filial duty.
પિત્ત, *n.* કલેજામાં પેદા થતો રસ. Bile. Choler.
પિત્તળ, *n.* તાંબા અને જસતની મિશ્રધાતુ. Brass.
પિત્તળપાન, *n.* ઝળકો. A brass-foil. [Anger. Rage.
પિત્તો, *n.* ક્રોધની તીવ્ર લાગણી; મિજાજ. Temper.
પિત્રાઈ, *a.* એક પૂર્વજના વંશજ. Born of the same [ancestors.
પિનાક, *n.* શિવનું ધનુષ. Bow of Shiva.
પિપાસા, *n.* તરસ. Thirst. Craving for water.
પિયર, -યેર, *n.* સ્ત્રીનાં માબાપનું ઘર. Paternal house of a married girl.
પિયાવો, *n.* પાણી પાવાનું ખર્ચ. Cost of watering.
પિયુ, *n.* પતિ. Husband. The sweet-heart.
પિરસણ, *n.* પીરસેલું ભાણું. Ready food. ર. પીરસવું તે. Distribution of food.
પિલવું, *vt.* છુંદવું. To crush; To squeeze.
પિલાઇ,-મણ, -ણી, *n.* પીલવાની મહેનતાણું. Charges for crushing. ર. પીલવું તે. Crushing.
પિલાવું, *vt.* પીલાય એમ કરવું. To be crushed.
પિલ્લું, *n.* વીંટીને કરેલો દડો. Small bail of thread.
પિશાચ, *n.* ભૂતપ્રેત. Ghost. A devil.
પિશાચવિદ્યા, *n.* મેલી વિદ્યા. The black art.
પિષ્ટપેષણ, *n.* પુનરૂક્તિ. Repetition.
પિસ્તું, *n.* પસ્તું; એક સુકો મેવો. Dry fruit.
પિસ્તોલ, *n.* નાની બંદૂક; તમંચો. Revolver.
પિંગલ,-ળ, *n.* છંદશાસ્ત્ર. Tretise on prosody.
પિંજર, *n.* પાંજરૂં. Cage.
માં, સાતમી વિભક્તિનો પ્રત્યય. Suffix for the locative case.
માંકડ,-ણ, *n.* માકડ. Bug.
માંકડું. *n.* લાલ મોંનું વાંદરું. Red-faced ape.
માંગ, *n.* માગણી. Demand.
માંગલિક,-લિક. *a.* શુભ. Auspicious.
માંજર, *n.* મંજરી; કલગી. Cluster.
માંજરું, *a.* ભૂરી કીકીવાળું. Grey-eyed.
માંજવું, *vt.* ઘસીને સાફ કરવું. To polish.
માંજો, *a.* કાચ પાયેલો દોર. String rubbed with glass-powder.
માંડમાંડ, *ad.* મહા મુશ્કેલીએ. With great difficulty.
માંડલિક,-લિક, *n.* ખંડિયો રાજા; સામંત. Tributary.
માંડવાળ, *n.* માંડી વાળવું તે; સમાધાન. Settlement.
માંડવિયો, *n.* કન્યા પક્ષનો માણસ. Person attending the party of the bride.
માંડવી, *n.* જકાતનું નાકું. Custom-house. ૨. ઉચી બેઠક; ચોતરી, Raised seat. ૩. ચકલું. Small market.
માંડવું, *vt.* શરૂ કરવું. To begin. ૨. ગોઠવવું. To set. ૩. લખવું. To write. ૪. સ્થાપવું. To inaugurate.
માંદગી, *n.* બીમારી. Sickness. Illness.
માંદું, *a.* બીમાર; રોગી. Sick. Ill; unwell.
માંસ, *n.* શરીરની સાત ધાતુમાંની એક. Flesh. Meat.
માંસપેસી, *n.* માંસનો લોચો. Tissue.
માંસલ, *a.* જાડું: ભરાવદાર. Fleshy.
માંહી,-હે,-હ્ય, *ad.* અંદર. Inner.
માંહેલ, *a.* અંદરનું. Within.
માંહેમાંહે,-માંહ્યમાંહ્ય, *ad.* અંદરઅંદર. Mutually.
મિજબાન,-માન, *n.* મહેમાનગીરી કરનાર. Host.
મિજમાની, *n.* ઉજાણી. Feast. ૨. મહેમાની. Hospitality.
મિજલસ, *n.* મેળાવડો. સભા. Party.
મિજાગરૂ, *n.* બારડલું. Hinge.
મિજાજ, *n.* પ્રકૃતિ. Temper. ૨. ક્રોધ. Anger. ૩. અભિમાન, Pride.
મિતવ્યય, *n.* કરકસર. Economy.
મિતાક્ષર, *a.* ટૂંકું. Short.
મિતાહાર, *n.* પ્રમાણસર ખોરાક. Temperance in eating.
મિતિ, *n.* તારીખ; તિથિ. Date.
મિત્ર,-જન, *n.* ભાઇબંધ, Friend.
મિત્રતા,-ભાવ,-ત્રાચાર, *n.* ભાઈબંધી. Friendship.
મિથ્યા, *a.* અસત્ય. False. ૨. ફોગટ. Useless.
મિનાર,-રો, *n.* થાંભલાના આકારનું બાંધકામ. Tower

મિયાન, *n.* તલવારનું ઘર, Sheath.
મિલકત, *a.* પુંજી; દોલત. Property.
મિલનસાર, *n.* મળતાવડું. Social.
મિલાવવું, *vt.* મિશ્રણ કરવું. To mix.
મિશ્ર, *a.* ભેળસેળવાળું. મિશ્રિત. Mixed.
મિશ્રધાતુ, *n.* બે ધાતુઓના મિશ્રણથી બનેલી ધાતુ. Alloy,
મિષ, *n.* બહાનું. Pretext.
મિષ્ઠ, *a.* મધુર. Sweet.
મિષ્ઠાન્ન, *n.* ગળી અને પૌષ્ટિક વાની. Dainty dishes.
મિસર, આફ્રિકાની ઉતરે આવેલો એક પ્રદેશ. Egypt.
મિસરી, *n.* સાકર. Sugar candy.
મિસલ, *n.* રીત; તરેહ. Manner.
મિસાલ, *n.* ઉદાહરણ; દૃષ્ટાંત. Example.
મિસ્ત્રિ, *n.* હોંશિયાર કારિગર. Artisan.
મીચવું, મીંચવું, *vt.* To close. ૨. બંધ કરવું. To shut.
મીજ, *n.* બીમાંનો ગર. Kernel.
મીટ, *n.* દૃષ્ટિ; નજર. Looking. Sight.
મીટડાં, *n.* ઓવારણાં; આલિંગન. Hug.
મીઠાઈ, *n.* ગળી વાની. Sweetmeat.
મીઠાશ, *n.* ગળપણ. Sweetness.
મીઠું, *a.* ગળ્યું; મધુર. Sweet. *n.* લવણ. Salt.
મીંડું. મીડું, *n.* ટપકું. Dot. Zero.
મીઠીઆવળ, *n.* સોનામુખી. Senna. [Wax.
મીણ, *n.* મધપૂડો જેનો બનેલો હોય છે તે ચીકણો પદાર્થ.
મીણબત્તી, *n.* જેમાં વાટ ઘાલેલી હોય તેવી મીણ જેવા પદાર્થની બનાવટ. Candle-stick.
મીન, *n.* માછલું. Fish.
મીનાકારી,-નો, *n.* સોના ચાંદીપર રંગીન કામ. Enamel working.
મીમાંસા, *n.* તપાસ; સમાલોચના. Examination.
મીરાસી, *a.* વારસામાં મળેલું. Hereditary.
મીઢળ, મીંઢળ, *n.* એક ફળ. Emetic nut.
મીંદડી, *n.* બિલાડી. Cat.
મુકટો,-ગટો, *n.* અબોટિયું. Silken cloth.
મુકર્દમો, *n.* દાવો. Suit.
મુકરર,-ર્રર, *a.* નિયત-નક્કી કરેલું. Fixed. Settled.
મુકાદમ, *n.* જમાદાર. Foreman. A headman.
મુકાબલો, *n.* સરખામણી. Comparison. Simile.
મુકામ, *n.* રહેઠાણ. Dwelling. ૨. પડાવ. Camp.
મુકુટ,-ગુટ,-ગટ, *n.* તાજ; પાઘડી. Crown.
મુકુર, *n.* આયનો. Mirror. Looking-glass.
મુક્કી,-ક્કો, *n.* ઠોંસો. Blow, A box.
મુક્કાટવું, *vt.* ઠોંસા મારવા. To give blows with fist.
મુક્ત, *a.* બંધન રહિત; છૂટું. Free Liberated.
મુક્તા,-ફલ, *n.* મોતી. Pearl.
મુક્તાહાર, *n.* મોતીનો હાર. Pearl necklace.
મુક્તિ, *n.* મોક્ષ; છુટકારો. Salvation. Emancipation.
મુક્તિફોજ, *n.* લશ્કરી ઢબે સંગઠિત કરવામાં આવેલું એક ધાર્મિક દળ, Salvation army.

મુખ, *n*, મોં. Mouth. ૨. ચહેરો. Face. ૩, આગલો ભાગ. Front. [nce.
મુખજબાની,-જુબાની, *n.* મોઢાની સાક્ષી. Oral eveide-
મુખપત્ર, *n.* અમુક મંડળનું છાપું. Organ.
મુખપૃષ્ઠ *n.* ગ્રંથ કે સામાયિકનું પહેલું પૃષ્ઠ. Title-page.
મુખમુદ્રા,-ખારવિંદ, *n.* મોં, ચહેરો. Face.
મુખતેસર, *a.* ટૂંકું. Short.
મુખત્યાર, *a.* સ્વતંત્ર. Independent. *n.* વકીલ. Agent.
મુખત્યારનામું, *n.* પોતાના તરફથી કામ કરવાની સત્તા આપનારૂં લખાણ. Power of attorney.
મુખત્યારી, *n.* કુલ સત્તા. Full authority.
મુખી, *n.* આગેવાન. Leader. The headman.
મુખ્ય, *a.* પ્રધાન. Chief. Primary.
મુખ્યત:-ત્વે,-ત્વે કરીને, *ad.* ખાસ કરીને. Chiefly.
મુગ્ધ, *a.* મોહ પામેલું. Infatuated.
મુગ્ધા, *n.* જેને જુવાનીતરતની ફૂટી હોય તેવી સ્ત્રી. Maid.
મુચરકો, *n.* જામીનખત. Recognizance, Bond.
મુજબ, *ad.* પ્રમાણે; પેઠે. According to.
મુજરો, *n.* સલામ. Respects, Salutation.
મુજાવર, *n.* પૂજારી જેવો મસ્જીદનો રખેવાળ. Keeper of a mosque. [Vexation.
મુઝવણ, *n.* અકળામણ; બેચેની. Uneasiness.
મુઝારો, *n.* ત્રિદોષ. Brain-fever.
મુઝાવું, *vt.* અકળાવું. To be uneasy. [Fist.
મુઠ્ઠી,-ઠ્ઠો, *n.* આંગળાં હથેળી સાથે વાળવાથી થતો ઘાટ.
મુઠ્ઠીભર, *a.* મુઠ્ઠીમાં માય તેટલું. Handful.
મુડદાલ, *a.* મૃત. Lifeless. ૨. દુર્બળ. Lean.
મુડદું, *n.* શબ. Corpse. Dead body.
મુતર, *n.* પેશાબ. Urine.
મુતરડી, *n.* પેશાબખાનું. Urinal.
મુત્સદ્દી,-સદ્દી, *n*, રાજદ્વારી પુરુષ. Politician. ખટપટિયો. Diplomat.
મુદત,-દ્દત, *n.* સમય. Period. Limitation.
મુદતિયો તાવ, *n.* અમુક મુદતે ઉતરે એવો તાવ. Typhoid fever.
મુદ્દલ, *n*, મૂલ થાપણ. Principal. ૨, મૂડી. Capital. *ad.* સાવ; તદ્દન. Wholly.
મુદ્દામ, *a.* ચાલુ. Cnrrent. *ad*, ખાસ કરીને. Specially.
મુદ્દામાલ, *n.* મૂળ માલ. Original property.
મુદ્દો, *n.* પુરાવો. Evidence. Proof. ૨. પ્રમાણ. Clue.
મુદ્રક, *n.* છાપનાર. Printer.
મુદ્રણાલય, *n.* છાપખાનું. Printing press.
મુદ્રા, *n.* છાપ; મહોર. Stamp. ૨. વીંટી. Ring. ૩. સિક્કો. Coin. ૪. આકૃતિ. Face.
મુદ્રાલેખ, *n.* આદર્શસૂચક વાક્ય. Motto.
મુનસફ, *n.* દિવાની ન્યાયાધિશ, Civil judge.
મુનસરી, *n.* સત્તા; અધિકાર. Authority.
મુનાસબ,-સિબ, *a.* યોગ્ય; વ્યાજબી. Proper.
મુનિવ્રત, *n.* મૌનવ્રત. Taciturnity. Silence.

મુનીમ, *n.* પેઢીનો મુખ્ય ગુમાસ્તો. Head clerk.
મુફલિસ, *a.* ગરીબ; બેહાલ. Poor. Pauper.
મુફલિસી, *n.* ગરીબી. Poverty. Indigence.
મુફત, *a.* મફત. Free. Wthout any charge.
મુબારક, *a.* ભાગ્યશાળી; ધન્ય, Blessed. Happy. ૨. આબાદ. Prosperous.
મુબારકબાદી, *n.* અભિનંદન. Congratulations.
મુમુક્ષા, *n* મોક્ષની ઈચ્છા. Desire for salvation.
મુમુક્ષુ,*a.*મોક્ષનીઈચ્છાવાળું.Desirous for salvation.
મુરઘી, *n.* મરઘી. Hen.
મુરતિયો, *n.* વરરાજા. Bridegrom.
મુરબ્બી, *a.* વડીલ. Patron. A benefactor.
મુરબ્બો, *n.* ચાસણીમાં રાખેલો કેરી વગેરે ફળનો પાક. Conserve of fruit. jelly.
મુરલી, *n.* વાંસળી; મોરલી. A flute.
મુરલીધર, *n.* કૃષ્ણ. Krishna.
મુરાદ, *n.* ઉમેદ, Ambition. Wish. Desire.
મુલક, n. પ્રદેશ; દેશ. Region. Country.
મુલકી. *a.* દીવાની. Civil. ૨. વસુલાતી. Of revenue department.
મુલતવી, *a.* મોકૂફ. Postponed. Adjourned.
મુલવણી, *n.* કિંમત મૂલવવી તે. Fixing the price.
મુલાકાત, *n.* મેળાપ. Meeting. An interview.
મુલાયમ, *a.* નરમ; સુંવાળું. Delicate.Soft;Tender.
મુલ્કમશહૂર, *a.* જગજાહેર. World-famous.
મુલ્લા-લ્લાં, *n.* મુસલમાનોનો આચાર્ય. Mohmeddan theologian.
મુવાળો, *n.* વાળ. Hair.
મુશળ.-સળ, *n.* સાંબેલું. Wooden pastle.
મુશળધાર, *a.* જાડી ધારમાં જોરથી પડતો. Falling down in great showers.
મુશાયરો,*n.*કવિઓની પરિષદ. Conference of poets.
મુશ્કેલ,-શ્કિલ, *a.* અઘરૂં; કઠણ. Difficult.
મુશ્કેલી, *n.* મુસીબત. Difficulty. Hardship.
મુષ્ટિ; *n.* મુઠ્ઠિ. Fist. Handful.
મુસદ્દો, *n.* કાચો ખરડો. Draft.
મુસલમાન-સ્લિમ,*n.*ઇસ્લામનો અનુયાયી.Mohmadden.
મુસાફર, *n.* વટેમાર્ગુ. A sojourner. Traveller.
મુસાફરખાનું, *n.* ધર્મશાળા. Inn.
મુસાફરી. *n.* પ્રવાસ. Journey. Travel.
મુસાર,-રો. *n.* પગાર. Wages. Pay; Salary.
મુશીબત, *n.* અડચણ; તકલીફ. Difficulty. Hardship.
મુસ્તાક, *a.* આતુર. Eager. ૨. દૃઢ. Firm.
મુહૂર્ત-રત, *n.* શુભ સમય. Auspicious time.
મુંડ, *n.* માથું. Head.
મુંડન, *n.* માથું મૂંડાવવું તે. Shaving.
મૂક, *a.* મૂગું Dumb. Mute.
મૂકવવું, *vt.* છોડાવવું. To relieve.
મૂકવું, *vt.* છોડવું. To leave. ૨. મુક્ત કરવું. To free. ૩. મેલવું. To place.

મૂગું, *a.* બોલી ન શકે એવું. Dumb. ૨. શાંત. Calm.
મૂછ, *n.* ઉપલા હોઠ પર ઊગતા વાળ. Moustache.
મૂજી, *n.* કંજૂસ; Miser. ૨. જડ. Dull.
મૂઠ, *n.* મુઠ્ઠી Fist. ૨. હાથો. Handle.
મૂડી, *n.* પૂંજી; ધન. Capital. Stock.
મૂડીદાર, *n.* મૂડીવાળો. Capitalist.
મૂઢ, *a.* મૂર્ખ; ઠોઠ. Stupid.૨.મોહવશ. Enchanted.
મૂતર,-ત્ર *n.* પેશાબ. Urine.
મૂતરવું.*vt.*પેશાબ કરવો.To urinate.
મૂત્રપિંડ, *n.* શુદ્ધ લોહી તથા મૂત્રને જુદાં પાડનાર અવયવ, The kidneys.
મૂત્રલ,-વર્ધક, *a.* મૂત્ર વધારનારૂં. Duretic.
મૂત્રાશય,*n.*મૂત્રને એકઠું થવાની જગા; ફુક્કો. Bladder.
મૂરત. *n.* મૂર્તિ. Image. Idol.
મૂર્ખ.-રખ. *a.* બેવકૂફ. Foolish. Stupid.
મૂર્ચ્છા-ર્છના.*n.*બેશુદ્ધિ.Unconsciousness. Swoon.
મૂર્ચ્છિત,-ર્ચ્છાગત, *a.* બેશુદ્ધ Unconscious.
મૂર્ત, *a.* મૂર્તિમાન; સાકાર. Incarnate.
મૂર્તિ,-રત, *n.* પ્રતિમા; આકૃતિ. Image. Idol.
મૂર્તિપૂજક, *a.&n.* મૂર્તિને પૂજનાર. Idolatrous.
મૂર્તિપૂજા, *n.* મૂર્તિની પૂજા. Idol-worship.
મૂર્ધા, *n.* માથું. Head.
મૂલ-લ્ય, *n.* કિંમત. Price. Value; Cost.
મૂલ.-ળ, *n.* પાયો. Foundation ૨. વનસ્પતિની જડ. Root. ૩. ઉત્પત્તિસ્થાન. Origin.
મૂલતત્વ, *n.* પાંચ મહાભૂતોમાંનું એક. Element.
મૂલવવું, *n.* કિંમત નક્કી કરવી. To settle the price.
મૂલ્યવાન, *a.* કિંમતી. Costly.
મૂસળી*n.*એક મૂળ. Kind of root.૨.પથ્થર-ઈ. Peatle.
મૂળ. *a.* અસલ; પહેલાંનું. Original. *n.* જડ. Root.
મૂળગું. *ad.* બધું. All.
મૂળાક્ષર, *n.* વર્ણમાળાના મૂળ અક્ષરો. Alphabet.
મૂળાડિયું.-ળાડું-ળિયું, *n.* મૂળ; જડ. Root.
મૂળો. *n.* શાકમાં વપરાતું એક કંદ. Radish.
મૂંગું, *a.* મૂક. Dumb.
મૂંઝવણ-ણી, *n.* અકળામણ; ગભરામણ. Uneasiness.
મૂંઝવવું, *vt.* અકળાવવું. To cause uneasiness.
મૂંઝાવું, *vt.* અકળાવું. To be confused.
મૂંડવું, *vt.* બોડવું. To shave. ૨. છેતરવું. To cheat.
મૂંડાવવું, *vt.* બોડાવવું. To get shaved.
મૃગ, *n.* હરણ. Antelope. A deer.
મૃગજલ,-ળ,-તૃષ્ણા. *n.* ઝાંઝવાનાં જળ. Mirage.
મૃગપતિ,-રાજ,-ગેન્દ્ર, *n.* સિંહ. Lion.
મૃગયા, *n.* શિકાર. Hunting. The Chase.
મૃગી, *n.* હરણી. Doe. A female deer.
મૃત, *a.* મરણ પામેલું. Dead.
મૃતપ્રાય, *a.* લગભગ મૃત. Almost dead.
મૃતસંજીવિની, *n.* મુએલાંને જીવતાં કરવાની વિદ્યા. Art of giving life to the dead.
મૃત્તિકા, *n.* માટી. Earth. Clay; Dust.

મૃત્યુ, *n.* મરણ. Death. Decease.
મૃત્યુદંડ, *n.* મોતની સજા. Capital punishment.
મૃત્યુપત્ર,-લેખ, *n.* વસિયતનામું. Will.
મૃત્યુલોક, *n.* પૃથ્વી. Earth. This world.
મૃત્યુશય્યા, *n.* મરણ પથારી. Death-bed.
મૃદુ,-લ, *a.* કોમળ. Delicate. ૨. મધુર. Sweet.
મેખ, *n.* ખીલી; ફાચર. Peg.
મેખલા-ળા, *n.* કંદોરો. Ornament for the waist.
મેઘ, *n.* વરસાદ. Rain. ૨. વાદળ. Cloud.
મેઘગર્જના,-નાદ, *n.*વાદળાંનો થતો ગડગડાટ. Thunder.
મેઘચાપ,-ધનુષ,-ષ્ય, *n.* ઇંદ્રધનુષ. Rainbow.
મેજ, *n.* ટેબલ. Table.
મેડો-ડી, *n.* માળ. Storey.
મેથી, *n.* એક ભાજી-તેનું બી. Foenugreek.
મેદ, *n.* ચરબી. Fat. [World.
મેદની,-દિની, *n.* ટોળું. Crowd. Multitude, દુનિયા.
મેદાન, *n.* ખુલ્લી સપાટ જમીન. Plain. [flour
મેદો,મેંદો, *n.* ધોયેલા ઘઉંનો લોટ. Fine wheaten
મેધ, *n.* યજ્ઞ. Sacrifice.
મેધા, *n.* બુદ્ધિ. Intellect. ૨. યાદશક્તિ. Memory.
મેધાવી, *a.* બુદ્ધિમાન. Intelligent. *n.* પંડિત Scho-
મેના, *n.* એક પક્ષી. Canary bird. [lar.
મેમાન,મેહેમાન, *n* મિજબાન. Guest.
મેરાઇ, *n.* દરજી Tailor.
મેલ, *n.* ગંદકી; કચરો. Dirt. Filth; Dross.
મેલવું, *vt.* મૂકવું. To place. To put.
મેલી. *n.* ઓર. Placenta. [magic.
મેલી વિદ્યા.. *n.* ભૂતપલિત વશ કરવાની વિદ્યા. Black
મેલું, *a.* ગંદુ. Dirty. ૨. કપટી. Shrewd. ૩. ભૂતપ્રેત
મેવલો,-લિયો, *n.* વરસાદ. Rain. [વગેરે.Evil spirit.
મેવો, *n.* લીલાં કે સુકાં ફળ. Fruits, fresh as well
મેશ,-સ. *n.* કાજળ. Lampblack. [as dried.
મેષ, *n.* ઘેટો. Ram. ૨. મેષરાશિ. Aries.
મેસૂર, *n.* એક મિઠાઈ. Sweetmeat.
મેળ, *n.* બનાવ; સંપ. Harmony. Agreement. ૨. રોજનો આવકખરચનો હિસાબ. Daily Account.
મેળવણ, *n.* મેળવવાની ચીજ. Mixture.
મેળવવું, *vt.* પ્રાપ્ત કરવું. To acquire. ૨. એકઠું કરવું. To collect, ૩. મિશ્ર કરવું. To mix. ૪. સરખાવી જોવું. To compare.
મેળાપ, *n.* મિલન; સમાગમ. Meeting.
મેળાવડો,-વો, *n.* સભા; મિજલસ. Conference.
મેળે, *n.* રાજીખુશીથી. Willingly. [Meeting.
મેળો, *n.*ઘણાં માણસનું એકઠાં થવું તે.Fair. ૨. મેળાપ.
મેંઢો, *n.* ઘેંટો. Ram.
મૈત્રી, *n.* ભાઈબંધી. Friendship.
મૈથુન, *n.* નરમાદાનો સંભોગ. Sexual intercourse.
મૈયત, *n.* મરણ. Death. *a.* મરણ પામેલું. Dead,
મોકલવું. *vt.* રવાના કરવું; પહોંચાડવું. To send.
મોકળું, *a.* ખુલ્લું. Open. ૨.મોકળાશવાળું.Spacious. ૩. ઉદાર. Liberal. [ness.
મોકળાણ,-શ, *n*, જગાની છૂટ. Openness. Roomi-
મોકાણ, *n.* મરણના સમાચાર. News of death.
મોકૂફ. *a.* મુલતવી. Postponed. Adjourned.
મોકફી, *n.* મોકૂફ રાખવું તે. Postponement.
મોકો,મોખ, *n.* પ્રસંગ; લાગ. Opportunity.
મોક્ષ,-પદ, *n.* મુક્તિ; છૂટકારો. Salvation.
મોખરો, *n.* આગળનો ભાગ. Front portion.
મોગરી, *n.*એક શાક.Vegetable.૨.હથોડી જેવું ખાંડવાનું કે ઘંટ વગાડવાનું ઓજાર. Wooden hammer.
મોગરો, *n.* એક પુષ્પ. Jasmine flower.
મોઘમ, *a.* અસ્પષ્ટ; અનિશ્ચિત. Unclear; Vague.
મોંઘું,*a.*વધારે કિંમત આપવી પડે તેવું. Dear; Costly. ૨. અતિ પ્રિય. Very dear.
મોચવવું. *vt.* કરમોડાઇ કે અંબળાઈ જાય તેમ કરવું. To cause to dislocate. [maker.
મોચી, *n.* પગરખાં સીવવાનો ધંધો કરનાર. Shoe-
મોજ, *n.* આનંદ. Delight. ૨, મરજી. Will.
મોજડી,-ડું, *n*, પગરખું. Shoe.
મોજણી, *n.* માપણી. Survey.
મોજમજા,-શોખ, *n.* આનંદ; સુખચેન. Merriment.
મોજવું, *vt.* માપવું. To survey. ૨. સમજવું To com-
મોજી -લું, *a.* આનંદી; લહેરી. Gay. [prehend.
મોજું, *n.* પાણીનો તરંગ. Wave. ૨. હાથપગનું ગૂંથેલું ઢાંકણ. Stocking.
મોજૂદ, *a.* હાજર. Present. ૨. તૈયાર. Ready.
મોટપ,-મ,*n.*મોટાપણું. Gacatness. ૨.આબરૂ. Repu-
મોટું, *a.* નાનાથી ઊલટું. Large. [tation.
મોટેથી, *ad.* મોટે અવાજે. Loudly.
મોટેરું, *a.* વડિલ. Elder.
મોડવું, *vt.* મરડવું. To twist.
મોડું, *a.* Late. [presence.
મોઢામોઢ, *ad.* રૂબરૂ. Face to face. ૨. સમક્ષ. In the
મોઢું. *n.* મોં; મુખ. Mouth. The face.
મોત. *n.* મૃત્યુ. Death.
મોતિયો, *n.* આંખની કીકી ઉપર થતું પડ. Cataract.
મોતી, *n.* છીપમાંથી નીકળતી એક દરિયાઈ પેદાશ. Pearl.
મોદક, *n.* લાડુ. Sweetball. [grocer.
મોદી, *n.* અનાજ ઘી મસાલો વગેરે વેચનાર. Retail
મોબેદ, *n.* પારસીઓના ગોર, Parsee priest.
મોભ,-ભિયું, *n.* છાપરાના ટેકારૂપ મુખ્ય આડું લાકડું.
મોભાદાર, *a.* પ્રતિષ્ઠિત. Respectable. [Beam.
મોભો, *n.* આબરૂ; પ્રતિષ્ઠા. Prestige. Importance.
મોર, *n.*એક પક્ષી; મયૂર. Peacock. *ad.* પૂર્વે. Before.
મોરચંગ,*n.*એક વાદ્ય.Jew's drum.[મોખરે.In front of.
મોરચો, *n.* લશ્કરની મોખરાની વ્યૂહરચના. Fortification, ૨. બુરજ પર જ્યાં તોપ ગોઠવવામાં આવે છે તે ભાગ. Battle-ment.

મોરથુથુ, *n.* એક ઝેરી ઔષધ. Sulphate of copper.
મોરલી, *n.* વાંસળી.Flute. A pipe.
મોરલો, *n.* મોર. Peacock.
મોરિયો, *n.* ઘડો. Earthen pot. ૨. સામા જેવું એક અણખેડયું ધાન. A seed-grain.
મોરી, *n.* ખાળ; પાણીની નીક. Gutter.
મોલ, *n.* પાક. Harvest.
મોલવી, *n.* મુસલમાન વિદ્વાન. A Mohmaddan scholar.
મોવડી, *n.* આગેવાન. Leader.
મોવાળો, *n.* વાળ. Hair.
મોવું, *vt.* કરમોવવું; ચીકટવાળું કરવું. To oil.
મોસમ, *n.* ઋતુ. Season.
મોસમી, *a.* મોસમનું. Seasonal.
મોસંબી, *n.* નારંગી જેવું એક ફળ. Mosambic.
મોસાળ, *n.* માનું પિયર. Maternal grand father's house.
મોસાળિયું, *n.* મોસાળ પક્ષનું માણસ. Relative on the mother's side.
મોહ, *n.* આસક્તિ. Bewitchment. ૨. ભ્રમ. Delusion. ૩. મૂર્છા. Swoon.
મોહક, *a.* મોહ પમાડનારૂં. Bewitching.
મોહજાળ.-ની,-મંત્ર; *n.* કામણ; ભુરકી. Fascination.
મોહતાજ, *a.* લાચાર; ગરીબ. Helpless.
મોહવું, *vt.* મોહ પામવું. To be allured.
મોહિત, *a.* મોહ પામેલું. Allured. Facinated.
મોહિની, *n.* મોહ પમાડે તેવી સ્ત્રી. Fascinating woman.
મોળ,-પ, *n.* શરીરમાં વાયુનું જોર થવાથી મોઢામાં લાળ છૂટે તે. Nausea.
મોળવું, *vt.* શાક સુધારવું. To shred.
મોળું,-મચ, *a.* ફિક્કું. Tasteless. ૨. ઢીલું. Weak.
મોં, *n.* Face. મ્હોંઢું.
મોંમાર, *a.* નીડર. Daring. Bold.
મોંરખું, *a.* વિનયી; શરમાળ. Modest. ૨. પક્ષપાતી. Partial.
મોંસૂઝણું, *n.* પરોઢિયું. Dawn.
મોંઘું, *a.* વધારે કિંમત બેસે એવું. Dear. Costly.
મૌન, *n.* ન બોલવું તે. Silence. Taciturnity.
મૌલા,-ના, *n.* ધણી; માલિક. Lord.
મૌલિક, *a.* મૂળ; મુખ્ય. Original.
મૌલિકતા, *n.* મૂળપણું. Originality.
મ્યાન, *n.* તલવારનું ઘર. A scabbard. A sheath.
મ્યાનો, *n.* પાલખી. Palanquin.
મ્લાનિ. *n.* નિસ્તેજતા; ગ્લાનિ. Dejection.
મ્લેચ્છ, *n.* આર્યોની સંસ્કૃતિથી ભિન્ન સંસ્કૃતિનો માણસ. Barbarian.

‘य’

ય, The 37th Consonant letter of the alphabet. *ad.* વળી. Also.
યકૃત, *n.* કાળજું. Lever.
યક્ષ, *n.* એક દેવયોનિનો કુબેરનો અનુચર. Demigod.
યજન, *n.* યજ્ઞ કરવો તે; પૂજન. Sacrificing.
યજમાન, *n.* યજ્ઞ કરનાર. Sacrificer. ૨. આશ્રય આપનાર. Host.
યજુર,-વેદ. *n.* ચાર વેદમાંનો એક. One of the Vedas.
યજ્ઞ,-યાગ, *n.* એક વેદોક્ત કર્મ. Sacrifice.
યજ્ઞકુંડ, *n.* યજ્ઞની વેદી. Sacrificial altar.
યજ્ઞોપવિત, *n.* જનોઈ. ઉપવિત. Sacred thread.
યતિ, *n.* છંદમાં આવતો વિરામ, Pause in verse.
યતિ, *n.* સંન્યાસી; જૈન સાધુ. Ascetic.
યત્કિંચિત, *ad* જરાપણ. A little.
યત્ન, *n.* પ્રયત્ન; મહેનત. Effort. Endeavour.
યત્ર, *ad.* જ્યાં. Where.
યથા, *ad.* જેવી રીતે; જે પ્રમાણે. According to.
યથાયોગ્ય,-થોચિત, *ad* યોગ્ય હોય તેમ. Properly.
યથાર્થ, *a.* સાચું. True. *ad.* વાસ્તવિક રીતે. Truly.
યથાશક્તિ, *ad.* શક્તિ પ્રમાણે. As far as possible.
યથેચ્છ,-ષ્ટ, *a.* & *ad.* મરજી મુજબ; ઇચ્છા પ્રમાણે. To the heart's content.
યદપિ,-દ્યપિ, *ad.* જોકે. Although.
યદિ, *conj.* જો. If.
યદ્વાતદ્વા, *ad.* ગમે તેમ. એલફેલ. Without any rhyme or reason.
યમ, *n.* નિગ્રહ; સંયમ. Restraint. ૨. મૃત્યુનો દેવ. God of death.
યમક, *n.* પ્રાસ. Rhyme.
યમદૂત, *n.* મોતનો કાસદ. Messenger of death.
યવન, *n.* યુનાનનો વતની. Ionian or Greek. ૨. મલેચ્છ. Barbarian.
યશ, *n.* કીર્તિ; ફતેહ. Glory. Fame. Renown.
યશસ્વિ, *a.* ફતેહમંદ. Successful.
યહૂદી, *n.* મૂસા પયગમ્બરનો અનુયાયી, Jew.
યંત્ર, *n.* સંચો. Machine.
યંત્રજ્ઞ,-શાસ્ત્રી, *n.* યંત્રવિદ્યા જાણનાર. Mechanic.
યંત્રણા, *n.* નિયંત્રણ. Restraint. ૨. વાંધો. Obstruction.
યંત્રરચના, *n.* યંત્રની રચના. Mechanism.
યંત્રવિદ્યા,-શાસ્ત્ર, *n.* યંત્રોની વિદ્યા. Mechanics.
યા, *conj* અથવા; યાને. Or.
યાકૂત, *n.* એક રત્ન. Gem. A ruby.
યાકૂતી, *n.* એક પ્રકારની દવા. A medicinal preparation.
યાગ, *n.* યજ્ઞ. Sacrifice.
યાચક, *n.* માગણ. Beggar.
યાચના, *n.* ભીખ. Begging. ૨. વિનંતિ. Request.
યાચવું, *vt.* ભીખ માગવી. To beg. ૨. યાચના કરવી. To request.
યાતના, *n.* દુખ; પીડા. Pain. Anguish.
યાત્રા. *n.* જાત્રા. Pilgrimage.

યાત્રાળુ, *n.* જાત્રા કરનારો. Pilgrim.
યાદ,*n.*સ્મરણ;યાદી. Recollection.Remembrance.
યાદગાર, *a.* યાદ કરાવે તેવું. Reminding. [nto.
યાદગીરી, *n.* સ્મરણ. Memory. ૨. સંભારણું. Meme-
યાદદાસ્ત,-તી, *n.* સ્મરણશક્તિ. Memory.
યાદી, *n.* ટીપ; ટાંચણ. List. ૨. A roll.
યાર, *n.* આશક; જાર. Paramour. ૨. મિત્ર. Friend.
યાલ,-ળ, *n.* સિંહની ગરદન પરના વાળ. Mane.
યાવચ્ચંદ્રદિવાકરૌ, *ad.* હમેશને માટે. Forever.
યાહોમ, *ad.* ઝંપલાવીને;આંધળિયાં કરીને. Daringly.
યાંત્રિક,*a.*યંત્ર સંબંધી. Pertaining to machinery.
યુક્ત, *a.* જોડાયેલું. Connected. ૨. યોગ્ય. Proper.
યુક્તિ, *n.* તદબીર; કરામત. Plan.
યુગ, *n.* જમાનો. Period.
યુગલ,-ગ્મ,-ગ્મક, *n.* જોડું. Pair. A brace.
યુતિ, *n.* મેળાપ. Meeting. Conjunction.
યુદ્ધ, *n.* લડાઇ; સંગ્રામ. Battle.
યુવક, યુવાન, *n.* જુવાન. Youth.
યુવતિ, *n.* જુવાન સ્ત્રી, Young woman,
યુવરાજ, *n.* પાટવી કુંવર. Crown prince.
યુવાવસ્થા, *n.* જુવાની. Youth.
યુથ, *n.* ટોળું. Crowd. [૩.અવસર. Opportunity.
યોગ, *n.* મેળાપ. Meeting. ૨, ઉપાય. Expedient.
યોગિની, *n.* તાપસી; ઉપદેવી. Female devotee.
યોગી, *n.* તપસ્વી. Ascetic.
યોગ્ય, *a.* છાજતું; લાયક. Fit. Proper. [Merit.
યોગ્યતા, *n.* યોગ્ય હોવું તે. Propriety. Fitness.
યોજન,*n.*ચાર ગાઉ.Distance equal to four miles.
યોજના, *n.* ગોઠવણ; વ્યવસ્થા. Arrangement. Plan.
યોજવું, *vt.*યોજના કરવી.To contrive.To arrange.
યોદ્ધો,-ધ, *n.* લડવૈયો. Warrior. A hero.
યોનિ,-ની, *n.* સ્ત્રીની જનનેંદ્રિય. Female organ of generation.
યૌવન, *n.* જુવાની. Youth. Prime of life.
યૌવના, *n.* જુવાન રૂપાળી સ્ત્રી.. Young beautiful woman.

‘ર’

ર, ૨૭મો વ્યંજન. the 27th consonant of the Alphabet.
રકઝક, *n.* તકરાર; ખેંચાખેંચી, Disputation.
રકમ, *n.* ચીજ. Item. ૨. ઘરેણું. Ornament. ૩. સંખ્યા. Number.
રકાબી, *n.* તાસક. Dish. [Fond of.
રક્ત,*n.*લોહી. Blood. *a.* લાલ. Red. ૨. અનુરાગવાળું.
રક્તકણ, *n.* લોહીમાં સૂક્ષ્મ અણુ. Corpuscle.
રક્તપાત,-સ્રાવ, *n.*લોહીનું વહેવું તે. Blood flowing.
રક્તવાહિની, *n.* રક્ત વહેનારી નસ. Artery.
રક્તાશય, *n.* હ્રદય. Heart.
રક્ષક, *n.* રક્ષણ કરનાર. Protector.
રક્ષણ,-ક્ષા, *n.* બચાવ; પાલન. Protection.
રક્ષવું, *vt.* રક્ષણ કરવું. To protect.
રક્ષિત, *a.* રક્ષાયેલું. Protected.
રખડ,-પટ્ટી, *n.* રખડવું તે. Roaming.
રખડવું, *vt.* રઝળવું. To roam. To wander.
રખડેલ, *a.* રખડતો માણસ. Vagabond.
રખ્યા, *n.* રાખ; ભસ્મ. Ashes.
રખરખ, *n.* બેચેની. Uneasiness.
રખવાળ,-ખેવાળ. *n.* ચોકીદાર. Guard.
રખાવટ, *n.* તરફદારી. Partiality.
રખે-ને,, *n. ad.* કદાચ; કદાપિ. Lest.
રખો,-પિયો, *n.* ચોકિયાત. Watch. [Obstinacy.
રગ, *n.* નસ. Vein. ૨. વલણ. Inclination. ૩. જીદ.
રગડવું, *vt* ચોળવું. To rub. ૨. ઘુંટવું. To pound.
રગડો, *n.* જાડો પ્રવાહી પદાર્થ. કાંપ, Sediment.
રગદોળવું, *vt.* ધૂળમાં ખરડવું. To soil.
રગરગાવવું, *vt.* આશા આપી દુઃખી કરવું. To harass.
રગશિયું, *a.* ધીરૂં. Slow. ૨. મંદ. Dull.
રઘવાટ, *n.* ઉતાવળનો ગભરાટ. Hurry. Confusion.
રચન -ના, *n.*રચવું તે.Composition.Arrangement.
રચનાત્મક, *a.* જેમાં કાંઈ નવું રચાવાનું હોય તેવું. Constructive.
રચવું, *vt.* રચના કરવી. To compose. To compile.
રજ,*a.* થોડું. Little.*n.* ધૂળ. Dust. ૨. અણુ.Atom.
રજકણ, ધૂળનો અણુ. Atom of dust.
રજત, *n.* રૂપુ. Silver.
રજતમહોત્સવ, *n.*પચીસ વર્ષ પુરા થતાં ઉજવાતો ઉત્સવ.
રજનિ,-ની *n.* રાત્રી. Night. [Silver jubilee.
રજવાડું, *n.* દેશી રાજ્ય. Native state.
રજસ્વલા,-ળા, *n.* અટકાવવાળી સ્ત્રી. A woman in her monthly course.
રજા, *n.* પરવાનગી. Permission ૨. છૂટી. Leave.
રજાઈ, *n.* થોડા રૂની ઓઢવાની ગાદડી. Quilt.
રજ઼, *n.* Sand. રેતી.
રજૂ, *a.* હાજર કરેલું. Presented. [senting
રજૂઆત, *n.* હાજર કરવું તે. Presentation. Pre-
રજોગુણી, *a.* તામસી. Passionate.
રજોટી, *n.* ઝીણું ધૂળ. Fine dust.
રજોદર્શન, *n.* પહેલીવાર રજસ્વળા થવું તે. First appearance of menses.

રઝળવું,*vt*.ભટકવું. To roam. To wander. [tition.
રટણ,-ણા,-ન. ના, *n*. ગોખણી. Repeating. Repi-
રટવું, *vt*. વારેવારે યાદ કરવું. To repeat.To utter.
રદ્દણ. *a*. નકામુ. Worthless. Useless.
રડવું, *vt*. રોવું, રૂદન કરવું. To weep. To cry.
રડયુંખડયું, *a*. વેરાયેલું. Scattered. ૨. વિખુટું.Stray.
રઢ, *n*. લગની. Persistence. ૨. જીદ. Obstinacy.
રઢિયાળું, *a*. મોહક, Charming. Pretty.
રણ, *n*. રેતીનુ મેદાન. Desert ૨. યુદ્ધ. Battle. ૩. લડાઇનું મેદાન. Battlefield.
રણક્ષેત્ર,-ભૂમિ,-ણાંગણ,*n*. લડાઇનું મેદાન. Battlefield.
રણકારો,-કો, *n*. ખણણ અવાજ. Tinkling.
રણજિત,*a*.યુદ્ધમાં જીતનાર. Victorious in a battle.
રણશિંગડું,-શિંગું, *n*. યુદ્ધમાં વગાડવાનું તતૂડું. Bugle.
રણવાસ, *n*. અંતઃપુર. Harem. [A war trumpt.
રણસંગ્રામ, *n*. યુદ્ધ. A frightful battle.
રણહાક. *n*. લડાઇની કિકિયારી. War-cry.
રત, *n*. મોસમ. Season. [eye.
રતન, *n*. રત્ન. Gem. ૨. આંખની કીકી. Pupil of the
રતલ, *n*. અંગ્રેજી શેર. English pound in weight.
રતવા, *n*, ચામડીનો એક રોગ. Erysipelas.
રતાશ, *n*. લાલાશ. Redness.
રતાંધળું, *a*. રાતે ન દેખે તેવું. Night-blind.
રતિ, *n*. આસક્તિ. Affection. ૨. આનંદ. Delight. ૩. સંભોગ. Coition. ૪. કામદેવની સ્ત્રી. Wife of
રતિનાથ,-પતિ, *n*. કામદેવ. Cupid. [Cupid.
રતી, *n*. ચણોઠી જેટલું વજન કે કદ.21/2 grain troy.
રતુંબડું,-તુંમડું, *a*. લાલાશ પડતું. Reddish.
રત્ન, *n*. જવાહીર. A gem. Precious stone.
રત્નાકર, *n*. સમુદ્ર. Sea. ૨. રત્નોની ખાણ. Mine of
રથ, *n*. માફો. Chariot. [jewels.
રથી, *n*. મહારથી. Warrior.
રદ,-બાતલ, *a*. નકામું. Void. Cancelled.
રદિયા, *n*. સામો જવાબ. Refutation. Reply.
રદ્દી, *a*. નકામું, Useless. Rejected.
રપેટવું, *vt*. થકવી નાંખવું. To tire.
રફતરફત, *ad*. ધીરે ધીરે. Granduallу.
રફુ, *n*. તુણવાનું કામ. Darning.
રબારી, *n*. ભરવાડ. Shepherd. [The sun.
રબી,-વી, *n*. શિયાળુ પાક. Winter harvest ૨. સૂર્ય.
રમકડું, *n*. નાનાં છોકરાંને રમવાની વસ્તુ Toy.
રમખાણ, *n*. તોફાન; ધાંધલ. Tumult. Havoc.
રમઝટ, *n*. તડામાર. ઝટી. Hurry.
રમણ, *n*. કાંત; પતિ. Husband. ક્રીડા. Sport.
રમણભમણ, *a*. વેરણખેરણ. Scattered.
રમણા,-ણી, *n*. સુંદર સ્ત્રી. Charming woman.
રમણીક,-ય, *a*. સુંદર. Charming. Delightful.
રમત,-ગમત, *n*. ખેલ; ક્રીડા. Sport. Play. ૨. રમવાની રીત. Game.
રમતિયાળ, *a*. રમતમાંજ ચિત્તવાળું. Playful.
રમવું, *vt*. ખેલવું; આનંદ માનવો. To play.
રમા, *n*.સુંદર સ્ત્રી. Beautiful woman.
રમાડવું, *vt*. ખેલવવું.To amuse.૨. છેતરવું.To cheat.
રમૂજ, *n*. મશ્કરી. Jest. ૨. ગમત. Fun.
રમૂજી, *a*. ગમતી; આનંદી. Humorous.
રમ્ય, *a*. રમણીય. Pleasing. Charming. Witty.
રવ, *n*. અવાજ. Sound. Noise.
રવડવું, *vt*. રઝળવું. To wander.
રવાનગી, *n*. વિદાયગીરી. Departure.
રવાના ક૦, *n*. મોકલવું. To despatch.
રવાલ, *n*. ઘોડાની એક ચાલ. Trot.
રવિ, *n*. સૂર્ય. The sun.
રવિવાર. *n*. અઠવાડિયાનો પહેલો દિવસ. Sunday.
રવેશ, *n*. ઝરૂખો, Balcony. ૨. ધારો. Custom.
રવૈયો, *n*. દહીં વલોવવાનો વાંસ. Churning staff.
રવો, *n*.દાણાદાર લોટ, Granulous flour of wheat. ૨. ગોળની ચાકી. Mass of granulous substance.
રસના, *n*, જીભ, Tongue.
રશ્મિ, *n*. કિરણ. Ray.
રસ, *n*, સ્વાદ. Taste. ૨. ફળનો પ્રવાહી પદાર્થ. Juice. ૩. પ્રવાહી. Liquid. ૪. સાર. Essence. ૫. આનંદ. Delight. ૬. પારો. Mercury.
રસકસ, *n*, સાર; સત્વ. Essence. Fertility.
રસબસ.-બોળ,-મય, *a*. રસથી પરિપૂર્ણ. Enraptured.
રસભેર, *a*. હોંશભેર. Zealously.
રસમ, *n*, રિવાજ; ધારો. Usage. Custom.
રસરાજ, *n*. પારો. Mercury. ૨. કામદેવ. Cupid. ૩.
રસવું,*vt*.ઓપ ચડાવવો.To gild. [શૃંગાર રસ.Amour.
રસશાસ્ત્ર. *n*. રસાયનશાસ્ત્ર. Science of alchemy.
રસળવું, *vt*. રઝળવું. To roam. To wander.
રસાકશી,-સી, *n*. સ્પર્ધા. Rivalry.
રસાતળ,-તલ,*n*.પાંચમું પાતાળ.Fifth lower region.
રસાત્મક, *a*. રસદાર, Tasteful. Tasty.
રસાયણ,-ન,-શાસ્ત્ર, *n*. ભૌતિક પદાર્થોનાં તત્વો તથા તેમના પરિવર્તનનાં પરિણામોની ચર્ચા કરતું શાસ્ત્ર. Chemistry. [પરિવાર. Retinue.
રસાલો, *n*. ઘોડેસ્વાર પલટન, Troop of horse. ૨.
રસિક, *a*. ભાવુક Loving. Appreciative.
રસિકતા, *n*. રસ માણવાની શક્તિ. Appreciative
રસિયું. *a*. આતુર, Eager. Merry; jolly. [power.
રસી, *n*. પરૂ, Pus. ૨. રોગના જંતુઓની બનાવેલી દવા. Serum. ૩. દોરડી. Cord,
રસીદ, *n*. પહોંચ; પાવતી. Receipt.
રસીલું, *a*. રસિયું; છબિલું. Pleasing. Elagent.
રસેંદ્રિય, *n*, જીભ. The tongue. [Thick rope.
રસો, *n*. મસાલાવાળો જાડો રસ. Sauce. ૨.જાડું દોરડું,
રસોઈયો, *n*. રસોઇનો ધંધો કરનારો પુરૂષ. Cook.
રસોઈ *n*, રાંધણું, Cookery. ૨. ભોજન. Meals.

રસોડું, *n.* રસોઇ કરવાની જગા. Kitchen.
રસોળી, *n*, શરીરની સપાટી. પર ઉપસી આવેલી ગાંઠ.
રસ્તો, *n.* માર્ગ. Way. [Tumour.
રહસ્ય, *n.* છૂપો ભેદ. Secret. ૨. હેતુ. Object.
રહીશ, *n.* રહેવાશી. Resident.
રહેઠાણ,-વાસ, *n.* રહેવાનું સ્થાન; વાસ. Residence.
રહેણી, *n.* રહેવાની રીત. Mode of living.
રહેણીકરણી, *n.* રીતભાત. Ways and doings.
રહેમ,-મત, *n.* કૃપા. Favour. [Conduct.
રહેવાશી,-સી, *n.* રહેનાર. Dweller. Inhabitant.
રહેવું, *vt.* વાસ કરવો. To reside. ૨. જીવવું. To live upon. ૩. થોભવું. To cease.
રહેંસવું, *vt.* કતલ કરવું. To massacre.
રહ્યુંસહ્યું, *a.* બાકી બચેલું. Remaining.
રળતર, *n.* કમાણી. Income. Earnings.
રળવું, *vt.* કમાવું. To earn. To acquire.
રળિયામણું, *a.* સુંદર. Beautiful. Pleasing.
રંક, *a.* ગરીબ. Poor. Humble; Meek.
રંગ, *n.* લાલ પીળો વગેરે વર્ણ Colour. ૨. પટ. Tint.
રંગબેરંગી, વિવિધ રંગનું. Of diverse colours.
રંગભૂમિ, *n.* નાટક ભૂમિ. Stage.
રંગમહેલ, *n.* સુશોભિત-સુંદર મંદિર-ખંડ. Drawing-room. A saloon.
રંગરેજ,-રંગારો, *n.* કપડાં રંગનાર. Dyer.
રંગવું, *vt.* રંગ ચડાવવો. To dye. To colour.
રંગિત,-ગીન, *a.* રંગેલું. Dyed.
રંગેચંગે, *ad.* વિના તકરારે. Amicably. Plesantly.
રંચ-ક, *a.* થોડું; Little ૨. તુચ્છ. Mean.
રંજ, *n.* દુઃખ; દીલગીરી. Sorrow.
રંજન, *n.* ખુશ કરવું તે. Pleasing. Enrapture.
રંજવું, *vt.* ખુશ કરવું. To please. ૨. પીડવું. To harass.
રંજાડ, *n.* તોફાન. Mischief. ૨. બગાડ. Spoiling.
રંજાડવું, *vt.* હેરાન કરવું. To annoy.
રંડાપો, *n.* વિધવાપણું. Widow-hood.
રંડાવું, *vt.* વિધવા બનવું. To become a widow.
રંડી, *n*, વેશ્યા. Harlot.
રંડીબાજી, *n.* વ્યભિચાર. Debauchery. [Plane.
રંદો,-ધો, *n.* એક સુતારી ઓજાર.A carpenters tool.
રંધ્ર, *n.* છિદ્ર. Hole. ૨. દોષ, Fault. [woman.
રંભા, *n.* અપ્સરા. Fairy. ૨. સુંદર સ્ત્રી. Charming
રાઇ, *n.* એક જાતના મસાલાનાં બી. Mustard.
રાક્ષસ, *n.* દૈત્ય. Demon.
રાક્ષસી, *a.* ગંજાવર. Gigantic. ક્રૂર. Cruel.
રાખ,-ખાડી, *n.* ભસ્મ; રખ્યા. Ash.
રાખડી, *n.* અનિષ્ટથી બચવા કાંડે બાંધવામાં આવતો દોરો. A thread tied round wrist.
રાખરખાપટ, *n.* અન્યોન્ય મદદ. Mutual help.
રાખવું, *vt.* રહેવા દેવું. To keep. ૨, સાચવી રાખવું. To preserve. ૩. પાળવું. To protect.
રાખેલી, *n.* રખાત. Mistress. Concubine.
રાગ, *n.*સૂર, Tune.૨.ગાવાની રીત.Mode of singing. ૩. મોહ; મમતા. Affection. ૪. ગુસ્સો. Wrath.
રાચ, *n.* ઓજાર, Tool. ઘરવખરો. Household furniture.
રાચરચીલું. *n.* ઘરવખરી. Household furniture.
રાચવું, *vt.* ખુશ થવું.To be pleased.શોભવું.To shine.
રાજકન્યા,-કુમારી,-કુંવરી, *n.*રાજાની દીકરી,Princess.
રાજકવિ, *n.* રાજાનો મુખ્ય કવિ. Poet-laureate.
રાજકાજ,-કારભાર, *n.* રાજ્યને લગતું કામકાજ. State-affairs. [૨. રાજ્યને લગતું. Political.
રાજકીય,-દ્વારી,-પ્રકરણી, *a.* રાજાને લગતું. Kingly.
રાજકુંવર,-કુમાર,-પુત્ર, *n.* રાજાનો દિકરો, Prince.
રાજગાદી,-પાટ, *n.* સિંહાસન. Throne. [Insignia.
રાજચિહ્ન, *n.* મુગટ છત્ર વગેરે રાજાના ચિહ્નો. Royal
રાજદૂત, *n.* રાજાના એલચી. Envoy. [tropolis.
રાજધાની,-નગર, *n.* પાટનગર. Capital. The me-
રાજન,-વી, *n.* રાજા. King. Monarch.
રાજબંધારણ, *n.* રાજ્યનું બંધારણ. Constitution of the state.
રાજબીજ, *n.*રાજાનાવંશનાં જન્મેલું.Of royal descent.
રાજભવન,-મહેલ,-મંદિર, *n.* રાજાનો મહેલ. Palace.
રાજમાતા, *n.* રાજાની માતા. Qeeen-dowager.
રાજમાર્ગ, *n.* મુખ્ય રસ્તો, Main road.
રાજમુદ્રા, *n.* રાજાની મુદ્રા. Royal seal.
રાજર્ષિ, *n.* ઋષિના આચારવાળો રાજા. Saintly king.
રાજવંશી, *a.*રાજવંશનું; ખાનદાન.Of royal dynasty.
રાજવૈદ્ય, *n.* રાજાના વૈદ્ય. Royal physician.
રાજશાસન,-શાહી, *n.* રાજાની મરજી મુજબ ચાલતું રાજ્ય. Monarchy.
રાજસભા, *n.* રાજાની સભા. Council of state.
રાજસ્થાન, *n.* દેશી રજવાડું. Native state.
રાજહંસ, *n.* એક જાતનો હંસ. Swan.
રાજા,-રાજ્યકર્તા, *n.* રાજ કરનાર માણસ. King.
રાજાધિરાજ,-જેન્દ્ર,-શ્વર, *n.* શાહેનશાહ. Emperor.
રાજિ,-જી, *n.* હાર; પંક્તિ. Row.
રાજી, *a.* ખુશ; સંમત, Willing. Contented.
રાજીનામું, *n.* નોકરીમાંથી છૂટા થવાનું લખાણ. Resignation.
રાજીપો, *n.*રાજીપણું.Willingness.Consent.
રાજ્ય, *n.* રાજાની હકુમતના પ્રદેશ. Kingdom.
રાજ્યક્રાંતિ, *n.* રાજ્યનો ફેરફાર. Revolution.
રાજ્યનીતિ, *n.* રાજ્ય ચલાવવાની વિદ્યા. Politics.
રાજ્યભ્રષ્ટ, *a.* રાજગાદી પરથી ઉઠાડી મૂકેલું.Dethroned.
રાજ્યાભિષેક,-રોહણ, *n.* રાજગાદીપર બેસાડવાની વિધિ. Coronation. [૩. કજિયો. Quarrel.
રાડ, *n.* ચીસ; બૂમ. Cry. ૨. ફરિયાદ. Complaint.
રાણી. *n.* રાજાની સ્ત્રી. Queen.
રાત, *n.* હજામ. Barber. ૨.રાત્રિ. Night.

રાતદહાડો,-દિવસ, *ad.* હંમેશા. Always.
રાતું, *a.* લાલ. Red.
રાતુંમાતું, *a.*હૃષ્ટપુષ્ટ અને આનંદતું. Stout and heal-
રાત્રિ,-ત્રી, *n.* રાત. Night. [thy.
રાન, *n.* જંગલ. Forest. ૨. ઉજ્જડ પ્રદેશ. Waste.
રાની, *a.* જંગલી. Rustic. Wild; savage.
રાફ,-ડો, *n.* સાપનું દર. Hole of a snake. ૨. કીડીનું
રાબ, *n.* ઘેંશ; ભરડકું. Gruel. [દર. Ant-hill.
રાબેતો, *n.* ધારો; રિવાજ. Custom. Practise.
રામ, *n.* આત્મા; જીવ. Soul. ૨. દમ; શક્તિ. Pluck.
રામજણી,-ની,*n.*નાચનારી.Dancing girl.[Courage.
રામપાત્ર,-તર, *n.* બરૈયું; શકોરું.An earthen vessel.
રામબાણ, *a.* અમોઘ. Infallible, Unfailing.
રામરામ, *n.* નમસ્કારનો પ્રકાર. Salutation.
રામા, *n.* સ્ત્રી. Woman. A charming woman.
રામી, *n.* માળી. Gardener.
રામોશી,-સી, *n.* ચોકિયાત; પટાવાળો. Watchman.
રાયકો, *n.* રબારી. Shepherd.
રાયજાદી, *n.* રાજકુંવરી. Princess.
રાયણ, *n.* એક ફળ. Fruit.
રાવ, *n.* રાજા. King. ૨. ફરિયાદ. Complaint. ૩.
ચાડી. Slander. [Terrace.
રાવટી,-ઠી, *n.* નાનો તંબુ. Small tent. ૨. ગોળ છજું.
રાવણિયો, *n.* ગામનો ચોકીદાર. Village watchman.
રાવત, *n.* ઘોડાવાળો. Groom. A horse man.
રાશ, *n.* દોરડું. Cord. ૨. લગામ. Rein. ૩. ભાગીદારી.
Partnership. ૪. સરાસરી. Average ૫. ઢગલો.
Heap. [૬. નક્ષત્ર. Sign of the zodiac.
રાશિ, ઢગલો.Heap.૨. ગણિતનો આંકડો. Quantity.
રાશિચક્ર, *n.* રાશિમંડળ. Zodiac.
રાશી, *a.* ખરાબ, Bad. Indifferent.
રાષ્ટ્ર, *n.* દેશ. Country. ૨. રાજ્ય Kingdom.
રાષ્ટ્રસંઘ, *n.* રાષ્ટ્રોનો સંઘ. League of Nations.
રાષ્ટ્રિય,-ષ્ટ્રીય, *a.* રાષ્ટ્રનું-તેને લગતું. National.
રાસ, *n.* એક નૃત્ય. Dance.
રાસભ, *n.* ગધેડો. Ass. A donkey.
રાસ્ત, *a.* વાજબી; યોગ્ય. True. Just.
રાહ,*n.*માર્ગ.Way.૨.રીત.Mode.૩.પ્રતીક્ષા.Waiting,
રાહદારી, *n.* મુસાફર. Traveller.
રાહત, *n.* નિરાંત; આરામ. Ease.
રાળ, *n.*ઝટ સળગી ઉઠે એવો એક પદાર્થ. Resin.
રાંક, *a.* ગરીબ; લાચાર. Humble. Poor.
રાંટ, *n.* વાંક; વલણ. Curve. ૨. અણબનાવ, Dis-
રાંટું, *a.* વાંકું, Curved. Bent. [agreement.
રાંડ, *n.* વિધવા. Widow. ૨. વેશ્યા. Harlot.
રાંડવું, *vi.* વિધવા થવું, To become a widow. *a.*
બાયલું. Coward. Impotent.
રાંઢવું, *n.* દોરડું. Rope.
રાંધવું, *vt.* ખોરાક પકવવો. To cook.

રાંપડી,*n.*નકામું ઘાસ કાઢી નાખવાનું ખેતીનું એક ઓજાર.
Weeding plough.
રાંપી, *n.* મોચીનું એક ઓજાર. A cobbler's tool.
રિઝવવું, *vt.* ખુશ કરવું. To please.
રિઝાવું, રીઝવું, *vi.* ખુશ થવું. To be pleased.
રિદ્ધિ,-સિદ્ધિ, *n.* સમૃદ્ધિ. Prosperity.
રિપુ, *n.* દુશ્મન. Enemy. A foe.
રિબાવવું, *vt.* હેરાન કરવું; પીડવું. To torment.
રિબાવું, *vi.* હેરાન થવું. To be tormented. To be
રિયાસત, *n.* રાજ્ય; જાગીર. State. [groaning.
રિવાજ, *n.* ધારો; ચાલ. Custom. Usage.
રિસામણું, *a.* રિસાળ. Taking offence.
રિસાવું, *vi.* ક્રોધથી નારાજ થવું. To take offence.
રિસાળ, *a.* રિસાય એવું. Taking offence.
રીઝવવું, *n.* ખુશ કરવું, To please. To satisfy.
રીડ, *n.* બુમ; પોકાર, Cry. Clamour.
રીઢું, *a.* વપરાઈને મજબૂત થયેલું; અનુભવી. Hard;
Durable. Experienced.
રીત,-તિ, *n.* તરેહ; પદ્ધતિ. Manner. ૨. શૈલી. Mode.
રીતભાત, *n.* વર્તણુંક. Manners. Ways.
રીતસર, *ad.* રીત પ્રમાણે. Regularly.
રીબવું, *vt.* ખૂબ દુઃખ આપવું. To torment.
રીસ, *n.* ગુસ્સો. Irritation. Anger.
રીંગણ,-ણું, *n.* એક શાક. Brinjal.
રીંછ, *n.* એક રાની હિંસક પ્રાણી. Bear.
રુઆબ, *n.* રોફ. Pomp.
રુક્કો, *n.* ટૂંકી ચિઠ્ઠી. Short note.
રુખ, *n.* ચહેરો. Face.૨. ભાવ.Price.
રુખસત,-દ,*n.*બરતરફી; રજા.Dismissal. Discharge.
રુગ્ણાલય, *n.* દવાખાનું. Hospital.
રુચવું, *vt.* ગમવું. To like. To relish.
રુચિ, *n.* ઈચ્છા, Desire. Liking.
રુચિકર, *a.* ગમે તેવું; સુંદર. Pleasing. Delightful.
રુઝાવું, *vi.* ઘા પુરાઈ ઉપર નવી ચામડી આવવી. To be
રુદન, *n.* રડવું તે. Weeping. Crying [healed.
રુદ્ર, *n.* મહાદેવ. Shiva. *a.* ભયાનક. Dreadful.
રુધિર, *n.* લોહી. Blood.
રુવાંટી, *n.* કુમળા અને ઝીણા વાળ. Hair.
રુશનાઈ, *n.* શાહી. Ink. ૨. પ્રકાશ. Light.
રુશવત, *n.* લાંચ. Bribe.
રૂ,-ત, *n.* બી કાઢી લીધેલો કપાસ. Cotton.
રૂએ, *prep.* પ્રમાણે;-ને આધારે. According.
રૂખ, *n.* વલણ. Inclination. ૨. વિચાર. Opinion.
૩. મોખ. Opportunity..
રૂઝવું, *vi.* રૂઝાવું. To be healed.
રૂઠવું,*vi.* ક્રોધે ભરાવું. To be angry. To be displea-
રૂડું, *a.* સારૂં. Good. ૨. સુંદર. Beautiful. [sed.
રૂઢ, *a.* ઘણા કાળથી વપરાશમાં હોવાથી દ્રઢ થયેલું. Cus-
tomary. Established by custom,

રૂઢિ, *n.* રિવાજ; ધારો. Custom.
રૂપ, *n.* આકાર. Shape. ૨. સૌંદર્ય.Beauty.*a.*સરખું. [Like.
રૂપક, *n.* અર્થાલંકાર. Metaphor.
રૂપરેખા, *n.* આછો ખ્યાલ. Outline.
રૂપવતી,–વાળી,–વાળું, *a.* સુંદર. Beautifui. Comely.
રૂપાંતર, *n.* રૂપમાં ફેરફાર;અન્ય રૂપ. Transformation.
રૂપિયો,*n.*સોળ આનાની કિંમતનો રૂપાનો સિક્કો. Rupee.
રૂપું, *n.* એક ધાતુ. Silver.
રૂપેરી, *a.* રૂપા જેવું. Silvery.
રૂબરૂ, *ad.* સમક્ષ. In the presence of.
રૂમાલ, *n.* હાથમાં રાખવાનો લૂગડાનો કકડો. Handkerchief.
રૂવું, રૂવું, *n.* રુવાડું. Hair.
રૂસણું, *n.* રિસાવું તે. Taking offence.
રૂંધવું,*n.*રોકવું.To hinder.૨.ગુંગળાવવું.To suffocate.
રેખા,–ષા, *n.* લીટી; આંકો. Line. A streak.
રેખાચિત્ર, *n.* ટૂંકું નિરૂપણ. Sketch.
રેખાંશ, *n.* ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાંથી પસાર થતી પૃથ્વીના ગોળા પરની લીટી. Longitude.
રેચ, *n.* જુલાબ. Purgative.
રેચક, *a.* જુલાબ કરે એવું. Laxative. Cathartic.
રેજો, *n.* કાંચળીમાં વપરાતો રેશમી લૂગડાનો કકડો.Piece of siken cloth.
રેડવું, *vt.* પ્રવાહીની ધાર કરવી. To pour.
રેઢીયાળ, *a.* નકામું. Good-for-nothing. Useless.
રેઢું, *a.* સંભાળ વિનાનું.Uncared for.૨,ગાઢું.Dense.
રેણવું, *vt.* ધાતુના વાસણને સાંધવું.To cement metallic articles.
રેણું, *n.* ધૂળ. Dust. ૨. રજ.Atom.
રેત, *n.* વીર્ય. Semen. ૨. ઝીણી રેતી. Sand.
રેતાળ, *a.* રેતીવાળું. Sandy.
રેતી, *n.* વાલુકા; પત્થરનો ઝીણો ભૂકો. Sand.
રેફ, *n.* અક્ષર ઉપર કાઢવાનું ર્ આવું ચિહ્ન. Mark.
રેલ, *n.* પૂર. Flood. ૨. પુષ્કળતા. Abundance.
રેલમછેલ, *n.* રેલીને છલકાઈ જવું તે. Overflowing.
રેલવું, *vt.* રેલ આવવી; જોસથી વહેવું. To flow. ૨. રેડવું. To pour.
રેલાવું, *vt.* ઢોળાવું. To be poured. ૨.રેલો આવવો.To spread.
રેલો, *n.* નાનો પ્રવાહ. Stream.
રેવડી. *n.* ફજેતી. Disgrace. ૨. એક ખાવાની બનાવટ. Sweetmeat.
રેવંચી, *n.* એક ઓષધિ, Rhubarb.
રેવાલ,–ળ, *n.* ઘોડાની ચાલ. Trotting.
રેશમ, *n.* કોશેટા કીડાની લાળમાંથી બનતું કાપડ, Silk.
રેશમી, *a.* રેશમનું. Silken.
રેસાદાર, *a.* રેસાવાળું. Fibrous.
રેસો *n.* તંતુ. Fiber.
રેંજીપેંજી,*a.*નમાલું;ઉત્સાહ વગરનું.Timid.Cowardly.
રેંટ, *n.* કૂવામાંથી પાણી કાઢવાની ઢોચકાવાળી ચક્રની યોજના. Water-wheel.

રેંટિયો, *n.* હાથે સૂતર કાંતવાનું ચક્રનું એક સાધન. Spinning-wheel.
રૈયત, *n.* પ્રજા. Subjects.
રોકકળ, *n.* રડારોળ. Bewailing.
રોકડ, *n.* રોકડા પૈસા, Cash.
રોકડું, *a.&n.* ઉધાર ન રાખેલું. Cash.
રોકવું. *vt.* અટકાવવું. To stop. ૨. કામે વળગાડવું. To engage.
રોકાણ, *n.* અટકાયત. Hindrance.
રોગ, *n.* વ્યાધિ; શરીરનો વિકાર. Disease.
રોગાન, *n.* તેલ, મીણ, લાખ વગેરેનું એક જાતનું મિશ્રણ. Varnish.
રોગિષ્ઠ,–ગી, *a.* માંદું, Sickly.
રોજ, *n.* દિવસ. Day. ૨. એક દિવસની મજૂરી. Daily wages. *ad.* હંમેશ. Daily.
રોજગાર,–રી, *n.* કામધંધો. Occupation. Employment.
રોજનીશી, *n.* દરરોજના કામની નોંધપોથી. Diary.
રોજમેળ, *n.* રોજનો હિસાબ લખવાનો ચોપડો.Day-book.
રોજરોજ,–જંદા, *ad* હંમેશા. Daily.
રોજિંદુ, *a.* રોજનું. Daily.
રોજો. *n.* કબર. Tomb ૨. મુસલમાનોનો ઉપવાસનો દિવસ. Fast.
રોટલી.–ટી, *n.* ઝીણી પાતળી ઘઉંના લોટની એક વાની. Thin flat cake.
રોટલો, *n.* જાડી રોટલી. Thick cake. ૨. આજીવિકા. Livelihood.
રોડું, *n.* ઇંટનો કકડો. Brickbat.
રોતડ,–લ, *a.* ઝટ રોઈ પડે એવું. Habituted to cry.
રોદડું,–ણું, *n.* વિતકકથા. Tale of sorrow.
રોધક, *a.* અટકાવતું. Stopping. Obstructive.
રોધવું, *vt.* અટકાવવું. To stop.
રોનક, *n.* તેજ; ભપકો. Splendour. Lustre.
રોનકદાર, *a.* રોનકવાળું. Splendid. Beautiful.
રોપ,–પો, *n.* છોડ. Plant. A plantlet.
રોપાણ,–ણી, *n.* વાવણી. Planting. Sowing.
રોપવું, *vt.* વાવવું. To plant. To sow.
રોફ,–બ, *n.* ગર્વ. Vanity. ૨. ભભકો. Pomp.
રોમ. *n.* રૂંવાટું. Hair.
રોમાંચ, *n.* શરીરપરનાં રૂવાં ઉભાં થવાં તે. Thrill.
રોમાંચિત, *a.* રોમાંચ થયો હોય એવું. Thrilled.
રોલું, *a.* બાઘું; જડ. Dull.
રોવું, *vt.* રડવું. To weep. To cry.
રોશનાઈ, *n.* પ્રકાશ, Light. ૨. શાહી. Ink.
રોષ, *n.* ગુસ્સો. Wrath. Anger. Ire.
રોષિત, *a.* રોષવાળું. Angry. Wrathful.
રોળ, *n.* મરકી. Plague. ૨. શોરબકોર. Tumult. ૩. પાયમાલી. Ruin. ૪. મોટો જથ્થો. Large quantity.
રોળવું, *vt.* મસળવું. To crush. To press.
રોંચું, *a.* ગામડિયું. Rustic. Clownish.
રોંચો, *n.* રાભો; જડસો, Villager. A clown.
રૌંઢો, *n.* ત્રીજા પહોરનું જમણ. Afternoon meal.
રૌદ્ર, *a.&n.* ભયંકર, Dreadful. ૨, કડક. Severe.

'ल'

લ, *n.* મૂળાક્ષરોનો અઠ્ઠાવીસમો વ્યંજન. Twenty eighth consonant ef the Gujarati Alphabet.
લકડધકડ,-ક્ડધક્ડ, *ad.* ઝપાટાબંધ. Speedily.
લકવો, *n.* પક્ષઘાત. Paralysis. Palsy.
લક્ડ, *n.* લાકડું. Wood. [કામ. Wood-work.
લક્ડકામ, *n.* સુતારીકામ. Carpentery. ૨. લાકડાનું
લક્ડખોદ, *n.* એક પક્ષી. Wood-pecker.
લક્ષ, *a.* લાખ. Hundred thousand. *n.* ધ્યાન. Attention. ૨. નિશાન. Aim.
લક્ષણ,-ખ્ખણ, *n.* ચિહ્ન. Symptom. ૨. ગુણ. Quality. ૩. વર્તન. Conduct. ૪. વ્યાખ્યા. Definition.
લક્ષાધિપતિ,-ખપતિ,-ખેશરી, *n.* લાખ રૂપિયાની પૂંજી-વાળો. Millionaire. Riches.
લક્ષ્મી, *n.* ધનની દેવી. Goddess of wealth. ૨. દોલત,
લક્ષ્મીવંત,-વંતુ,-વાન, *a.* શ્રીમંત. Rich.
લક્ષ્ય, *a.* લક્ષ આપવા જેવું. Worthy of attention. *n.* નિશાન. Aim. ૨. હેતુ. Object.
લખત, *a.* કરાર. Agreement. A bond.
લખલખાટ,-ટો, *n.* બેચેની. Uneasiness. ૨. ચળકાટ, Brilliance.
લખલૂટ, *a.* પુષ્કળ. બેશુમાર. Abundant. Unlimited.
લખવું, *vt.* લખાણ કરવું. To write. To pen.
લખાઈ,-મણ,-ણી, *n.* લખવાનું મહેનતાણું. Wages for writing.
લખારો, *n.* નકામો કટકટાટ. Idle and useless talk.
લખાણ. *n.* લખવું કે લખેલું તે. Writing.
લખોટી,-ટો, *n.* કાચ કે પત્થરની નાની ગોળી. Marble.
લખોટો, *n.* કાગળોનો સીલબંધ બીડો. Sealed cover.
લગડી, *n.* સોના કે ચાંદીની પાટ. Bar of gold or silver.
લગત, *a.* નજીકનું. Near. *ad.* સાથે; જોડે. With.
લગતું, *a.* લાગુ પડતું; સંબંધી. Pertaining to. ૨. નજીકનું.
લગન, *n.* See. લગ્ન. [Near.
લગનગાળો,-સરા, *n.* લગનની મોસમ. Marriage season.
લગન, લગની, *n.* રઢ; લત. Attachment. [close to.
લગભગ, *ad.* આશરે. Almost. અડોઅડ, Being
લગાડવું,-વવું, *vt.* ચોપડવું, To apply. ૨. વળગાડવું. To fix. ૩, સળગાવવું. To kindle. ૪. કામે લગાડવું. To engage.
લગામ, *n.* ઘોડાના મોંનું લોઢાનું ચોકડું-દોરી. Rein.
લગાર,-રેક,-ગરીક, *a.* થોડું. Little. *ad.* થોડા વખત માટે. For a while.
લગી,-ગણ, *ad* સુધી. Till. [Being close to.
લગોલગ, *ad.* લગભગ. Almost. છેક પાસે; અડીને.
લગ્ન, *a.* વળગેલું; લીન. Attached to. ૨. પરણવાનું મુહૂર્ત, Time for marriage. ૩. વિવાહ. Marrige.
લઘુ, *a.* નાનું, Small. ૨. હલકું. Light. ૩. સહેલું. Easy. ૪. ટૂંકું. Short. ૫. હ્રસ્વ; એક માત્રાનું. Of short
લઘુકોણ, *n.* નાનો ખૂણો. Acute angle. [vowel.
લઘુતમ, *a.* સૌથી નાનું. Least. *n.* સૌથી નાનામાંનાની રકમ. Least common multiple.
લઘુતા,-ઇ,-ત્વ, *a.* લઘુપણું. Smallness.
લઘુશંકા, *n.* પેશાબની હાજત. Passing of urine.
લચક, *n.* ચાલ; મચકોડ. Gait.
લચકવું, *vt.* કરમોડાવું. To receive a sprain.
લચકો, *n.* લોચો. Lump. [તેમ. Being viscid.
લચપચ, *ad.* પ્રવાહીથી તરબોળ અને લોચા જેવું હોય
લચવું, *vt.* ભારથી નમી જવું. To sink under pressure.
લજવવું, *vt.* લાજે એમ કરવું. To put to shame.
લજામણી. *n.* એક છોડ. The sensitive plant.
લજામણું, *a.* લાજ આવે તેવું. Shameful.
લજ્જા. *n.* શરમ. Shame. ૨. અપકીર્તિ. Disgrace.
લજ્જાન્વિત, લજાશીલ, *a.* શરમાળ. Bashful.
લજ્જિત, *a.* શરમાયેલં. Ashamed. Bashful.
લટ, *n.* થોડા વાળની સેર. Lock of hair. ૨. મોતીની સેર. String of pearls.
લટક,-કું,-કો, *n.* મચકો; લટકો. Gait. ૨. છટા. Air.
લટકણ,--ણીયું, *a.* ઝૂલતું. Hanging. [supportless.
લટકવું, *vt.* ઝૂલવું. To hang. ૨. ટંગાવું. To remain
લટકોમટકો, *n.* આંખ અને શરીરનો ચાળો; નખરું. Graceful gesture of the eyes and the body.
લટાર, *n.* આંટો; ફેરો. Round.
લટ્ટ, *a.* સ્તબ્ધ. Still. Engrossed.
લઠ,-ઠ્ઠ, *a.* મજબૂત. Stout. ૨. ડંગોરો. Stick.
લડત, *n.* લડાઈ. Fight. Battle. Contest.
લડવાડ, *n.* ટંટો; ઝઘડો. Quarrel.
લડવું. *vt.* લડાઇ કરવી. To fight. To quarrel.
લડવૈયો, *n.* યોદ્ધો. Warrior. Combatant.
લડાઇ. *n.* લડવું તે. Fight. ૨. યુદ્ધ. Battle.
લડાઈખોર, *a.* લડવાના સ્વભાવવાળું. Quarrelsome.
લડાયક, *a.* લડી શકે તેવું. Warlike; belligerent.
લડાવવું, *vt.* લડે એમ કરવું, To set to quarrel, ૨. લાડ લડાવવાં. To fondle.
લઢણ, *n.* ટેવ. Habit. ૨. રીત. Style.
લણણી, *n.* લણવાની ક્રિયા. Reaping. Gathering.
લણવું, *vt.* પાક ઉતારવો. Reap. ૨. ફળ મેળવવું. To gain.
લત, *n.* ટેવ; વ્યસન. Habit. ૨. લગની. Craving for.
લતા,-તિકા, *n.* વેલ. Creeping plant.
લતાકુંજ,-ગૃહ,-મંડપ, *n.* વેલનો માંડવો. Arbour.
લત્તો, *n.* શહેરનો ભાગ; મહોલ્લો. Ward.
લથડવું,-ડથડવું, *vt.* ઠોકરથી ગોથું ખાવું. To stumble. ૨, બોલતા અચકાવું. To stammer.
લથડિયું, *n.* ગોથું; અડબડિયું. Stumble.
લદબદ, *ad.* પ્રવાહીથી ભરપૂરપણે. Being soaked in.

લદાવું, *vt.* લદાવાય એમ કરવું. To be loaded with [burden.
લપ, *n.* પીડા; લફ્રૂ. Pest. Botheration.
લપછપ,-પ્પનછપ્પન, *n.* ધાલમેલ; કાવતરૂં. Fradulent complicity.
લપટાવું, *vt.* ફસાવું.To be ensnared.To be entrapped.
લપડાક,-પાટ, *n.* તમાચો; થપ્પડ. Slap.
લપલપ,-પાટ, *n.* બડબડ લવારો. Prattling. Bustle.
લપવું,-પાવું, *vt.* સંતાવું. To be hidden.
લપસાણું, *a.* લપસી જાય એવું. Slippery.
લપસવું, *vt.* ખસી પડવું;સરી પડવું.To slip.To slide.
લપેટવું, *vt.* વીંટવું. To enwrap. ૨. સંડોવવું. To implicate.
લપેડવું, *vt.* ચોપડવું. ખરડવું. To besmear. To bedaub.
લપેડો,લપરડો.*n.*જાડો લેપ.Besmearing.A coating.
લફ્રૂ, *n.* ઉપાધિ, Pest. A bore.
લફંગું.*a.*વ્યભિચારી.Debauch.૨.નિર્લજ્જ. Shameless.
લબડધકકે, *ad.* બળાત્કારે; દમથી. High-handedly.
લબડવું, *vt.* લટકવું. To hang. To swing.
લબદાવું,*vt.* પ્રવાહીથી તરબોળ થવું.To be soaked in. ૨. સંડોવાવું. To be implicated.[fold clothes etc.
લબાચો, *n.* મેલાં ફાટેલાં લુગડાંનો જથો Collection of
લબાડ,-ડી. *a.* જૂઠું બોલવાની ટેવવાળું. False.
લબ્ધ, *n.* મેળવેલું, Acquired.
લબ્ધિ, *n.* પ્રાપ્તિ, Gain. ૨. પરિણામ; જવાબ.Result.
લભ્ય, *a.* મળી શકે તેવું. Obtainable.
લમણું,-ણો, *n.* ગાલની ઉપરનો કાન આગળનો માથાનો ભાગ. Temple.
લય, *n.* નાશ. Destruction.૨.લીનતા. Absorption, [૩. વિરામ. Pause.
લયાનત. *n.* શરમ; નામોશી Ignominy. Disgrace.
લલકારવું.*vt.*લાંબે સ્વરે ગાવું.To sing aloud.To roar.
લલચાવવું, *vt.* લલચાય એમ કરવું. To allure.
લલચાવું, *vt.* લાલચમાં ફસાવું. To be allured or [enticed.
લલના, *n.* સુંદર સ્ત્રી. Beautiful woman.
લલાટ, *n.* કપાળ. Forehead. ૨, ભાગ્ય. Destiny.
લલિત, *a.* મનોહર; પ્રિય.Lovely.૨.નાજુક.Delicate.
લવ, *a.* થોડું. Little. *n.* અંશ. Particle.
લવણ, *n.* મીઠું, Salt. [Loquacity.
લવરી,-વારો,-લવ,-લવાટ,-રો, *n.* લવારો. Prattle.
લવવું, *vt.* લવલવાટ કરવો. To prattle. To chatter.
લવલેશ, *ad.* જરાપણ; તલમાત્ર. A little.
લવાજમ, *n.* અમુક મુદ્દતે આપવાની રકમ. Fee.
લવાદ, *n.* પંચ. Arbitration. ૨. પંચાતિયો. Arbitrator
લવિંગ,-વંગ, *n.* એક તેજાનો. Clove.
લશ્કર, *n.* સૈન્ય, Army. A force.
લશ્કરી, *a.* લશ્કરનું-તેને લગતું. Millitary. Martial.
લસણ. *n.* એક કંદ. Garlic.
લસરકો, *n,* ઉઝરડો; ઘસરકો. Scratch, A cut.
લસલસવું, *vt.* પ્રકાશવું. To shine. ઘી તેલથી તરબોળ થવું. To spread and flow like fluid.

લસોટવું, *vt.* ઘુંટવું; વાટવું. To grind.
લહરિ,-રી, *n.* તરંગ. Fancy. ૨. મોજું, Wave.
લહાણ. *n.* નફો. Profit. Advantage.
લહાણી,-ણું, *n.* ભેટની વહેંચણી. Distribution of things as gifts. [of a pleasure.
લહાવો,-વ,*n.*આનંદનો ઉપભોગ;ઓરતો. Enjoyment
લહિયો. *n.* લખવાનું કામ કરનારો માણસ. Writer.
લહેકો, *n.* શરીરનો મોહક ચાળો કે મરડાટ. Gait.
લહેજત, *n.* લજ્જત-મજા.Relish. ૨. સ્વાદ. Taste.
લહેજતદાર. *a.* સ્વાદિષ્ટ. Tasteful.
લહેર,*n.*તરંગ; મોજું. Wave. ૨. ઉંઘનું ઝોકું. Sleepiness.
લહેરી.*a.* આનંદી.Gay.૨.ઉડાઉ.Spendthrift.
લળકવું, *vt.* ચળકવું. To shine. લાલસા કરવી. To have an eagar desire for.
લળવું, *vt.* નમવું. To bend.
લંક, *n.* મરડાટ, Twist.
લંગડ,-ડું, *vt.* લલ્લું; પાંગળું. Lame.
લંગડાવું, *vt.* લંગડા ચાલવું. To limp. To hobble.
લંગર, *n.* વહાણ થોભાવી રાખવાનું આંકડાવાળું એક સાધન. Anchor. [anchor. To moor,
લંગરવું,-ગરવું, *vt.* લંગર નાખી વહાણ થોભાવવું. To
લંગાર.*n.*લાંબી હાર. Long row. ૨. સાંકળ. Chain.
લંગોટિયો, *n.* ભાઇબંધ. Friend. ૨. બાવો. Ascetic.
લંગોટી, *n.*કમરે બાંધવાની લુગડાની પટી.Small covering for loins.
લંઘન. *n.* લાંઘણ; ઉપવાસ. Fasting. Abstinence.
લંપટ, *a.* વ્યભિચારી. Debauch. Dissolute.
લંબ. *n.*લાંબી આકૃતિ.Perpendicular.*a.*લાંબુ.Long.
લંબગોળ,-વર્તુલ-લ,-વૃત. *a.* અંડાકાર. Ellipsoid.
લંબચોરસ, *n.* લાંબ અને ચોરસ આકૃતિ. Oblong.
લંબન, *n.* લટકવું તે. Hanging down. ૨. આશ્રય. Dependence.
લંબાઇ,-ણ, *n.* લાંબાપણું. Length. Extension.
લંબાવવું,*vt.*લાંબા કરવું.To lengthen.To prolong.
લંબાવું, *vt.* લાંબા થવું; લાંબો વખત ચાલવું. To be lenghthened.
લંબૂશ,-સ, *a.* ઘણું ઊંચું. Lanky and lean.
લાકડી, *n.* સોટી. Stick.
લાકડું, *n.* ઝાડનાં સૂકાં થડ ડાળ વગેરે. Wood.
લાક્ષણિક, *a.* આખા વર્ગનું સૂચક. Typical.
લાખ, *a.* સો હજાર. Huudred thousand *n.* કેટલાંક ઝાડપર કીડાઓએ બનાવેલોએક પદાર્થ.Sealing wax.
લાખું,*n.* ચામડીપર જન્મથી પડેલું ચાઠું. Natural spot on the skin.
લાખેણું. *a.* કિંમતી. Priceless. ૨. પ્રતિષ્ઠિત. Honest.
લાગ, *n.* તક;દાવ.Opportunity. ૨. ટેકણ. Support. ૩.યુક્તિ. Device.
લાગટ,-લાગટ, *ad.* સતત; ચાલુ. Continually.
લાગણી, *n.* મનની વૃત્તિ કે ભાવ.Feeling.૨. દયા.Pity.

લાગત, *n.* મૂળ કિંમત. Cost price. ૨. દાણ. જકાત. [Duty.
લાગલું, *ad.* તરતજ. Immediately.
લાગવગ, *n.* વગવસીલો. Influence.
લાગવું, *vt.* સંબંધ કે સ્પર્શ થવો. To come into contact with. ૨. અથડાવું. To be hit. ૩. અડકવું. To touch. ૪. ભાસવું. To seem. ૫. મચ્યા રહેવું. To stick to. ૬. કિમ્મત પડવી. To cost. ૭. લાગુ પડવું. To fit. ૮. અસર થવી. To feel. ૯. સળગવું. To be kindled. To burn.
લાગુ, *a.* બંધ બેસતું. Agreeable. સંબંધ હોવું તે. Connected with. *ad.* ચાલુ. Continually.
લાગો, *n.* કર; વેરો. Tax. ૨. હકસાઈ; હાપું. Lien.
લાચાર, *x.* નિરૂપાય, વિવશ. Helpless. ૨. ગરીબ. Poor
લાચારી, *n.* વિવશતા. Helplessness.
લાજ, *n.* લજ્જા. Shame. Bashfulness. Modesty. ૨. મલાજો. Deference.
લાજવું, *vt.* શરમાવું. To be ashamed.
લાજીમ,-જમ, *a.* ઘટિત; છાજે એવું. Proper.
લાટી, *n.* લાકડાનું પીઠું. Timber-market.
લાઠી, *n.* ડાંગ; લાકડી. Cudgel.
લાડ, *n.* હસાવી બોલાવી રાજી રાખવું તે-તેવું વર્તન. Caressing. Fondling. [Dear.
લાડકવાયું,-કું,-લું,-ડીલું, *a.* વહાલું; લાડમાં ઉછરેલું.
લાડવો,-ડુ,-ડુ, *n.* મોદક. Sweet ball. પિંડો; ગોળો. [Round ball.
લાડી, *n.* નવી પરણેલી વહુ. Bride.
લાડો, *n.* વર. Bridegroom.
લાણી, *n.* Same as. લહાણી.
લાત,-ત્તા, *n.* પાટુ; પગથી કરેલો આઘાત. Kick.
લાતી, *n.* બંદર ઉપરની વખાર. Warehouse near a [port.
લાદ, *n.* ઘોડા ગધેડાનું છાણ. Dung.
લાદવું, *vt.* સામાન ભરવો. To load. ૨. ખડકવું. To pile [upon.
લાદી, *n.* ફરસબંધી. Pavement.
લાપટ,-પોટ, *n.* તમાચો. Slap.
લાપશી,-સી, *a.* કંસાર; ઘઉંની મીઠી વાની. A sweet.
લાફો, *n.* થાપોટ. Slap. ૨. ભૂંગળ. Strengthening-bar. ૩. ઉડાઉ માણસ. Extravagant person.
લાભ, *n.* ફાયદો. Profit. ૨. Gain. Lucre. [table.
લાભકર,-કર્તા-કારી,-કારક, *a.* લાભ આપે એવું. Profi-
લાભદાયી,-પ્રદ, *a.* લાભ આપનારું. Profitable.
લાભાલાભ, *n.* લાભ અને નુકશાન. Profit and loss.
લાય, *n.* આગ. Fire. બળતરા. Burning sensation,
લાયક, *a.* યોગ્ય. Fit. ૨. અનુકુળ. Suitable.
લાયકાત, *n.* યોગ્યતા, Fithness. Worth.
લાયરી. *n.* ડંફાસ; પતરાજી. Boasting.
લાર, *n.* લાંબીહાર, Row. A line.
લારી, *n.* માલ વહી જવાની ગાડી. Lorry.
લાલ, *a.&n.* રાતું. Red. *n.* પુત્ર. Son. ૨. માણેક. Ruby. ૩. છેલ. Fop.
લાલચ, *n.* લાલસા; લોભ. Temptation. Avarice.
લાલચુ, *a.* લોભી. Greedy. Covetous.
લાલન,-પાલન, *n.* લાડ લડાવવાં તે. Fondling.
લાલસા, *n.* ઉત્કટ ઇચ્છા; તૃષ્ણા. Eager desire.
લાલા,-જી,-લો, *n.* છેલ. Fop. A beau.
લાલાશ,-લિમા,-લી, *n.* રતાશ. Redness.
લાલિત્ય. *n.* લલિતપણું. Elegance. Beauty.
લાવણી, *n.* લલકારાય તેવી કવિતા. Ballad.
લાવણ્ય, *n.* સૌંદર્ય. Beauty. Loveliness.
લાવણ્યમય,-મયી, *a.* સુંદર. Beautiful.
લાવવું, *vt.* લઈ આવવું; આણવું. To bring.
લાવા, *n.* જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ. Thick liquid thrown by a volcano.
લાશ,-સ, *n.* મડદું. Corpse. *a.* પાયમાલ. Ruined.
લાસરિયું, *a.* ઠામઠકાણા વિનાનું, Dilatory. Fickle.
લાહી, *n.* ઘઉંના લોટની ખેળ. Paste.
લાળ. *n.* મોઢાનો ચીકણો પ્રવાહી પદાર્થ. Saliva.
લાળો, *n.* અંગારા. Burning coal.
લાંગરવું. *vt.* લંગર નાખવું. To anchor.
લાંઘ,-ણ, *n.* ઉપવાસ. Fasting.
લાંઘવું, *vt.* ઉપવાસ કરવો. To fast.
લાંચ, *n.* અમલદાર વગેરેને અપાતી છૂપી અઘટિત રકમ. [Bribe.
લાંચખાઉ,-ચિયું, *a.* લાંચ લેનારૂં. Corrupt.
લાંછન, *n.* ડાઘ; કલંક. Stigma. ૨. ચિહ્ન. Mark.
લાંઠ,-ઠિયું, *a.* ખુંધું. શઠ. Cunning. Roguish.
લાંબુ, *a.* લંબાઇમાં વધારે. Long. [Documentory.
લિખિત, *a.* લખેલું, Written. ૨. કાગળ પર લખાયેલું.
લિજત, Same as. લેહેજત.
લિપિ,-પી, *n.* ભાષાના વર્ણો લખવાની રીત. Writing [alphabet.
લિબાસ, *n.* પોશાક. Dress.
લિલાઉ,-મ, *n.* હરાજી. Auction.
લિસોટો, *n.* ઉઝરડો. Scratch. ૨. લીટી. Line.
લિંગ, *n.* ચિહ્ન. Sign. ૨. જાતિ. Gender. ૩. પુરુષની ઇન્દ્રી. Male organ.
લિંબુ, *n.* એક ખાટું ફળ. Lemon.
લીખ, *n.* જૂ નામના જંતુનાં ઇંડાં. Louse.
લીટી, *n.* પહોળાઈ વગરની રેખા. Line. ૨. હાર. Row.
લીટો. *n.* જાડી લીટી. Thick line. ૨. છેકો. Stroke.
લીદ, *n.* લાદ. Dung.
લીધે, *prep.* તેથી તેટલા માટે. On account of.
લીન. *a.* તલ્લીન; ગરક. Absorbed in.
લીપણ, *n.* જમીન પરનો છાણ માટીનો લેપ. Plastering.
લીપવું; *vt.* છાણ માટીની ગારનો લેપ કરવો. To smear over.
લીલ, *n.* બંધિયાર પાણી પર વળતો લીલો ચીકણો [પદાર્થ. Moss.
લીલમ, *n.* લીલા રંગનું એક રત્ન. Emerald.
લીલા, *n.* ક્રીડા; ખેલ. Sport. Play.
લીલાગર, *n.* ભાંગ. Hemp.
લીલાલહેર, *n.* આબાદી. Prosperity. ૨. આનંદ. Joy.
લીલાશ, *n.* લીલાપણું. Greenness. ૨. ભીનાશ, Wetness.

લીલીસૂકી,n.ચડતીપડતી.Prosperity and adversity.
લીલું. a. કાચી કેરીના રંગ જેવું. Green, ૨. ભીનું Wet. ૩. રસદાર. Juicy. ૪. તાજું. Fresh.
લીલોતરી, n. શાકભાજી. ભાજીપાલો. Vegetables. ૨. તાજી લીલી વનસ્પતિ. Greens.
લીસુ, a. સુંવાળુ. Smooth. ૨. સરકણુ. Slippery.
લીટ, n. નાકનો ચીકણો મળ. Nasal mucus.
લીંડીપીપર, n. એક તેજાનો. Pepper.
લુચ્ચું, a. કપટી; ખુંધું. Cunning. Roguish.
લુટારૂ,-રો,n.લૂટનારો,ધાડપાડુ.Robber. A plunderer.
લુંટાવવું. vt. લુટાવાય એમ કરવું, To get robbed.
લુટાવું, vt. હરિ લેવાવું. To be robbed.
લુબ્ધ, a. લોભિયું Greedy. ૨. મોહિત. Enraptured.
લુહાર, n. લોઢું ઘડવાનો ધંધો કરનાર.Blacksmith.
લુંગી, n. કાછડી વાળ્યા વગરનું કેડે વીંટવાનું વસ્ત્ર. Piece of cloth. [થતો રોગ. Sunstrok.
લૂ,-ક, n. ઉનાળાનો ગરમ પવન. Hot wind. ૨. તેથી
લૂખસ, n. ખૂજલી. Itch. [Empty.
લૂખું, a. ચીકટ વિનાનું. રસ વિનાનું. Dry. 2. ખાલી.
લૂગડું, n. કપડું.Cloth.૨. સાલ્લો.Female garment.
લૂગદી, n. પ્રવાહી સાથે ઘુંટીને બનાવેલો લોંદો, Ball of sticky substance. [rubbing.
લૂછવું, vt. લોહવું; લૂગડું ઘસી સાફ કરવું.To clean by
લૂટ,-લૂટ,n.લૂંટવું તે. Plunder.૨.લૂંટેલો માલ.Booty.
લૂંટફાટ, n. લૂંટવું તે, Plundering. Pillage.
લૂંટવું, vt. બળાત્કારે હરી લેવું. To plunder.
લૂણ, n. મીઠું. Salt.
લૂણહરામ, a. નિમકહરામ. Faithless. Ungrateful.
લૂણહલાલ, a. નિમકહલાલ. Faithful.
લૂમ,-ખું,-ખો, n. ફળનું ઝુમખું. Bunch of fruits.
લૂલી, n. જીભ. Tongue.
લૂલું. a. લંગડું, Lame. ૨. અશક્ત. Weak.
લૂંડી, n. ગુલામડી. Female slave.
લૂંડો, n. ગુલામ; દાસ. Male slave.
લૂંબ, n. લુમ. A bunch.
લેકિન, *prep.* પણ. Still. ૨. તથાપિ. Yet.
લેખ, n. લખાણ. Writing. ૨. કરાર, Deed. ૩. ટૂંકો નિબંધ. Short essay.
લેખક, n. લહિયો; ગ્રંથ કે લેખ લખનાર. Writer.
લેખણ,-ણી,-ની,-ખિની, n. કલમ. Pen.
લેખવું,-વવું, vt. ગણવું; હિસાબમાં લેવું. To regard.
લેખિત, a. લખેલું. Written.
લેખું, n. મોંએ ગણાય એવો ટૂંકો સહેલો હિસાબ. An excercise in mental arithmetic.
લેખે, ad. હિસાબે; પ્રમાણે, At the rate of.
લેણદાર,-ણિયાત, n. લેણાવાળો, Creditor.
લેણદેણ,n.લેવડદેવડનો સંબંધ.Business relations.
લેણું, n. આપેલું પાછું લેવાનું તે.Outstanding debt.
લેપ, n. ખરડ. Liniment.
લેપવું, vt. ચોપડવું. To coat with. ૨. વળગવું. To stick to. ૩. ઢાંકવું. To cover.
લેબાસ, n. પોશાક. Dress. Costume.
લેભાગુ, n. લઇને નાશી જનાર. Runaway. ૨. ઉપરચોટિયા જ્ઞાનવાળો. A smatterer.
લેલું,-લો, n. કડિયાનું એક ઓજાર, Trowel.
લેવડદેવડ,-વાદેવા, n. લેણદેણ. Pecuniary dealings.
લેવાલી, n. ખરીદી. Buying.
લેવાવું, vt. લેવાય એમ કરવું, To be taken. ૨.સુકાવું. To go thin. ૩. શરમાવું. To be ashamed.
લેવું, vt. ગ્રહણ કરવું. To take. ૨. સ્વીકારવું. To accept. ૩. ખરીદવું. To buy.
લેહેકો, n. ચાલવાની મરોડ. Gait; Motion.
લેહેજત, n. રસ; મઝા. Delight.
લેહેર, n. પવનની લહરી.A breeze.૨.ગમત.Pleasure.
લેશ, a. જરાક. Little. n. અણું. Atom.
લેશમાત્ર, a. થોડુંક. Little. *ad.* જરાક. A little.
લેંઘો, n. ચોરણો. Trousers. [૩. વર્ગ Class.
લોક, n. જનતા. People. ૨. જનસમૂહ. Mankind.
લોકકથા,-વાર્તા, n. લોકોમાં પ્રચલિત વાત; દંતકથા. [Folklore.
લોકનાયક, n. આગેવાન. n. Leader.
લોકપ્રિય, a. લોકોમાં પ્રિય.Popular.
લોકમત, n. લોકોનો મત.Public opinion.[rumour.
લોકવાયકા, n. લોકોમાં ચાલતી વાત; અફવા. Public
લોકશાસન,-શાહી, n. પ્રજાસત્તાક રાજ્ય.Democracy.
લોકસત્તાક, n, પ્રજાસત્તાક. Republic.
લોકસત્તાવાદ, n. લોકશાસનનો વાદ. Democracy.
લોકસેવા, n. જાહેર જનતાની સેવા. Public service.
લોકહિત, n, લોકોનું હિત. General welfare.
લોકાચાર, n. લોકમાં ચાલતો વ્યવહાર, Public usage.
લોકાપવાદ, n. જાહેરમાં વગોણું. Popular censure. Accusation by public.
લોકાંતર, n. પરલોક. Other world.
લૌકિક, કીક,n,લૌકિક;ખરખરો.Visit of condolence.
લોકોપકાર, n. સાર્વજનિક કલ્યાણ. Public good.
લોખંડ,-ડું, n. લોહ; એક ધાતુ. Iron.
લોખંડી, a, ખૂબ મજબૂત. Very strong.૨. લોખંડનું બનાવેલું. Made of iron.
લોચન, n. આંખ. Eye. ૨. છીનવી લેવું તે. Robbing.
લોચના, n. ઝંખના; તલસાટ. Craving.
લોચો, n. લોંદો. Lump. ૨. ડુચો. Rag. ૩. ગોટાળો. Confusion. ૪. તકરાર. Dispute.
લોટ, n. આટો. Flour.
લોટો, n, કળશિયો. Drinking pot.
લોઢ, n. હિંડોળો, Swing. ૨. પાણીનું મોટું મોજું. Wave. ૩. માટીનો ગઠ્ઠો. Lump of clay.
લોઢવું, vt. કપાસને ચરખાથી પીલવું. To seperate cotton seeds.
લોઢી, n. લોઢાની તવી. Iron pan.

લોથ, *n.* મડદું; શબ, Corpse. ૨. પીડા. Pest. *a.* થાકી ગએલું. Tired. ૨. મૂર્ખ. Stupid. ૩. નકામું. Useless.
લોથપોથ,-ટપોટ, *a.* સાવ થાકી ગએલું. Utterly tired.
લોથવું,-ધવું, *vt.* બેચેનીમાં આળોટવું; લોથવું. To roll in uneasiness.
લોપવું, *vt.* ન માનવું. To disobey.
લોબાન, *n.* એક વૃક્ષનો ગુંદર. ધૂપમાં વપરાય છે તે. Benzoin.
લોભાવું, *vt.* લલચાવું; લોભમાં પડવું. To be allured.
લોભિયું,-ભી, *a.* લોભવાળું. Greedy.
લોલક, *n.* લટકતી અને ઝૂલતી વસ્તુ. Pendulum. 2. કાનનું ઘરેણું. Ear-drop.
લોલવું, *vt.* હાલવું. To move. શોભવું. To shine.
લોલુપ, *a.* લલુપતાવાળું; તૃષ્ણાતુર. Covetous.
લોહ, *n.* લોઢું. Iron.
લોહકાટ, *n.* લોઢાનો કાટ. Oxide of iron.
લોહચુંબક, *n.* લોઢાને આકર્ષવાના ગુણવાળું એક દ્રવ્ય. Magnet.
લોહવું, *vt.* લુછવું. To rub off.
લોહીયાળ,-ળું, *a.* લોહીવાળું. Stained with blood.
લોહી, *n.* રૂધિર; રક્ત. Blood.
લોહીલુહાણ,-લોહાણ, *a.* લોહીના રેલાથી ખરડાએલું. Stained with blood.
લોંકડી, *n.* શિયાળ. Fox.
લોંદો, *a.* ચીકણા નરમ પદાર્થનો લોચો. Clammy lump.
લૌકિક, *a.* લોકોમાં ચાલતું. General. Popular.
લૌવો, *n.* વિદૂષક. Buffoon.
લ્યાનત, *n.* શરમ; ફિટકાર. Disgrace.

'व'

વ, ઓગણત્રીસમો વ્યંજન; ચોથો અર્ધસ્વર. The twenty ninth consonant of the Gujarati Alphabat. *ad.* અને. And.
વકફ, *a.* સાર્વજનિક. Public.
વકરવું, *vt.* સામું થવું; બહેકવું. To oppose.
વકરો, *n.* વેચાણ. Sale.
વકાલત,-કીલાત, *n.* વકીલનું કામ. Pleadership.
વકી, *n.* સંભવ. Possibility. ૨. આશા. Prospect.
વકીલ, *n.* કાયદાશાસ્ત્રી. Pleader. ૨. પ્રતિનિધિ. Agent.
વકીલાતનામું, *n.* અસીલ તરફથી વકીલાત કરવાનો લેખ. The power of attorney.
વકુફ, *n.* અક્કલ; સમજ. Sense. Understanding.
વક્કર, *n.* મોભો. Reputation. ૨. વજન. Weight. ૩. લાયકી. Dignity.
વક્તા, *n.* ભાષણ કરનાર. Speaker. Orator.
વક્તૃતા,-તૃત્વ, *n.* બોલવાની છટા. Eloquence.
વક્ર, *a.* વાંકું. Curved.
વક્રદૃષ્ટિ, *n.* અદેખાઈ. Jealousy.
વક્રોક્તિ, *n.* કટાક્ષનું વચન; વાંકો બોલ. Sarcasm.
વક્ષ,-સ્થલ,-ક્ષઃસ્થળ, *n.* છાતી. Chest.
વખ, *n.* વિષ. Poison.
વખત, *n.* સમય. Time. ૨. કાળ. Period. ૩. તક. Opportunity. ૪. નવરાશ. Ease.
વખતસર, *ad.* યોગ્ય વખતે. Timely.
વખતે, *ad.* કદાચ; સંભવત: It is possible that.
વખતો વખત, *ad.* વારંવાર. Frequently. Often.
વખવખાટ-ખો, *n.* વખવખવું તે. Restlessness.
વખાણ, *n.* પ્રશંસા. Praise.
વખાણવું, *vt.* વખાણ કરવાં. To praise.
વખાર, *n.* કોઠાર. Storehouse.
વખો, *n.* સંકટ. Calamity. ૨. ભૂખમરાનું સંકટ. State of starvation.
વખોડવું, *vt.* ખોડ કાઢવી. To find fault with.
વગ, *n.* મોટાની સાથેનો સંબંધ. Influence. ૨. સવડ. Accomodation. ૩. તક. Circumstance.
વગડાઉ, *a.* જંગલી. Wild.
વગડો, *n.* જંગલ. Forest.
વગદાં, *n.* ફાંફાં. Vain efforts.
વગર, *ad.* વિના. without.
વગવસીલો,-સગ, *n.* મોટાની સાથેનો સંબંધ તથા તેની ઓથ. Influence.
વગળ, *n.* ભેગ. Mixture.
વગાડવું,-જાડવું, *vt.* બજાવવું. To sound.
વગેર, *ad.* અને બીજા ઈત્યાદિ. Et cetra.
વગોણું,-વણું,-વણા, *n.* નિંદા. Slander.
વગોવવું, *vt.* નિંદા કરવી. To slander.
વઘાર, *n.* દાળ કઢીને તેલ મરચાં ઈત્યાદિથી છમકારવી તે. Seasoning.
વઘારવું, *vt.* વઘાર કરવો. To season.
વચગાળો, *n.* વચ્ચેનો ભાગ. Interval.
વચન, *n.* કથન. વેણ. Speech. ૨. કોલ. Promise. ૩. સંખ્યા. Number.
વચની, *a.* વચન પાળનારૂં. Faithful.
વચમાં,-ચ્ચે, *ad.* દરમિયાન. During.
વચલું,-ચેટ, *a.* મધ્યનું. Middle.
વચ્ચોવચ, *ad.* બરાબર વચમાં. Exactly in the middle.
વચ્છનાગ-છનાગ. *n.* એક ઝેરી કંદ, Aconite.
વછિયાત, *n.* આડતિયા. Agent.
વછુટવું, *vt.* છૂટવું; જુદા પડવું. To be seperated.
વછેરી, *n.* નાની ઘોડી. Young mare.
વછેરો, *n.* નાનો ઘોડો. Colt.
વછોડવું, *vt.* જુદું પાડવું. To seperate. ૨. મુક્ત કરવું. To discharge.
વજન, *n.* ભાર. Weight. ૨. તોલ. Standard of weight. ૩. દબાણ. Pressure. ૪. મોભો. Dignity.
વજનદાર, *a.* વજનવાળું. Weighty. ૨. મોભાદાર. Influential.
વજીફદાર, *n.* જાગીરદાર. Landlord.
વજીફો, *n.* જાગીર; ઇનામમાં મળેલી જમીન. Estate.

વઝીર, *n.* પ્રધાન. Minister.
વજુદ, *n.* ખરાપણું; વાસ્તવિકતા. Truth.
વજે,*n.*પાકેલા અનાજમાં-હિસ્સો પાડીને લેવાતી મહેસૂલ. Payment in kind. [૨. વિજળી,Lightning.
વજ,-જ્જર,*n.*ઇંદ્રનું આયુધ,Thunderbolt of Indra.
વજ્રલેપ, *n.* કદી ઉખડે નહિ તેવો લેપ, Very strong cement. *a.* સજડ. Irremovable.
વટ, *n.* વડ.Banyan tree.૨. ટેક. Self-respect. ૩. આબરૂ. Reputation.૪. ધીરધાર થતી હોય તે બજાર. Shroff bazar. *a.* મુખ્ય. Chief.
વટલવું,-લાવું, *vt.* પરધર્મમાં જવું. To be a convert. into another religion.
વટલોઇ, *n.* તાંબડી. Brass water-pot.
વટવું, *vt.* ઓળંગવું, To cross. ૨. પસાર થઈ જવું. To pass away. ૩. પાછા હઠવું. To recede. 4. નાસી જવું. To disappear.
વટહુકમ, *n.* સર્વને લાગુ પડતો હુકમ. A general order applicable to all.
વટાણા, *n.* એક કઠોળ. Field-pea.
વટાવ, *n.* વળતર; છૂટ. Discount.
વટાવવું, *vt.* નાણા કરવાં. To exchange. ૨. પરચુરણ નાણું લેવું.To cash.
વટાળ,-ળો,*n.*ભ્રષ્ટતા.Pollution.
વટાળવું,-ટલાવવું, *vt.* ભ્રષ્ટ કરવું, To pollute.
વટીક, *ad.* સુદ્ધાં, પણ. Also.
વટેમાર્ગુ, *n.* મુસાફર. Traveller.
વડ, *n.* એક ઝાડ. Banyan tree. *a.* મોટું. Elder.
વડપણ,-ણું, *a.* મોટાપણું. Greatness.
વડવા, *n.* ઘોડી. Mare.
વડવાઘોળ,-વાગોળ; *n.*વાગોળ.Wild bat;flying fox.
વડવાગ્નિ,-વાનલ, *n.* સમુદ્રમાં રહેલો અગ્નિ. Sub-marine fire.
વડવો, *n.*પૂર્વજ,Ancestor.૨. મા અથવા બાપનો બાપ. Grand-father.
વડાઇ, *n.* મોટાઈ. Greatness. ૨. પતરાજ Vanity.
વડારણ, *n.* ગોલી; ખવાસણ. Maid-servant.
વડિયાઇ, *n.* મા અથવા બાપની મા. Grandmother.
વડીલ, *a.&n.* મોટું મુરબ્બી. Elder.
વડીલોપાર્જીત, *a.*બાપદાદાએ રળેલું. Ancestral.
વડું, *a.* અડદની દાળનીએકવાની,Kind of fried dish.
વડે,-તે, *prep.* થી; વતી. By; With.
વઢકણ,-ણું,-કારૂં,-વાડિયું,*a.*કજિયાખોર.Quarrelsome.
વઢવાડ,-વઢ, *n.* તકરાર; કજિયો. Quarrel.
વઢવું, *vt.* કજિયો કરવો. To quarrel. ૨. મારામારી કરવી. To fight. 3. ઠપકો આપવો. To scold.
વણ, *ad.* વિના. Without.
વણકર, *n.* વણવાનો ધંધો કરનાર. Weaver.
વણજ,*n.*વેપારનીવસ્તુ. Commodity. ૨. વેપાર. Business.
વણજાર, *n.* પોઠ કે કાફલો, Caravan.
વણજારો, *n.* બળદોની પીઠ પર માલ ભરી પરદેશમાં લઇ જનાર વેપારી. Travelling merchant.
વણવું, *vt.* સાળ વડે કપડું બનાવવું, To weave. ૨. રોટલી કરવી. To roll. ૩.આમળવું,.To interwine.
વણસવું, *vt.* બગડવું; ખરાબ થવું. To be spoiled.
વણાટ, *n.* પોત; કુમાશ. Texture.
વણિક, *n.* વેપારી; વાણિયો. Merchant.
વણિયર, *n.* એક નાનું ચોપગું પ્રાણી. A carnivorous animal.
વતન, *n.* મૂળ ગામ કે દેશ. Native place. ૨. ઈનામ દાખલ મળેલી જાગીર. Estate.
વતની, *n.* રહીશ. Resident.
વતરણું, *n.* કલમ. Pen.
વતાવવું, *vt.* છેડવું, To tease. ૨. બતાવવું.To point. out. ૩. પજવવું. To harass.
વતી, *prep.* બદલું. Instead of. વડે.For.પ્રત્યય જેમકે; લાવણ્યવતી. suffix.
વતેસર, *a.&n.* લાંબુ. Lengthy.
વતું, *a.* વધારે. More.
વત્સ, *n.* બાળક. Child. વાછરડું, Calf.
વત્સર, *n.* વર્ષ. Year.
વત્સલ, *a.* માયાળુ; સ્નેહાળ. Kind.
વદ,-ધ,-દિ, *n.* કૃષ્ણપક્ષ; અંધારિયું. Dark half of the Hindu Lunar month.
વદતોવ્યાઘાત, *n.* પોતે બોલેલી વાતથી વિરૂદ્ધ બોલવું તે. Contradiction.
વદન, *n.* મોં. Face.
વદવું, *vt.* બોલવું. To speak.
વદાડ,-ર,*n.* વાયદો, A stipulated time
વધ, *n.* કાપી નાખવું તે. Slaughter. ૨. વધારો, Increase.
વધઘટ, *n.* વતુ ઓછું થવું તે.Increase or decrease.
વધરાવળ; *n.* વૃષણનો એક રોગ, Hydrocele.
વધવું, *vt.* વધારો થવો; મોટા થવું. To increase. ૨. બાકી રહેવું, To have a remainder. ૩. આગળ જવું. To advance.
વધાઈ,-મણી, *n.* શુભ સમાચાર. Good news.
વધારવું, *vt.* વધારો કરવો. To increase. વિસ્તારવું. To expand.
વધારે પડતું, *ad.* જોઇએ તે કરતાં વધારે. More than necessary.
વધારો, *n.* નફો; બાકી, વૃદ્ધિ, Surplus. ૨. પુરવણી. Appendix.
વધાવવું, *vt.* હર્ષભેર આવકાર આપવો. To welcome ceromoniously.
વધુ,-ધારે, *a.* વધારે. More.
વધૂ, *n.* પત્ની. Bride ૨.. છોકરાની વહુ. Son's wife.
વધેરવું, *vt.* બલિદાન આપવું.To sacrifice.૨. ભાંગવું; ફોડવું. To crush.
વન, *n.* જંગલ. Forest.
વનરાજ, *n.* સિંહ. Lion.
વનરાજી,-જિ,-ઇ, *n.* ઝાડોની લાંબી હાર. Woods.
વનવાસ, *n.* વનમાં વસવું તે. Dwelling in a forest.
વનસ્પતિ, *n.* ઝાડ છોડ વિગેરે. Vegetables. Greens.
વનસ્પતિવિદ્યા,-શાસ્ત્ર,*n.*વનસ્પતિને લગતુંશાસ્ત્ર.Botany.
વનિતા, *n.* સ્ત્રી. Woman.
વપરાટ,-શ, *n.* ઉપયોગ; વાપર. Use.
વપરાવું, *vt.* વપરાય એમ કરવું. To be used,

વપુ, *n.* શરીર, Body.
વફા,-ઈ,-કારી. *n.* પ્રમાણિકપણું;શ્રદ્ધા. Fidelity,
વફાદાર, *a.* વિશ્વાસુ; સ્વામીભક્ત, Loyal.
વમન, *n.* ઉલટી. Vomitting.
વમળ, *n.* વહેતાપાણીમાંથતુંકૂંડાળું-ભમરો. Whirlpool.
વય *n.* ઉમ્મર. Age.
વર,*a.* ઉત્તમ.Best. *n.* વરરાજા. Bridegroom. ૨.પતિ. Husband. ૩. વરદાન. Boon.
વરક,-ખ. *n.* સોના કે ચાંદીનું છેક પાતળું પતરું. Silver or gold leaf.
વરઘોડો, *n.* પરણવા જતા વરની સવારી. Marriage. [procession.
વરજોગ, *a.* પરણવા લાયક. Marriageable.
વરજોળો, *n.* ઉચાટ; ચિંતા. Anxiety.
વરણાગિયું, *a.* ટાપટીપ કરનારું. Foppish.
વરણી,-રણી, *n.* પસંદગી. Selection. ૨. લેખુ. Esteem.
વરતવું,*vt.*વર્તવું;ચાલવું.To act.૨.થવું. To happen. ૩. ઓળખવું,To rocognise.૪. પ્રાપ્ત થવું.To gain.
વરતારો, *n.* ભવિષ્યકથન. Foretelling.
વરદાન, *n.* દેવદેવીએ આપેલું વચન. Boon.
વરદી, *n.* ખબર. Information. ૨, હુકમ. Order.
વરમ, *n.* સોજો. Inflammation.
વરમાળ,-ળા, *n.* પરણતી વખતે વરકન્યાના કંઠમા નંખાતી સૂતરની માળા. Nuptial garland.
વરરાજા, *n.* વર. Bridegroom.
વરવધૂ,-વહુ, *n.* પતિપત્ની. Husband and wife.
વરવું, *vt.* લગ્ન કરવાં. To marry. ૨.વપરાવું. To be used. *a.* કદરૂપું; બેડોળ. Ugly.
વરશી, સી, *n.* મરનારની વાર્ષિક તિથિ. Anniversary of the dead.
વરસ, *n.* વર્ષ. Year.
વરસગાઠ, *n.* જન્મગાંઠ. Birth-date.
વરસવું, *vt.* વરસાદ પડવો. To rain.
વરસાદ, *n.* વાદળામાંથી પાણીનું પડવું તે. Rain.
વરસોવરસ, *ad.* દરવર્ષે. Every year.
વરંડો, *n.* ઓસરી; પડાળી. Verandah.
વરાડું,-રેડું, *n,* દોરડું. Rope.
વરાધ, *n.*બાળકને થતો એક રોગ.Whooping cough.
વરાહ, *n.* ડુક્કર. સૂવર. Boar.
વરાળ, *n.* પાણી ગરમ થતાં તેનું વાયુ રૂપે થતું રૂપાંતર. Steam.
વરાળયંત્ર, *n.* વરાળથી ચાલતું યંત્ર. Steam-engine.
વરિયાળી, *n.* મુખવાસ તરીકે વપરાતું એક બી. Indian sweet fennel seed.
વરિષ્ટ, *a.* સર્વોત્તમ. Highest.
વરુ, *n.* ચોપગું પ્રાણી. Wolf.
વરુણ, *n.* પાણીનો અધિષ્ઠાતા દેવ. Deity of water. ૨. એક ગ્રહ. Neptune.
વરેણ્ય, *a.* પસંદ કરવા યોગ્ય.Eligible.ઉત્તમ. Excellent.
વરો, *n.* જમણ. Dinner party.
વર્ગ, *n.* મોટા સમુદાયનો એક ભાગ. Class. ૨. શ્રેણી. Series. ૩. વિભાગ. Division. ૪.જાત, Category.
વર્ગમૂલ,-ળ, *n.* Square root,
વર્ગવારી,-ર્ગીકરણ, *n,* જાતવારગોઠવણી. Classification.
વર્ચસ, *n.* તેજ;દીપ્તિ. Lustre. બળ,પરાક્રમ.Vigour,
વર્ચસ્વી, *a.* તેજસ્વી. Lustrous.
વર્જવું, *vt.* તજવું. To renounce,
વર્જિત, *a.* છોડી દીધેલું, Forbidden.
વર્જ્ય-ર્જનિય, *a.* તજવા યોગ્ય. Fit to be avoided.
વર્ણ, *n.* રંગ. Colour. ૨. અક્ષર. Letter. ૩. રૂપ. Complexion.
વર્ણન, *n.* બયાન. Description, પ્રશંસા. Praise.
વર્ણમાલા,-ળા, *n.* ભાષાના મૂળાક્ષરો. Alphabet.
વર્ણવવું,-વું, *vt.* વર્ણન કરવું. To describe.
વર્ણસંકર, *n.&a.* ભિન્ન વર્ણનાં સ્ત્રી પુરુષથી ઉત્પન્ન થયેલું. Hybrid.
વર્ણાંતર, *a.&n.* ભિન્ન ભિન્ન વર્ણનું. Endogamous,
વર્ણ્ય,-ર્ણનીય, *a.* વર્ણવા યોગ્ય. Describable.
વર્તણૂક,-તાવ,*n.*વર્તવાની રીત; ચાલચલગત. Conduct.
વર્તન,*n.*આચરણ. Behaviour.
વર્તમાન, *a.* ચાલુ. Current. ૨. આધુનિક. Modern, *n.* સમાચાર. News.
વર્તમાનકાળ, *n.* ચાલુ સમય. Present tense.
વર્તમાનપત્ર, *n.* છાપુ. Newspaper.
વર્તવું, *vt.* આચરણ કરવું. To act.૨. થવું. To be. ૩. પારખવું. To make out.
વર્તુલ-ળ,*n.*ગોળ કૂંડાળું. Circle.
વર્તુલાકાર, *a.&n.* ગોળ. Round.
વર્ધન, *n.* વધવું તે. Augmentation. ૨. આબાદાની. Prosperity.
વર્ધમાન, *a.* વધતું.Advancing. ૨.આબાદ થતું.Prosperous.
વર્ય, *a.* ઉત્તમ. Best. પ્રત્યય છે. જેમ-: પંડિતવર્ય, Suffix.
વર્ષ, *n.* બાર માસનો સમય. Year.
વર્ષા,-ઋતુ, *n.* વરસાદની ૠતુ. Monsoon.
વર્ષાસન,*n.*ગુજરાન માટે મળતી વાર્ષિક રકમ.Annuity.
વલખાં, *n.* ફાંફાં. Vain efforts.
વલણ,-ળણ, *n.* વૃત્તિ; મનનું વળવું તે, Inclination. ૨. વાંક. Curve. ૩. મરોડ. Specimen. ૪. નફાતોટાની પતાવટ. Settlement.
વલવલવું,*vt.*વલખાંમારવાં.To be restless.૨.બોલબોલ કરવું To prattle.
વલવલાટ, *n.* વલખાં મારવાં તે. Restlessness.
વલંદો, *n.* હોલેન્ડનો વતની. Dutch.
વલુર, *n.* ખજવાળ; ચળ. Itch.
વલુરવું, *vt.* ખજવાળવું. To itch. To scratch.
વલે, *n.* હાલત; સ્થિતિ.Conditicn.૨.ઉપાય.Remedy. ૩. ખરાબ દશા. Wretched state. staff.
વલોણું,*n.*વલોવવું તે. Churning.૨.રવાઇ. Churning staff. ૩. Churning vessel.
વલોપાત, *n.* આક્રંદ; કલ્પાંત. Weeping.
વલોવવું, *vt.* માખણ દહીંને વાંસવડે ઘુમડવું.To churn.
વલ્કલ, *n.* ઝાડની છાલનું વસ્ત્ર. Bark-garment.
વલ્લભ, *a.* પ્રિય. Dear. *n.* પતિ. Husband.
વલ્લભા, *n.* પત્ની. Beloved. Wife.

વવડાવવું,-રાવવું. *vt.* વાવે એમ કરવુ, To get planted.
વવળાટ. *n.* ચળ, ખજવાળ. Itch. ૨. સળવળાટ. Sensation. [૨. મુગ્ધ. Enchanted.
વશ. *a.* તાબે; શરણે. Subjected. Obedient.
વશવર્તી, *a.* તાબે રહેનારૂં, Submissive.
વશીકરણ, *n.* જાદૂ. Spell.
વસતિ,-તી. *n.* લોકસંખ્યા. Population. ૨. રહેઠાણ. Abode. ૩. વસેલી જગા. Populated place,
વસતિપત્રક, *n.* વસ્તિની ગણતરી. Census.
વસમુ. *a.* મુશ્કેલ. Difficult. ૨. માઠું. Evil.
વસવસો, *n.* વહેમ; અંદેશો. Doubt.
વસવાટ, *n.* વસવું તે. Habitation.
વસવાયુ. -યો, *n.* ગામ તરફથી પસાયતાં આપી વસાવેલા કુંભાર મોચી ઘાંચીવગેરે. Individual of the artisan class.
વસવું, *vt.* વસવાટ કરવો. To dwell. ૨. મનમાં ઉતરવું. To be impressed with.
વસંત, *n.* ફાગણ ચૈત્ર માસની ઋતુ: ઋતુરાજ. Spring.
વસાણું. *n.* ઔષધિઓ નાખી બનાવેલો પાક. An ectuary prepated from several drugs.
વસાવવું. *vt.* માણસોને લાવી રહેઠાણ કરાવવું, To colonize.
વસાહત, *n.* સંસ્થાન. Colony.
વસિયત,-નામું, *n.* વારસા સંબંધી લખાણ. Will.
વસીલો *n.* વગવગ. Influence.
વસુ, *n.* સોનું. Gold. ૨. ધન. Wealth. ૩. સૂર્ય. Sun.
વસુધા,-મતી,-સુંધરા. *n.* પૃથ્વી. Earth.
વસુકવું, *vt.* દૂધ દેતાં બંધ થવું. To stop giving millk.
વસુલ,-લાત. *n.* મહેસુલ. Revenue. ૨. આમદાની. Income.
વસો, *n.* સોમો ભાગ. A hundreth part. ૨. વીઘાનો વીસમો ભાગ. Twentieth part of a vigha. ૩. આબરૂ. Credit.
વસ્તારી, *a.* બહોળા કુંટુંબવાળુ. Having a large family.
વસ્તુ, *n.* ચીજ. Thing. ૨. સત્ય સાર. Truth. *ad.* નાટક કે કથાનો વિષય. Plot.
વસ્તુત: ખરૂં જોતાં. Really.
વસ્ત્ર, *n.* કપડું. Dress. Cloth
વસ્લ, *n.* મેળાપ. Meeting. ૨. સંબંધ. Connection.
વહન, *n.* વહેવું તે. Flowing. ૨. વાહન. Conveyance. ૩. ઉચકીને લઈ જવું તે. Carrying.
વહવું, *vt.* વહન કરવું. To carry. ૨. વહેવું, To flow.
વહાણ, *n.* મોટો મછવો. Boat.
વહાણવટી. *n.* વહાણ હંકારનાર. Sailor. ૨. દરિયાઇવેપારી. Marine merchant.
વહાણવટું, *n.* દરિયામાં વહાણ ફેરવવાં તે. Sea-faring.
વહાણું, *n.* પ્રભાત. Dawn.
વહાર, *n.* મદદ. Help. Aid. Assistance.
વહાલ,-પ,-પણ, *n.* પ્રીતિ. Affection.
વહાલમ,-લો, *n.* પિયું; કાંત. Husband.
વહાલસોયું. *a.* લાડકવાયું, Favourite.
વહાલું. *a.* પ્રિય. Dear.
વહાલી. *n.* પ્રિયા, Beloved,
વહી, *n.* નામાનો ચોપડો. Account book.
વહીવટ, *n.* કારભાર. Management. ૨. પદ્ધતિ. System. ૩. સંબંધ. Intercourse.
વહીવટદાર, *n.* કરભારી. Manager.
વહીવંચો, *n.* પેઢીનામું રાખનાર ભાટ. Family bard.
વહુ, *n.* પત્ની. Wife, ૨. છોકરાની વહુ, Son's wife.
વહેણ, *n.* પ્રવાહ. Flow.
વહેમ, *n.* શંકા. Doubt. ૨. ભ્રમ. Illusion.
વહેમાવું, *vt.* શંકા આવવી. To doubt.
વહેમી,-લું, *a.* વહેમથી ભરેલું. Suspicious.
વહેરવું, *vt.* કરવતથી કાપવું. To cut. To saw.
વહેરો,-આંતરો,-વંચો, *n.* ભેદભાવ, તફાવત. Difference.
વહેલ, *a.* રથ. Chariot.
વહેલું, *a.* જલદી. Early. ૨. ઉતાવળું. Fast.
વહેવાર, *n.* સંબંધ; ઘરવટ. Intercourse. ૨. ધીરધાર. Dealings. ૩. આચરણ; વર્તન. Social conduct. ૪. રૂઢિ. Usage.
વહેવું, *vt.* ઉચકવું. ખમવું. To bear. ૨. સરવું. To glide. ૩. વીતવું. To pass away.
વહેળો,-હેળીયું, *n.* નાનો પ્રવાહ. Rivulet.
વહેંચણ,-ણી, *n.* ભાગ કરવા તે. Distribution. હિસ્સો. Dividend.
વહેંચવું, *vt.* ભાગ પાડવા. To divide.
વહોરવું, *vt.* ખરીદવું. To buy. ૨. માથે લેવું. To undertake.
વહોરો, *n.* શિયા મુસલમાનનીજાતનોએકમાણસ, A Bora.
વળ, *n.* આમળો. આંટો. Twist. ૨. યુક્તિ. Device. ૨. અંટસ. Spite. [3. ટંટો કરવો. To wrangle.
વળગવું, *vt.* બાઝવું. To cling. ૨. લપેટાવું To embrace.
વળગાડ. *n.* ભૂતપ્રેતની ઝપટ. Evil spirit.
વળગાડવું, *vt.* સંધાડવું. To attach to ૨. માથે નાંખવું. To force upon.
વળતર. *n.* બદલા તરીકે કાંઈ મજરે આપવાનું હોય તે. Compensation.
વળવું, *vt.* વાંકા થવું. To bend. પાછા ફરવું, ૨. To return.
વળાવવું. *vt.* મોકલવું. To send. ૨. વિદાય કરવું. To see off.
વળાવિયો,-વો, *n.* ભોમિયો. Guide.
વળી, *ad.* વધારામાં; ઉપરાંત. Again. *n.* પાતળો સોટો. Round thin rafter.
વંકાવું, *vt.* રિસાવું. To take to offence. ૨. વાંકા વળવું. To bend.
વંચાવવું, *vt.* વંચાય એમ કરવું. To get read.
વંચાવું, *vt.* વાંચે એમ થવું. To be read. ૨. નિંદા થવી. To be talked about.
વંચિત, *a.* છેતરાયેલું; વિમુખ; હીન. Deceived. Devoid of.
વંઝા, *n.* વાંઝણી સ્ત્રી Childless woman.
વંટોળ,-ળિયો, *n.* કૂંડાળાં કરતો જોરમાં વાતો પવન. Whirlwind.
વંઠવું, *vt.* ફાટવું; હાથથી જવું. To be insolent.
વંડી,-ડો, *n.* ખુલ્લીજમીનની નાની ભીંત. Compound wall.
વંતરી, *n.* ભૂતડી. Witch.
વંતાક, *n.* રીંગણું, Brinjal.
વંદન,-ના, *n.* નમસ્કાર, Obeisance.
વંદનીય, *a*, વંદન કરવા યોગ્ય. Fit to be respected,

વંદવું, *vt.* પ્રણામ કરવા. To pay homage to.
વંદો, *n.* એક જીવડું. Beetle.
વંધ્ય, *a.* વાંઝિયું. Barren.
વંધ્યા, *n.* વાંઝણી. A barren wooman.
વંશ, *n.* પુત્રપૌત્રાદિકનો ક્રમ; કુળ. Lineage. ૨. વાંસ Bamboo. વાંસળી. Pipe.
વંશજ, *a.* & *n.* સંતાન વારસદાર. Descendent.
વંશપરંપરા. *n.* પેઢીનો ક્રમ. Heredity.
વંશવૃક્ષ,–શાવળિ, *n.* પેઢીનામું. Geneological tree.
વા, *conj.* યા; અથવા. Or. *n.* પવન. Wind. ૨. સાંધા રહી જવાનો રોગ. Rheumatism. ૩. તરંગ. Fancy. ૪. વાઈ, *n.* મૃગી; ફેફરૂં. Hysteria. [Expert.
વાકેફગાર. *a.* જાણીતું. Acquainted with. પ્રવીણ.
વાક્ચાતુરી,–ચર્ય–પટુતા, *n.* બોલવાની ચાતુરી. Elocution.
વાક્પટુ. *a.* બોલવામા ચતુર. Eloquent.
વાક્ય, *n.* પૂર્ણ અર્થ બતાવવો. શબ્દસમૂહ. Sentence. ૨. વચન. Promise.
વાક્યરચના,વિચાર,વિન્યાસ, *n.* વાક્યનીરચના. Syntax.
વાખરો, *n.* ઘરગથુ સામાન. Household articles.
વાગવું, *vt.* અવાજ નિકળવો. To sound. ૨. ઈજા થવી. To be injured. ૩. કલાક વાગવા. To strike.
વાગિંદ્રિય, *n.* જીભ. Tongue.
વાગોલ,–ળ,–ળું, *n.* વડવાગોળ. Bat.
વાગોળવું, *vt.* ખાધેલુંમોંમાં લાવી ફરી ચાવવું. To chew.
વાગ્દાન, *n.* સગાઈ. Betrothal.
વાગ્બાણ, *n.* મહેણું, Taunt.
વાઘ, *n.* એક હિંસ્ર પ્રાણી. Tiger.
વાઘણ, *n.* વાઘની માદા. Tigress.
વાઘા, *n.* પોશાક. Dress of honour.
વાઙ્મય, *n.* સાહિત્ય. Literature.
વાચ,–ચા, *n.* વાણી. Speech. ૨. બોલી. Dialect.
વાચક, *a.* બોલતું. Speaking. ૨. દર્શક. Declaratory. *n.* વાંચનાર. Reader.
વાચકવર્ગ, *n.* વાંચનારાઓનોવર્ગ. The reading public.
વાચન, *n.* વાંચવું તે. Reading. ૨. અભ્યાસ. Study.
વાચનમાળા. *n.* વર્ગોમાં ચલાવવા તૈયાર કરેલી ચોપડીઓની શ્રેણી. Series of reading books.
વાંચનાલય, *n.* લાયબ્રેરી. Reding room. [meaning.
વાચ્યાર્થ, *n.* શબ્દ વાંચતાં નિકળતો અર્થ, Literal
વાછટિયું, *n.* વાછંટ અટકાવવા કરેલું છજું. Weather board.
વાછડી,–રડી, *n.* ગાયનું માદા બચ્ચું, Heifer. [board.
વાછડું,–ડો, *n.* ગાયનું નર બચ્ચું, Calf. [wind.
વાછૂટ, *n.* ગુદા વાટે પવન નીકળવો તે. Breaking of
વાજ, *n.* પીડા; Trouble. ૨. ઉપદેશ. Preaching. ૩. યજ્ઞ. Sacrifice. ૪. સંગ્રામ. Battle. ૫. બાણનું વાપીછું. Feather of an arrow. ૬. બળ. Vigour,
વાજબી, *a.* યોગ્ય, Proper. [*a.* કંટાળેલું. Tired.
વાજિત્ર, -જિંત્ર, *n.* વાદ્ય; વાજું. Musical instrument.
વાજી, *n.* ઘોડો. Horse. ૨. બાણ. Arrow,

વાજીકરણ, *n.* વીર્યવર્ધક ઔષધ. Stimulating. Medicine.
વાજું, *n.* વાજિંત્ર. વાદ્ય. Musical instrument. [cine.
વાટ, *n.* માર્ગ. Way. ૨. પ્રતીક્ષા, રાહ. A waiting. ૩. દિવેટ. Wick. ૪. પૈડા પરનો લોઢાનો પાટો. Tyre.
વાટખરચ,–ચી, *n.* મુસાફરીખર્ચ. Travelling expenses.
વાટકી,–ડકી,–ટી, *n.* છાલી. Brass or copper cup.
વાટવું, *vt.* ભૂકો કરવો; લસોટવું. To pound.
વાટવો, *n.* હાથથેલી. Purse.
વાટાઘાટ, *n.* પંચાત; ભાંજગડ. Discussion.
વાટિકા, *n.* બગિચો; વાડી. Garden.
વાટો, *n.* ગોળ લાબો વીંટો. Corrugation.
વાડ, *n.* જમીનની ચારે બાજુએ કરેલી આડ. Fence.
વાડી, *n.* બાગ. Garden ૨. ફૂલ ગૂંથીને કરેલો શણગાર. Network of flowers.
વાડો, *n.* પછવાડે આંતરેલી ખુલ્લી જગા. Enclosure. ૨. સંડાસ. Privy. ૩. મહોલ્લો. Ward. ૪. તડ; પક્ષ. Party. [sugarcane. ૩. કાપણી. Reaping.
વાઢ, *n.* કાપ; જખમ. Cut. ૨. શેરડીનુંખેતર. Field of
વાઢકાપ, *n.* ડાક્તરે શરીરને ચીરવું કે કાપવું તે. Surgical
વાઢવું, *vt.* કાપવું. To cut. [operation.
વાણી, *n.* કથન. Speech. ૨. બોલી. Utterance. ૩. સ્વર. Voice.
વાણો, *n.* વણતાં નંખાતા આડા દોરા. Woof.
વાણોતર, *n.* ગુમાસ્તો. Clerk.
વાત, *n.* પવન. Air. ૨. શરીરની ત્રણ ધાતુઓમાંનીએક. One of the three humours of the body.
વાતચિત. Talk. ૪. કથા. Story. ૫. હકીકત. History.
વાતચીત, *n.* સંભાષણ. Conversation. [tory.
વાતાવરણ, *n.* પૃથ્વીને વીંટળાઈને રહેલું વાયુનું આવરણ. Atmosphere. ૨. પરિસ્થિતિ. Circumstance.
વાતોડિયું,–ડુ, *a.* વાતો કરવાની ટેવવાળું. Talkative.
વાત્સલ્ય, *n.* મમતા; પ્રેમ. Affection.
વાદ, *n.* ચર્ચા. Debate. ૨. તકરાર. Controversy. ૩, ચડસાચડસી. Rivalry. કોઈ વિષય કાઢેલું અનુમાન
વાદાસ્પદ, *a.* ચર્ચાસ્પદ. Disputed, [Theory.
વાદવિવાદ, *n.* ચર્ચા. Debate. ૨. તકરાર. Dispute.
વાદળ,–ળું, *n.* આકાશમાં એકઠો થયેલો વરાળનો સમૂહ. Cloud.
વાદળી, *a.* વાદળી રંગનું નીલવર્ણું. Blue. *n.* ૨. નાનું વાદળ. Small cloud. ૩. પાણી ચૂસી શકે તેવી એક બનાવટ. Sponge. [૩. મદારી. Conjurer,
વાદી, *n.* ફરિયાદી. Plainitiff. ૨. બોલનાર. Speaker.
વાદ્ય, *n.* વાજિંત્ર. Musical instrument.
વાધણ,–ણી, *n.* હેડકી, Hiccough.
વાધર,–રી, *n.* ચામડાની સાંકડી પટ્ટી. Leather strap.
વાન, *n.* રંગ; વર્ણ. Colour. શરીરનો બાંધો. Physique.
વાનગી, *n.* નમુનો. Specimen. નવાઇની ચીજ. Novelty.
વાનપ્રસ્થ, *a.* છૂટું થયેલું નિવૃત. Retired,
વાનર, *n.* વાંદરો; કપિ, Monkey,

વાની, *n.* જાત; જણસ. Sort. ૨. મડદાની રાખ. Ashes of a dead body.
વાનું, *n.* વસ્તુ; ચીજ. Article.
વાપર, *n.* વપરાશ. Use. [To spend.
વાપરવું, *vt.* વપરાશમાં લેવું. To use. વાપરી નાખવું
વામ, *n.* હાથ જેટલું માપ. Fathom. *a.* સુંદર. Beautiful. ૨. ડાબું. Left. ૩. પ્રતિકૂળ. Adverse.
વામન, *a.* ઠીંગણું. Short. *n.* ઠીંગણો. Dwarf.
વામવું, *vt.* ફેંકી દેવું. To throw overboard. ઓછું કરવું. To lessen. તજવું. To abandon.
વાયકા, *n.* ઉડતી વાત. Rumour.
વાયડું, *a.* પેટમાં વાયુ ઉત્પન્ન કરતું. Flatulent હઠીલું. [Obstinate.
વાયદાસર, *ad.* મુદતસર. Timely.
વાયદો, *n.* વચન. Promise.૨.મુદત; અવધિ.Stipulated time.
વાયરો, *n.* પવન. Wind.
વાયલ,-લી. *a.* તરંગી, Whimsical. [west corner.
વાયવ્ય,-ખૂણો, *n.* & *a.* ઉત્તર-પશ્ચિમ ખૂણો. North
વાયુ, *n.* પવન. Wind. ૨. બાફી. Gas.
વાયુચક્ર,-મંડલ,*n.*વાયુમંડળ;વાતાવરણ.Atmosphere.
વાયુચક્રશાસ્ત્ર, *n.* વાતાવરણમાં થનારા ફેરફારો જાણવાનું શાસ્ત્ર. Meteorology.
વાયુવેગી, *a.* પવનવેગી. Swift as wind.
વાર, *n.* ત્રણ ફૂટ જેટલું માપ, Yard. ૨. અવાડિયાનો દિવસ. Day of the week. ૩. સમય. Time.૪.ફેરો. Turn. ૫. ઢીલ; વિલંબ. Delay.
વારવું, *vt.* To મના કરવી. To forbid.
વારસ, *n.* મરનારની મિલકતનો હકદાર. Heir.
વારસનામું, *n.* વસિયતનામું. Will.
વારસાગત, *a.* વારસામાં ઉતરેલું. Hereditary.
વારસો,સાઇ,*n.*વારસનેમળેલીમરનારનીમિલકત.Legacy.
વારંવાર. *ad.* ફરીફરીને; વારેઘડીએ. Frequently.
વારાફરતી, *ad.* વારા પ્રમાણે. One after another.
વારાંગના.*n.*ગણિકા.Courtezan.૨.વેશ્યા. Prostitute.
વારિ,-વારૂણ, *n.* પાણી; નીર, Water.
વારિધિ, *n.* સમુદ્ર. Sea.
વારી, *n.* ઘોડો. Horse. ૨. વારો. Turn. ૩. બદલો લેવાનો અવસર. Occasion.
વારુ, *ad.* ઠીક.Well. *a.*સારૂ. Good.સુંદર.Charming.
વારેઘડીએ -વારે, *ad.* વારંવાર. Often.
વારો, *n.* ક્રમ; પાળી. Turn. ૨. અણુંજે પાકી. Cessation of work.
વાર્તા,-ર્તા, *n.* કથા. Story. ૨, સમાચાર. Tidings.
વાર્ષિક, *a.* & *n.* દર વર્ષે બનતું. Yearly.
વાલ, *n.* એક કઠોળ. Bean.ત્રણ રતી જેટલું તોલ.1/32. part of a tola.
વાલી, *n.* રક્ષક; પાલક.Guardian.
વાવ, *n.* પગથિયાં વાળો કુવો. Well with steps.
વાવટો, *n.* ધજા. Flag.
વાવડ. *n.* સમાચાર.Tidings.૨.રોગનુંફેલાવું તે.Spread.
વાવણી, *n.* વાવવું તે. Sowing.
વાવરવું, *vt.* વાપરવું. To use. [To sow.
વાવવું, *vt.* ઉગાડવા માટે જમીનમાં બી કે ગોટા નાખવા.
વાવટોળ,-વાઝોડું, *n.* વંટોળિયાનું તોફાન.Hurricane.
વાવું, *vt.* ફૂંકાવું. To blow. [tion.
વાવેતર,*n.*વાવવું,-વાવેલું. તે; વાવેલી જમીન.Cultivation.
વાસ, *n.* વસવાટ Residence. ૨. પોળ. Street. ૩. ગંધ. Smell.
વાસણ, *n.* પાત્ર, ઠામ. Vessal.
વાસણકૂસણ, *n.* રાંધવાનાં વાસણ. Culinary utensils.
વાસના, *n.* કામના, ઈચ્છા. Wish.૨. વાસ. Scent.
વાસર, *n.* દિવસ: વાર. Day.
વાસવું, *vt.* બંધ કરવું. To close. To shut.
વાસંતિક, *a.*વસંત ઋતુનું.Vernal.*n.*વિદૂષક.Buffoon. ૨. નટ. Actor.
વાસી, *a*, આગલા દિવસનું. Not fresh.
વાસીદું,*n.* પૂંજો; છાણ. મુતર વિગેરે. Sweepings.
વાસો, *n.* વાસ કરવો તે. Lodging. [proper.
વાસ્તવ,-વિક્તા, *n.* વાજબીપણું; સાચી હકીકત, Being
વાસ્તવિક. *a.* ખરૂં; વાજબી. Real.
વાસ્તુ, *n.* નવા ઘરમાં રહેવા જતાં કરાતી ક્રિયા, Ceremoney at entering a new house.
વાસ્તે, *an.* તેથી. Therefore. કારણ, For.
વાહ, *inter.* શાબાશ.Bravo! ૨. સરસ! Wall!
વાહન, *n.* જમીન પર આવજામાટે વપરાતું સાધન. Conveyance. ૨. માધ્યમ. Medium.
વાહવાહ, *n.* વખાણ, Praise.
વાહિયાત, *a.* નકામું, Useless.
વાળ, *n.* કેશ. Hair.
વાળણ, *n.* ઉતાર. Anti-dote.
વાળવું, *vt.* વાંકકરવું. ૨. નમાવવું. To bend. ૩.વાળીને આકાર કરવો.To fold.પાછા ફેરવવું. To send back.
વાળંદ, *n.* હજામ. Barber. [કચરો કાઢવોTo sweep.
વાળી, *n.* નથ; કડી. Nose-ring.
વાળુ, *n.* રાત્રિભોજન. Dinner. રેતી, Sand.
વાળો. *n.* એક રોગ. Guinea-worm. ૨. ધાતુનો તાર, Metal thread. [Curve.
વાંક. *n.* અપરાધ; ખામી, Fault. રસ્તાનો વાં.
વાંકું. *a.*સીધુ નહિ એવું. Crooked. ૨. વક્ર. Oblique ૩.ખોટું. False. ૪. સામું થયેલું Hostile.
વાંકુચૂકું, *a.* આડુઅવળું. Zigzag.
વાંચન, *n.* વાંચવું તે. Reading.
વાંચવું, *vt.* લખેલું ઉકેલવું. To read.
વાંછવું, *vt.* ઇચ્છવું. To desire. To wish.
વાંછિત, *a.* ઇચ્છેલું. Desired. Wished for.
વાંઝણી, *a.*&*n.* સંતતી ન થતી હોય તેવું. Barren.
વાંટવું, *vt.* વહેંચવું. To divide.
વાંટો, *n.* ગરાસ કે નરવાની જમીનનો ટૂકડો. Land held in fee simple.
વાંઢો, *n.* નહિ પરણેલો. A bachelor.
વાંદ,-રૂં,-રો, *n.* કપિ. Ape.
વાંદરચેષ્ટા,-નકલ,-વેડા, *n.* અડપલું. Mimicry,

વાંદો, *n.* વંદો; એક જીવડું. Insect.
વાંધો, *n.* વિરોધ; હરકત. Objection.
વાંસ,-ડો, *n.* એક ઝાડ-તેનો સોટો. Bamboo.
વાંસકપુર, *n.* વાંસમાંથી નીકળતું કપુર. Silicious concretion found inside a bamboo.
વાંસલો. *n.* સુથારનું એક ઓજાર. Adze.
વાંસળી.-લડી, *n.* બંસી. Flute.
વાંસે, *ad.* પછવાડે. Behind.
વાંસો, *n.* પીઠ; બરડો. Back.
વિકટ, *a.* મુશ્કેલ; દુર્ગમ. Difficult. ૨. વિકરાળ. Frightful.
વિકરાલ,-ળ *a.* ડરામણું; ભયાનક.Dreadful.
વિકલ,-ળ, *a.* વિહ્વળ;વ્યાકુળ.Perplexed.Restless.
વિકલ્પ, *n.* તર્કવિતર્ક, Indecision. ૨. આ કે તે. Alternative.
વિકસવું, *vt.* ખીલવું. To develop.
વિકસાવવું, *vt.* ખીલવવું. To expand.
વિકાર,-કૃતિ,-ક્રિયા, *n.* ફેરફાર; પરિવર્તન. Change. ૨. તફાવત. Variation. ૩. બગાડ. Disorder.
વિકાસવું, *vt.* ખીલવું. To bloom. ૨. પહોળું થવું. To expand.
વિકાસ, *n.* ઉત્ક્રાંતિ. Evolution. ખીલવું તે. Expanding.
વિકૃત, *a.* વિકાર પામેલું. Spoiled.
વિક્રમ, *n.* પરાક્રમ. Heroism. પગલું. Step.
વિક્રમસંવત, *n.* વિક્રમ રાજાથી ચાલેલો સંવત્સર, Era of Vikrama.
વિક્રય *n.* વેચાણ, Sale.
વિક્ષેપ, *n.* અડચણ; હરકત. Hindrance. 2. વિલંબ. Delay.
વિખ, *n.* ઝેર. Poison.
વિખવાદ, *n.* કજિયો; તકરાર. Quarrel.
વિખૂટું, *a.* છૂટું પડી ગયેલું. Seperated.
વિખેરવું, *vt.* જુદું પાડવું. To seperate.૨.વેરી નાખવું. To scatter,
વિખ્યાત, *a.* પ્રસિદ્ધ. Famous.
વિખ્યાતી, *n,* પ્રસિદ્ધ. Fame.
વિગત, *a.* ગત. Departed. મૃત. Dead. *n.* બીના. Details.
વિગતવાર, *ad.* વિસ્તારપુર્વક. In details.
વિગ્રહ, *n.* યુદ્ધ. Battle. ૨. શરીર, Dody. ૩. સમાસના અવયેવો છૂટા પાડવા તે. Dissolution of a compound.
વિઘાતક, *a.* વિઘાત કરનારૂં. Destructive.
વિઘોટી, *n.* જમીનની સરકારને ભરવાની મહેસૂલ. Land revenue.
વિઘ્ન, *n.* હરકત; સંકટ. Obstacle. 2. મુશ્કેલી. Difflculty.
વિચક્ષણ, *a.* ચતુર. Clever ૨. વિદ્વાન. Wise.
વિચરવું, *vt.* જવું; પ્રવાસ કરવો. To go.
વિચલ,-ળ,-લિત, *a.* અસ્થિર; હાલતું. Unsteady.
વિચાર, *n.* મનન કરવું તે. Reflection. ૨. અભિપ્રાય. Opinion. ૩. કલ્પના; મનસુબો, Thought. ૪. ચિંતન. Deliberation.
વિચારક, *n.&a.* ચિંતનશીલ પુરૂષ. Thinker.
વિચારવંત,-વાન,-શીલ, *a.* વિચાર કરનારૂં. Considerate.
વિચારવું, *vt.* મનન કરવું. To deliberate.
વિચારશ્રેણી,-સરણી, *n.* વિચારોની પરંપરા. Line of thought.
વિચિત્ર, *a.* તરેહવાર.Diverse. ૨. વિલક્ષણ. Strange. ૩. અદ્ભૂત. Marvellous.
વિચિત્રતા, *n.* વિલક્ષણતા. Strangeness.
વિજન, *a.,&n,* માણસના અવરજવર વિનાનું, Solitary.
વિજયસ્થંભ, *n.* વિજયની યાદગીરી માટે ઉભો કરેલો સ્તંભ. Victory memorial,
વિજયા,*n.*પાર્વતી.GoddessParvati.૨.ભાંગ,Bhanga.
વિજયી, *a.* ફતેહમંદ. Triumphant.
વિજાતિ,-ય, *a.* ભિન્ન જાતિનું. Heterogenous.
વિજિગીષા, *n.* જીતવાની ઇચ્છા. Desire to win.
વિજેતા, *n.* જીત મેળવનાર, Victor.
વિજોગ, *n.* વિયોગ. Seperation.
વિજ્ઞપ્તિ, *n.* વિનંતિ. Request.
વિજ્ઞાત, *a.* સારી રીતે જાણેલું. Well-known.
વિજ્ઞાન, *n.* શાસ્ત્રીય જ્ઞાન. Science. 2. અનુભવ જ્ઞાન.
વિજ્ઞાપન,-ના, *n.* નિવેદન, Announcement.
વિટપ, *n.* ડાળી, Branch.
વિટંબ,-ણા, *x.* મુશ્કેલી; ઉપાધી. Difficulty.
વિટંબણા, *n.* મુશ્કેલી Difficulty.
વિણ, *ad.* વિના. Without.
વિતર્ક, *n.* સંદેહ. Doubt. Bad conjecture.
વિતંડા,-વાદ, *n.* ખોટો બકવાદ. Idle carping.
વિતાડવું,-વવુ., *vt.* પજવવું; દુઃખ દેવું. To harass.
વિતાડવું, *vt.* પસાર કરવું. To pass through.
વિત્ત, *n.* દ્રવ્ય. Money. ૨. શક્તિ. Power. ૩, સાર. Esssence.
વિદગ્ધ, *a.* બળીને ભસ્મ થયેલું. Burnt. ૨. પરિપકવ. Ripe. ૩. વિદ્વાન. Learned. ૪. ચતુર. Clever.
વિદાય, *n.* પ્રસ્થાન. Departure.
વિદાયગીરી, *n.* રજા આપવી તે, Send off.
વિદારવું, *vt.* ચીરવું. To tear.૨.મારી નાખવું, To kill.
વિદિત, *a.* જાણવામાં આવેલું. Known.
વિદુષી, *n.* પંડિતા. Learned woman.
વિદૂષક, *n.* મશ્કરો; રંગલો. Buffoon.
વિદેશ, *n.* પરદેશ. Foreign contry.
વિદેશી, *a.* & *n.* પરદેશી. Foreign.
વિદેહે, *h.* મૃત; માયાપાશમાંથી મુકત થયેલું. Dead.
વિદ્યમાન, *a.* હયાત હાજર. Existing.
વિદ્યા, *n.* જ્ઞાન. Knowledge. ૨. તેનું શાસ્ત્ર કે કળા, Science.
વિદ્યાનીધિ, *n.* વિદ્યાનો ભંડાર.Treasure of learning.
વિદ્યાપીઠ, *n.* વિદ્યાનું ધામ. University.
વિદ્યાભ્યાસ, *n.* ભણતર. Study.કેળવણી, Education.
વિદ્યાર્થી, *n.* ભણનાર. Student.
વિદ્યાલય, *n.* શાળા. School.
વિદ્યુત, *a.* વિજળી. Lightning; electricity.
વિદ્વતા, *n.* પંડિતાઇ: જ્ઞાન. Learning.
વિદ્વાન,-સજ્જન, *n.* પંડિત; જ્ઞાની. Scholar,

વિધવા, *n.* જેનો પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી, Widow.
વિવધ,-વિધ, *a.* બહુ પ્રકારનું. Diverse.
વિધાતા, *n.* બ્રહ્મા, Cteator.
વિધાત્રી, *n.* પ્રારબ્ધની દેવી. Goddess of destiny.
વિધાન, *n.* રીત. Rite. ૨. શાસ્ત્રાજ્ઞા, Ordinance. ૩. ક્રિયા. Ceremony. ૪. ઉપાય. Expedient.
વિધાયક, *a.* & *n.* રચનાત્મક. Constructing.
વિધિ, *n.* બ્રહ્મા. Brahma. ૨. નસીબ, Fate. ૩. આજ્ઞા. Command.
વિધુ, *n.* ચંદ્રમા. Moon.
વિધુર, *n.* જેની પત્ની મરીગઇહોય એવો પુરૂષ. Widower.
વિધેય, *a.* કર-વા યોગ્ય. Fit to be done. *n.* વાક્યમાં ઉદ્દેશને વિષે જે કાંઈ કહ્યું હોય તે. Predicate.
વિનયી, *a.* નમ્ર. Humble. ૨. નમી ગયેલું. Bent,
વિનય, *n.* નમ્રતા; સભ્યતા. Modesty.
વિનયમંદીર, *n.* માધ્યમિક કેળવણી આપનારી શાળા, High school.
વિનવણી, *n,* વિનવવું તે. Request.
વિનંતી,-તી,-નતી, *n.* આજીજી, Request. 2. અરજી. Petition.
વિના,-ન, *ad.* સિવાય. Without.
વિનાયક, *n.* ગણપતિ. God Ganapati.
વિનાશ,-ધ્વંશ, *n.* નાશ. Ruin.
વિનાશક, *a.* નાશ કરનારૂં. Destructive.
વિનાશી, *a.* નાશ પામે તેવું. Mortal.
વિનિપાત, *n.* પડતી. Fall.
વિનિમય, *n.* બદલો. Exchange.
વિનીત, *a.* સૌમ્ય; વિવેકી. Meek. ૨. સુશિક્ષિત. Cultured.
વિનોદ, *n.* મોજ; આનંદ. Merriment. મજાક. Jest.
વિપત,-દ,-તી, *n.* આફત; પીડા, Calamity.
વિપરીત, *a.* ઉલટું. Reverse ૨. વિરોધી. Hostile.
વિપર્યય,-ર્યાસ, *n,* ઉલટપુલટ થઇ જવું તે, Inversion.
વિપાક, *n.* પરિપક્વતા. Maturity. પરિણામ. Result.
વિપુલ, *a.* વિશાળ. Broad ૨. પુષ્કળ. Abundant. ૩. ગાઢ. Dense.
વિપ્ર, *n.* બ્રાહ્મણ. Brahman.
વિપ્લવ, *n.* બળવો. Revolution. ૨. નાશ. Destruction.
વિફળ, *a.* નિષ્ફળ. Fruitless.
વિબુધ, *n.* જ્ઞાની. Learned.
વિભક્ત, *a.* જુદું પાડેલું. Divided.
વિભક્તિ, *n.* નામનો ક્રિયા સાગે સંબંધદેખાડનાર. Case.
વિભાકર, *n.* સૂર્ય. Sun.
વિભાગ, *n.* ભાગ. Division. ૨. હિસ્સો. Part.
વિભાજ્ય, *a.* ભાગી શકાય કે ભાગવા જેવું. Divisible.
વિભાવરી, *n.* રાત્રી. Night.
વિભિન્ન, *a.* પૃથક; જુદું. Different.
વિભિષીકા, *a.* ડર, ભય. Apprehension.
વિભુ, *a.* સર્વ શ્રેષ્ઠ, Supreme. ૨. સર્વવ્યાપી. Omnipresent.
વિભૂતિ, *n.* ભસ્મ. Ashes. ૨. મહત્તા. Greatness. ૩. સામર્થ્ય. Power; ૪. એશ્વર્ય. Splendour. ૫. સંપતિ. Prosperity.
વિભૂષિત, *a.* શણગારેલું. Adorned.
વિભ્રમ, *n.* શંકા. Doubt. ૨. ભ્રાંતિ. Illusion. ૩. ગભરાટ. Confusion.
વિભ્રાંતિ, *n.* ગૂંચવણ. Perplexion.
વિમલ,-ળ, *a.* નિર્મળ, Pure.
વિમાન, *n.* આકાશમાં ફરી શકે તેવું વાહન. Baloon. ૨. હવાઇ જહાજ. Aeroplane.
વિમાસણ, *n.* પસ્તાવો. Repentance. ૨. ચિંતન, Deliberation.
વિમુખ, *a.* મોં ફેરવી લીધું હોય તેવું. That has turned. its face away. ૨. પ્રતિકૂળ. Adverse.
વિમોચન, *n.* છૂટકારો. Liberation.
વિયાવું, *vt.* પ્રસવ થવો. To give birth to.
વિયોગ, *n.* વિરહ; જુદા પડવું તે. Seperation.
વિરક્ત, *a.* અનુરાગ કે સ્પૃહા વિનાનું. Indifferent.
વિરચિત, *a.* રચેલું. Composed.
વિરમવું, *vt.* અટકવું. To stop. ૨. થોભવું. To cease.
વિરલ,-લું, *a,* દુર્લભ. Rare.
વિરહ, *n.* પ્રિયજનનો વિયોગ. Seperation.
વિરંચી, *n.* બ્રહ્મા. Brahma.
વિરાગ, વૈરાગ્ય. Sany as.
વિરાગી, *n.* સાધુ; સંન્યાસી. Ascetic.
વિરાજવું, *vt.* પ્રકાશવું. To shine.
વિરાટ, *a.* વિશાળ; ભવ્ય. Great.
વિરામ, *n.* આરામ. Pause. ૨. અવશાન. Death.
વિરામવું, *vt.* થોભવું. To cease. 2. અટકવું, બંધ પડવું. Terminate.
વિરૂદ્ધ *u.* પ્રતિકુળ. Adverse.
વિરૂપ, *a.* કદરૂપુ. Ugly. Ill-looking.
વિરોધ, *n.* વિરૂદ્ધતા. Opposition. ૨. શત્રુતા. Enmity. ૩. કજીયો. Quarrel.
વિરોધાભાસ, *n.* માત્ર દેખીતો વિરોધ. Paradox.
વિરોધી, *n.* વેરી; શત્રુ. Opponent.
વિલક્ષણ, *a.* વિચિત્ર. Strange. ૨. અસાધારણ. Uncommon.
વિલય,-ન, *n.* નાશ. Dissolution.
વિલસિત, *a.* ઝળકતું. Shining.
વિલંબ, *n.* વાર; ઢીલ. Delay.
વિલંબિત, *a.* લટકતું. Hanging. ૨. મંદ. વિલાસ. Dull.
વિલાપ, *n.* રૂદન. આક્રંદ. Lamentation.
વિલાયત, *n.* વતન, Motherland. ઇંગ્લાંડ. England.
વિલાવું, *vt.* પીગળવું. To wither. Melt.
વિલાસ, *n.* ખેલ; ક્રીડા. Sport. Merriment. ૨. શૃંગારચેષ્ટા. Amorous dalliance.
વિલાસવું, *vt.* વિલાસ કરવો. To sport.
વિલાસી, *a.* ચેનબાજી ઉડાવનાર. Sportive, ૨. વિષયી. Debauch.
વિલીન, *a.* નાશ પામેલું. ૨. લય પામેલું, Dissoldved.
વિલોકવું,-વવું, *vt.* જોવું. See. ૨. તપાસવું. To Examine.
વિલોચન. *n.* આંખ Eye. જોવું તે. Seeing.
વિલોમ, *a.* પ્રતિકૂળ ઉલટું. Adverse.
વિવર, *n.* દર, Hole. ૨. ગુફા. Cave. ૩. ઉપાય. Remedy.
વિવરણ, *n.* વિવેચન. Exposition.
વિવર્ણ, *n.* કદરૂપું. Pale. Ugly.

વિવર્ત-ન, *n.* રૂપાંતર. Change in form. ૨. ભ્રમ. Illusion. ૩. ચક્રાકારે ફરવું તે. Revolving.
વિવશ, *a.* પરાધીન.Dependent.૨.વ્યાકુળ. Agitated.
વિવાદ, *n.* ચર્ચા. Debate. ૨. ઝઘડો. Quarrel. ૩. મતભેદ. Controversy,
વિવાહ, *n.* વેવિશાળ. Betrothal. લગ્ન. Marriage.
વિવાહિત, *a.* પરણેલું. Married.
વિવિધ, *a.* અનેક પ્રકારનું. Diverse.
વિવિધતા, *n.* વિવિધ હોવાપણું. Diversity.૨. વિચિત્રપણું. Strangeness.
વિવેક, *n.*સભ્યતા,Etiquette.૨, કરકસર.Economy.
વિવેકી, *a.* વિચારવાન; જ્ઞાની. Discreet.
વિવેચન,-ના. *n.* સ્પષ્ટીકરણ; ટીકા. Commentary.
વિશારદ, *a.* નિપુણ. Proficient in, ૨. ચતુર.Clever. ૩. જ્ઞાની. Learned.
વિશાલ,-ળ,-ળું, *a.* મોટું.Large.૨.વિસ્તીર્ણ. Extensive.
વિશિષ્ટ,*a.* અસાધારણ. Uncommon. ૨.વિશેષતાવાળું. Distinct.
વિશુદ્ધિ, *n.* પવિત્રતા. સ્વચ્છતા. Purity.Cleanliness.
વિશે,-ષે, *ad.* સંબંધી. About.
વિશેષ, *a.* વધારે. More. ૨. ખાસ. Special *n.* ૩. તફાવત. Difference.
વિશેષણ, *n.* ગુણ કે સંખ્યા બતાવનાર, શબ્દ. Adjective.
વિશેષનામ, *n.* વસ્તુ માણસ આદીનું ખાસ નામ તે. Proper noun.
વિશેષ્ય, *n.* વિશેષણથી જેનો ગુણ કે વધારો બતાવાયો હોય તે શબ્દ. A word qualified by an adjective.
વિશ્રામ,-શ્રાંતિ *n.* આરામ. Repose. ૨. વિશ્રામ લેવાનું સ્થાન. Place of repose.
વિશ્રાંત, *a,* થાકી ગયેલું. Tired.
વિશ્રુત. *a.* પ્રખ્યાત, Famous. ૨. જાણેલું. Known.
વિશ્વ. *n.* જગત. World. *a.* સમગ્ર. Whole.
વિશ્વકર્મા, *n.* દેવોનો શીલ્પશાસ્ત્રી, ૨. ઇશ્વર. God. ૩, સુતાર, Carpenter.
વિશ્વજીત, *a.* વિશ્વને જીતનારૂં. Conquering the world.
વિશ્વરૂપ, *a.* સર્વવ્યાપી. Omnipresent.
વિશ્વવ્યાપી,*a.* સર્વવ્યાપી. Pervading through the whole world. *n.* ઇશ્વર. God.
વિશ્વસનીય,-સ્ત, વિશ્વાસ કરવા લાયક.Trustworthy.
વિશ્વાસ, *n.* ભરોંસો; ખાતરી. Trust.
વિશ્વાસઘાત, *n.* દગલબાજી. Breach of trust.
વિશ્વાસપાત્ર,-સુ. *a.* વિશ્વસનીય. Trustworthy.
વિષ, *n.* ઝેર. Poison.
વિષમ, *a.* અસમાન. Unequal. મુશ્કેલ. Difficult. પ્રતિકૂળ. Adverse.
વિષય, *n.* પદાર્થ. Subject. હેતુ. Object. મજકૂર. Matter. કામભોગ. Sexual enjoyment.
વિષયલંપટ,-ાસક્ત,-ાંધ,-ી.*a.*વ્યભિચારી.Debauch.
વિષયાંતર, *n.* પ્રસ્તુત વિષયમાંથી અન્ય વિષયમાં ઉતરી જવું તે. Digression.
વિષાદ,*n.*ખેદ; દિલગીરી. Grief. નિરાશા. Dejection.
વિષુવવૃત્ત, *n,* પૃથ્વીની ધરીની મધ્યમાં કાટખૂણે કલ્પેલું વર્તુળ. Equator.
વિષે, *ad.* સંબંધમાં. About.
વિષ્ટા, *n.* મળ; કચરો. Refuse. Excrement.
વિષ્ટિ,*n.*સમાધાનીની વાટાઘાટ.Negotiations for peace.
વિસરાવવું,*vt.*ભૂલીજાયએમકરવું.To Make to forget.
વિસર્ગ, *n.* દાન. Gift. ૨. ત્યાગ. Abandonment. ૩. હકાર જેવા ઉચ્ચાર કરવાનું (:) આવું ચિહ્ન. Soft aspirate.
વિસર્જન,*n.*છોડીદેવું તે. Dissolutiou.૨.સમાપ્તિ.End.
વિસંવાદ, *n.* અસંગતિ; વિરોધ. Incongruity.
વિસાત, *n.* કિંમત. Price. ૨. મહત્વ. Importance. ૩. લેખું. Esteem.
વિસામો, *n.* થાક. Rest. થાકખાવાની જગા.Place for resting.
વિસારવું, *vt.* ભૂલી જવું. To forget.
વિસ્ખલન, *n.* ભૂલ. Error.
વિસ્તાર, *n.* ફેલાવો. Expanse.Extent. ૨.વિશાળતા. Amplitude.
વિસ્તરપૂર્વક, *ad.* લંબાણથી. In details,
વિસ્તારવું, *vt.* વિસ્તાર કરવો. To expand.
વિસ્તીર્ણ,-સ્તૃત, *a.* વિસ્તારવાળું. Extensive.
વિસ્મય, *n.* આશ્ચર્ય; અચંબો. Wonder.
વિસ્મયકારક,-કારી, *a.*આશ્ચર્ય પમાડે તેવું.Wonderful.
વિસ્મરણ,-સ્મૃતિ, *n.* ભૂલી જવું તે. Forgetfulness.
વિસ્મૃત, *a.* ભૂલી જવું તે. Forgotten.
વિહગ,-હંગ, *n.* પક્ષી. Bird.
વિહંગાવલોકન,*n.*ઉપલક. નીરીક્ષણ.Bird's eye-view.
વિહાર, *n.* ક્રીડા. Sport. ૨. ભ્રમણ. Roaming.
વિહિત, *a.* ફરમાવેલું. Prescribed.
વિહીન,-હોણું, *a.* વિનાનું. Being without.
વિહ્વલ,-ળ, *a.* વ્યાકુળ; બાવરૂ. Agitated. Eager.
વીખરવું, *vt.*વરાઇજવું;છુટાપડી જવું.To be scattered.
વીઘું,-ઘો, *n.*જમીનનુ અકમાપ.A measure of land.
વીછળવું, *vt.*પાણી રેડી હલાવી સાફ કરવું.To cleanse.
વીંછી,-છું, વીંછી, *n.* વૃષિક. Scorpion.
વીજ,-જળી, *n.* વિદ્યુત. Lightning; eletricity.
વીંજણો, *n.* પંખો Fan.
વીણવું, *vt.* ચૂંટવું. To pluck.પસંદ કરવું.To select, ૬. ઉપાડી લઇ દૂર કરવું. Pick up and seperate.
વીણા, *n.* એક તંતુવાદ્ય. Musical instrument.
વીતક, *n.* સંકટ. Misery; sufferings.
વીતરાગ,-ગી,*a.*આસક્તિવિનાનું.Free from passions
વીતવું, *vt.* ગુજરવું. To happen. ૨, પસાર થઈ જવું. Pass away. ૩. સહેવું, To suffer.
વીનવવું, *vt.* વીનવણી કરવી. To beseech.
વીમો, *n.* વસ્તુ કે જીંદગીને નુકશાન પહોંચતા તે બદલ પૈસાથી થતી ભરપાઇ. Insurance.
વીર, *a.* શૂર; પાકમી. Brave. *n.* ભાઇ. Brother,
વીરતા, *n.* પરાક્રમ. Heroism,

વીરહાક, *n.* યુદ્ધ પ્રસંગે યોદ્ધાઓની ભયંકર ચીસ. Battle-cry.
વીરો, *n.* ભાઈ. Brother.
વીર્ય. *n.* શુક્ર ધાતુ. Semen. ર. પરાક્રમ. Valour.
વીર્યવંત,-વાન, *a.* પરાક્રમી. Brave.
વીર્યહીન, *a.* બાયલું; નામર્દ. Coward.
વીલું,*a.*શરમીંદું;ભોંઠું.Abashed.ર.ગયલું; છૂટું. Stray.
વીશી,-સી, *n.* નાણાં આપવાથી રસોઈ મળે તે જગા. Hotel; lodge.
વીસમવું,- શમવું, *vt.* ઠંડું થવું. To cool down.
વી સરવું, *vt.* ભૂલી જવું. To forget.
વીંખવું, *vt.* પીંખવું. To tear and scatter.
વીંઝવું, *vt.* હવામાં જોરથી ઘુમાવવું. To whirl round in the air.
વીંટવું,-ટાળવું, *vt.* લપેટવું, To enwrap.
વીંટી, *n.* આંગળી પર પહેરવાનું ગોળ ઘરેણું Ring.
વીંધવું,*vt.*કાણું પાડવું. To bore. ર. કોચવું.To pierce.
વીંધાવું. *vt.* કોચાવું. To be pierced.
વૃક્ષ, *n.* ઝાડ. Tree.
વૃત, *n.* વર્તુળ. Circle. ર. સમાચાર. News. ૩. વર્તન. Conduct. ૪. અક્ષરમેળ છંદ. Metre.
વૃત્તપત્ર, *n.* છાપું. Newspaper.
વૃતાકાર, *a.* ગોળ-ગોળાકાર,
વૃત્તાર્ધ, *n.* અર્ધગોળ. Semi-circle.
વૃતાંત, *n.* સમાચાર. News. ર. વર્ણન. Narrative.
વૃતિ, *n.* મનનું વલણ. Inclination. ર. સ્વભાવ. Temperament. ૩. વર્તન. Behaviour.
વૃથા, *ad.* ફોગટ; નકામું. In vain.
વૃદ્ધ, *a.* ઘરડું. Old. ર. વડીલ, Elder.
વૃદ્ધાવસ્થા, *n.* ઘડપણ. Old age.
વૃદ્ધિ, *n.* વધારો. Increase.ર. આબાદી. Prosperity.
વૃશ્ચિક, *n.* વીંછી. Scorpion. આઠમી રાશી. Sign of Zodiac.
વૃષ,-ભ, *n.* આખલો. Bull.
વૃષણ, *n.* અંડ; ગોળી. Testicless.
વૃષ્ટિ, *n.* વરસાદ. Rain.
વૃંદ. *n.* ટોળું. Crowd.
વૃંદા, *n.* તુલસી. Holy basil.
વેગ, *n.* ગતિ; ઝડપ. Speed. ર. જોશ. Impetus. ૩. તાપ. Violence.
વેગળું, *a.* અલગ. Separate. ર. દૂર. Distant.
વેગળે, *ad.* આઘે. Far off.
વેચવું, *vt.* કિંમત લઈને આપવું. To sell.
વેચાઉ, *a.* વેચવાની હોય એવું. Saleable.
વેચાણ, *n.* વેચવું વેચાવું તે. Sale.
વેચાણખત, *n.* વેચાતું આપ્યાનું લખાણ. Sale deed.
વેજા, *n.* નિશાન. Aim. ઉપાધિ. Affliction.
વેઠ, *n.* ફરજિયાત વૈતરું. Forced labour.
વેઠવું, *n.* સહન કરવું; નિભાવવું. To bear.
વેઠિયા, *n.* વગર પૈસાના નોકર. Unpaid labourer.
વેડફવું, *vt.* નકામું ખરચી નાખવું. To waste.
વેડમી; *n.* પૂરણપોળી. Sweet cake.
વેડવું, *vt.* ફળ ઈત્યાદિ વેડાવવું. To pluck.
વેઢ, *n.* આંગળાની વીંટી. Finger-ring. વેઢા.*n.*Finger-joint. આંગળી ઉપર સાંધા આગળનો કાપો.
વેણ, *n.* વચન, Word. ર. કપાસનો છોડ. Cotton plant. ૩. પ્રસૂતિની પીડા. Labour-pain. ૪.વાંસળી A flute.
વેણિ;-ણી, *n.* ગૂંથેલા વાળની લટ. અંબોડે બાંધવાનો ફૂલોનો ગજરો. Braid of hair.
વેત, *n.* માપ; ઘાટ. Proper opportunity. ર. ત્રેવડ; તજવીજ. accomodation.
વેતન,*n.*પગાર. Salary.
વેતર, *n.* એક એક વારનું જણતર. Brood.
વેતરણ, *n.* ગોઠવણ. Arrangement.
વેતરવું, *vt.* માપ પ્રમાણે લુગડું કાપવું. To cut out according to measure.
વેત્તા. *n.* જાણનાર. Knowing.
વેત્ર, *n.* નેતર, Cane ર. છડી, Mace.
વેદ,*n.*જ્ઞાન. Knowledge. ર. શાસ્ત્રીયજ્ઞાન. Science. ૩. આર્યોનું સૌથી પ્રાચીન ધર્મપુસ્તક. Most ancient Hindu sacred writing.
વેદના, *n.* પીડા. Pain. Trouble.
વેદવચન,-વાક્ય.*n.* વેદનું વચન, Vedic text. વેદ જેટલું પ્રમાણભૂત વચન. A word as sure and certain as the Vedas.
વેદાંત, *a.* ઉપનિષદ.Particular system of Hindu philosophy.
વેદિ,-કા,-દી, *n.* હોમ માટેના કુંડ. Altar.
વેધ,*n.*છિદ્ર; વેહ. Hole. ર. ઘાવ. Defect, ૩. જખમ. Wound.
વેધવું,*vt.*છિદ્રપાડવું.કોચવું. To pierce.To penerate.
વેધશાળા,-ળા, *n.* ગ્રહાદિકની ગતિ વગેરે નીરખવાનું સ્થાન. Observatory.
વેન, *n.* વહન. Current, ર, વાહન. Conveyance.
વેપાર, *n.* માલ વેચવા સાટવાનો ધંધો, Trade.
વેપારી, *n.* વેપાર કરનાર. Trader.
વેર,*ad.*શત્રુવટ.Til. *n.* Enmity. ર. દ્વેષ, Spite.
વેરભાવ, *n.* શત્રુવટ, Enmity.
વેરણ-ખેરણ,-છેરણ, *a.* અસ્તવ્યસ્ત, Scattered.
વેરવું, *vt.* છૂટું છૂટું પડે એમ કરવું. To scatter.
વેરાગી, *n.* સાધુ. Ascetic.
વેરાન, *a.* ઉજ્જડ. Barren. Desolate.
વેરી, *a.* વેર રાખનારું. Hostile. *n.* શત્રુ. Enemy.
વેરે, *prep.* સાથે. With. પેઠે. Like.
વેરો, *n.* કર; જકાત. Tax. Atoll.
વેલ,-લી,-લો, *n.* લતા. Creeping plant.
વેલણ, *n.* રોટલી વણવાનો દંડકો.Roller for making bread.
વેલુ,-ળુ, *n.* રેતી. Sand.
વેવલું, *a.* ઢાધારંગું; ઢંગધડા વગરનું. Stupid.
વેવાં,-જાં, *n.* ફાંફાં વલખાં. Vain efforts.
વેવિશાળ, *n.* વિવાહ. Betrothal.
વેશ,-ષ, *n.* પહેરવેશ. Dress. રૂપ; સ્વાંગ, Guise.
વેશધારી, *n.* ઠગ; લુચ્ચું. Imposter.

વેશ્યા. *n.* ગણિકા. વારાંગના. Harlot.
વેષ્ટન. *n.* ઢાંકણ વીંટેલું તે. Covering.
વેહ. *n.* શાર; કાણું. દર. Hole.
વેળ, *n.* તાણ; આચકી. Fit. ૨. મનનો તરંગ. Whim, ૩. સમય; વખત. Time.
વેળા, *n.* વખત; સમય. Time. ૨. વાર. Delay. ૩. પ્રસંગ. Occasion. ૪. આપત્તિને પ્રસંગ. Time of difficulty.
વેંગણ, *n.* રીંગણ. Brinjal.
વેંત, *n.* અંગુઠાની છેલ્લી આગળી સુધીનું અંતર. Distance from thumb to little finger.
વેંતિયું, *a*, વેંત જેવડું. Dwarfish.
વેકલ, *a*, મર્ખ; ઘેલું. Stupid.
વૈકુંઠ, *n.* વિષ્ણુનું ધામ. Abode of Vishnu.
વૈકુંઠવાસ, *n.* મૃત્યું. Death.
વૈકુંઠગામી, *a.* મત. Dead.
વૈચિત્ર્ય, *n.* વિચિત્રતા. Strangeness.
વૈજ્ઞાનિક, *n.* વિજ્ઞાનશાસ્ત્રી. Scientist. વિજ્ઞાનને લગતું. Relating to scince.
વૈતરૂં, *n.* વેઠ, Forced labour. મહેનતાણું. Wages.
વૈતરો, *n.* મજૂર; વૈતરૂં કરનારો. Labourer.
વૈતાલ,–ળ, એક પ્રકારનું ભૂત. Ghost.
વૈદ,–ધ,–રાજ, *n.* દવા કરનાર. Physician.
વૈદક, *n.* રોગનાં નિદાન. ચિકિત્સા વગેરેનું શાસ્ત્ર. Science of medicine.
વૈદિક, *a.* વેદોને લગતું. Relating to the Vedas.
વૈદું, *n.* વૈદનો ધંધો. Profession of a physician.
વૈદ્યુત. *a.* વિદ્યુતને લગતું. Electrical.
વૈધવ્ય, *n.* વિધવાપણું; રંડાપો. Widowhood.
વૈભવ, *n.* વૈભવ. Splendour. Grandeur.
વૈમાનિક, *n.* વિમાન ચલાવનારો. Aeronaut, *a.* વીમાનને લગતું. Of baloons.
વૈયક્તિક. *a.* વ્યક્તિને લગતું. Of an individual.
વૈયાકરણી,–ણી, *a*, વ્યાકરણ સંબંધી. Relating to grammar. વ્યાકરણ શાસ્ત્રી. Grammarian.
વૈરભાવ, *n.* વેર. Enmity. Revenge.
વૈરાગ,–ગી. *n.* બાવા; સાધુ. Ascetic.
વૈરાટ, *a.* વિશાળ; વિસ્તૃત, Vast;
વૈવાહિક, *a.* લગ્ન સંબંધી. Relating to merriage.
વૈશ્ય, *n.* વેપાર કરનાર વર્ગનો માણસ. Individual of the mercantile class. [of a Vaishya.
વૈશ્યકર્મ,–વૃત્તિ, *n.* વૈશ્યનું કર્મ કે ધંધો. Occupation
વૈશ્વાનર,*n.* અગ્નિ. Fire. જઠરાગ્નિ.Fire of digestion.
વૈષમ્ય, *n.* વિષમતા, અસમાનતા. Inequality.
વૈષ્ણવ. *n.&a* વિષ્ણુંનીઉપાસના કરનારૂં. Worshipper.
વોંકળો, વોકળો, *a* વહેળો. Streamlet.
વ્યક્ત, *a.* સ્પષ્ટ; ખુલ્લું. Clear.
વ્યક્તિ, *n.* કોઈપણ વર્ગમાનું એક માણસ, Individual.
વ્યક્તિગત, *a.* અંગત. Personal. વ્યક્તિને લગતું. Individualistic.

વ્યગ્ર, *a.* વ્યાકુળ; અસ્થિર. Perplexed.
વ્યતિક્રમ,*n.* ઉલ્લંઘન કરવું તે; વિપર્યાસ.Contrariety.
વ્યતિરિક્ત.*a.*સિવાય. Excepted.૨.ભિન્ન.Different.
વ્યતિત, *a*, વીતી ગયેલું. Elapsed.
વ્યતિપાત. *n.* ઉત્પાત કે ઉપદ્રવ. Trouble.
વ્યભિચાર, *n.* પર સ્ત્રીપુરૂષનો આડો વ્યવહાર. Adultery. ૨. કર્તવ્ય ભ્રષ્ટતા Faithlessness.
વ્યભિચારી, *a.* વ્યભિચાર કરનારૂં. Adulterous.
વ્યય, *n.* ખરચ; વેપાર. Expense.
વ્યર્થ, *a.* નકામું ફોગટ. Fruitless.
વ્યવસાય, *n.* ધંધો. Occupation. [ment.
વ્યવસ્થા, *n.* બંદોબસ્ત. Order. ૨. ગોઠવણ.Arrange-
વ્યવસ્થાપક, *n.* વ્યવસ્થા કરનાર. Director.
વ્યવસ્થિત. *a.* બરાબર ગોઠવેલું.Regular.Arranged.
વ્યવહાર, *n.* સંબંધ. Intercourse.૨.ધંધો.Dealing. ૩. લોકરીતિ. Social conuct.
વ્યવહારકુશળ,–દક્ષ, *a.* વ્યવહારૂ. Practical. ૨. ચતુર. Clever. [ટેવ. Vice.
વ્યસન. *n.* ટેવ; લત. Habit. 2. માદક પદાર્થ લેવાની
વ્યસની, *a.* વ્યસનવાળું. Habitulated.
વ્યંગ, *a.* ઓદ અંગ વિનાનું. Mutilated.
વ્યંગ્ય. *n.* કટાક્ષ; વક્રોક્તિ, Irony. આડકતરૂ સૂચન. Insinuation.
વ્યંગ્યાર્થ, *n.* ગૂઢ અર્થ. Suggested. meaning.
વ્યંજક, *a.* સ્પષ્ટ કરનારૂં. Manifesting.
વ્યંજન, *n.* સ્વરની મદદ વિના ઉચ્ચાર થઈ ન શકે તેવો અક્ષર. Consonant.
વ્યંજના, *n.* વક્રોક્તિ. Sarcasm.
વ્યંઢલ,–ળ, *n.* નપુંસક. Eunuch.
વ્યાકરણ. *n.* ભાષાના શુદ્ધ પ્રયોગો,નિયમો વિગેરેનું શાસ્ત્ર. Grammar.
વ્યાકુલ,–ળ, *a.* વિહવળ; ગભરૂં. Agitated.
વ્યાકૃત. *a.* પૃથક્કરણ કરી સ્પષ્ટ કરેલું. Analysed.
વ્યાખ્યા, *n.* વસ્તુનું પૂરતું વર્ણન. Definition.
વ્યાખ્યાતા, *n.* વ્યાખ્યાન કરનાર. Lecturer.
વ્યાખ્યાન, *n.* ભાષણ. Speech.
વ્યાઘ્ર, *n.* વાઘ. Tiger.
વ્યાજ. *n* નાણાં વાપરવા બદલ મુળ રકમપર આપવોપડતો વધારો. Interest. ૨. બહાનું. Excuse.
વ્યાજખાઉ,–ખોર, *n.* વ્યાજ ખાનાર. Usurer.
વ્યાજવટું, *n.* વ્યાજ અને વટાવનો ધંધો. Usuary.
વ્યાધિ, *n.* રોગ. Disease. Malady.
વ્યાધિગ્રસ્ત. *a.* માંદું. Sick. Ill.
વ્યાપક,–પી,*a.*વિશાળ.Comprehensive.Pervading.
વ્યાપવું, *vi.* ફેલાવું. To spread. [Operation.
વ્યાપાર,*n.*ધંધો;વેપાર.Business.૨.પ્રાણીકેપદાર્થની ક્રિયા,
વ્યામોહ, *n.* મોહ; ભ્રાંતિ. Illusion.
વ્યાયામ, *n.* કસરત. Exercise.
વ્યાયામમંદિર,–શાળા, *n.* કસરતશાળા. Gymnasium.

વ્યાલ,-ળ, *n.* સાપ. Snake. ૨. ચિત્તો, Panther.
વ્યાસ, *n.* વર્તુળના મધ્ય બિંદુમાંથી પસાર થઈને તેના પરીધને બે બાજુ અડતી લીટી. Diameter. ૨. જાડાઈ. Width.
વ્યાસપીઠ, *n.* કથાકારને બેસવાનું ઊંચું સ્થાન. Dais.
વ્યુત્ક્રમ, *n.* ઊલટો ક્રમ. Inverted order. ૨. અવ્યવસ્થા. Confusion.
વ્યુત્ક્રાંતિ, *n.* ઉથલપાથલ; મોટી ક્રાંતિ. Revolution.
વ્યુત્પત્તિ, *n.* શબ્દની મૂળ ઉત્પત્તિ. Derivation.
વ્યૂહ, *n.* સૈન્ય. An array.
વ્યુહરચના, *n.* લશ્કરની યુદ્ધમેદાન પર ગોઠવણી. Battle-array.
વ્યોમ, *n.* આકાશ. Sky.
વ્યોમગંગા, *n.* આકાશગંગા. Milky-way.
વ્યોમચર, *n.* પક્ષી. Bird.
વ્રણ, *n.* ઘા. Wound. ૨. નારૂ. Sore.
વ્રત, *n.* નિયમપૂર્વક આચરવાનું પુણ્યકામ. Vow.
વ્રતચર્યા, *n.* વ્રત કરવું કે પાળવુ તે. Taking or observing a vow.
વ્રેહ, *n.* વિરહ. Seperation.

' श '

શ, ત્રીસમો ગુજરાતી વ્યંજન: ચાર ઉષ્માક્ષરોમાંનો એક. The thirtieth consonant of the Gujarati
શક, *n.* વહેમ. શંકા. Doubt. ૨. સંવત. Era. ૩. એક જાતના લોક. A war-tribe.
શકટ, *n.* Cart.
શકટવ્યૂહ, *n.* શકટાકારે સૈન્યની રચના. The cart-form arrangement of troops in an army.
શકદાર, *a.&n.* જેના પર શક જતો હોય એવું. One under suspicion.
શકમંદ, *a.* શંકાસ્પદ. Doubtful.
શકરો, *n.* બાજ પક્ષી. Falcon.
શકવર્તી, *n.* શક વર્તાવે એવું. Epoch-making.
શકવું, *vt.* શક્તિમાન થવું. To be able.
શકુન, *n.* ભાવિ શુભાશુભસૂચક. ચિહ્ન; શુકન. Omen.
શકુની, *n.* Bird. ૨. ગીધ. Vulture.
શકુંત, *n.* મોર. Peacock. ૨. પક્ષી, Bird.
શકે, *conj.* જાણે કે. I think; possibly.
